દાદા ભગવાન પ્રરૂપિત

# શંકા

## સળગાવે સંસાર



દાદા ભગવાન પ્રરૂપિત

# શંકા
# સળગાવે સંસાર

સંકલન : દીપકભાઈ દેસાઈ

**પ્રકાશક : શ્રી અજિત સી. પટેલ**
**દાદા ભગવાન વિજ્ઞાન ફાઉન્ડેશન,**
૧, વરુણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાળી સોસાયટી,
નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૦૦, +૯૧ ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

**કોપીરાઈટ :** © Dada Bhagwan Foundation,
5, Mamta Park Society,
B/h. Navgujarat College, Usmanpura,
Ahmedabad - 380014, Gujarat, India.
Email : info@dadabhagwan.org
Tel. : +91 9328661166/77

**All Rights Reserved. No part of this publication may be shared, copied, translated or reproduced in any form (including electronic storage or audio recording) without written permission from the holder of the copyright. This publication is licensed for your personal use only.**

**પ્રથમ આવૃતિ :** ૬,૦૦૦ નવેમ્બર, ૨૦૨૬

**ભાવ મૂલ્ય : 'પરમ વિનય' અને**
**'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !**
**દ્રવ્ય મૂલ્ય : ૮૦ રૂપિયા**

**મુદ્રક :** અંબા મલ્ટિપ્રિન્ટ,
એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ - પ્રતાપપુરા રોડ,
છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૪૨

**ISBN** : 978-81-687197-5-0

**Printed in India**

# ત્રિમંત્ર





નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં;
પઢમં હવઈ મંગલં ॥૧॥
ૐ નમો ભગવતે વાસુદેવાય ॥૨॥
ૐ નમઃ શિવાય ॥૩॥



જય સચ્ચિદાનંદ



## 'દાદા ભગવાન' કોણ ?

જૂન ૧૯૫૮ની એ સમી સાંજનો છએક વાગ્યાનો સમય, ભીડમાં ધમધમતા સુરતના સ્ટેશન પર બેઠેલા એ.એમ.પટેલ રૂપી દેહમંદિરમાં 'દાદા ભગવાન' સંપૂર્ણપણે પ્રગટ થયા અને કુદરતે સર્જ્યું અધ્યાત્મનું અદ્‌ભુત આશ્ચર્ય ! એક કલાકમાં એમને વિશ્વદર્શન લાધ્યું ! 'હું કોણ ? ભગવાન કોણ ? જગત કોણ ચલાવે છે ? કર્મ શું ? મુક્તિ શું ?' ઈત્યાદિ જગતના તમામ આધ્યાત્મિક પ્રશ્નોના સંપૂર્ણ ફોડ પડ્યા.

એમને પ્રાપ્તિ થઈ તે જ રીતે માત્ર બે જ કલાકમાં, મુમુક્ષુઓને પણ જ્ઞાનપ્રાપ્તિ કરાવી આપતા, એમના અદ્‌ભુત જ્ઞાનપ્રયોગથી ! એને 'અક્રમ માર્ગ' કહ્યો. ક્રમ એટલે પગથિયે પગથિયે, ક્રમે ક્રમે ઊંચે ચઢવાનું. અક્રમ એટલે ક્રમ વિનાનો, લિફ્ટ માર્ગ ! શોર્ટકટ !

તેઓશ્રી સ્વયં પ્રત્યેકને 'દાદા ભગવાન કોણ ?'નો ફોડ પાડતા કહેતા કે, ''આ દેખાય છે તે 'દાદા ભગવાન' ન્હોય, અમે તો જ્ઞાની પુરુષ છીએ અને મહીં પ્રગટ થયેલા છે તે દાદા ભગવાન છે, જે ચૌદ લોકના નાથ છે. એ તમારામાંય છે, બધામાંય છે. તમારામાં અવ્યક્તરૂપે રહેલા છે ને 'અહીં' અમારી મહીં સંપૂર્ણપણે વ્યક્ત થયેલા છે. હું પોતે ભગવાન નથી. મારી અંદર પ્રગટ થયેલા દાદા ભગવાનને હું પણ નમસ્કાર કરું છું.''

## આત્મજ્ઞાન પ્રાપ્તિની પ્રત્યક્ષ લિંક

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)ને ૧૯૫૮માં આત્મજ્ઞાન પ્રગટ થયું. ત્યાર પછી ૧૯૬૨ થી ૧૯૮૮ સુધી દેશ-વિદેશ પરિભ્રમણ કરીને મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવતા હતા.

દાદાશ્રીએ પોતાની હયાતીમાં જ આત્મજ્ઞાની પૂજ્ય ડૉ. નીરુબેન અમીન (નીરુમા)ને આત્મજ્ઞાન પ્રાપ્તિ કરાવવાની જ્ઞાનસિદ્ધિ આપેલ. દાદાશ્રીના દેહવિલય બાદ પૂજ્ય નીરુમા તે જ રીતે મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ નિમિત્ત ભાવે કરાવતા હતા.

આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈ દેસાઈ (પૂજ્યશ્રી)ને પણ દાદાશ્રીએ સત્સંગ કરવા માટે સિદ્ધિ આપેલ. વર્તમાનમાં પૂજ્ય નીરુમાના આશીર્વાદથી પૂજ્ય દીપકભાઈ દેશ-વિદેશમાં નિમિત્ત ભાવે આત્મજ્ઞાન કરાવી રહ્યા છે.

આ આત્મજ્ઞાન મેળવ્યા બાદ હજારો મુમુક્ષુઓ સંસારમાં રહીને સર્વ જવાબદારીઓ પૂરી કરતાં પણ અંદરથી મુક્ત રહી આત્મરમણતા અનુભવે છે.

# સમર્પણ

શંકાનો કીડો ટી.બી.ની જેમ ભીતરથી જ કોરે;
કૈડે, ડંખે, આખી રાત જગાડી, સુખચેન છીનવે.

પેસ્યા પછી ના નીકળે, ભય-દુઃખ-સંતાપ પમાડે;
મડદાની જેમ જ જીવે, જેને શંકા રૂપી 'ડાકણ' વળગે.

બુદ્ધિ શંકા પાડી, સંબંધ ભાંગે ને સંસાર સળગાવે;
કોઈને ચોર ઠરાવે, તો કોઈ કામમાં અંતરાય પાડે.

શંકા સુધારે કશુંયે નહીં, ને ઊલટું વધારે બગાડે;
ફાયદો જરાય નહીં, ને નુકસાન પાર વગરનું કરાવે.

પતિ હોય કે પત્ની, કે પછી હોય બહેન કે દીકરી;
કોઈ સંબંધની લગીર શરમ ના શંકાને આડે આવે.

વિપરીત બુદ્ધિથી ગ્રહિત કળિકાળ જ આ એવો;
કે સતીને વેશ્યા મનાવે, ને જ્ઞાની પરેય શંકા કરાવે.

શંકાથી છૂટવાની સાચી સમજ દાદા અહીં આપે;
મુમુક્ષુ હોય કે મહાત્મા, સહુ કોઈની શંકા ભગાડે.

સમર્પિત આ પુસ્તક જગને, શંકાથી છોડાવવા કાજે;
નિઃશંક પુરુષના વચનો, સૌને નિઃશંક-નિર્ભય બનાવે.

❖❖❖❖❖

# સંપાદકીય

શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્ ગીતામાં કહ્યું છે, 'સંશયાત્મા વિનશ્યતિ.' શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે, 'જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ.' શંકા હોય ત્યાં સંતાપ હોય. શંકા મહા દુઃખનું કારણ બને છે. પરમ પૂજ્ય દાદા ભગવાને (દાદાશ્રીએ) શંકાને 'આત્મઘાતી' કહી છે.

જેમ ટી.બી.નો રોગ શરીરને ભીતરથી જ કોરી ખાય છે અને ધીમે ધીમે એને ખોખલું કરી નાખે છે, તે જ રીતે શંકાનો કીડો જે વ્યક્તિમાં પ્રવેશે છે તેને તે અંદર ને અંદર કોરી ખાય છે. એક વાર શંકા મનમાં ઘર કરી જાય, પછી તેને બહાર કાઢવી અત્યંત દુષ્કર બની જાય છે. તે માણસનું સુખચેન છીનવી લે છે; નહાતી વખતે કે ખાતી વખતે પણ તેને ચેન પડવા દેતી નથી. તે આખી રાત અંદરથી કોરી ખાય છે. દાદાશ્રી કહે છે, કે 'એના જેવો કીડો આ દુનિયામાં જન્મ્યો નથી બીજો કોઈ. એ કીડાએ મારી નાખ્યા લોકોને. અમે એના સખત વિરોધી છીએ.'

શંકા બહુ વસમી હોય છે. કોઈને વળગે પછી છોડે નહીં. એટલા માટે જ લોકો શંકાને 'ડાકણ' જેવી કહે છે. એ જીવનમાં અશાંતિ પેદા કરે છે, સંબંધોમાં ઝેર ઘોળે છે અને અંતે જીવનને જ અસહ્ય બનાવી દે છે. શંકાગ્રસ્ત વ્યક્તિ જીવતે જીવ મડદા જેવી સ્થિતિમાં મુકાઈ જાય છે.

પણ શંકા થાય છે શા માટે ? દાદાશ્રી સમજાવે છે કે સંસારમાં જ્યાં રાગ-દ્વેષ વધારે હોય ત્યાં શંકા પણ વધારે હોય છે. જેમ કે પતિ-પત્ની વચ્ચે, માતા-પિતા અને સંતાનો વચ્ચે, ગુરુ-શિષ્ય વચ્ચે, શેઠ-નોકર વચ્ચે રાગ-દ્વેષને કારણે શંકા જન્મે છે.

પતિ-પત્નીના સંબંધમાં જો શંકા પેસી જાય, તો ઘરમાંથી પ્રેમ અને વિશ્વાસ ધીમે ધીમે અદશ્ય થવા લાગે છે. પત્ની ફોન પર કોઈની સાથે વાત કરે તો પતિના મનમાં તરત પ્રશ્ન ઊભો થાય, 'કોની સાથે વાત કરતી હશે ?' પતિ નોકરીએથી મોડો આવે તો પત્નીના મનમાં થાય,

‘આટલું મોડું કેમ થયું ? ક્યાં રોકાયા હશે ? કોઈ બીજી સ્ત્રી સાથે સંબંધ તો નહીં હોય ને ?’ પતિ કોઈ સ્ત્રી સાથે હસીને વાત કરે કે પત્ની કોઈ પુરુષ સાથે વાત કરે, તો પણ એનું મન જાતજાતની કલ્પનાઓ કરવા લાગે છે. ફોન વ્યસ્ત હોય, મેસેજનો જવાબ મોડો મળે કે વર્તનમાં થોડો ફેરફાર લાગે, આવી નાની નાની વાતમાંથી પણ શંકાનું બીજ વવાઈ જાય છે. પછી એ શંકા પ્રશ્નો, આરોપો અને ઝઘડાનું સ્વરૂપ લે છે અને જે સંબંધમાં પ્રેમ હોવો જોઈએ, ત્યાં ધીમે ધીમે અવિશ્વાસ ઘર કરી જાય છે.

આવું જ મા-બાપ અને સંતાનો વચ્ચે પણ બનતું હોય છે. દીકરી કૉલેજ જાય કે મિત્રો સાથે બહાર જાય, એટલે મા-બાપના મનમાં તરત જ વિચાર આવે, ‘એ કોની સાથે હશે ? ક્યાં ગઈ હશે ? શું કરતી હશે ?’ દીકરીને આવવામાં થોડું મોડું થાય કે ફોન ન લાગે, તો મનમાં અનેક પ્રકારના વિચારો આવવા લાગે ને શંકા-કુશંકાઓ થયા કરે.

જેને લક્ષ્મી પ્રત્યે વધારે મમતા હોય તેને ‘ધંધામાં ખોટ આવશે તો ? ભાગીદાર વિશ્વાસુ છે કે નહીં ? પૈસા ઉછીના આપ્યા છે તે પાછા મળશે કે નહીં ?’ એવી અનેક શંકાઓ સતાવતી રહે છે. તેમજ કામકાજની બાબતોમાં પણ ‘કામ થશે કે નહીં ? કોઈ ચોરી કરશે તો ?’ એવી શંકાઓ થયા કરે. મુસાફરીમાં પણ અકસ્માતનો ભય, પ્લેન તૂટી પડવાની કે સ્ટીમર ડૂબી જવાની શંકા સતાવતી રહે. આમ, શંકાનો વિસ્તાર પાર વિનાનો છે !

દાદાશ્રી કહે છે કે આ કાળ જ એવો છે કે ડગલે ને પગલે શંકા ઊભી થાય છે. એમાંય જે વધુ બુદ્ધિશાળી હોય અને સંસારની બાબતોમાં વધુ જાગૃત હોય, તેને શંકાઓ પણ એટલી જ વધારે સતાવે છે.

વળી, આ કાળમાં વિપરીત બુદ્ધિનો જ પ્રભાવ વિશેષ છે. આ બુદ્ધિ એવી છે કે તે પવિત્ર સતી સમાન સ્ત્રી પર પણ શંકા-કુશંકા કરાવે. દાદાશ્રી કહે છે કે કોઈનાય ચારિત્ર સંબંધી શંકા ના કરાય. સતી હોય ને જો વેશ્યા કહેવાઈ ગઈ તો એ ભયંકર ગુનો કહેવાય.

હદ તો ત્યાં થાય છે કે આ વિપરીત બુદ્ધિ પોતાના તારણહાર એવા જ્ઞાની પુરુષ ઉપર પણ શંકા કરાવ્યા વગર રહેતી નથી !

શંકાથી વિવિધ જાતના ભય ઊભા થાય છે અને પછી મન કલ્પનાઓના ચક્કરમાં ફસાઈ જાય છે. પરંતુ શંકા કરવાથી પરિસ્થિતિ સુધરતી નથી. ઊલટું, જે બગડ્યું હોય તે વધારે બગડે છે. જેમ ચિંતા કરવાથી કે રિસાવાથી અંતે નુકસાન જ થાય છે, તેમ શંકા કરવાથી પણ કોઈ હિત થતું નથી, એકાંતે નુકસાન જ થાય છે. તેથી દાદાશ્રી શંકા કરવાની સ્પષ્ટ ના પાડે છે અને તેને ઉપરછલ્લી રીતે નહીં, પરંતુ મૂળમાંથી કાઢી નાખવાનું કહે છે.

પરંતુ પ્રશ્ન એ છે કે શંકાથી છૂટવું કેવી રીતે ?

શંકામાંથી છૂટવા માટે સૌ પ્રથમ પોતાની અંદર ઊઠતી શંકાઓને ઓળખવી જરૂરી છે. કયા સંજોગોમાં અને કોના પ્રત્યે શંકા જન્મે છે, તેનું નિરીક્ષણ કરવું જરૂરી છે. પોતાની શંકાનું મૂળ સમજ્યા વિના તેમાંથી મુક્તિ શક્ય નથી. જ્યાં સુધી જ્ઞાની પુરુષ પાસેથી શંકાની સાચી સમજ પ્રાપ્ત થાય નહીં, તેની પાછળ રહેલી જોખમદારીનો ખ્યાલ આવે નહીં અને પોતાની અંદર શંકાથી છૂટવા માટેની જાગૃતિ ન આવે, ત્યાં સુધી માણસ શંકામાં જ અટવાયેલો રહે છે.

પ્રસ્તુત પુસ્તકમાં શંકા, કુશંકા, આશંકા વચ્ચેનો ભેદ, શંકાનું મૂળ, તેની માનસિક અને વ્યવહારિક અસરો, તેના ગંભીર પરિણામો, શંકા રાખવા જેવી છે કે નહીં અને તેમાંથી છૂટવા માટે શું કરવું ઘટે, આવા અનેક પ્રશ્નોના ઊંડાણપૂર્વકના સમાધાન નિઃશંક એવા જ્ઞાની પુરુષ દાદાશ્રીના જ્ઞાનબોધ દ્વારા પ્રાપ્ત થાય છે.

દાદાશ્રી પાસે જે કોઈ આત્મજ્ઞાન પામે એમને આત્મા સંબંધી શંકા તો જતી જ રહે છે; પરંતુ જો પોતાનો મૂળ પ્રાકૃતિક સ્વભાવ શંકાશીલ હોય તો વ્યવહારની બાબતોમાં બુદ્ધિ શંકા કરાવ્યા કરે. ત્યારે મહાત્માઓએ દાદાશ્રીના જ્ઞાનમાં રહીને નિઃશંક દશામાં રહેવાનું છે. 'ફાઈલોનો સમભાવે નિકાલ' કરવાની સમજણ અને 'વ્યવસ્થિત'નું જ્ઞાન

હાજર રહે તો કોઈ પણ સંજોગોમાં શંકા ઊભી થાય નહીં અને જો શંકા ઊભી થાય, તો તેમાંથી મુક્ત થવાની જાગૃતિ રહે.

શંકા પડવી એ ઉદયકર્મ છે પણ શંકા રાખવી એ ઉદયકર્મ નથી.

શંકાનું એક બીજ આખું જંગલ ઊભું કરી નાખે છે. તેથી શંકા ઊભી થાય કે તરત જ તેને ઓળખીને જ્ઞાનપૂર્વક તેનો છેદ ઉડાડવો જરૂરી છે. પોતે જુદાપણાની જાગૃતિ રાખી શંકા કરનારને વઢીનેય શંકા ઊડાડવી. પછી તેની પાસે પ્રતિક્રમણ કરાવવાનું.

શંકાની સામે જાગૃતિ વધારવાની જ જરૂર છે, અને જાગૃતિ હોય તો જ જ્ઞાતા-દ્રષ્ટા રહી શકાય. ત્યાર પછી શંકા પણ નિર્મૂલનપણાને પામે છે.

આપણા પર કોઈ શંકા કરે ત્યારે 'આપણો જ કંઈક દોષ છે' એમ ગણી બિલકુલ વીતરાગભાવ રાખવો અને એના માટે ખરાબ વિચાર આવતો હોય એ બંધ કરી દેવો.

દાદાશ્રી પર કોઈ શંકા કરે તો તેઓ જાણે બધુંય છતાં કંઈ જ બન્યું ન હોય તેવી સહજ દશામાં જ વર્તતા અને શંકા કરનાર સાથે પણ તેમને કિંચિત્માત્ર ભેદ પડતો નહીં. તેમની અભેદતા જ સામા માણસને શંકામાંથી મુક્ત થવામાં સહાયરૂપ બનતી.

આ પુસ્તકના અંતિમ પ્રકરણમાં દાદાશ્રી પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરેલા મહાત્માઓ માટે, જ્યારે કોઈ માટે મહાત્માને શંકા ઊભી થાય ત્યારે કઈ જાગૃતિ રાખવી, જ્ઞાનની કઈ કઈ ચાવી વાપરવી અને જો કોઈ આપણી ઉપર શંકા કરે ત્યારે શું કરવું, તેની વિસ્તૃત સમજણ અને જ્ઞાનચાવીઓ સંકલિત કરવામાં આવી છે.

મુમુક્ષુઓ માટે આ પુસ્તક પોતાને થતી શંકાને ઓળખી તેમાંથી બહાર આવવા માટેનું માર્ગદર્શન પૂરું પાડશે. પરંતુ બધા પ્રકારની શંકાઓમાંથી છૂટવાનો છેવટનો રસ્તો તો આત્મજ્ઞાની પાસે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લેવું એ જ છે. જ્યારે નિઃશંક એવા જ્ઞાની પુરુષ પાસે પોતાનું

સાચું સ્વરૂપ જાણે ત્યારે જ સર્વ પ્રકારની શંકાઓના સમાધાન થાય છે, તેમજ નિઃશંક, નિર્ભય અને અસંગ એવું પોતાનું સ્વપદ પામી મોક્ષપદ તરફની યાત્રા શરૂ થાય છે.

પ્રસ્તુત પુસ્તકમાં શંકાથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે ઉપયોગી એવી દાદાશ્રીની જ્ઞાનચાવીઓનો સંચય કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. આ જ્ઞાનચાવીઓ દાદાશ્રીની પ્રસંગોપાત્ત, નિમિત્તાધીન નીકળેલી વાણીમાંથી સંકલિત કરવામાં આવી છે. તેથી સંકલનને કારણે ક્યાંય વાણીના પ્રવાહમાં અસંગતિ કે ક્ષતિ જણાય, તો તેને મૂળ વાણીની ક્ષતિ ન ગણતા સંકલનકર્તાની મર્યાદા ગણી ક્ષમ્ય ગણશો.

શંકાના બંધનમાંથી સંપૂર્ણ મુક્ત થઈ નિઃશંક આત્મસમાધિના પંથે સ્થિર થવા ઈચ્છતા દરેક સાધક માટે આ સંકલન અત્યંત સહાયભૂત બની રહે એ જ અભ્યર્થના.

**- જય સચ્ચિદાનંદ**

# અનુક્રમણિકા

## [૧] સંશયાત્મા વિનશ્યતિ


શંકા-આશંકા-કુશંકા ૧
એ નિરંતર કોર્યા જ કરે ૨
જે કૈડે, ડંખ મારે એ શંકા ૩
બહુ વસમી, ડાકણ જેવી... ૩
એ જ્ઞાની કહેવાય ૪
સ્ત્રીના પરમાણુ એ બધા ૫
એ શંકા જુદી ને આ શંકા જુદી ૫
પોતાની સેફસાઈડ માટેની... ૬
જ્યાં કંઈ પણ કરાર, ત્યાં જ પડે... ૭
આ એક જ શંકા હેલ્પ કરે, બીજી... ૮
બધાનામાં સંશય થાય, એ જીવે... ૯
મરે નહીં પણ મરેલા જેવો જ... ૧૦
શંકા ત્યાં સંતાપ ૧૧
પાર વગરની શંકાઓ ૧૧
દુઃખ ભોગવવાનું થાય ત્યારે... ૧૨
પહેલા પોતાનું જ બગડે, પછી... ૧૨
માટે જ શંકા કરવાની પાડી... ૧૩
કંઈ જ હેલ્પ કરે નહીં ને... ૧૪
અખા ભગતે ઉમેર્યું સોનું, તોય... ૧૫
કાઢી નાખવા એવા ગુણો (!)... ૧૫
ટાઈમિંગમાં ચેન્જ હોય, માટે... ૧૬
શંકાથી વિશ્વાસઘાત કંઈ ઓછા... ૧૮
સ્ત્રી શંકા રાખે એટલે... ૧૮
બરકત ના રહે ત્યારે શંકાશીલ... ૧૯
શંકાની અસરો, શરીર ને... ૨૦
માટે શંકા પેસવા જ ન દે તે... ૨૧
જગત કાયદેસર, તો શંકા શાને... ૨૧
ઊંધા જ્ઞાન જાણ્યા એના... ૨૩
'ઈટ હેપન્સ', એમાં નવું નથી... ૨૩
એને તો ડિસમિસ જ કરી નાખજો ૨૫


## [૨] શંકાનું મૂળ બુદ્ધિ


શંકા એ વધુ પડતી બુદ્ધિનો... ૨૬
જેટલી બુદ્ધિ વધારે તેટલી શંકા... ૨૭
બુદ્ધિ ને જાગૃતિ ભેગી થયે... ૨૮
સતી ઉપર શંકા ! ૩૦
એ લઈ જાય નવ લાખ વર્ષ... ૩૨
પહેલા વહેમ, પછી શંકા ૩૩
બુદ્ધિ અને અજ્ઞાનતા, બેઉ... ૩૪
અમે અબુધ, માટે ન થાય શંકા ૩૪
નિઃશંક થયેલા જ બીજાને... ૩૫


## [૩] સંબંધોમાં ઊઠતી શંકાઓ


આ જમાનો જ શંકાવાળો ૩૭
ચોખ્ખાપણાની ખાતરી ના... ૩૮
કળિયુગમાં એટ્રેક્ટિવ કંઈ... ૩૯
એ શંકા તો લાઈફટાઈમ રહે ! ૩૯
જે કરે એની જોખમદારી ૪૦
શંકા છે એમ મોઢે બોલવું... ૪૧
એ તો બહુ મોટી નબળાઈ ૪૨
જોયું નહોતું ત્યારે નહોતું આવું... ૪૩
જાગ્રત ત્યાં શંકિત ૪૪
મોહ ત્યાં અંધ ૪૫
ફેરફાર થાય નહીં ને મૂઓ... ૪૫
રાખ પ્રેમાળ વર્તન ૪૬

સાચવણી ને શંકાનું એક્ઝેક્ટ... ૪૮
ના કરીશ આપઘાત, ઉકેલ લાવ ૪૯
આવા પ્રિકૉશન્સ લેવાય ૫૦
શંકિત નહીં, બિવેર રહેવું ૫૧
સી.આઈ.ડી.પણું છોડવું નહીં ૫૨
શંકાશીલ નહીં, ડિટેક્ટિવ... ૫૩
શંકાની દૃષ્ટિએ જુઓ ને શંકા... ૫૪

## [૪] શંકાની નજર, ચોરી કરનાર પર

ગઈકાલે ચોર હોય ને આજે... ૫૬
અભિપ્રાય આપ્યા સિવાય... ૫૭
તો ચેતીનેય ચાલવાની જરૂર નહીં ૫૭
પ્રિજ્યુડિસ રાખે તેય ગુનો ને... ૫૮
કોઈને ચોર ઠરાવવો એ ભારે... ૫૮
અભિપ્રાયને લીધે શંકા આવે ૬૦
અભિપ્રાય ને પ્રિજ્યુડિસ... ૬૦
જ્ઞાનીના કાયદા જગત કરતાં... ૬૧
સંજોગવશાત્ ચોરને ચોર ન... ૬૨
જ્ઞાનીની ભાષામાં ખરો ચોર... ૬૩
દાદાની કૉર્ટમાં સહજ ક્ષમા ૬૩
મનમાંયે રાખવું નહીં ને મોઢેય... ૬૪
આપણું જવાનું હોય તો જ જાય ૬૫
એનું એ લઈ ગયો ૬૬
મેરી ભી ચૂપ ને તેરી ભી ચૂપ ૬૭

## [૫] ધંધામાં, લક્ષ્મીની લેણદેણમાં શંકા

દુકાન નાદારીમાં ! ૬૮
પૈસા પાછા આવશે કે નહીં ? ૭૦
આપણા જ પ્રારબ્ધની ઉપર... ૭૧
બે ટકાની લાલચ હારુ પડે... ૭૨
ઘણુંખરું આવી રીતે બગડેલું ૭૨
સાવચેતી અને સાવધાની, બેઉ... ૭૩
કેટલાય અવતારોનું પૃથક્કરણ... ૭૪
આખી રાત કરાવે તરફડાટ ૭૫
પહેલેથી જ શંકા તોડી નાખવી ૭૬
ખોટ ખાવી એના કરતાં ચોપડે... ૭૬
સમજી જવું કે આ જ ન્યાય... ૭૭

## [૬] શંકા કામકાજમાં અંતરાયરૂપ

વિચારોનો એન્ડ આવે, શંકા... ૭૮
સોંપ્યું તો પૂરો વિશ્વાસ રાખો... ૭૯
એવું કોઈ બોલે તો એ... ૮૧
કામ થવાનું જ નથી, એમ... ૮૨
શંકા એ જ અપશુકન ૮૨
એવા હોય તો હાંકી મેલવા પડે ૮૩
કરવું એમાં શંકા નહીં, શંકા... ૮૪
શંકાવાળો કશું કામ સારું કરી... ૮૪
ત્યાં શ્રદ્ધા રાખવી જ ૮૫

## [૭] શંકા અને ભય

શંકાથી ભય ને ભયથી શંકા ૮૬
મરવાની શંકા થાય છે ? ૮૭
લૂંટાઈ જવાની શંકા ૮૭
જેને શંકા પડે તે લૂંટાય ૮૯
કોઈએ મારી નાખવાનું કહ્યું... ૯૦
જગત ન્યાય સ્વરૂપ, કોઈ નામ... ૯૦
બધા વાંધા પોતાની જ શંકાથી ૯૧
એ કહેવાય નિરાશ્રિત ૯૨

'મારું શું થશે' એ તો... ૯૩
કો'કનું કહેલું માને, પણ... ૯૪
દવા લેવી, પણ... ૯૫
જેને શંકા પડે તેને વીમો... ૯૬
બૉમ્બ પડે તો કોની ઉપર પડે ? ૯૭
ભરોસો નહીં કશા પર તે જીવે... ૯૭
કળિકાળે સડેલાં બી, ઉઠાવે... ૯૮
ઘસી ઘસી ઝીણી કરે બુદ્ધિની... ૧૦૦
બુદ્ધિ એક્સેસ વાપરીએ તેની... ૧૦૧
આ તો મારા અનુભવ જ... ૧૦૩
જ્ઞાન બનાવે નિર્ભય-વીતરાગ ૧૦૫

## [૮] મહાત્માઓ માટે...

### [૮.૧] શંકા સામે જ્ઞાનજાગૃતિ

'બની ગયું એ કરેક્ટ' એમ... ૧૦૬
વ્યવસ્થિતની બહાર કશું થાય... ૧૦૭
સેફસાઈડ માટે રસ્તા કરવા... ૧૦૮
આ બધું ફૉરેન ડિપાર્ટમેન્ટનું... ૧૦૯
હિસાબ ત્યાં સુધી ભેગા, બાકી... ૧૧૦
આ તો ફાઈલો છે, સમભાવે... ૧૧૦
જ્યાં હૉટલ દેખે ત્યાં જમે... ૧૧૨
છે જ પોલંપોલ ૧૧૪
કળિયુગ એટલે કપટ ને... ૧૧૪
મોહને લઈને દગો નથી લાગતો ૧૧૬
એમાં ઊંડા ઊતરવું જ નહીં ૧૧૭
જો આત્માની કિંમત હોય તો... ૧૧૭
એનું કારણ મોહ-માલિકીપણું ૧૧૭
આત્મા પર મમતા બેસે, તો... ૧૧૮
મારાપણામાંથી શંકા જન્મે ૧૧૮
મમતા સિવાયની માલિકી... ૧૨૦
શું પૂછીને એનો ખુલાસો... ૧૨૧
અહમ્ ન દુભાય એવી રીતે... ૧૨૨
આ તો પોતાના જ હિસાબ ૧૨૪
આંખે જોયેલું પણ ખોટું નીકળે ૧૨૫
જ્ઞાની વ્યવહારની બહાર હોય... ૧૨૫
શંકાના બીજને જ ઉખાડીને... ૧૨૬
એ ભરેલો માલ નીકળે છે... ૧૨૭
શંકાને કહીએ, 'તું જતી રહે' ૧૨૭
કહીએ, 'અમે તો ફક્ત... ૧૨૮
'દાદાના ફૉલોઅર્સ થઈને... ૧૨૯
એના દર્શન કરીએ તો... ૧૩૧
માટે બુદ્ધિથી બેસો છેટા ૧૩૧
વિશ્વાસેય નહીં કરવાનો ને... ૧૩૨
એક બીજમાંથી આખું જંગલ... ૧૩૩
ત્યારે શું કરવું ? ૧૩૪
'વ્યવસ્થિત છે' કહી દેવું ૧૩૪
એ નોંધીને આગળ વધવું ૧૩૫
વ્યવસ્થિત એટલે વ્યવસ્થિત... ૧૩૬
પ્રિકૉશન સાહજિક કે ડખો ? ૧૩૮
જ્ઞાન લીધા પછી પણ... ૧૪૦
છે એ છે, નથી એ નથી ૧૪૧
શંકા રાખવી એ ઉદયકર્મ ના... ૧૪૨
ઉદયકર્મ ને આપણે, બે જુદા... ૧૪૩
ફાઈલ એકને સંતાપ, આપણે... ૧૪૪
આપણે છૂટા પડીએ એટલે... ૧૪૪
સોંપી દો દાદાને, 'ગો ટૂ દાદા' ૧૪૫
રોટી ખૂટે તો મારી પાસે... ૧૪૬
અજ્ઞાની માટે શંકા વેદનીય કર્મ ૧૪૭
માટે 'ડોન્ટ વરી' ૧૪૭
આપણે એ પરિણામમાં રસ ન... ૧૪૮

| | | | |
|---|---|---|---|
| તો ન રહ્યો જ્ઞાનમાં કે ન... | ૧૪૯ | તો હાર્ટ ઊડી જાય | ૧૫૩ |
| સામો આપણા ઉપર સંશય... | ૧૫૦ | જાણે બધુંય પણ શંકા ના કરે | ૧૫૩ |
| એ છે પાછલા પડઘા | ૧૫૧ | જ્ઞાની બતાવે દિશા નિઃશંક... | ૧૫૪ |
| ત્યારે બિલકુલ વીતરાગ ભાવ... | ૧૫૨ | નિઃશંકપણે જગત જણાશે તો... | ૧૫૪ |
| દૂધપાકમાં શેર મીઠું નાખી... | ૧૫૩ | | |


### [૮.૨] દાદા પર શંકા


| | | | |
|---|---|---|---|
| પોતે જેવો તેવી શંકા બીજા... | ૧૫૬ | જેણે નિઃશંક બનાવ્યા તેની... | ૧૬૨ |
| ખુલ્લું કરે તો દાદા કરે... | ૧૫૭ | છતાંય ન આવે દાદાના... | ૧૬૩ |
| અહીં તો ઓપન ટૂ સ્કાય | ૧૫૮ | તોય નથી પાડ્યા 'હું'-'તું'ના... | ૧૬૪ |
| જેવો માલ ભર્યો તેવો જ નીકળે | ૧૫૯ | એનો સ્વભાવ જ એવો... | ૧૬૫ |
| એનો માલ એને જ દુઃખદાયી | ૧૬૦ | શંકા એની મેળે નિર્મૂળ થવા... | ૧૬૬ |
| વિપરીત બુદ્ધિ કરાવે જ્ઞાની... | ૧૬૧ | નિઃશંક પુરુષ પરની શંકા... | ૧૬૭ |
| તે સુણતાં ગૈબી જાદુથી | ૧૬૧ | 'આ' દાદા પરની શંકા સોંપો... | ૧૬૮ |


❖❖❖❖❖

# શંકા સળગાવે સંસાર

## [૧]
## સંશયાત્મા વિનશ્યતિ

### શંકા-આશંકા-કુશંકા

**પ્રશ્નકર્તા :** દાદા, શંકા-આશંકા-કુશંકા વિશે સમજાવો.

**દાદાશ્રી :** શંકા બહુ દુઃખદાયી છે. છોડીઓ હોય, બધી કૉલેજમાં જતી હોય, ઉંમરલાયક થયેલી હોય એટલે જો બુદ્ધિશાળી હોય અને મોહી ઓછો હોય તો એને મહીં સમજાઈ જાય કે 'સાલું, શંકા રાખવી જ પડશે આની ઉપર. શંકાની નજરે જોવું પડશે.' ખરો જાગૃત માણસ જાગૃત જ હોય ને ! હવે એ શંકાની નજરે જુએ, તે એક દહાડો શંકાની નજરે જોવાનું, કંઈ રોજ જોવાનું ? પછી બીજે દહાડે જોઈએ એ બધી આશંકા કહેવાય.

**પ્રશ્નકર્તા :** બીજે દિવસે જુએ એ આશંકા.

**દાદાશ્રી :** એને આશંકા કહેવાય. એનો કોઈ એન્ડ (અંત) હોય કે ના હોય ? તે જે દૃષ્ટિથી જોયું તેનો એન્ડ તો હોવો જોઈએ ને ? તે પછી આશંકા કહેવાય. એક જ દહાડો શંકા કરી એનું નામ શંકા અને વારેઘડીએ કરીએ એનું નામ આશંકા.

હવે કુશંકા ક્યારે ? કોઈ છોકરા જોડે ફરતી હોય, ત્યારે મનમાં

જાતજાતની કુશંકાઓ કરે. હવે એવું હોય પણ ખરું ને એવું ના પણ હોય. આવી બધી શંકાઓ કર્યા કરે છે માણસ અને દુઃખી થાય છે.

## એ નિરંતર કોર્યા જ કરે

**પ્રશ્નકર્તા :** અવિશ્વાસ અને શંકા, એ બેમાં શું ફેર ?

**દાદાશ્રી :** અવિશ્વાસ જુદી વસ્તુ છે. અવિશ્વાસ થાય તેનો વાંધો નહીં, પણ શંકા કરવી એનો વાંધો છે. અવિશ્વાસથી તો આપણે છેટા રહીએ બહુ ત્યારે એનાથી (એ વ્યક્તિથી). અને શંકા તો જોડે રહીએ ને કરડી ખાય.

**પ્રશ્નકર્તા :** દાદા, શંકા શું વસ્તુ છે ?

**દાદાશ્રી :** કરો છો ને તમને એની ખબર નથી ? તમે જુઓ નહીં કે કેવી વસ્તુ છે ? તમે કરો છો ને ? પહેલા કરેલી હશે !

**પ્રશ્નકર્તા :** શંકા બહુ નહીં કરેલી.

**દાદાશ્રી :** પણ એકાદ વખત કરી હોય તોય ખબર પડે ને ? કેટલી ઉંમર હતી શંકાની ?

**પ્રશ્નકર્તા :** એકાદ-બે મિનિટની.

**દાદાશ્રી :** હા, તે એ રૂપાળી હતી કે નહીં ?

**પ્રશ્નકર્તા :** બાળ્યા કરે એવી, ગુસ્સો લાવે.

**દાદાશ્રી :** મહા દુઃખ આપે.

શંકા એટલે શું ? નિરંતર કોર્યા જ કરે. ડ્રિલિંગની જેમ. ડ્રિલિંગ, ડ્રિલિંગ... આ ડ્રિલિંગ (કાણું પાડવાનું ઓજાર) તો બંધ થાય બહારનું, પણ પેલું ડ્રિલિંગ ચાલુ જ રહે. તે ડ્રિલિંગની માફક મોટો પથ્થર મૂકો તોય તેમાં કાણું પાડીને હડહડાટ પેલી બાજુ જતું રહે. એટલે આ તો બધું આખું કેટલે પહોંચી જાય !

## જે કૈડે, ડંખ મારે એ શંકા

શંકા તો, હંમેશાં કૈડવા માંડે એટલે જાણવું કે આ શંકા. ડંખ મારે, આ ડંખ મારવાની શરૂઆત થાય એનું નામ શંકા.

શંકાવાળો તો આખી રાત શંકામાં ને શંકામાં રહે. આખી રાત કૈડી ખાય શંકા તો ! અરે, એ શંકાનો કીડો તો ખાતી વખતે જીવતો, નહાતી વખતે જીવતો, સંડાસ જઈએ તોય જીવતો ! એના જેવો કીડો આ દુનિયામાં જન્મ્યો નથી કોઈ. એ કીડાએ મારી નાખ્યા છે લોકોને. અમે એના વિરોધી છીએ. કશું વળે નહીં અને એ પોતે મરી જાય મૂઓ !

હવે સારું છે તમારે છોકરી નથી, નહીં તો છોકરી હોય તો શંકા મહીં પેસી જ જાય. છોકરીઓના બાપને શંકાનો કીડો કૈડ્યા જ કરે. 'આ કોણ આવ્યો ? એનો ફ્રેન્ડ હશે ?' કહેશે. હવે પેલો સાધારણ વાત કરતો હોય !

**પ્રશ્નકર્તા :** શંકા એ આર્તધ્યાન છે ?

**દાદાશ્રી :** ના, આર્તધ્યાનેય નહીં. આર્તધ્યાન બીજી વસ્તુ છે. શંકા તો બહુ ખરાબ વસ્તુ ! શંકા ના થવી જોઈએ કોઈ પણ સંજોગોમાં, જે થવાનું હોય તે થાય. કુદરતની કરામતમાં શું થવાનું બીજું ?

**પ્રશ્નકર્તા :** જે થવાનું હોય એ થાય, શંકા નહીં કરવાની.

**દાદાશ્રી :** કશું થવાનું જ નથી. શંકાનું મોત થશે, પણ આપણું થવાનું નથી. એટલે શંકા તો નહીં જ રાખવી. કારણ કે જે સ્થિતિ બનવાની છે, એ શંકા રાખવાથી કંઈ ઘટતું નથી, વધે છે ઊલટું.

## બહુ વસમી, ડાકણ જેવી, વળગેલી જાય નહીં

**પ્રશ્નકર્તા :** દાદા, સમજ આવે તો પછી શંકા રહે નહીં ને ?

**દાદાશ્રી :** બળ્યું, શંકા ના રહે એ ભગવાન થાય ! આ તો અત્યારે ના આવે તો છ મહિના પછી આવે, બીજા સંજોગમાં આવે. કેટલા સંજોગો ?

**પ્રશ્નકર્તા :** ઘણા બધા.

**દાદાશ્રી :** આવે કે ના આવે શંકા ? સંજોગ બદલાય એટલે પછી આવે ને ? કેટલી શંકા હોય માણસને ?

**પ્રશ્નકર્તા :** ઘણી.

**દાદાશ્રી :** નરી શંકામાં જ છે. આ શંકામાંથી આગળ (બહાર) આવતા જ નથી લોકો. શંકાના ભૂતે તો મારી નાખ્યું આખા જગતને. શંકા બહુ મોટામાં મોટી વસમી છે, એ ભૂત જેવી છે, ડાકણ જેવી છે. શંકા વળગેલી જાય નહીં.

**પ્રશ્નકર્તા :** તે કેટલાક તો એવું કહે છે કે, શંકા ભૂત ને મંછા ડાકણ.

**દાદાશ્રી :** એ વાતો એટલા માટે કહે છે લોકો, કે બહુ શંકાઓ ના કરીશ, એ ભૂતની પેઠ વળગશે. એટલે મહાન પુરુષો એવું કહે, 'તારી શંકા એ જ ભૂત છે.' તમને વહેમ પડ્યો કે શંકા પડી, એ તમને રાતે ઊંઘવા નહીં દે અને તમને જંપીને બેસવા નહીં દે. આ ભાઈએ મારું બગાડ્યું, એવી શંકા પડે કે એ તમને જંપીને બેસવા નહીં દે.

## એ જ્ઞાની કહેવાય

તમારે શંકા-બંકા કોઈ દહાડો કશી આવે નહીં ને ?

**પ્રશ્નકર્તા :** એ તો આવે જ ને !

**દાદાશ્રી :** તમને શંકા આવે તો શું કરો ?

**પ્રશ્નકર્તા :** ચકાસણી કરીએ.

**દાદાશ્રી :** ચકાસણી કરવાથી વધુ શંકા ઊભી થાય.

શી રીતે જગત ઘડી વારેય જંપીને બેસે ? પાછળ કેટલી જાતના ભૂતા, ભય કેટલી જાતના, શંકાઓ કેટલી જાતની !

તે આપણા લોક શંકા રાખવામાં બહુ પાકા, નહીં ? શંકા પાછી એમને જ ખાય. અમને શંકા નહીં, અમે શંકા જ બંધ કરી દઈએ. અને આ નીરુબેનનેય શંકા જ કોઈની ઉપર નહીં પડેલી. નહીં પડેલી, નહીં ? એ સારું છે તમારે.

**નીરુમા :** દાદા, ઘણું તો આમ નજરે જોયું હોય એવુંય બને છે પણ મહીં અંદર ચોખ્ખું કરી નાખવાનું.

**દાદાશ્રી :** શંકા કાઢી નાખે એ જ્ઞાની કહેવાય. એ ભૂતથી તો આખું જગત મરી રહ્યું છે.

## સ્ત્રીના પરમાણુ એ બધા

ત્રણ જાતના પરમાણુ હોય છે દરેક મનુષ્યનામાં. એક સ્ત્રીના પરમાણુ હોય છે, પુરુષના પરમાણુ હોય છે અને નપુંસકના પરમાણુ. આ ત્રણ જાતના પરમાણુથી આ શરીર બનેલું છે. તેમાંથી જેનામાં પુરુષના પરમાણુ વધારે હોય એનો પુરુષનો જન્મ થાય છે, સ્ત્રીના પરમાણુ વધારે હોય તો સ્ત્રી અને નપુંસકના પરમાણુ હોય તો તેવું. એટલે ત્રણેય પ્રકારના પરમાણુ અંદર વધતા-ઓછા પ્રમાણમાં છે જ. એટલે વહેમ, સંદેહ, શંકા એ બધું સ્ત્રીના પરમાણુ છે. જે શંકા મૂંઝવે ને, એ સ્ત્રીના પરમાણુ છે. એટલે આપણે એને કહીએ, 'અમે પુરુષ છીએ, તું ગેટ આઉટ (બહાર નીકળ) !'

અમારામાં એવા પરમાણુ ના હોય. એટલે કોઈ જગ્યાએ સંદેહ ના પડે.

## એ શંકા જુદી ને આ શંકા જુદી

**પ્રશ્નકર્તા :** દાદા, આપ માનો છો કે 'સંશયાત્મા વિનશ્યતિ' ?

**દાદાશ્રી :** હા, સંશયાત્મા વિનશ્યતિ.

**પ્રશ્નકર્તા :** જેમ ગીતામાં છે કે સંશય નહીં રહેવો જોઈએ.

**દાદાશ્રી :** હા, સંશય એ શંકા તો નામેય હોવી જોઈએ જ નહીં. શંકાની ઉપર પરિણમન જ કાઢી નાખવું જોઈએ માણસે. માણસ થયો, કોઈ પણ જાતની શંકા રાખવાની જરૂર નથી. ઉઘાડું દેખાય શંકાશીલ, તોય શંકા રાખવાની જરૂર નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, અહીં વિરોધિતા એ છે કે પશ્ચિમની દુનિયામાં જ્ઞાનનો આરંભ શંકાથી શરૂ થયો. ત્યાં એ લોકોએ પ્રશ્ન પૂછ્યા કે આકાશ વાદળી શા માટે ? પાંદડું લીલું શા માટે ? લોહી લાલ શા માટે ? એક પ્રશ્ન આવ્યો, એમાંથી આખા વિજ્ઞાનનો જન્મ થયો. એ લોકોએ જ્ઞાનપ્રાપ્તિ માટે શ્રદ્ધાનો આશરો ન લીધો, પણ શંકા ઉઠાવી, પ્રશ્નો કર્યા, માટે એમને વિજ્ઞાનની પ્રગતિ મળી. એટલે મારું માનવું એ છે, કે શંકાને તદ્દન નિર્મૂળ કરી નાખવાથી પણ કદાચ જ્ઞાનને આપણે રોકી નાખીએ છીએ.

**દાદાશ્રી :** નહીં, એ શંકા હું નથી કહેતો. જ્ઞાન જાણવાની જે અભિલાષા છે એ શંકા જુદી છે અને જે શંકા 'મારી છોકરીઓ ત્યાં કૉલેજમાં જાય છે, તે મોટી ઉંમરની થઈ, હવે ત્યાં આગળ પેલો છોકરો હતો, તે શું હશે એનું ?' એટલે સંસારમાં બીજી શંકાઓ જે ઊભી થાય છે, એ શંકાઓ ઘાતક છે.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** એ ના કહું છું બધાને, શંકા છોડી દેજો. ના છૂટે તોય છોડી દેજો.

**પ્રશ્નકર્તા :** પણ જ્ઞાનપ્રાપ્તિ માટે, જ્ઞાનપિપાસા માટે જો શંકા થાય...

**દાદાશ્રી :** એ જુદી છે.

## પોતાની સેફસાઇડ માટેની શંકા વિનાશ લાવે

શંકા બે પ્રકારની છે. એક ફૉરેનના લોકો જે શંકા રાખે છે, જે પુનર્જન્મને માનતા નથી, એ લોકો શંકા રાખે છે એ વધુ જાણવાને

માટે શંકાઓ કરે છે. જે જાણે છે તેથી વિશેષ જાણવા માટે, વિગતવાર જાણવા માટે.

**પ્રશ્નકર્તા :** માહિતી માટે.

**દાદાશ્રી :** હા, માહિતી માટે. અને આપણા લોકો શંકા કરે છે, જે પુનર્જન્મને માને છે એ લોકો શંકા કરે છે, એ પોતાની સેફસાઈડ (સલામતી) પૂરતી શંકાઓ કરે છે. એટલે સેફસાઈડની શંકા વિનાશ લાવે.

શંકા શબ્દની અહીં આપણે હિન્દુસ્તાનના લોકોને જરૂર નથી, બીજા બહારના લોકોને એ શબ્દની જરૂર છે. કારણ કે એક જાતનું એમને આશ્ચર્ય લાગે છે કે 'આ આમ કેમ ?' તે આપણે અહીં બાળકો 'આ આવું કેવું ? આ આમ કેવું ? આમ કેમ ?' એવું કર્યા કરે છે. કારણ કે બાળકો છે. પણ મોટી ઉંમરના આવું ના કરે. એટલે એ બાળક અવસ્થામાં છે. એટલે એને શંકા હોય. એની શંકા સમાધાન માગે છે અને આપણી શંકા નાશ કરનારી, વિનશ્યતિ શંકા છે. એમની શંકા વિનશ્યતિ (વિનાશ) નથી કરતી. એમની શંકા સમાધાન માગે છે.

## જ્યાં કંઈ પણ કરાર, ત્યાં જ પડે શંકા

**પ્રશ્નકર્તા :** દાદા, શંકા દુર્ગુણમાં જાય કે ગ્રંથિમાં જાય ?

**દાદાશ્રી :** ગ્રંથિમાં કે દુર્ગુણમાં કશાયમાં ન જાય. એ તો ભયંકર આત્મઘાત છે. એ અહંકાર છે એક પ્રકારનો, શંકા કરવી એ.

કોઈ પુસ્તકમાંય શંકા ના કરાય.

**પ્રશ્નકર્તા :** તો પછી દરેક પુસ્તકમાં લખેલું બધું માની લેવાય ?

**દાદાશ્રી :** માની લેવાનું નહીં. શંકા તો એક મિનિટ જ રાખી અને ફરી જવાનું.

**પ્રશ્નકર્તા :** પણ ખોટું જ લખ્યું હોય તો શું થાય ?

**દાદાશ્રી :** ખોટું હોતું જ નથી. શંકા આવે તો એક મિનિટ શંકા કરી અને પછી બંધ કરી દેવાની શંકા.

**પ્રશ્નકર્તા :** નહીં, અત્યારે હિન્દુસ્તાનમાં બધા જ ધર્માત્માઓ, બધા ધર્મગુરુઓ કહે છે, 'હું જ ભગવાનનું સ્વરૂપ છું.'

**દાદાશ્રી :** હા, બધા લખે તેમાં શું પછી ? તે તો શંકા રાખવાની જરૂર નથી. આપણને સમજણ જ પડી જાય કે ખોટું છે આ. શંકા રાખવાની કંઈ વાત છે ?

**પ્રશ્નકર્તા :** કોઈ પણ તપાસનું મૂળ તો શંકા હોય છે ને ?

**દાદાશ્રી :** તપાસ કરીને, વિચારીને ખસી જવાનું આપણે. વિચારવાનું ને ખસી જવાનું. શંકાને આમાં વચ્ચે લાવવાનું કંઈ કારણ નથી. શંકા તો બેનું ઍગ્રીમેન્ટ (કરાર) થયેલું હોય કે બેનું અનુસંધાન થયેલું હોય ત્યાર પછી વચ્ચે કંઈક ભાંજગડ થાય ત્યારે શંકા ઉત્પન્ન થાય. શંકા એમ ને એમ તો હોય જ નહીં. શંકા એમ ને એમ ના પડે. બેનું કંઈ અનુસંધાન હોય કે બેમાં છે તે કંઈક એ થાય, પોતાના ડિસાઈડેડ (નક્કી થયા) પ્રમાણે, એમાં જો આઘુંપાછું થાય ત્યારે શંકા પડે કે આ શું હશે ? તેય મિનિટથી વધારે રખાય નહીં.

## આ એક જ શંકા હેલ્પ કરે, બીજી બધી આપઘાત કરાવે

શંકા કરવાની એક જ જગ્યા છે, કે 'ખરેખર હું ચંદુભાઈ છું ?' એટલી જ શંકા કર કર કર્યા કરવાની છે.

**પ્રશ્નકર્તા :** દાદા, એ શંકા પડે તો આગળ જાય.

**દાદાશ્રી :** ના, એમ નહીં. એ શંકા શબ્દ એને માટે જ છે.

**પ્રશ્નકર્તા :** દાદા, આ અર્થ તો તમે જ પહેલો કાઢ્યો ! આવી શંકા લેવાની હોય એ તમારું મૂળ શોધન છે.

**દાદાશ્રી :** આ શંકા છે તે હેલ્પ (મદદ) કરે, બીજી બધી શંકા આપઘાત કરાવડાવે.

**પ્રશ્નકર્તા :** શંકાનો કોઈ જગ્યાએ આવો અર્થ આવ્યો નથી.

**દાદાશ્રી :** એ શંકા કરવી, કે 'હું ખરેખર ચંદુભાઈ હોઈશ ? આ બધા કહે છે અને આમનો છોકરો છું એ ખરેખર હોઈશ ?' એવું જો થઈ ગયું કે ચાલ્યું ગાડું !

આત્મા સંબંધી જ શંકા રાખવા જેવી છે, કે આત્મા આ હશે કે તે હશે કે તે હશે ?

## બધાનામાં સંશય થાય, એ જીવે જ શી રીતે ?

**પ્રશ્નકર્તા :** પેલું ગીતામાં કહ્યું છે ને, કે 'સંશયાત્મા વિનશ્યતિ', તો આ જે આત્મા સંબંધી સંશય થાય એ કે બીજો કોઈ સંશય, એ શું કહેવા માગે છે ?

**દાદાશ્રી :** આત્મા સંબંધી સંશય તો બધાને હોય. એમાં સંશય વગરનો કોઈ માણસ હોય નહીં. પણ બીજા એને (સંશયાત્માને) તો આ જગતમાં કોઈ જગ્યાએ વિશ્વાસ જ ના બેસે, સંશય જ થયા કરે. એ તો મરી જાય ! કહે છે. એ મરેલો જ છે ને ! મરેલો જ છે સંશયાત્મા.

**પ્રશ્નકર્તા :** એમાં વ્યવહારનો સંશયાત્મા છે કે નિશ્ચયમાં સંશય હોય તે મરેલો ? વ્યવહારમાં સંશય કે નિશ્ચયમાં સંશય ? કયો સંશય ?

**દાદાશ્રી :** નિશ્ચયમાં તો સંશય આખા જગતને હોય જ. એ તો કાયદેસર હોય. કૃષ્ણ ભગવાને વ્યવહારમાં 'સંશયાત્મા વિનશ્યતિ' લખ્યું છે, કે જે માણસને જ્યાં ને ત્યાં શંકા પડે, બૈરીનામાં શંકા પડે, બાપનામાં શંકા પડે, એ માણસ મરેલો જ છે ને ! માનામાં સંશય આવે, ભઈનામાં સંશય આવે કે બધાનામાં સંશય આવે, એ માણસ જીવે જ શી રીતે ? આત્મામાં સંશયવાળું તો આખું જગત છે. આખું જગત આત્માના સંશયથી છે જ જાણે કે, એને મરવાનું નથી. જે વ્યવહારમાં સંશયવાળો છે તે મરી જાય. કોઈ ઉપર વિશ્વાસ ના આવે, સંશય થયા કરે. પોતાને ધીરવું હોય

અને પેલા દેવાદારો ઉપર છે તે સંશય થયા કરે. એ માણસ મરેલો જ છે. એટલે સંશય તો કામનો જ નહીં. સંશય તો આ હથિયાર લઈને મારવા જતા હશે, એને જરાય સંશય ના હોય ત્યારે તો મારવા જાય એ. અને મરનારાનેય જરાય સંશય ના હોય એટલે મરે. પણ એ એક જ વખત મરે. અને આ સંશયાત્મા કાયમને માટે મરેલો જ છે.

## મરે નહીં પણ મરેલા જેવો જ જીવે

શંકા એ જ મરણ છે. આત્મા મરી જાય એવો થઈ જાય બિચારો. જો કે આત્મા મરે નહીં, એ તો દેહ મરે છે. આત્મા કોઈ કાળે મરતો નથી શંકા સિવાય.

શંકા, શંકા કરનારને જ મારી નાખે. શંકા કરનારની જિંદગી જ બધી ખલાસ કરી નાખે. શંકા પડી કે તે શંકાનો એન્ડ ના હોય. શંકાનો એન્ડ આવે નહીં એટલે માણસ ખલાસ થઈ જાય.

સંશય, સંદેહ કરવો, શંકા કરવી, એ સંદેહથી માંડીને શંકા સુધીના બધા લખ્ખણ આત્મઘાતી છે. એમાં ફાયદો ના થાય, એમાં ભયંકર નુકસાન જ થયા કરે. આત્મઘાતી એટલે ખલાસ જ કરી નાખે એને. મરી ના જાય પણ મરેલા જેવો જ જીવે. મરવા-જીવવાનું તો પેલા એના હાથમાં છે, આયુષ્યકર્મના આધીન, પણ મરવા જેવો જ જીવતો હોય બિચારો.

**પ્રશ્નકર્તા :** એટલે શંકા ઉત્પન્ન થાય એટલે મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધું ત્યાં જ વપરાય ?

**દાદાશ્રી :** બધું જ, આખા શરીરનું તંત્ર જ બધું એમાં. એથી આત્મઘાતી કહું છું ને ! હવે સંસારમાં ઠેર ઠેર એ જ છે બધું. બિચારા શી રીતે જીવે પછી ? જીવતા મડદાં જેવા લાગે એ લોકો ! મડદાં જીવતા હોય ને, એવું લાગે. પણ શું કરે બિચારા ? ક્યાં જાય તે ? કોણ કાઢી આપે એમની શંકા ?

## શંકા ત્યાં સંતાપ

શંકા એટલે શું ? પોતાના આત્માને બગાડવાનું સાધન.

'જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ.'

- શ્રીમદ્ રાજચંદ્ર

શંકા હોય ત્યાં સંતાપ હોય. તે આ બધા સંતાપ છે ને, આતાપ, સંતાપ, પરિતાપ, ઉતાપ ! જેટલા બધા તાપ છે એ બધા શંકાથી ઊભા થયા છે.

શંકા કરતી વખતે એટલું બધું દુઃખ થાય કે ન પૂછો વાત. બહુ દુઃખ થાય. તમને શંકાનો અનુભવ નથી, શંકા દુઃખદાયી છે એ ?

**પ્રશ્નકર્તા :** દુઃખદાયી છે, દાદા. વ્યવહારમાં કોઈના ઉપર જો સહેજ શંકા પડે તો આપણને દુઃખ થયા કરે.

**દાદાશ્રી :** હા, પૈસા જાય છે ત્યારે દુઃખ નથી હોતું પણ જશે એવી શંકા પડે ત્યારે જ દુઃખી હોય છે. વાગે છે તે દહાડે દુઃખી નથી થતો, મને વાગશે એવી શંકા પડે ત્યાં દુઃખી થાય છે. સાપ કૈડે ત્યારે એને દુઃખ નથી થતું અને મને કૈડશે એવી શંકા પડી ત્યાં દુઃખ થાય છે. એટલે જ્યાં શંકા ત્યાં દુઃખ જ આવે.

માટે સાચી વાત હોય તોય શંકા ના કરવી. શંકા એ જ દુઃખ છે. અને છેવટે એ દુઃખમાં સબડવું તેના કરતાં શંકા જ ના કરવી એ શું ખોટું ?

## પાર વગરની શંકાઓ

**પ્રશ્નકર્તા :** દાદાજી, પણ જ્યાં આસક્તિ હોય, પ્રેમ હોય, ત્યાં આગળ જ શંકા થાય ને આપણને ?

**દાદાશ્રી :** હા, ત્યાં, ત્યાં જ, અને બીજે બધેય થાય. કોઈ પૈસા લઈ ગયો હોય તો શંકા થાય, કોઈ બાગમાંથી ફૂલાં લઈ ગયો હોય તો શંકા થાય. બધી બહુ જાતની શંકાઓ થાય.

**પ્રશ્નકર્તા :** હા, દાદા, ઘણી જાતની.

**દાદાશ્રી :** શંકાઓ તો પાર વગરની થાય !

હવે આપણે ત્યાં તો બાબો રૂપાળો હોય ને, તે 'મારા બાબાને પેલાએ જોયું તે એની નજર લાગી જશે', એવી શંકા પડે એને. તે કાળું ટપકું મારીને આવે અહીંયા આગળ. અલ્યા મૂઆ, શું કરવા નજર લાગે ? એ કંઈ ખાવાની ચીજ છે ? કો'કને છોકરાં ના હોય, તે પહેલાના જમાનામાં એવું થતું હતું. અત્યારે કંઈ પડેલી નથી.

## દુઃખ ભોગવવાનું થાય ત્યારે શંકા ઉદ્‌ભવે

**પ્રશ્નકર્તા :** દાદા, ગયા ભવના કોઈ ઋણાનુબંધને લીધે જ શંકા થાય છે ? એ વ્યક્તિ સાથે આપણે કંઈ લેણદેણ હોય એટલે થાય ?

**દાદાશ્રી :** આપણે દુઃખ ભોગવવાનું હોય ત્યારે થાય. ખરેખરું દુઃખ ભોગવવાનું થાય ત્યારે શંકા ઉત્પન્ન થાય.

**પ્રશ્નકર્તા :** અને એ વ્યક્તિએ આપણને દુઃખ આપવાનું હોય, એવું હોય ?

**દાદાશ્રી :** ના, સામી વ્યક્તિ દુઃખ આપતી જ નથી કોઈને. પોતે પોતાને જ દુઃખ આપે છે. સામી વ્યક્તિ દુઃખ આપે નહીં કોઈને.

**પ્રશ્નકર્તા :** દાદા, આપે બહુ સરસ કીધું કે જ્યારે દુઃખ ભોગવવાનું થાય ત્યારે શંકા થાય.

**દાદાશ્રી :** શાંતિ હોય, આનંદ હોય, અને દુઃખ ભોગવવાનો વખત આવ્યો કે શંકા ઊભી થાય.

## પહેલા પોતાનું જ બગડે, પછી સામાનું

**પ્રશ્નકર્તા :** એ શંકા છે તે પહેલો આત્મઘાત પોતાને જ કરે છે ને ?

**દાદાશ્રી :** હા, શંકાથી તો પોતાને જ, શંકા કરનારને નુકસાન. સામાને શું લેવાદેવા છે ?

**પ્રશ્નકર્તા :** કારણ કે શંકા અંદર થાય છે.

**દાદાશ્રી :** હા, એનાથી સામાને શું નુકસાન ? સામાને તો કંઈ પડેલી નથી.

**પ્રશ્નકર્તા :** એને ખબર જ ન હોય.

**દાદાશ્રી :** સામો તો કહેશે, 'મારું જે થવાનું હશે તે થશે, તમે શું કરવા મરી જાવ છો ?' સામાને કંઈ પડેલી નથી.

શંકા કરવાથી તો પહેલા પોતાનું જ બગડે છે, પછી સામાનું બગડે છે. શંકા કરીને એના વિચારો આવે ને, તેથી સામાનું બગડે. વધારે બગડે ઊલટું.

અમે તો પહેલેથી શોધખોળ કરેલી કે શંકાથી પોતાનું જ બગડે છે. તેથી કોઈ દહાડો અમે કોઈના પર શંકા કરી નથી.

કો'કની ઉપર શંકા કરવી તેના કરતાં એને બે ધોલ મારી દેવી સારી. ધોલ મારીએ તો પરિણામ આવે ઝટ. પેલો ચાર આપે ને ? પણ શંકાનું પરિણામ તો પોતાને એકલાએ જ ભોગવવાનું, પોતે ખાડો ખોદે ને મહીં ઊંડા ઊતરવાનું. ફરી બહાર નીકળાય નહીં.

## માટે જ શંકા કરવાની પાડી ચોખ્ખી 'ના'

**પ્રશ્નકર્તા :** દાદા, આ જે માનસિક દર્દો થાય છે, એ પણ શંકાના કારણે ઘણાંખરાં ઊભા થતા હશે ને ?

**દાદાશ્રી :** બધું શંકાથી જ, તેથી શંકા ઉપર આટલું દબાણ મૂક્યું મેં. શંકા એ દુનિયામાં મોટામાં મોટી ખરાબ વસ્તુ છે. શંકા માટે તો અમે ચોખ્ખી ના પાડી. બધા લોકોએ શંકાને માટે કશું લખ્યું નથી પણ અમે તો ચોખ્ખું લખ્યું, શંકા થાય એ વાત જ ઉડાડી દેવી. શંકાએ તો બહુ દાટ વાળ્યો છે આ જગતનો.

**પ્રશ્નકર્તા :** શંકા તો માણસના આખા જીવનને ઝેર કરી નાખે.

**દાદાશ્રી :** તે તેથી જ કહેલું આ. એને માટે શોધખોળ કરી મેં મોટી.

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે. બહુ ઊંચી શોધખોળ છે આ. મુદ્દાની છે.

## કંઈ જ હેલ્પ કરે નહીં ને નુકસાન પાર વગરનું !

**દાદાશ્રી :** તમે નાનપણમાં શંકા કરી જોયેલી કોઈ જગ્યાએ ?

**પ્રશ્નકર્તા :** ઘણી કરેલી પહેલા, દાદા. અહીં આવ્યા પછી શીખ્યા કે શંકા કરવામાં નુકસાન છે.

**દાદાશ્રી :** બહાર તો શંકા કરવાનું શિખવાડે ઊલટું. બહાર તો ઊલટા કહે, ભઈ, શંકા તો થાય ને ! એટલે કરવી જ પડે, એવું કહે. બહાર શું લોક કહે ?

**પ્રશ્નકર્તા :** શંકા તો થાય ને !

**દાદાશ્રી :** હા, 'શંકા તો થાય ને ! શંકા ના થાય તો પછી આપણે માણસ શાના ?' કહે. 'જાનવરોને કંઈ શંકા થાય છે ?' એવું શિખવાડે. શું શિખવાડે ? 'કંઈ જાનવરોને શંકા થાય ? આપણે મનુષ્ય છીએ એટલે શંકા તો થાય જ ને !' કહે. હવે, હું શાથી શંકા ઉડાડી દઉં છું ? ત્યારે કહે, શંકા તો કશુંય હેલ્પ કરશે નહીં. એક તસુવાર (જરા પણ), એક વાળ જેટલીય હેલ્પ કરશે નહીં ને નુકસાન પાર વગરનું કરશે. એટલે હું શંકા ઉડાડી દઉં છું. જો હેલ્પ કરતી હોય તો મારાથી ના બોલાય. નેવું ટકા નુકસાન કરતું હોય, પણ દસ ટકાય જો હેલ્પ કરતી હોય તો મારાથી ના બોલાય. પણ આ તો એક વાળ પૂરતી હેલ્પ નથી કરતી ને નુકસાન પાર વગરનું ! આખો સંસાર બધો ફ્રેક્ચર કરી નાખે.

**પ્રશ્નકર્તા :** બરાબર. દાદા, ધંધામાં ઘણી વખત એવું થાય કે કોઈ એવા પ્રૉબ્લેમ્સ આવ્યા હોય તો સામા માણસ ઉપર આપણને શંકા આવે. હવે એ શંકા આવે એના કારણે આપણને દુઃખ થાય. કારણ કે પાછળથી જોયું હોય કે શંકા કોઈ પણ પ્રકારના આધાર વગરની હતી.

**દાદાશ્રી :** આધાર વગરની શંકાઓ છે.

## અખા ભગતે ઉમેર્યું સોનું, તોય શંકા કરી બહેને

આ અખા ભગત અમદાવાદમાં રહેતા'તા. એમનું નામ અક્ષય ભગત, અને મૂળ સોની. તે એમના બેનના મનમાં થયું કે લાવ, આ મારી કંઠી છે તે સમી કરાવવા આપું, તૂટી ગઈ હતી તે. તે સોનાની કંઠી આપી. એટલે અખાને તરત વિચાર આવ્યો કે સાલું, લોક કહેવત એવી છે કે સોની સગી બેનનુંય છોડે નહીં. એવી કહેવત છે લોકોમાં. એટલે એણે એક તોલો સોનું ઉમેર્યું વિચાર કરીને, કે ભૂલેચૂકે આરોપ ના આવે. ત્યારે એ બેનને જરા વજનદાર લાગ્યું ને, એટલે બેનને શંકા પડી કે શું કર્યું આ ભાઈએ મહીં ? એટલે બીજા ચોક્સીને ત્યાં જઈને કહે છે, 'ભઈ, જુઓ ને આ', ત્યારે કહે છે, 'ના, ચોખ્ખું જ છે સોનું બધું. પહેલું તમારે કેટલું હતું ?' તો કહે, 'આ મારો આંકડો હતો.' ત્યારે કહે, 'આ તો વધારે છે. ક્યાં કરાવ્યું હતું ?' ત્યારે કહે, 'મારા ભઈને ત્યાં.' તે બેનને બહુ પસ્તાવો થયો કે મારા ભાઈ પરેય શંકા લાવી બળી ! હવે ત્યાં અખા ભગતને ખબર પડી ગઈ. કારણ કે અહીં ચોક્સીએ કાપ્યું હતું, કટ કર્યું હતું, ટેસ્ટ કરવા માટે. તે ફરી પાછું એમની પાસે આવ્યું ને, એટલે પાછી બેન લોચા વાળવા માંડી કે મારે તો આમ થતા તૂટી ગયું. પણ પેલાય સમજી ગયા કે આ કટ કરીને તપાસ કરાવીને લાવી છે. તે અખા ભગતને મનમાં બહુ પસ્તાવો થયો કે 'હે ભગવાન ! કોઈ દહાડોય બહેનોય ના આપીશ, ભઈઓય ના આપીશ ને દેહેય ના આપીશ. આ ક્યાં ફસાયો ?' કહે છે. આ સોનું ઘાલ્યું તોય શંકા ગઈ નહીં, ઊલટી વધી. આનો પાર ક્યારે આવે ? એટલે કહે છે, 'ભાગો અહીંથી, નાસી છૂટો આપણે.'

## કાઢી નાખવા એવા ગુણો (!) જે કરે એકાંતે અલાભ

શંકામાં બે જ હોય : એક તો દુઃખ પ્રત્યક્ષ થાય, અને બીજું, એના પર શંકા કરી તે બદલનો ગુનો લાગુ થયો. એક તો પ્રત્યક્ષ દુઃખ અને પછી ઉપરથી ગુનો લાગુ થયો. કલમ ચારસો ને આડત્રીસ લાગુ થઈ ગઈ.

કેટલાક ગુણો એકાંતે નુકસાન કરે છે. એકાંતે એટલે શું ? લાભાલાભ હોય તો તો ઠીક છે વાત, પણ આ તો એકાંતે એવું, અલાભ

જ બધો. એવા ગુણો કાઢી નાખે તો સારું. જેમ કે રિસાવું એ ફાયદો નથી કરતું, નુકસાન જ કરે છે. બીજું, ચિંતા અને શંકા પણ કરવા જેવું નથી. એ કંઈ હેલ્પ જ નથી કરતું, કેવળ નુકસાન જ કરે છે. એ માણસોને ફ્રૅક્ચર કરી નાખે. અને તે જ ભૂત વધારે પેસી ગયું બિચારાને. એટલે બિચારા લોકોના મોઢાં પર દુઃખ જતા નથી.

ચંદ્રમા તેનો તે જ છે. આ લોક બીજ, ત્રીજ, ચોથ, પાંચમ થઈ, કહેશે. અને એની પરેય શંકા કરે. 'બીજ છે, નહોય આ ત્રીજ.' ત્યારે પેલો કહેશે, 'ના, ત્રીજ છે.' એની પરેય શંકા કરે કે આ બીજ છે. લે ! શંકાને કંઈ ખોળવા જવાનું છે ?

**પ્રશ્નકર્તા :** એટલે શંકાને કોઈ મૂળ જ ના હોય.

**દાદાશ્રી :** અને તેથી દુઃખી છે ને બધા. લોકો દુઃખી છે એનું કારણ જ એ છે. નર્યું દુઃખ, દુઃખ ને દુઃખ જ છે.

એટલે શંકા ના કરે તો ઉત્તમ છે. શંકાનો રોગ મૂળથી કાઢી નાખે ને, વ્યવહારમાંય શંકા કાઢી નાખે તો ઉત્તમ !

પછી એક 'જો ને તો' બે કાઢી નાખવાના. આમ થયું હોત તો આમ થાત, ને જો આમ થયું હોત તો આમ થાત, એ બધું કાઢી નાખવાનું. કોઈ માણસ કહે કે 'આમ થયું હોત તો આમ થાત.' એ વાતને ના કહી દેવી. વેસ્ટ ઑફ ટાઈમ ઍન્ડ એનર્જી (સમય અને શક્તિનો બગાડ છે).

## ટાઈમિંગમાં ચેન્જ હોય, માટે શંકા કરવી ખોટી

આ દુનિયામાં જો શંકા ના હોત ને, તો આ દુનિયા બહુ સુંદર રૂપાળી હોત. શંકાથી આ જગત ઊભું થઈ ગયું છે. શંકાથી, વેરથી, અમુક અમુક તો એવા શબ્દો છે, કે જેના પર જગત ઊભું રહ્યું છે.

**પ્રશ્નકર્તા :** દાદા, 'આ શંકાથી જગત ઊભું થયું છે' એમ આપે કહ્યું, એ જરા સમજાવો ને બરોબર. શંકાથી કેવી રીતે ઊભું થયું ?

**દાદાશ્રી :** શંકા સાચી વસ્તુ હોતી જ નથી. કારણ કે જ્યારે શંકા કરવા જેવી હતી ત્યારે એ જાણતો નહોતો. હવે શંકા કરવા જેવી નથી ત્યારે એ શંકા કરે છે. એટલે ટાઈમિંગમાં ચેન્જ (સમયમાં ફેરફાર) છે. માટે ખોટી શંકા છે. જે દહાડે શંકા કરવા જેવો (સમય) હતો, તે દહાડે જો શંકા કરીએ તો એ કામનું.

ટાઈમિંગ ચેન્જ થઈ ગયેલો હોય છે. મારા ભાગીદાર પૈસા ઓગાળી (ખાઈ) જાય છે. તે ગઈ સાલ ઓગાળી ગયા હોય ને આ સાલ ના ઓગાળતા હોય તોય આપણે કહીએ કે ઓગાળી જાય છે. તમને સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** આપ ટાઈમિંગ ચેન્જની વાત કરો છો જે, એ કંઈ સમજાતું નથી.

**દાદાશ્રી :** ટાઈમિંગ મળવો જોઈએ. એ ઓગાળી ગયો (જતો) હોય ત્યારે એના ઉપર શંકા ઉત્પન્ન થઈ એ સાચી શંકા.

**પ્રશ્નકર્તા :** હા, પણ એ ઓગાળી ગયો એ તો હકીકત છે. પછી શંકાનો ક્યાં પ્રશ્ન ? શંકા તો હવે પછી એવું કરશે કે નહીં, એવી આવે.

**દાદાશ્રી :** ના, પ્રિજ્યુડિસ (પૂર્વગ્રહ) કહેવાય એ બધા. પછી એણે નક્કી કર્યું હોય કે હવે પૈસા લેવા નથી, આપણે આ ખોટું થઈ ગયું. એણે એવું નક્કી કર્યું હોય ને આપણે શંકા કર્યા કરીએ. બને કે ના બને એવું ?

**પ્રશ્નકર્તા :** એવું બને.

**દાદાશ્રી :** અગર તો એ ભવિષ્યમાં ખાવાનો હોય વરસ દહાડા પછી અને આજે આપણે કહીએ તોય તે...

**પ્રશ્નકર્તા :** એ પણ ખોટું.

**દાદાશ્રી :** એટલે આ શંકા બહુ ખરાબ વસ્તુ છે.

## શંકાથી વિશ્વાસઘાત કંઈ ઓછા થઈ ગયા ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપણને ભગવાને મગજ આપ્યું, હવે આપણે જો અમુક બાબતમાં શંકા ના રાખીએ, તો પછી કો'ક વાર વિશ્વાસઘાત પણ થઈ બેસે ને, એમાં ?

**દાદાશ્રી :** શંકા કરવાથી વિશ્વાસઘાત ઓછા થયા છે દુનિયામાં ?

**પ્રશ્નકર્તા :** શંકા કરવાથી આપણને થોડીઘણી તારવણી તો મળે ને ?

**દાદાશ્રી :** ના, પણ વિશ્વાસઘાત ઓછા થઈ ગયા શંકાથી ?

**પ્રશ્નકર્તા :** ના, સરવાળે તો ચિંતા જ છે, શંકા એટલે.

**દાદાશ્રી :** શંકાથી જ બધા દુઃખ ઊંડા ગયા.

**પ્રશ્નકર્તા :** એ આપની વાત સાચી છે.

**દાદાશ્રી :** ગાંધીજી શંકા રાખતા નહોતા, વિશ્વાસ જ રાખીને પછી ચાલ્યા કરતા'તા. કો'ક છેતરીએય જાય મહીં. કંઈ બધા છેતરે નહીં. દુનિયા આખી ગમે તેવી ખરાબ હોય તેનો સવાલ નથી કે સારી હોય તોય સવાલ નથી. છેતરવું એ એમના હાથમાં નથી, એ તમારા કર્મના ઉદયને આધીન છે. તમને સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એટલે કંઈક ધીરજ તો રહેવી જોઈએ ને ?

## સ્ત્રી શંકા રાખે એટલે...

**પ્રશ્નકર્તા :** એક માણસને શંકા જ પડ્યા કરે દરેક બાબતમાં અને બીજાને સમાધાન થઈ જાય, એમ કેમ બને ? એનો આગળનો હિસાબ હશે કંઈ ?

**દાદાશ્રી :** સ્વભાવ છે ને ! શંકાશીલ સ્વભાવ હોય છે.

**પ્રશ્નકર્તા :** હા, પણ એકને હોય, એકને ન હોય.

**દાદાશ્રી :** હં, શંકાશીલ સ્વભાવ હોય છે ને, તે પોતાને ઈચ્છા ના હોય તોય પણ શંકા કર્યા કરે.

**પ્રશ્નકર્તા :** પણ એ પ્રકૃતિ ને, દાદા ? શંકાશીલ પ્રકૃતિ કહેવાય ને એને ?

**દાદાશ્રી :** આખી પ્રકૃતિ નથી હોતી. એ તો અમુક જ બાબતમાં શંકા હોય છે, બીજે બધે નથી હોતી.

અને સ્ત્રીઓ તો શંકા આવી હોય ને, તોય પાછી ભૂલી જાય અને આ તો શંકા ના આવી હોય તોય ઊભી કરે.

**પ્રશ્નકર્તા :** ના, દાદા, એવું નથી. સ્ત્રીઓને શંકા આવે તો છોડે-બોડે નહીં. એમને તંત રહે.

**દાદાશ્રી :** એ બનતા સુધી ભૂલી જાય, પણ જો કદી યાદ રહી ગઈ તો મારી નાખે પછી. એટલે એ શંકાનું ભૂત અને સ્ત્રી શંકા રાખે એટલે પછી ડાકણ કહેવાય. એટલે ભૂત ને ડાકણ બેઉ વળગ્યું. તે મારી જ નાખે માણસને.

## બરકત ના રહે ત્યારે શંકાશીલ થઈ જાય

**પ્રશ્નકર્તા :** દાદા, આ ભાઈને દરેકમાં સંશય જાગે છે, શંકાશીલ માણસ છે એ.

**દાદાશ્રી :** ઘણાંખરાં શંકાશીલ જ થઈ ગયા હોય. જ્યારે કોઈ માણસનામાં કશું બરકત ના રહે, ત્યારે શંકાશીલ થઈ જાય જેમાં ને તેમાં. આમ થઈ જશે ને આમ થઈ જશે ને આમ થઈ જશે તો ? સ્ટીમરમાંય બેસતા જ એ કહે, ડૂબી જશે તો ? જરાય એનામાં બરકત ના હોય એટલે શંકાશીલ થઈ જાય.

કોની કોની ઉપર શંકા થાય છે ? ઘરમાં હઉ થાય છે ? આડોશી-પાડોશી, ભઈઓ-બઈઓ ઉપર, બધા ઉપર ? તો ક્યાં થાય છે ? હું તમને સમું કરી આપું તમે મને કહો તો. આ રોગ ફેલાયેલો છે, ચેપી રોગ છે

એ. શંકા ટી.બી.નો રોગ છે. કંઈ પણ પ્રકારની શંકા પડી કે ટી.બી.ની શરૂઆત થઈ ગઈ.

## શંકાની અસરો, શરીર ને અંતઃકરણ પર

એ શંકાઓ બધી આપણી પોતાની અણસમજણની ઊભી કરેલી છે. તે જો કદી કોઈ પણ શંકા આપણને ઘરમાં પડી હોય ને કશી, ઘરના માણસ જોડે, તો આખી રાત ઊંઘવા ના દે.

**પ્રશ્નકર્તા :** હા, ઊંઘવા ના દે.

**દાદાશ્રી :** અને બળ્યું, વાતમાં કશુંય ના હોય. રાત્રે સૂઈ ગયા ને કશી શંકા પડી તો આખી રાત ઊંઘ હરામ થઈ જાય. જ્યાં સુધી શરીર થાકે નહીં, ત્યાં સુધી તાળું વાસે નહીં. શરીર થાકીને સૂઈ જાય, ત્યારે તાળું વસાઈ જાય.

**પ્રશ્નકર્તા :** દાદા, શરીરમાં પણ બધો ફેરફાર થઈ જાય. ગભરામણ લાગે, એવું બધું થઈ જાય.

**દાદાશ્રી :** હા, પછી થાકીને સૂઈ જાય. સવારમાં ઊઠીએ ને પૂછીએ, કે રાત્રે પુરુષાર્થ કર્યો શંકાનો, તે શું ફળ મળ્યું તમને ? ત્યારે કહે, ઉજાગરાથી ઊલટું શરીર બગડ્યું. અને મહીં મન-બન બધું ઢીલું થઈ જાય, બુદ્ધિ ગાંડી થઈ જાય, અહંકાર કદરૂપો થઈ જાય. અહંકારેય રૂપાળો હોય છે બળ્યો, પણ એય કદરૂપો થઈ જાય. એટલે અમે બધાને એક જ કહીએ...

**પ્રશ્નકર્તા :** શંકા ન કરશો.

**દાદાશ્રી :** હં. જો શંકા કરવા જેવું હોત તો વળી ભગવાન કહેત ને, કે 'ભઈ, શંકા કરે તેનું કલ્યાણ થઈ જશે !' વળી એ કહે, 'તું નવો કંઈથી પાક્યો ડખોડખલ કરનારો વળી ?' એટલે ગાડું ચાલે છે એમ ચાલ્યા કરશે. અને કાયદેસર છે, આ ગેરકાયદેસર જગત છે નહીં. હું શંકા ના કરવાનું શું કામ કહું છું, કે ભઈ, કાયદેસર જ જગત છે. અને તે કાયદેસર

જગત મેં જોયેલું છે. એ રેગ્યુલેશનમાં (નિયમનમાં) છે, એવું જોયેલું છે. એટલે તમારી શંકાઓ કામ નથી લાગવાની.

## માટે શંકા પેસવા જ ના દે તે ઉત્તમ

**પ્રશ્નકર્તા :** પણ એ શંકા માણસમાંથી નીકળી કેવી રીતે શકે ? જે શંકા આમ ઘરમાં પેસી જાય છે, એ શંકા એમાંથી દૂર કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** ના નીકળે કોઈ દહાડો. એટલે શંકા પેસવા જ ના દે તો જ બંધ થાય.

**પ્રશ્નકર્તા :** પણ હવે આ જ્ઞાની પુરુષ, સત્ પુરુષની સાથે પરિચય થાય, એમની કૃપા થાય, તો જે શંકા પેસી ગઈ હોય એ નીકળે તો ખરી ને ?

**દાદાશ્રી :** ના, એ તો અમે વિધિ કરી આપીએ અને છૂટી કરી આપીએ એને. પણ શંકા મહીં ઉત્પન્ન જ ના થાય એ મુખ્ય વસ્તુ છે.

## જગત કાયદેસર, તો શંકા શાને ?

**પ્રશ્નકર્તા :** એક શંકાનું સમાધાન જોઈએ છે.

**દાદાશ્રી :** આપણે તો અહીં બધી શંકાનું સમાધાન થાય. શંકા જશે તો દહાડો વળશે.

અહીં રાતે તમે સૂઈ ગયા હોય અને એક આવડો સાપ અહીં ઘરમાં પેસતા દીઠો. પછી તમારે સૂવાનું થાય તો શું થાય ? શંકા રહ્યા કરે ને ?

**પ્રશ્નકર્તા :** હા, શંકા રહ્યા કરે.

**દાદાશ્રી :** એ સાપ નીકળી ગયો હોય તોય તમને શંકા રહે કે ના રહે ? નીકળતો જોયો ના હોય તો ?

એટલે શાસ્ત્રો શું કહે છે ? સાપ પેસી ગયાનું જ્ઞાન તમને થયું હતું, એ જ જ્ઞાન નીકળી ગયાનું થવું જોઈએ, તો જ તમારો છુટકારો છે.

નીકળી જાય એનું જ્ઞાન ના થયું હોય ને પેલો નીકળી ગયો હોય, તોય તમારા મનમાં શંકા રહે તો ઊંઘ ના આવે. આમથી આમ ફરો ને આમથી આમ ફરો. આપણે કહીએ, કેમ પાસાં ફેરવો છો ?

**પ્રશ્નકર્તા :** ડર લાગ્યા કરે ને સાપનો.

**દાદાશ્રી :** હા, મહીં શંકા રહ્યા કરે કે આવશે કે શું ? આવશે કે શું ? શું લઈ લેવાનો હતો, કંઈ ગજવામાંથી લઈ લેવાનો હતો એ ?

**પ્રશ્નકર્તા :** ગજવામાંથી લઈને કરે શું એ ?

**દાદાશ્રી :** ત્યારે શું લઈ લે એ ?

**પ્રશ્નકર્તા :** ડંખ મારે.

**દાદાશ્રી :** એમ ! શા હારુ ? કાયદેસર હશે કે ગેરકાયદેસર ?

**પ્રશ્નકર્તા :** આપણો જો એને કાંઈ સ્પર્શ થાય, ખોટી રીતે ધક્કો લાગે અને એને ગુસ્સો આવી જાય તો ડંખ મારી દે.

**દાદાશ્રી :** ના, પણ કાયદેસર બચકું ભરે કે ગેરકાયદેસર ?

**પ્રશ્નકર્તા :** જો એને લાગે ને બચકું ભરે તો એ કાયદેસર કહેવાય.

**દાદાશ્રી :** અને નહીં તો ગેરકાયદેસર કરે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ દુનિયામાં ગેરકાયદેસર એક ક્ષણ વાર કોઈ ચીજ થતી જ નથી. જે જે થાય છે એ કાયદેસર જ થાય છે. માટે એમાં ભૂલ ખાતા નહીં. જે થાય છે એ કાયદેસર વગર કશું થતું જ નથી. એમાં શંકા જ ના કરશો. જે થઈ ગયું એ કાયદેસર જ હતું. તેથી અમે એને 'વ્યવસ્થિત' કહ્યું છે. શું કહ્યું છે ?

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત !

**દાદાશ્રી :** એક્ઝેક્ટનેસ (યથાર્થ) ! એમાં મીનમેખ ફેરફાર નહીં.

## ઊંધા જ્ઞાન જાણ્યા એના પરિણામ આ બધા

સાપ પેઠો તે જેણે જોયો તેને ઊંઘ ના આવે, પણ નથી જોયો તેને ?

**પ્રશ્નકર્તા :** એ તો નિર્ભય, એ સૂઈ રહે આરામથી, એને બીક ના હોય.

**દાદાશ્રી :** ત્યારે ભગવાને કહ્યું, કે પેલા આરામથી સૂઈ રહ્યા છે, તું કેમ નથી સૂતો ? ત્યારે કહે, મેં તો પેસતા જોયો છે ને, તે નીકળતા જોઉં, ત્યારે છૂટું. એ પેઠેલો છે એવું મને જ્ઞાન થયેલું છે, એવું નીકળ્યાનું જ્ઞાન મને થાય તો હું છૂટું, કહે છે. અને અમે તો જાણીએ કે આમને ત્રણને જે જ્ઞાન થયું, એ અમને હો, તે નીકળ્યાનું જ્ઞાન જેવું અમને થઈ જાય.

આવી રીતે તો અમે ઘણી જગ્યાએ સૂઈ ગયેલા. કારણ કે આમ અમારો ધંધો જંગલમાં ને બધો. તે જંગલમાં ઘણી જગાએ સૂઈ ગયેલા. એ સાપ આ બાજુ સૂઈ રહ્યો હોય. પછી સવારમાં ઊઠીએ ત્યારે આપણે જોઈએ કે પેલો હારો, અહીં સૂઈ ગયો છે, ઓત્તારી ! એય સૂઈ રહ્યો ને આપણેય... જંગલમાં એ બિચારો ક્યાં જાય ત્યારે ? એને કંઈ સાસરી છે તે સાસરીમાં બે દહાડા જાય ? એને તો જ્યાં ફર્યો ત્યાં ખરો, એટલું એનું. એને કંઈ સાસરી નહીં અને આપણે તો સાસરીમાંય બે દહાડા જઈ આવીએ, નહીં ?

**પ્રશ્નકર્તા :** એટલે એનો અર્થ એવો થયો દાદા, કે માણસના મનમાં કોઈ સંશય જાગે, એ નિર્મૂળ થવો જોઈએ.

**દાદાશ્રી :** હા, આ ઊંધા જ્ઞાનવાળો, તે ઊંધા જ્ઞાન જાણ્યા ને, તેના આ પરિણામો છે બધા. એટલે આ મજૂરોને આવું નથી હોતું. આ શેઠિયાઓને હોય છે, ઊંધા જ્ઞાન જાણવા જાય છે તેને. ઊંધા જ્ઞાન જાણે નહીં તો કશુંય નહીં. જ્ઞાન સમ્યક્ હોવું જોઈએ.

## 'ઈટ હેપન્સ', એમાં નવું નથી કંઈ

શંકા રાખવા જેવું જ નથી આ જગત. આ અમારી મોટામાં મોટી શોધખોળ છે. કારણ કે જેમાં તમે શંકા રાખો છો, તો એ વસ્તુ કંઈ નવી

નથી, ઈટ હૅપન્સ (થયા કરે છે) ! શું છે ?

**પ્રશ્નકર્તા :** થયા જ કરે છે એ તો. ઈટ હૅપન્સ !

**દાદાશ્રી :** થયા કરે છે તેમાં તમે શું કરો ? જે થયા કરે છે, એ આપણા હાથમાંય સત્તા નહીં, એની કોઈના હાથમાં સત્તા નથી રહી. સવારમાં ઉઠાય, તે ઈટ હૅપન્સ. ચા આવી જાય, તે ઈટ હૅપન્સ. સંડાસ જઈ આવીએ, ઈટ હૅપન્સ. ઈટ હૅપન્સને સમજે તો કામ નીકળી જાય, નહીં તો મનમાં એમ થાય કે હું ઊઠ્યો, મેં ચા પીધી. એ ગૂંચવાડો ઊભો થયો. ઈટ હૅપન્સમાં તો શંકા શબ્દ જ ના હોય. અને આખી જિંદગી ઈટ હૅપન્સ જ છે, લાકડાંમાં જતા સુધીનું. તમે સમજ્યા ઈટ હૅપન્સ એટલે ? એનેય લોકો 'મેં કર્યું' એમ કહે છે એટલે આવતા ભવનું ચીતરે છે, ખાલી બિલીફથી (માન્યતાથી). ચિતરામણ કરે ત્યારે જ થાય ને, આવતો ભવ. નહીં તો એમ ને એમ ચિતરામણ કર્યા વગર શી રીતે થાય તે ? બાકી 'ઈટ હૅપન્સ', તમને થોડોઘણો અનુભવ થયેલો, ચાલ્યા કરે છે એવું ? ઈટ હૅપન્સ ?

**પ્રશ્નકર્તા :** મને એવો કંઈ અનુભવ નથી.

**દાદાશ્રી :** અનુભવ થયો નથી ? રાત્રે ચાલ્યા કરતું હશે કે નહીં ચાલ્યા કરતું હોય ? રાત્રે શરીરની અંદર બધું ચાલ્યા કરે કે આપણે સૂઈએ તોય ? એવું આ જાગતાય એવી રીતે ચાલ્યા કરે છે અને અહંકાર કરે છે એ તો જુદો. ખાલી અહંકાર કરે છે, 'મેં કર્યું' કહે છે.

આ અંદરનું ચલાવે છે કોણ, તે એની ઉપર શંકા નથી પડતી ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** બહારની શંકા ના કરાય. અંતઃકરણમાં જે થઈ રહ્યું છે તે જ બહાર થાય છે, બાહ્યકરણમાં. તો શું કરવા હાય હાય કરો છો ? વચ્ચે મહીં હાથ શું કરવા ઘાલો છો તે ? આ ઉપાધિ શા હારુ વેઠો છો ? વગર કામની ઉપાધિ !

## એને તો ડિસમિસ જ કરી નાખજો

આ જગતમાં શંકા કોઈ પણ જાતની ઉત્પન્ન થાય એવો જો વિચાર આવે એને તરત ઢાંકણું વાસી દેવું. કોઈ પણ જાતની શંકા, સાચી હોય કે ખોટી એ જોવાનું નહીં તમારે. શંકા ઉત્પન્ન થાય એવો વિચાર હોય તો ગટરનું ઢાંકણું દબાવી દેવું.

શંકાનું રિઝલ્ટ (પરિણામ) જોઈને અમે કહ્યું છે કે શંકા તો ડિસમિસ જ કરી (કાઢી) નાખજો, કોઈ પણ બાબતમાં. એના વગર ચાલશે આપણે. જેમ માંસાહાર વગર હિન્દુઓને ચાલે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એવી રીતે એના વગર ચાલે. એવા ચેતીને ચાલો કે પછી કોઈ પણ બાબતમાં શંકા કરવી ના પડે. પછી શંકા આવવાની થાય તોય એને કરવી નહીં. પછી વહેતું રાખવું.

❖❖❖❖❖

# [૨]
# શંકાનું મૂળ બુદ્ધિ

## શંકા એ વધુ પડતી બુદ્ધિનો ડખો

**પ્રશ્નકર્તા :** દાદા, શંકા કેમ આવતી હશે ?

**દાદાશ્રી :** એ બુદ્ધિનો ડખો છે. વધુ પડતી બુદ્ધિનો ડખો છે એ. બુદ્ધિનું તોફાન છે એ તો. આપણે બંધ કરવી પડે એ તો. ગૅસની પાઈપ ફાટી તો બંધ ના કરીએ તો સળગે બધું.

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** એટલે એ તો લીકેજ છે એક જાતનું શંકા એ.

**પ્રશ્નકર્તા :** શંકાનું મૂળ શું ?

**દાદાશ્રી :** શંકાનું મૂળ છે તે બુદ્ધિ. શંકાની માતા છે એ. એની માતા એ ને શંકા એના છોકરાં.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ તો સારું પણ દેખાડે અને ખરાબ પણ દેખાડે.

**દાદાશ્રી :** ના, જરૂરિયાતવાળી બુદ્ધિવાળાને, કે જેને જરૂરિયાત એટલી જ બુદ્ધિ છે, પોતાની નેસેસિટી (જરૂર) પૂરતી બુદ્ધિ છે, એને પાંચ છોડીઓ હોય તોય પણ એ વિચાર જ આવે નહીં. વિચાર આવે તો શંકા આવે ને ?

**પ્રશ્નકર્તા :** જરૂરિયાત જેટલી બુદ્ધિ હોય તેને એવા વિચાર ના આવે. વધારે બુદ્ધિ હોય તો જ આ ડખલ થાય.

**દાદાશ્રી :** જરૂર પૂરતી બુદ્ધિવાળા કેટલાક માણસો હિન્દુસ્તાનમાં હોય છે, કે એમને બીજો પછી વિચાર જ ના આવે. એટલે અમને અક્કલવાળા ઉપર ચીઢ છે ને ! અક્કલવાળા એટલે વધુ વિચારવાળા, વધુ બુદ્ધિવાળા ! અક્કલવાળા પર ચીઢ તેથી છે ને, કે મૂઆ, કેટલો માર ખાઈશ તું તે !

## જેટલી બુદ્ધિ વધારે તેટલી શંકા વધારે

**પ્રશ્નકર્તા :** એટલે બહુ બુદ્ધિશાળી લોકોને વધારે શંકા હોય ને ?

**દાદાશ્રી :** હા. બુદ્ધિ બે પ્રકારની : વ્યભિચારિણી ને અવ્યભિચારિણી. તે જગતમાં અત્યારે ચાલે છે એ વ્યભિચારિણી બુદ્ધિ છે અને અવ્યભિચારિણી બુદ્ધિ સમ્યક્ હોય. તે એ બુદ્ધિ બધાનું સમાધાન કરે અને મોક્ષ તરફ લઈ જાય. બાકી આ તો વ્યભિચારિણી બુદ્ધિ છે બધી. વ્યભિચારિણી એટલે વિપરીત બુદ્ધિ. વિપરીત બુદ્ધિની જ અસર છે અત્યારે. એટલે બધી શંકાઓ બહુ પડ્યા કરે.

**પ્રશ્નકર્તા :** પણ વિપરીત બુદ્ધિ શંકા શા માટે પાડતી હશે ? બુદ્ધિશાળી માણસોને શંકા કેમ વધારે હોય ?

**દાદાશ્રી :** એને બધા બુદ્ધિના પર્યાયોથી એવું દેખાય કે આવું હશે, આમ હાથ કો'ક મૂકી ગયો પોતાની વાઈફ ઉપર, એટલે પછી બધા પર્યાયો ઊભા થઈ જાય કે આ આમને શું હશે ને આમતેમ... તે બધું આખું કેટલું લંગર ચાલે પછી ! અને પેલા અબુધને તો કશી ભાંજગડ નહીં. એટલે (સંપૂર્ણ) અબુધ નથી હોતા, પોતાનો સંસાર ચાલે એટલી બુદ્ધિ હોય. એને કશી ભાંજગડ નહીં બીજી. થોડુંક થઈને પછી બંધ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે એવું કહો છો ને, કે જે સાંસારિક અબુધ છે, જે હજુ બુદ્ધિમાં પરિણામ નથી પામ્યા ?

**દાદાશ્રી :** ના, એવા તો માણસો બહુ ઓછા હોય. એ તો આ મજૂરો ને એ બધા !

**પ્રશ્નકર્તા :** હા, પણ એ લોકો બુદ્ધિશાળી થવાના ને પછી એ અબુધ દશાને પ્રાપ્ત થશે ને ?

**દાદાશ્રી :** એ તો વાત જ જુદી ! એ તો પરમાત્મપદ કહેવાય. બુદ્ધિશાળી થયા પછી અબુધ થાય ને, એ તો પરમાત્મપદ ! પણ બુદ્ધિશાળી લોકોને બહુ હેરાન કરે આ સંસાર.

**પ્રશ્નકર્તા :** હા, કરે, કરે. એનું (બુદ્ધિનું) રાજ જતું રહે ને દાદા, શંકા ના કરે તો.

**દાદાશ્રી :** અરે, પાંચ છોડીઓ હોય અને બુદ્ધિશાળી માણસ હોય તે, 'આ છોડીઓ મોટી ઉંમરની થઈ, હવે આ બધા તે બહાર...' તે બધા પર્યાય એને યાદ આવે, બુદ્ધિથી બધી જ સમજણ પડે એને. બોલો હવે, ક્યારે ઊંઘ આવે ?

**પ્રશ્નકર્તા :** એ બુદ્ધિથી આ બધું ક્રિએશન કર્યા કરે કે આમ થશે, તેમ થશે, ફલાણું થશે.

**દાદાશ્રી :** એટલે આમ એને દેખાય બધું. અને તે ગૂંચાયા કરે પછી. અને પાછું છોકરીઓને સ્કૂલે કે કૉલેજે તો મોકલવી જ પડે. અને આમ થાય તેય જોવું પડે એને. એમાં કશું બન્યું કે ના બન્યું, એ વાત ભગવાન જાણે, પણ શંકાથી માર્યો જાય પેલો. અને બને છે ત્યારે ત્યાં શંકા નથી એને અને નથી બનતું ત્યાં શંકા છે. બને છે ત્યાં એને શંકાની ખબર જ નથી. નથી બનતું ત્યાં શંકા પાર વગરની છે ! એટલે નર્યું શંકામાં જ બધા ગળકાં ખાયા કરે (અટવાયા કરે) છે.

## બુદ્ધિ ને જાગૃતિ ભેગી થયે પડે જાતજાતની શંકાઓ

જાતજાતની શંકાઓ માણસને પડી જાય છે. અને બુદ્ધિ કંઈ શંકા ઓછી પાડે કે ? બુદ્ધિ ને જાગૃતિ બે ભેગી થઈ હોય, તે શંકાઓ કેટલી

જાતની પાડે ?

**પ્રશ્નકર્તા :** ડગલે ને પગલે.

**દાદાશ્રી :** હા, હરેક બાબતમાં. આપણો છોકરો છે તે સિનેમામાંથી નીકળીને અમથો કો'ક જોડે વાત કરતો હોય, કો'ક બેન એને પૂછવા જ આવી હોય ને, એ પૂછતી હોય ને આ એને જવાબ આપતો હોય, તેમાંય આપણા મનમાં શંકા પડી જાય.

**પ્રશ્નકર્તા :** થાય, થાય.

**દાદાશ્રી :** તે બુદ્ધિ ને આ જાગૃતિ બે શું કરે ? શંકાઓ જ ખવડાય ખવડાય (કરાય કરાય) કરે. બુદ્ધિ હોય ને જાગૃતિ ઓછી હોય ને, તો ચાલે.

**પ્રશ્નકર્તા :** એ કઈ જાગૃતિ, દાદા ? એવું કઈ રીતે બને ?

**દાદાશ્રી :** બુદ્ધિ હોય અને જાગૃતિ ના હોય એવું બને. કારણ કે આ ફૉરેનવાળાને બુદ્ધિ બહુ હોય, પણ જાગૃતિ ઓછી હોય. અમુક માણસોને બુદ્ધિ બહુ હોય પણ જાગૃતિ ઓછી હોય.

**પ્રશ્નકર્તા :** એ જરા ડિમાર્કેશન (ભેદ) કહો ને, કે બુદ્ધિ સાથેની જાગૃતિ કેવી હોય અને બુદ્ધિ વગરની જાગૃતિ કેવી હોય ?

**દાદાશ્રી :** આ લોભિયાને જે જાગૃતિ હોય ને, એવી કોઈનેય જાગૃતિ ના હોય. એનામાં ફક્ત બુદ્ધિ જ ઓછી હોય. પણ જાગૃતિ બહુ હોય. કોઈ જગ્યાએ ચૂકે નહીં એ. લેવામાં, દેવામાં, ફલાણું કરવામાં, કશામાં ચૂકે નહીં. એની જાગૃતિ બહુ. પણ બુદ્ધિ ઓછી પાછી.

**પ્રશ્નકર્તા :** એ લોભિયાને બુદ્ધિ ઓછી શાથી ?

**દાદાશ્રી :** તો જ લોભ રહે, નહીં તો રહે નહીં ને લોભ ! બુદ્ધિવાળો તો તારણ કાઢી જુએ કે ભાઈ મરી ગયા પછી દાટેલું શું કામ લાગ્યું એને ! પણ આમને તો બુદ્ધિ જ હોય નહીં, તે તારણ નીકળે જ નહીં. તે દાટેલું એ ભાઈ જાય ત્યાં સુધી દાટેલું ને દાટેલું રહે.

**પ્રશ્નકર્તા :** હવે આ જે લોભિયાની વાત કરી ને, લોભિયાને બુદ્ધિ ઓછી હોય, એવું માનીને (માનવાળાને) શું હોય ? બુદ્ધિ વધારે હોય કે ઓછી હોય ?

**દાદાશ્રી :** માનીનેય બુદ્ધિ ઓછી હોય. એ ક્રોધ-માન-માયા-લોભના ચાર ફાંકા છે ને, ફાંકાવાળાને બુદ્ધિ ઓછી જ હોય. એ પ્રમાણમાં હોય તો જ બુદ્ધિશાળી હોય છે. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** એક્ઝેક્ટલી, બ્યુટિફુલ રિમાર્કેશન !

**દાદાશ્રી :** એ પ્રમાણમાં હોય ચારેય, તો બુદ્ધિશાળી હોય છે. બાકી વધતું-ઓછું થયું કે બુદ્ધિ એટલી ઓછી થઈ જાય. કારણ કે એ વિષયમાં પડ્યા એની મહીં. તે માનના વિષયમાં જ આખો દહાડો. ક્યાં મને માન મળશે, તે આ લત્તો ને આ લત્તો. અહીં આગળ પેલા બે છે તે મશ્કરી કરે છે, તે અહીં નથી જવું. આ રસ્તે જવું છે. અહીં તો કોઈ 'આવો' બોલાવે ને ચા-પાણી પાય છે, તે જ રસ્તે જવું છે. બધું એના લક્ષમાં હોય. આ જાગૃતિ એમાં વર્તે પાછી.

## સતી ઉપર શંકા !

બીજું, વિષયોમાં શંકા વધારે પડે. અને સો શંકા રાખવાની હોય ત્યાં એક શંકા રાખે છે, ભાન જ નથી. બેભાનપણે જગત ચાલે છે. સો હોય ત્યાં એક રાખે તેના કરતાં એક પણ ના રાખી ને પૂળો મેલવા જેવો છે. મૂક ને બાજુ પર !

**પ્રશ્નકર્તા :** દાદા, શંકા કરીએ તો પાંચ ટકા પણ વાત સાચી હોય તો જ શંકા થાય ને ?

**દાદાશ્રી :** ના, કંઈ પણ સાચું ના હોય તોય શંકા થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, એમ ને એમ તો કેવી રીતે શંકા આવે ? કંઈક સંજોગ તો હોવા જ જોઈએ ને ?

**દાદાશ્રી :** ના, એવું કંઈ નહીં. સતી ઉપરેય શંકા આવે લોકોને તો ! સતી ઉપર શંકા આવે કે ?

**પ્રશ્નકર્તા :** હા, આવે ને !

**દાદાશ્રી :** તો પછી એમાં શું કારણ ?

**પ્રશ્નકર્તા :** દાદા, કોઈએ આવીને કીધું હોય કે 'ભઈ, આ સતી આવી છે.'

**દાદાશ્રી :** હા, પણ જેણે કીધું તેનેય શી રીતે શંકા પડી ?

**પ્રશ્નકર્તા :** દાદા, હવે એવું હોય ને કદાચ કે કોઈએ જોયું હોય તો કહે આપણને.

**દાદાશ્રી :** ના, પણ આ ખોટેખોટા શંકા કરવી એ ખોટી વસ્તુ છે. શંકા તો બુદ્ધિનો લકવો છે. બુદ્ધિને લકવો થાય ત્યારે શંકા થાય.

કોઈની (ચારિત્ર સંબંધી) શંકા ના કરાય. મનુષ્ય સ્વભાવ જ શંકાશીલ.

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** કશુંક દીઠું કે શંકા. અલ્યા મૂઆ, આ શંકા રખાય ? શંકા એ જોખમ છે ને ! શું હોય એ સ્ત્રી, એ શી ખબર પડે ?

**પ્રશ્નકર્તા :** સાચી વાત છે, દાદા.

**દાદાશ્રી :** મોટા મોટા તીર્થંકરો જન્મેલા તે સ્ત્રીને પેટે, સ્ત્રીનું નામ કેમ દેવાય તે ? અને કર્મ તો જે કરશે તેને ભોગવવાના છે. કર્મ તો જે કરે તેની જોખમદારી છે ને ! આપણી દૃષ્ટિ કોમળ રાખવી જોઈએ. સ્વચ્છ દૃષ્ટિ રાખવી જોઈએ. દૃષ્ટિ સ્વચ્છતાથી પાર ના જવી જોઈએ.

આ જોખમ આપણે શું કરવા લઈએ ?

સતી હોય ને જો વેશ્યા કહેવાઈ ગઈ તો ભયંકર ગુનો, તમે

કેટલાય અવતાર સુધી પડ્યા કરશો. માટે બોલશો નહીં એ સંબંધમાં. આપણને સમજણ ના પહોંચે, લોકના કહ્યાથી આપણેય કહેવા લાગીએ અમસ્તું મસ્તીને લઈને. હું તો કોઈ દહાડો કોઈનેય બોલું નહીં. કોઈનેય બોલ્યો નથી. હું તો એ હાથ જ ના ઘાલું. હું જાણું એ જવાબદારી કોણ લે ઊલટી ? લોકો વાતો કરે તોય હું તો હાથ ના ઘાલું.

## એ લઈ જાય નવ લાખ વર્ષ નર્કમાં

વિપરીત બુદ્ધિ ના હોય તો સંશય ના થાય. એક છોકરો અને એક છોકરી આ રૂમમાં ગયા હોય અને તમને જો એ શંકા પડે, તો તમારી વિપરીત બુદ્ધિ.

**પ્રશ્નકર્તા :** બરોબર છે, કરેક્ટ.

**દાદાશ્રી :** એટલે તમારે તરત જ સમજી જવાનું, કે આ મારી ભૂલ છે. તમારે તપાસ કરવી પડે ને ? અને જો પોતાની વિપરીત બુદ્ધિથી સમજણ ના પડે, તો પછી એ ક્યાં જઈને પહોંચે ?

**પ્રશ્નકર્તા :** રજનું ગજ કરી નાખે પછી.

**દાદાશ્રી :** નવ લાખ વર્ષ સુધી એ નર્કમાં જાય ત્યાં સુધીનું ખોળી કાઢે, ત્યાં સુધી ઊંડું પહોંચે.

**પ્રશ્નકર્તા :** નવ લાખ વર્ષ સુધી ?

**દાદાશ્રી :** હા, એટલો ઊંડો પહોંચે એ. એટલું બધું એના માટે ખોદ ખોદ કરે કે આમ તો હોવું જોઈએ ને આમ ના હોવું જોઈએ. તે તો પછી બુદ્ધિ કલાક-બે કલાક, એક ગુંઠાણું ચાલે ને, તો નવ લાખ વર્ષ પૂરા થઈ જાય.

**પ્રશ્નકર્તા :** ગુંઠાણું એટલે શું ?

**દાદાશ્રી :** એક અડતાલીસ મિનિટ જો તમારે એ વિચારો એના ઉપર ચાલ્યા, આ બેના ઉપર શંકા કરી, એટલે થઈ ગયા તમારા નવ લાખ વર્ષ પૂરા ! એવો આ સંસાર છે. બહુ જ જોખમવાળો છે.

## પહેલા વહેમ, પછી શંકા

કોઈની પર શંકા કરવી એ ભયંકર ગુનો છે. બુદ્ધિથી શંકા કરવી એ ભયંકર ગુનો જ છે ને નર્કમાં જવાની નિશાની છે.

બુદ્ધિ બધું ઊંધું દેખાડે, શંકા ઊભી કરે. અનર્થકારક ! જગતના બધા અનર્થનું, મોટામાં મોટું મૂળ હોય તો શંકા. એ પછી વહેમ એની અંદર આવી જાય.

**પ્રશ્નકર્તા :** એ શંકાથી વહેમ થાય કે પછી વહેમથી શંકા ?

**દાદાશ્રી :** વહેમથી પહેલી શરૂઆત થાય, પછી શંકા કહેવાય. પહેલો વહેમ પડે એને. બુદ્ધિ વહેમ પાડે એને.

**પ્રશ્નકર્તા :** દાદા, વહેમ અને શંકા એ જરા સમજાવો ને !

**દાદાશ્રી :** વહેમવું. કંઈક છે એ દર્શનમાં ગણાય, શંકા એ જ્ઞાનમાં ગણાય.

**પ્રશ્નકર્તા :** શંકા જ્ઞાનમાં ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** અને પેલું દર્શન...

**દાદાશ્રી :** હં. એટલે દર્શન ઊડી જાય, જ્ઞાન ઊડે નહીં. શંકા ઊડે નહીં. શંકા જેની પેઠી એ મહીં કોર્યા જ કરે નિરંતર. વહેમ તો કૈડ્યા ના કરે. વહેમ તો સહેજ મહીં ગણહારો (થોડી અસર) રહ્યા કરે. અને આ તો ડ્રિલિંગ-ડ્રિલિંગ ચાલે.

શું થાય તે ? ફસાયા પછી આપણે બુદ્ધિને બહુ લડાવીએ એમાં શું ફાયદો કાઢવાનો ? એના કરતાં ઓછી બુદ્ધિવાળા તો શું કહે ? પડશે તેવું દેવાશે, પડશે ને ત્યારે દઈશું. અને આ બુદ્ધિવાળા તો રોજ શેકાયા જ કરે. તમે જોયેલા ? એ બુદ્ધિશાળી નહીં જોયા હોય ! કોઈને જોયેલા ?

**પ્રશ્નકર્તા :** દાદા, તે જોયેલા ને એમાંના હતા અમે.

**દાદાશ્રી :** એમ ! આ બુદ્ધિ વારેઘડીએ શંકા કર્યા કરે ! શંકા કરે અને શંકાનું નિવારણેય એ કરે પાછી ! ત્યારે બા, તમે શંકા શું કરવા કરી ? તે આખી રાત ઊંઘવા દીધો નહીં અને હવે નિરાકરણ કર્યું પાછું સવારમાં ઊઠ્યા ત્યારે !

બુદ્ધિએ કોઈને જંપવા નહીં દીધેલો. અને બુદ્ધિ પાછી સંસારમાં કામની છે પાછી.

## બુદ્ધિ અને અજ્ઞાનતા, બેઉ શંકાના કારણ

**પ્રશ્નકર્તા :** દાદા, બુદ્ધિ શંકા પાડે, તો એને મટાડવા માટેની દવા કઈ ?

**દાદાશ્રી :** બુદ્ધિ શંકા પાડે, કૉમનસેન્સ (કોઠાસૂઝ) શંકા મટાડે. બુદ્ધિ શંકા પાડે જ્યાં ને ત્યાં, આમ કરશે તો શું થાશે ? કૉમનસેન્સ કહે, એવું કંઈ નહીં થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, શંકા છે એ ફક્ત બુદ્ધિને કારણે રહે છે ?

**દાદાશ્રી :** બુદ્ધિ અને અજ્ઞાનતા બે ભેગું થાય.

**પ્રશ્નકર્તા :** અજ્ઞાનતા પણ ખરી.

**દાદાશ્રી :** અજ્ઞાનતા હોય ત્યાં શંકા હોય. એ ભયંકર અજ્ઞાનતાનું નામ શંકા. એને ચોગરદમના પાસાં મળ્યા નહીં, એને સૉલ્વ ના થયું, એટલે શંકામાં પડ્યો. સૉલ્વ થાય તો શંકામાં ના પડે.

## અમે અબુધ, માટે ન થાય શંકા

જો શંકા જ આ દુનિયામાં નિર્મૂળ થાય તો બહુ થઈ ગયું. પણ શંકા થાય નહીં નિર્મૂળ. એ શંકા એની બુદ્ધિથી ઊભી થાય છે. અમારામાં બુદ્ધિ બિલકુલ નહીં એટલે શંકા જ નહીં ને ! બુદ્ધિ અમારામાં બિલકુલ ના હોય. એક સેન્ટ (ટકો) પણ બુદ્ધિ અમારામાં ના હોય. અમે અબુધ લખીએ છીએ ને ! પુસ્તકમાં લખ્યું છે, 'અબુધ છીએ અમે.' બુદ્ધિ હોય ત્યાં સુધી જોખમ છે આ બધું.

પણ બુદ્ધિની જરૂરિયાત છે. જ્યાં સુધી આપણે માર્ગ પામ્યા નથી ત્યાં સુધી બુદ્ધિની જરૂરિયાત છે. સ્ટેરકેસની (દાદરાની) ક્યાં સુધી જરૂરિયાત છે કે મેડા પર ચડ્યા નથી ત્યાં સુધી. મેડે ચડ્યા પછી સ્ટેરકેસની જરૂરિયાત આપણને નથી. એટલે અમે તો મેડે ચડી ગયા એટલે અમારે સ્ટેરકેસની જરૂરિયાત રહી નહીં. એટલે બુદ્ધિ આપોઆપ બંધ થઈ ગઈ.

બુદ્ધિ એટલે ઈન્ડિરેક્ટ (પરોક્ષ) પ્રકાશ. એ ઝાંખો હોય. ઝાંખામાં શંકા ના જાય. જ્યારે પ્યૉર (શુદ્ધ) પ્રકાશ જુએ ત્યારે એ શંકા ગયા પછી શંકા ના પડે. આ જ્ઞાન લીધા પછી નિઃશંક થઈ જાય છે બધા.

## નિઃશંક થયેલા જ બીજાને નિઃશંક બનાવે

અમે નિઃશંક થયેલા હોઈએ. નિઃશંક હોવું જોઈએ. કોઈ પણ પ્રકારની શંકા નહીં.

**પ્રશ્નકર્તા :** નિઃસંશય કેવી રીતે થવાય ?

**દાદાશ્રી :** એ તો જ્ઞાની પુરુષ કરી આપે, બીજું કોઈ તે ના કરી આપે. જે નિઃશંક થયેલા હોય ને, તે બીજાને નિઃશંક કરી આપે. આ સંદેહવાળા લોક, સંશયવાળા લોક, શંકાવાળા લોક શી રીતે બીજાને નિઃશંક કરી આપે ? આખો દહાડો ઉપાધિ, ઉપાધિ, ઉપાધિમાં... સાધુ-આચાર્યો બધાય શંકાવાળા ! એ તો જેના ક્રોધ-માન-માયા-લોભ જતા રહ્યા હોય, તેને શંકા જતી રહે. આ તો જગત કેવું ? ક્રોધ-માન-માયા-લોભવાળું નહીં ? એને જરા અપમાન કરીએ તો ફેણ માંડે કે ના માંડે ? સાધુ મહારાજને અપમાન કરીએ તો ફેણ માંડે કે ના માંડે ?

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** કોઈ અપમાન કરે કદી, તો એ અપમાન શાંતિપૂર્વક સહન કરે, ઊલટું આશીર્વાદ આપે તેને તો એ થાય, શંકા ત્યારે જાય, નહીં તો જાય નહીં ને !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** જગત આખુંય સમજવા જેવું છે. વિચાર કરવાનોય બોજો ના રહે. વિચાર કરવો એય બોજો છે. વિચાર કરવાનોય બોજો ના રહે, નિર્વિચાર ભૂમિકા છે.

**પ્રશ્નકર્તા :** જબરજસ્ત.

**દાદાશ્રી :** હા. નિઃસંશય થયો કે નિર્ભય થઈ ગયો. નહીં તો નિર્ભય ના થાય કોઈ. ભય લાગ્યા જ કરે જાતજાતના, કે ઈન્કમટૅક્સવાળો શું કરશે ? ફલાણો શું કરશે ?

**પ્રશ્નકર્તા :** બધામાં શંકા આવે ને, એટલે ભય ઉત્પન્ન થાય.

**દાદાશ્રી :** હા. આત્મા પ્રાપ્ત થયા પછી નિઃશંક થાય. કોઈ જાતની શંકા ના રહે અને ભય ના રહે, નિર્ભયતા ઉત્પન્ન થાય.

અમે નિઃશંક બનાવીએ છીએ. તે પછી કોઈ જાતની શંકા નહીં, કોઈ જાતનો ભય નહીં, કોઈ જાતની ચિંતા નહીં. આધિ-વ્યાધિ-ઉપાધિમાંય સમાધિ રહે !

# [૩]
# સંબંધોમાં ઊઠતી શંકાઓ

## આ જમાનો જ શંકાવાળો

શંકા શબ્દ તો આખી દુનિયામાંથી હું કાઢવા માગું છું. બહુ જણની શંકા અમે છોડાવડાવી, ઘણા બધા લોકની શંકા અમે ઉડાડી મેલી. કેટલી જાતની શંકાઓ પડે એવો કાળ છે ! પહેલા તો લોક બળ્યું ગજવામાંથી લઈ જતા'તા, પણ આજ તો હાથમાંથીય લઈ જાય એવું છે. શી શંકા ના પડે લોકોને ? જ્યાં જુઓ ત્યાં શંકા, જ્યાં જુઓ ત્યાં શંકા ! શંકા વગરનો માણસ જ ક્યાં છે ? લાવો, દેખાડો જોઈએ.

આ જમાનો જ બળ્યો શંકાવાળો છે ! શંકા છોકરાઓ ઉપર ઊભી થાય, છોડીઓ ઉપર ઊભી થાય, બાયડી ઉપર ઊભી થાય, જાત ઉપરેય શંકા ઊભી થાય. પોતાની મધર છે તે શું કરે છે ને શું નહીં, એની હઉ તપાસ કરવા જાય ! પોતાની બેનો શું કરે છે એની તપાસ કરવા જાય ! મૂઆ, આવી શંકામાં પડ્યો ! મધરની ઉપર હઉ શંકા કરે. મધર સારા હોય તોય શંકા ઉઠાવે એવા લોકો હોય, ત્યારે એ માણસની કેટલી ભૂલ કહેવાય ?

**પ્રશ્નકર્તા :** બહુ મોટી ભૂલ.

**દાદાશ્રી :** ખરાબ હોય તોય શંકા ના કરાય. બંધ કરવું જોઈએ એ બારણું. શું કરવું જોઈએ ?

**પ્રશ્નકર્તા :** બંધ કરવું જોઈએ.

**દાદાશ્રી :** એ બારણું બંધ કરવું જોઈએ. એને લાયકાત કહેવાય. પણ આ તો સારા હોય તોય શંકા કરે. બોલો, હવે એ માણસ કોની ઉપર શંકા ના કરે ? વહુ (પત્ની) ઉપરેય શંકા કરે, ''તું કેમ પેલા જોડે જે' જે' કરતી'તી ?'' એ આવી બન્યું પેલીનું ! એટલે હવે એ છોડી દેજો, આ દાદા કહે છે તે. અને શંકા કરવી હોય તો કાયમ કર, નિરંતર શંકામાં જીવ્યા કર. આ તો ઘડી વાર પછી છે તે બેઉ સાથે ફરવા નીકળે, જાણે કશુંય બન્યું નથી એવું ! ઊલટો પેલો વચ્ચે મહીં પેઠો હોય ને, દલાલિયો, એ માર ખાઈ જાય !

## ચોખ્ખાપણાની ખાતરી ના ખોળો કે ઊંડા ના ઊતરો

કોઈથી ફલાણા ભાઈની વાઈફ ઉપર હાથ ભૂલેચૂકે મુકાઈ ગયો, એ... શંકા પડી. તેની તો ઘેર વઢવાડો પાર વગરની ચાલે છે ! હવે પેલી બાઈનો કશો દોષ નથી, છતાંય વઢવાડો ચાલે. આને ક્યાં પહોંચી વળાય તે ?

શંકાનું ભૂત જાગ્યું કે માણસ મરી ગયો ! ખાતરી ખોળે એ માણસ મરી ગયેલો માનવો. આ દુનિયામાં જે ખાતરી ખોળે એ મરી ગયેલો, ડેડ (મરેલો) માણસ કહેવાય. ખાતરી વળી ખોળાતી હશે ? જો વહુની ખાતરી થઈ જાય ને, તો ઘરથી નાસી જવું પડે ! કોઈ ચીજની ખાતરી ના ખોળો.

**પ્રશ્નકર્તા :** તો દાદા, બજારમાં તો દરેક વસ્તુ જોઈને જ લે. બધા કંઈ પણ લેવા જાય તો જોઈને લે.

**દાદાશ્રી :** હા, જોઈને લો, પછી ઊંડા ના ઊતરો. ઊંડા ઊતરશો તો ભાગી જવું પડશે ! ખાતરી ના ખોળો. જે બન્યું એ કરેક્ટ (સાચું). પછી કંઈ નવું કરેક્ટ હોતું નથી. ખાતરી ખોળવા ગયો કે આવી જ બન્યું. મેન્ટલ હૉસ્પિટલમાં જવું પડે ખાતરી ખોળનારને, હં કે ! અને જેની ખાતરી માગે ને, તે બધા ફરી વળીને એને મેન્ટલ હૉસ્પિટલમાં ઘાલી દે. 'આ જીવડું કંઈથી પાક્યું, ખાતરી ખોળનારું !' એને 'જીવડું' કહે લોકો !

આ દુનિયામાં બે વસ્તુ રાખવી. ઉપરચોટિયા (ઉપલક) ખાતરી ખોળવી અને ઉપરચોટિયા શંકા કરવી, ઊંડા ઊતરવું નહીં. અને આના જેવા ખાતરી કરનારા પછી મેંડ (પાગલ) થાય. એને મેન્ટલ હૉસ્પિટલમાં લોક ઘાલી દે. આ વહુને એક દહાડો કહે, 'તું ચોખ્ખી છું એની ખાતરી શું ?' ત્યારે વહુ શું કહે ? 'જંગલી મૂઓ છું ?' કહેશે. આવું સ્ત્રીનું ચોખ્ખાપણું તે કોઈ ખોળતો હશે ? 'જંગલી છું ?' એવું કહે.

## કળિયુગમાં એટ્રેક્ટિવ કંઈ લવાય નહીં

જેને બૈરીના ચારિત્ર સંબંધી શાંતિ જોઈતી હોય તેણે કાળી, છૂંદણાવાળી બૈરી લાવવી કે જેથી એનું કોઈ ઘરાક જ ના થાય. રૂપાળી હોય તેને તો લોક ભોગવે જ. રૂપાળી હોય એટલે લોકોની દૃષ્ટિ બગડવાની જ. હું તો કોઈ રૂપાળી વહુ લાવે તો એ જ વિચારતો કે આની શી દશા થશે ? કાળી છૂંદણાવાળી હોય તો જ સેફસાઈડ રહે.

કળિયુગમાં એટ્રેક્ટિવ (આકર્ષક) બૈરી ના લાવવી જોઈએ. એટ્રેક્ટિવ પેનેય ના લાવવી જોઈએ. એટ્રેક્ટિવ કશું લવાય નહીં કળિયુગમાં તો.

## એ શંકા તો લાઈફટાઈમ રહે !

એક ધણીને એની વાઈફ પર શંકા પડે, તે ક્યારે બંધ થાય ? એ તો લાઈફટાઈમ (જીવનભરની) શંકા કહેવાય. કામ થઈ ગયું ને, પુણ્યશાળી ને (!) પુણ્યશાળી માણસને થાય ને (!) એવી વાઈફને ધણી ઉપર શંકા પડી, તેય આખી લાઈફટાઈમ થાય.

આ તમારા ધણી છે એની પર તમને એક ફેરો શંકા પડી પછી કાયમ શંકા કરડી ખાય. એની જોડે મન જુદું થતું જાય, પ્રેમ તૂટી જાય. બધું બગડી જાય. બધું કરો વાંધો નહીં, પણ શંકા એકલાનો વાંધો છે.

એક બઈ કહે, 'મારા ધણી ઉપર શંકા છે.' મેં કહ્યું, 'શી શંકા છે ?' ત્યારે કહે, 'બીજા બેન રાખેલા છે.' ત્યારે મેં કહ્યું, 'એમને, ધણીને રાખવી છે ને ? તેમાં તમને શો વાંધો ?' ત્યારે કહે, 'ના, એ તો મને બહુ રાત-દહાડો દુઃખ રહે છે.' 'ધણી બીજી રાખે ને એ લઈને ફરતો હોય

તોય શું ? તમારે લેવાદેવા જ શી છે ? શંકા રખાય જ નહીં' કહ્યું. એટલા બધા શબ્દો બોલ્યો, એટલા બધા શબ્દો બોલ્યો, તે પછી એમણે પોતે જ કહ્યું, કે 'હારુ, આ તો ખોટું થઈ ગયું.' તે શંકા નીકળી ગઈ. એ તો ધણી બીજી બે લઈને આવતો હોય. એમાં કંઈ ચાલે જ નહીં આપણું. શંકા રાખવાથી તો તું મરી જઈશ, એમાં એમને શું છે ? અને ધણી બિચારો લાવે છે કે એ પેલી લઈ જાય છે, તે તો એ જ જાણતો હોય. પણ પછી એ નીકળી ગઈ શંકામાંથી, જુઓ ને ! જે શંકા લાખ અવતારેય ના નીકળે.

## જે કરે એની જોખમદારી

**પ્રશ્નકર્તા :** આ પુરુષોના કોઈ બીજી સ્ત્રીઓ સાથે અફેર્સ (લફરાં) ચાલતા હોય, એ ચંચળતા ના કહેવાય ?

**દાદાશ્રી :** એ ચંચળતા નહીં, ફૂલિશનેસ (મૂર્ખાઈ) છે. પોતાનું જોખમ વહોરે છે. પરસ્ત્રીનું બહુ જોખમ છે. પોતાની સ્વસ્ત્રી અગર સ્વપુરુષ પતિ, એની જોડે જ જોખમ નથી, બીજે બધે જોખમ બહુ છે, જબરજસ્ત જોખમ છે.

બીજે અણહક્ક પર દૃષ્ટિ જ કેમ જાય ? પોતાને જે પરણેલી છે તે સિવાય બીજે બધે આખી જિંદગી દૃષ્ટિ બગડવી જ ના જોઈએ. હક્કનું છોડીને બીજી જગ્યાએ 'પ્રસંગ' થાય, તો એ સ્ત્રી જ્યાં જાય ત્યાં આપણે અવતાર લેવો પડે. એ અધોગતિમાં જાય તો આપણે ત્યાં જવું પડે. આજકાલ બહાર તો બધે એવું જ થાય છે. ક્યાં અવતાર થશે તેનું ઠેકાણું જ નથી. અણહક્કના વિષય જેણે ભોગવ્યા તેને તો ભયંકર યાતનાઓ ભોગવવી પડે. તેની છોડી પણ એકાદ અવતારમાં ચારિત્રહીન થાય. નિયમ કેવો છે કે જેની જોડે અણહક્કના વિષય ભોગવ્યા હોય તે જ પછી મા થાય કે છોડી થાય ! અણહક્કનું લીધું ત્યારથી જ મનુષ્યપણું જાય. અણહક્કનો વિષય એ તો ભયંકર દોષ કહેવાય. પોતે બીજાનું ભોગવે તો પોતાની છોડીઓ લોકો ભોગવે !

પણ આપણે શંકા શાને માટે કરવાની ? જે કરે છે તે તેની જોખમદારી છે.

બૈરીને ધણી પર શંકા આવી, તો સુખી હોય એ બઈ ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** ધણી તો સુખી જ હોય (!) પણ બઈ સુખી ના હોય.

**પ્રશ્નકર્તા :** રાત-દિવસ જીવ બળ્યા કરે.

**દાદાશ્રી :** મહીં બળ્યા કરે અને પાછી ચા પાતી વખતે 'લ્યો, ચા પીવો' પણ મોઢું બગડેલું ને બગડેલું હોય.

## શંકા છે એમ મોઢે બોલવું, મહીં રાખવી નહીં

**પ્રશ્નકર્તા :** દાદા, સ્ત્રીઓને તો એમના પતિ ઉપર બહુ વહેમ હોય છે.

**દાદાશ્રી :** પતિ ઉપર વહેમ આવે કે સ્ત્રી ઉપર આવે, ખાલી-ખોટું ફાંફાં છે બધા. ઊલટું લગ્ન કર્યા પછી તો સ્ત્રીએ શંકા પડતી હોય તો પતિને એમ કહેવું જોઈએ કે મને તમારા ઉપર શંકા છે. એવું મોઢે બોલવું, પણ મહીં રાખવી નહીં. અને મનમાં એમ માનવું કે મારા જેવો પતિ નથી કોઈનેય. આપણે જાણીએ કે બે લફરાં લઈને ફરે છે, તોય જાણવું કે મારા જેવો કોઈને પતિ નહીં મળ્યો હોય. આ સિવાય જગતમાં છે શું તે ?

**પ્રશ્નકર્તા :** એ એવો પતિ ના હોય તોય કેવી રીતના મનાય ? બીજાના પતિ સારા દેખાતા હોય.

**દાદાશ્રી :** કોઈનો સારો દેખવો એ જ ભૂલ છે તે ! શરમ નથી આવતી, આ કાળમાં બીજાનો પતિ સારો જોવો તે ?

**પ્રશ્નકર્તા :** પણ બૈરાંઓ આવું જ જોતા હોય છે. સ્ત્રીઓને એમ કે પેલાનો સારો છે, મારો આવો છે.

**દાદાશ્રી :** ના, ના, એ શરમ લાગવી જોઈએ. બુદ્ધિ વગરની, નૉનસેન્સ (અર્થહીન) વાત છે એ. બુદ્ધિથી છેદ તો ઉડાડી જોઈએ જગતનો.

**પ્રશ્નકર્તા :** પોતાનો જ પતિ ખરાબ દેખાયા કરે.

**દાદાશ્રી :** અહીં આગળ આ લાઈફ છે ને, તે ચૌદ-પંદર વર્ષ સુધી સારી. પછી જે લાઈફ છે એ બધી વિકારી જ લાઈફ હોય છે, પછી છોકરો હોય કે છોકરી હોય. આ ઈન્ડિયાની હવા છે. દરેક દેશની હવા જુદી જુદી હોય. એમાં આવી આશાઓ રાખવી વગર કામની ! આ તો મારા ધણી જેવો કોઈને ધણી નહીં મળ્યો હોય એમ કરીને નિરાંતે ઘેર ખાય-પીએ ટેબલ ઉપર કેરીઓ લાવીને, ફરવા જાય, સિનેમા જોવા જાય. નિવેડો લાવવો પડે ને ? બુદ્ધિપૂર્વકનો નિવેડો લાવવો જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** આ બિલીફ કેવી રીતના ફિટ થાય ? અને જોતા હોય નજરોનજર કે પોતાનો ધણી બીજી બૈરીઓ જોડે ફરતો હોય.

**દાદાશ્રી :** હા, ફરતો હોય, પણ તે નજરે જોયું માટે ને ? નજરે નથી જોયું તો ? બધું નજરે જ દેખાય છે. એ તો નજરે જોઈએ ત્યારે પકડાયો એટલે ઊલટું આપણને દબડાવતા ફાવે, કે જુઓ, આ બધું ખોટું છે. જરા દબડાવીએ સારા કરીને. અને પછી મનમાં માનીએ કે મારા જેવો ધણી નથી કોઈનો. એમ ઍડજસ્ટ કરવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે, દાદા. પણ આ રીતનું સમાધાનકારી વલણ લાવવા માટે પોતાની જાત પર ઘણા બધા છોલ પાડવા પડે.

**દાદાશ્રી :** શી રીતે છોલ પાડે તે ? મારી પાસે આવે એટલે પાડી આપું બધાને. બધા લોકોના કેસ ઊંચા મૂકી આપું.

## એ તો બહુ મોટી નબળાઇ

બીજું, કંઈ શંકા હોય તો કહો. શંકા રહેવી જ ના જોઈએ. શંકા એ નબળાઈની નિશાની છે. એ શંકા તો કંઈ કરેક્ટ (સાચા) (શંકા રાખવા જેવું છે એની) ઉપર પડે છે ? એંસી ટકા તો, ઈન્કરેક્ટ (ખોટા) (શંકા રાખવા જેવું નથી એની) ઉપર શંકાઓ પડે છે. તે એ શંકા કોણ નિવારણ કરે ? શંકાનું સમાધાન કોણ કરે એ ?

**પ્રશ્નકર્તા :** સમજ.

**દાદાશ્રી :** હા, સમજ હોય તો નીકળી જાય શંકા.

**પ્રશ્નકર્તા :** તો શંકા જ નહીં આવે ને !

**દાદાશ્રી :** તો શંકા જ ના થાય, એ વાત ખરી છે. સમજ જો હોય તો શંકા થાય જ નહીં. શંકા ઉત્પન્ન થાય ને, એ તો બહુ મોટી નબળાઈ કહેવાય.

## જોયું નહોતું ત્યારે નહોતું આવું ?

એક માણસને તો બે છોડીઓ હતી, તે જરા વધારે અક્કલવાળો, તે મને કહે છે, 'આ છોડીઓ છે તો ત્યાં કૉલેજમાં જાય છે, તે કાલે એક છોકરા જોડે વાત કરતી મેં જોઈ, તો મને તો મહીં ગમતું નથી ને ખાવાનું નથી ભાવતું.' મેં કહ્યું, ''એ તો તેં જોઈ એટલે. જોઈ નહોતી ત્યાં સુધી ખાવાનું ભાવતું'તું ને ?'' ત્યારે કહે, 'હા.' ત્યારે મેં કહ્યું, 'બીજીનું એમ ને એમ ચાલ્યા કરે છે બધું. બીજી જોવામાં નથી આવી ને ! એટલે ચાલ્યા કરે છે.'

રોજ આપણી દીકરી જોડે ચાર જણ ફરતા હોય અને જતા હોય, તો જોઈએ નહીં ત્યાં સુધી કશુંય નહીં. અને આપણે જોઈએ ત્યારે તો એક જ જણ હોય તોય મનમાં ઉપાધિ થઈ પડે. કારણ કે આંખે જોયું એટલે બુદ્ધિ જાગી. બુદ્ધિએ શંકા કરી. હવે આ શંકાનું નિવારણ ના થાય ત્યાં સુધી એ ભઠ્ઠીમાં ! આ શંકાનું નિવારણ કોણ કરી આપે એમને ?

**પ્રશ્નકર્તા :** એ શંકાનું નિવારણ જ ના થાય. જ્ઞાની કરી આપે, નહિતર આમ તો નિવારણ જ ના થાય.

**દાદાશ્રી :** જ્ઞાન મને નહોતું ને, તો બહુ શંકાઓ પડતી હતી. કારણ કે શંકા છે તે હંમેશાં (વ્યવહારિક) જાગૃતિને આધીન છે. કેવી છે ?

**પ્રશ્નકર્તા :** જાગૃતિને આધીન.

**દાદાશ્રી :** જડબુદ્ધિના માણસોને શંકા બહુ પડેય નહીં ને ! એવી જાગૃતિ જ નહીં ને બિચારાને ! એવું યાદ આવે જ નહીં ને, આનું પરિણામ શું આવશે કે એવું તેવું ! એટલે શંકા જાગૃતિને આધીન ને જ્ઞાન નહોતું ત્યારે મને જાગૃતિ બહુ વધારે. શંકાઓ ઠેર ઠેર પડે. પણ એક જ મિનિટમાં શંકા કાઢી નાખતો'તો. 'અત્યારે તમે જોયું તેથી આવું લાગે છે. શું જોયું નહોતું ત્યારે નહોતું આવું ? તમારી જ મૂર્ખાઈ છે. ફૂલિશ (મૂર્ખ) છો.' એટલે બંધ થઈ જાય. એની મેળે એ બધું નીકળી જાય.

કોઈ મને પૂછે, તો તરત કહી દઉં કે શંકા કાઢી નાખ. આ તો તેં જોયું તેથી શંકા પડી, ના જોયું હોત તો ? તો જોવાથી જ જો શંકા પડી છે, તો નથી જોયું એમ કરીને કરેક્ટ કરી નાખ ને !

આ તો અન્ડરગ્રાઉન્ડમાં બધું છે જ, પણ એને મનમાં એમ થાય કે 'આમ હશે તો ?' એ વળગ્યું એને. પછી ભૂતાં છોડે નહીં એને, આખી રાત છોડે નહીં. રાતે નહીં, પણ મહિના-મહિના સુધી છોડે નહીં.

## જાગ્રત ત્યાં શંકિત

એક અમારો ખાસ સગો હતો, તે એને ચાર છોડીઓ અને જાગૃત બહુ. તે કહે છે, 'મોટી છોડી કૉલેજમાં ગઈ ને, તે મને વિશ્વાસ નથી રહેતો હારો.' ત્યારે મેં કહ્યું, 'જોડે જજો. કૉલેજમાંય જોડે જઈએ અને પછી એ કૉલેજમાંથી નીકળે ત્યારે જોડે પાછો આવજે. અને બીજી વખત શું કરીશ ? પછી વહુને મોકલજે.' ચક્કરો, ઘનચક્કર... વિશ્વાસ ક્યાં રાખવો ને ક્યાં નહીં, એટલુંયે નથી સમજતો ? અહીંથી આપણે કહી દેવાનું, 'બેન, જો આપણે સારા માણસ, આપણે ખાનદાન, કુળવાન છીએ.' આપણે ચેતવી દેવાનું. પછી જે બન્યું એ કરેક્ટ, શંકા નહીં કરવાની. કેટલા લોકો શંકા કરતા હશે ? જાગૃત હોય તે. ડોબા તો પાછા તે, શંકા જ નહીં જેને.

**પ્રશ્નકર્તા :** જાગૃત હોય તે વધારે શંકા કરે. જાગૃતવાળો જ શંકા કરે.

**દાદાશ્રી :** ચાર છોડીઓનો બાપ હોય, અને તે પાછો બ્રિલિઅન્ટ (બુદ્ધિશાળી) હોય, જાગ્રત હોય. એટલે ફર્સ્ટ યરમાં (પહેલા વર્ષમાં) આવી છોકરી, ત્યાંથી એની દેખરેખ રાખ્યા કરે એની દૃષ્ટિ. કોની જોડે ફરતી હશે ? શું કરતી હશે ? શું કરતી હશે ? તે ચારનું જોવા જાય તે એની પાસે શું રહે ? એ તો સારું છે કે આ પબ્લિક (લોકો) મોહી છે ને, તે ભાન જ ભૂલી જાય. બેબીઓ ગઈ કૉલેજમાં અને એ ભૂલી ગયો હોય અને એ ધંધામાં હોય. તેથી ગાડું સારું ચાલે છે ને ! નહીં તો મરી જાય મૂઆ !

## મોહ ત્યાં અંધ

દરેક મા-બાપને પોતાની છોડીઓ-છોકરાઓ ઉપર રાગ હોય છે, એટલે એમના દોષ દેખાતા નથી. અને બીજાની છોડીઓના દોષ બધા જોઈ આપે. રાગને લઈને દોષ દેખાતા નથી, એટલું સારું છે ને ! એટલુંય શાંતિમાં રાખે. પછી દેખ લેંગે આગળની વાત.

લોકોને શંકા રાખવાની ના કહું છું. અને બધા લોકો શંકાવાળા છેય નહીં. આવી શંકા નથી હોતી. એય સાત છોડીઓ હોય તોય કશું નહીં, એને તો રામ તારી માયા ! એમને તો શંકા બીજી હોય છે કે અમારા ભાગીદાર રોજ કંઈક પાંચ-દસ રૂપિયા ઘેર લઈ જાય છે ખરા, એવું લાગે, એવી શંકા એને રહ્યા કરે. પૈસાની એને પ્રિયતા ને, એટલે 'પૈસા અમારા ભાગીદાર લઈ જાય છે' એવી એને શંકા આવે. આ પેલી બધી બાબતમાં શંકા ના આવે. કારણ કે મોહ ખરો ને, છોડીનો ! જ્યાં મોહ હોય ત્યાં એની ભૂલ ના સમજણ પડે.

## ફેરફાર થાય નહીં ને મૂઓ શંકાથી મરી જાય

જાગૃતિવાળાને તો છોકરીઓ બહાર ગઈ હોય કંઈક, અને કો'ક કહે કે એનો ફ્રેન્ડ મળ્યો છે. એટલે શંકા પડી છોકરીઓ ઉપર, તે શું સવાદ (સ્વાદ) થાય ?

**પ્રશ્નકર્તા :** બસ, અશાંતિ, અશાંતિ જ રહે ને પછી.

**દાદાશ્રી :** અશાંતિ, તે કંઈ એ અશાંતિ કરીને પેલું બહાર બગડી જતું અટકવાનું છે ? બહાર ફેરફાર થઈ જવાનું છે ? જે ફ્રેન્ડ કર્યો છે, એ કંઈ ફેરફાર થઈ જવાનો છે ?

**પ્રશ્નકર્તા :** નહીં થાય.

**દાદાશ્રી :** ફેરફાર થવાનું નથી ને આ શંકાથી મરી જાય એ મૂઓ જુદો.

શંકા રાખે ત્યારે ઉપાધિ ને ? નહીં તોય શંકા રાખીને તું શું કરવાનો હતો ? ઊલટો તું ગાંડો થઈ જઈશ, છોડીઓ તો ભણ્યા કરવાની !

**પ્રશ્નકર્તા :** બરાબર છે, દાદા.

**દાદાશ્રી :** હા, આપણા હાથમાં નહીં ને હાયવોય કરીએ એનો અર્થ શો ? કાં તો તને સમજણ પડતી હોય તો એને ભણવાનું બંધ કરાય. ત્યારે કહે, 'ના ભણાવું તો લે (પરણે) કોણ એને ?' ત્યારે મૂઆ, આમેય નથી મરતો ને આમેય નથી મરતો, એક બાજુ મર ને ! તો એની જોડે ફર્યા કર રાત-દહાડો. એ ત્યાં આગળ કૉલેજમાં જાય તો જોડે ને જોડે જા ને બેસ ત્યાં આગળ. એના સાહેબ પૂછે, 'કેમ તમે જોડે આવો છો ?' ત્યારે કહે, 'ભઈ, આટલા હારુ મને શંકા રહ્યા કરે છે ને, જોડે આવું તો પછી શંકા ના રહે ને !' એટલે લોકો કહેશે, 'આ ચક્રમ છે.' 'ચક્રમ, ગાંડો' કહે. એની છોડીઓ જ કહે ને, ગાંડા છે.

## રાખ પ્રેમાળ વર્તન

એક જણ સલાહ લેવા આવ્યો કે મારે શું કરવું આ છોડીઓનું ? કૉલેજમાં ભણવા જાય છે તે એ બધી શંકા તો આવે જ ને, કહે છે. મેં કહ્યું, 'ના, અલ્યા, શંકા ના લાવીશ.' ત્યારે મને કહે છે, 'છોડી બગડી જાય તો શું કરું ?' મૂઆ, પણ એ કંઈ શંકા કરવાથી સુધરશે નહીં. તું એની જોડે સારી સારી વાતચીત કર, તું એની જોડે મિત્રાચારી કર. એને આનંદ થાય એવી વાતો કર એની જોડે. બીજા ઉપાય કર એના. આપણે એની જોડે ફ્રેન્ડશિપ (મિત્રતા) રાખવી જોઈએ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે, દાદા.

**દાદાશ્રી :** અને તું ધંધામાં પૈસા માટે પડ્યો છું, એવું ના કરીશ. પહેલા છોકરીઓનું સાચવ. એની જોડે જરા નાસ્તો કરીએ, જરા ચા પીઈએ. તે પ્રેમ રહે એવું કરીએ. મહીં પ્રેમ તો છે પણ આ ઉપરચોટિયોય જોઈએ. આંતરિક પ્રેમ એકલો ના ચાલે.

**પ્રશ્નકર્તા :** હા, દેખાવનો પણ હોવો જોઈએ. અભિવ્યક્તિ થવી જોઈએ.

**દાદાશ્રી :** અહીં ના મળે એટલે પછી એ પ્રેમ બહાર ખોળે છે. શું થાય છે ?

**પ્રશ્નકર્તા :** હા, એટલે પછી બહાર જાય, અહીંથી ના મળે એટલે.

**દાદાશ્રી :** 'અને બધી કાળજી રાખવા છતાંય કોઈ જગ્યાએ એને થઈ ગયો પ્રેમ, ને રાત્રે સાડા અગિયાર વાગે આવે તો તું કાઢી મેલું એવો છું ?' ત્યારે કહે, 'હા, હું તો એને ગેટ આઉટ કહી દઉં, એને પેસવા જ ના દઉં.' મેં કહ્યું, 'એવું ના કરીશ.' એને કહીએ, 'આવ બેન, સૂઈ જા.' પેલો કાયદો છે ને, એક નુકસાન તો ગયું, પણ હવે એથી વધુ નુકસાન ન જાય એટલા માટે સાચવવું જોઈએ. એવો કાયદો છે ને ? તે બેન કંઈક નુકસાન ખઈને આવી અને તે વળી પાછા આપણે પાછી કાઢીએ એટલે થઈ રહ્યું, પછી તો રાતે રક્ષણ ક્યાં મેળવે ? કોણ રાખે પછી ? રાતે એક વાગે કાઢી મૂકી, એ કેવી લાચારી અનુભવે બિચારી ! અને આ હવે કળિયુગનો મામલો, જરા વિચાર તો કર, મૂઆ !

મોડી આવે એ ખોટ ગણીશ નહીં બહુ. ઊલટું એને ઘરે બોલાવીને સુવાડી દેજે. અને હા, બીજે દહાડે સમજણ પાડીએ કે બેન, ટાઈમસર (સમયસર) આવજે, મને બહુ દુઃખ થાય છે. અને પછી મારું હાર્ટ ફેઈલ (હૃદય બંધ) થઈ જશે, કહીએ. એમતેમ બિવડાવી-કરીને ફેરવવાની. ત્યારે છોડીઓના બાપ થયા, તે કાંઈ એમ ને એમ થવાય છે બાપ ?

## સાચવણી ને શંકાનું એક્ઝેક્ટ ડિમાર્કેશન

દસ છોડીઓ હોય ને, તે દસમાંથી પાંચ મોડી આવતી હોય, સાડા અગિયારે આવતી હોય તોયે શંકા ના કરવી. કોની જોડે ફરતી હશે ? શું કરતી હશે ? તો તો પછી સ્વપ્નામાં હઉ ફરતી દેખાય, ને ધણી હઉ દેખાય એની જોડે. તે આ ઉપાધિઓ કેટલી લોકો ઘાલે છે !

મૂઆ, ના ઊતરીશ આ ખાડામાં. અહીં સાચવજે એક ફક્ત. બીજી શંકા-બંકા ના કરીશ. માર્યો જઈશ, મૂઆ. કોઈના હાથમાં સત્તા છે ? આ તો આપણે સાચવીએ. ખેતર તમારે સાચવવાની જરૂર છે, તો કંઈ ખેતરમાં આખી રાત બેસી રહેવું, સૂતા વગર ? હેય સૂઈ જવાનું, ટાઈમ થાય એટલે બધા ખેડૂતો સૂઈ જાય ત્યારે આપણેય સૂઈ જવાનું. બધા ઊઠે ત્યારે આપણેય ઊઠવાનું, હો... હો... હોકાટા પાડ્યા કરવાના પછી.

એક અવતારમાં કશો ફેરફાર થવાનો નથી. વગર કામનું છોડીઓને દુઃખ દેશો નહીં, છોકરાઓને દુઃખ દેશો નહીં. ફક્ત મોઢે એમ કહેવું કે 'બેન, બહાર જઉં છું ને, તે મોડું ના થવું જોઈએ. આપણે ખાનદાન ઘરના !' આમ બધું બોલીએ-કરીએ. અને પાછું બીજે દહાડે બાર વાગ્યે આવે તોય બીજે દહાડે પાછું કહેવાનું, કે 'બેન, આવું ના થવું જોઈએ.' અને જો કાઢી મેલીએ તો કોને ત્યાં જશે, એનું ઠેકાણું નહીં. ફાયદો શેમાં ? ઓછામાં ઓછું નુકસાન થાય એમાં ફાયદો ને ?

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે, તમારી વાત.

**દાદાશ્રી :** હં... એટલે મેં બધાને કહ્યું છે, 'છોડીઓને ઘરમાં પેસવા દેજો, એને ના કાઢી મેલશો.'

**પ્રશ્નકર્તા :** સમજાવવાનો પ્રયત્ન કરવાનો.

**દાદાશ્રી :** હં... કાળ કેવો વિચિત્ર છે ! કેટલો બળતરાવાળો કાળ છે !

**પ્રશ્નકર્તા :** એમાંય પાછો કર્મનો સિદ્ધાંત કામ કરે ને ?

**દાદાશ્રી :** હા, કર્મનો સિદ્ધાંત જ કામ કરી રહ્યો છે, બીજું કશું નહીં. માણસનો દોષ નથી, આ કર્મ જ ભમાવે છે બિચારાને. પણ એમાં શંકા રાખે ને પેલો મરી જાય ને ઊલટો વગર કામનો !

## ના કરીશ આપઘાત, ઉકેલ લાવ

એટલે પછી મેં એને શું કહ્યું ? મેં કહ્યું, આ કો'ક દહાડો છે તે, એના મિત્રને તેડીને આવશે તો તારી શી દશા થશે ? 'પપ્પાજી, આ મારો ફ્રેન્ડ છે', એવું કહેશે, ત્યારે શી દશા થશે ? 'મારે તો આપઘાત કરવો પડે !' કહે છે. અલ્યા મૂઆ, તેથી હું તને ચેતવું, આપઘાત ના કરીશ, મૂઆ ! આપઘાત કરવા જેવું જગત નથી. આપઘાત કરું તેથી કંઈ (દહાડો) વળી જશે ? પેલા પછી નહીં પૈણે ?

**પ્રશ્નકર્તા :** પૈણે ને !

**દાદાશ્રી :** એ પૈણશે ને તારો આપઘાત થઈ જશે. તું શું કરવા દોઢડાહ્યો થઉં છું વગર કામનો ? દોઢડાહ્યો થાય પાછો. શું થાય ?

**પ્રશ્નકર્તા :** દોઢડાહ્યો.

**દાદાશ્રી :** તો મને કહે, 'ત્યારે શું કરવાનું ?' મેં કહ્યું, આવે એટલે થોડી વાર બેસાડી અને ભઈને કહીએ, 'ચા પીને જાવ તમે હવે.' બેનને કહીએ, ચાલો હવે સૂઈ જાવ, વખત થઈ ગયો છે ! જુદા પાડી નાખવાના. વઢવા-કરવાનું કશું નહીં. પછી બેનને છે તે બીજે દહાડે જરા એકાંતમાં બેસાડી, 'આપણને શોભે નહીં, આપણું કુળ જુદું, આ જુદું. આપણને આ ના શોભે', એવી ચેતવણી આપવી. અને તેમ છતાં પરમ દહાડે પૈણીને આવે ત્યારે કાઢી નહીં મેલવાની. કારણ કે છોકરો એને ત્યાં રહ્યો, એના બાપનો ભય એટલે. અને આ પૈણીને અહીં આવી. તે ઘેર જ આવે ને ? પેલો છોકરાનો બાપ પેસવા ના દે ને, આ છોડીને ? એટલે આ આવી ઘેર. એનો ઠાઠમાઠ બધું જોઈને તમે સમજી ગયા, એટલે તમે કહો, ''કેમ આટલી બધી મોડી, અગિયાર વાગે ? ક્યાં ગઈ'તી ?'' ત્યારે મેં બાપને કહ્યું, એ આવે ને, તે ઘડીએ ચિડાશો નહીં. સમજી જવાનું

કે બેને બ્લેકલિસ્ટ (શરમજનક કામ) કરી નાખ્યું. તે આપણે એવું નહીં કહેવાનું કે જતી રહે અહીંથી. આ તો 'ના પેસવા દઉં એને તો, પગલું ના મૂકવા દઉં ! મારી નાખું', કહે છે. અલ્યા મૂઆ, આવું શું કામ કરે છે તે પણ ? એને ના પેસવા દઉં તો પછી કંઈ સૂઈ જશે અત્યારે રાતે ? કોને ત્યાં સૂઈ જાય ? એટલે ઊલટું વધારે ધમાલમાં પેસશે બળ્યું ! પાછો કો'ક ઉઠાવી જશે. એને કહીએ, 'સૂઈ જા, બા.' આનો ઉકેલ લાવવો પડે. આવું ચાલતું હશે ? ના લાવવો પડે ?

**પ્રશ્નકર્તા :** લાવવો પડે ને, ઉકેલ જ લાવવો પડે.

**દાદાશ્રી :** અમારી પાસે બધા ઉકેલ હોય, કે આવી રીતે ઉકેલ લાવજે, ભઈ. કારણ કે તું આપઘાત કરીશ તેથી કાંઈ એ પૈણ્યા વગર રહે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** રાજીખુશીથી પૈણે કે રડતા રડતા પૈણે ?

**પ્રશ્નકર્તા :** રાજીખુશીથી જ પૈણે એ તો.

**દાદાશ્રી :** હા... એ કોઈ પૈણ્યા વગર રહે નહીં. આ તો મૂરખ હોય તે મરી જાય ! મૂરખ હોય એ શંકા રાખે.

આપણે કાં તો એને સમજાવીને સેટલ (પતાવટ) કરી નાખો, એને જુદું કરી નાખો. કાં તો એ બેનને કહીએ, પરણી જા, તે ભાંજગડ મટે. ઊંચો મૂકી દેવાનો કેસ.

વ્યવહાર માર્ગ અહીંયા સમજવો પડે ને આવો ! વ્યવહાર માર્ગ આવો ના સમજે, તો માર ખઈ જાય ને ! પછી શંકા પેસી જાય, તો મગજ ખરાબ થઈ જાય.

## આવા પ્રિકૉશન્સ લેવાય

આ બેન કહેતી'તી કે અમથો કો'ક છોકરો આવ્યો હોય તોય, 'યે કૌન આયા ?' એ શંકા એના ફાધરને. એ બિચારા દુઃખી દુઃખી થઈ

જાય. આ લોકો મને પૂછતા હોય ને, તો હું એમને સમજણ પાડી દઉં કે મૂઆ, દુઃખી ના થવું જોઈએ. એની પર કાળજી રાખો, જાપ્તો રાખો. બધા પ્રિકૉશન્સ (સાવચેતીના પગલાં) લો. પ્રિકૉશન્સ એટલે એને બધા છોકરાના ટોળામાં એકલી જવા ના દેવી. એવા તેવા બધા પ્રિકૉશન્સ લેવા જોઈએ, પણ શંકા બિલકુલ રાખવી ના જોઈએ. કોઈ પણ બાબતમાં શંકા રાખશો નહીં. છોકરો બગડ્યા કરે છે કે છોકરી બગડ્યા કરે છે એ શંકા રાખશો નહીં, એને માટે પ્રયત્ન કર્યા કરજો.

નવ છોડીઓના બાપ નિઃશંક ફરતા મેં જોયેલા, અને આ ભયંકર કળિયુગમાં ! અને નવેય છોડીઓ પૈણી. આ કળિયુગ છે ને શંકામાં રહ્યો હોત તો કેટલો જીવત એ ?

## શંકિત નહીં, બિવેર રહેવું

શંકા રાખવા જેવું આ જગત જ નથી. ધેર ઈઝ નો નીડ ટુ ડાઉટ ઈન વર્લ્ડ.

**પ્રશ્નકર્તા :** દાદા, 'શંકા કરવા જેવું જગત નથી' એ વાક્ય બહુ મોટું છે.

**દાદાશ્રી :** શંકા નહીં પણ જાગૃતિ (ધ્યાન) રાખવા જેવું જગત છે. છોકરી હોય, છોકરા હોય એને માટે આમ જાગૃતિ રાખવી (ધ્યાન રાખવું) કે શું કરી રહ્યા છે ને શું નહીં, પણ શંકા નહીં કરવી.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આપણે ધ્યાન રાખીએ ને, તો એ એમ કહે છે કે 'તમને અમારામાં વિશ્વાસ નથી ?' એમ કહે કે 'હાઉ લોંગ યૂ ટ્રીટ મી એઝ અ ટુ યર્સ ડૉટર ? (ક્યાં સુધી તમે મારી સાથે હું બે વર્ષની દીકરી હોઉં એમ વર્તશો ?)'

**દાદાશ્રી :** વિશ્વાસ બધો છે પણ ચેતીને ચાલીએ, એવું કહીએ આપણે. એક રૂમમાં પેટ્રોલ અને અગ્નિ બેને રખાય નહીં. સ્વભાવ જ એ પેટ્રોલનો એવો કે ક્યારે અગ્નિ ઝડપી લે કહેવાય નહીં.

એનીય એવી ઈચ્છા છે, કે વિશ્વાસઘાત કરવો નથી, પણ કાળ કામ કરી જાય છે.

છોકરીઓની પર બધું ધ્યાન રાખવું જોઈએ, બિવેર (સાવચેત) રહેવું જોઈએ. તે આમ બૉર્ડ મારે છે ને, 'બિવેર ઑફ થીવ્ઝ' (ચોરોથી સાવધાન) ! પછી આપણે તરત ચોક્કસ, જાગૃત રહીએ છીએ ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હં. શંકા ના કરો, બિવેર રહો.

**પ્રશ્નકર્તા :** બિવેર અને શંકા એનો ફેર કેવી રીતના સમજવો ?

**દાદાશ્રી :** શંકા પડી એટલે મહીં આપણને કીડો કૈડે એમ કૈડ્યા જ કરે અને બિવેર એટલે તો બાહ્ય ચેતવણી છે ખાલી. ચેતવણી આપી દેવી, બિવેર !

## સી.આઇ.ડી.પણું છોડવું નહીં

એટલે શંકા કાઢવાની સાથે સી.આઈ.ડી.પણું છોડવું નહીં ! પાછા નિઃશંક થઈ જઈએ ને સી.આઈ.ડી.પણું છોડી દઈએ તો ખોટું કહેવાય.

**પ્રશ્નકર્તા :** દાદા, 'સી.આઈ.ડી.પણું' એટલે શું ?

**દાદાશ્રી :** ચંચળતા જોઈ લેવી કે શું ચંચળતા ચાલી રહી છે ! એને માટે જે ઉપાય થાય એ કરી જોવા. અને પછી શંકા સંબંધી, રાતે મનમાં શંકા પડે કે 'પેલું શું થયું, આમ થયું, શું થયું હશે ?' એ નહીં, એ દાદા જાણે.

**પ્રશ્નકર્તા :** એ શંકાની ચર્ચા નહીં કરવાની ?

**દાદાશ્રી :** શંકાની દૃષ્ટિએ નહીં કરવાનું, કંઈ જ થયું નથી એમ માનીને કરવાનું સી.આઈ.ડી.પણું.

**પ્રશ્નકર્તા :** બરોબર, સમજી ગયો.

## શંકાશીલ નહીં, ડિટેક્ટિવ માઇન્ડ રાખવું

**દાદાશ્રી :** જે શંકામાં હોય એ મહીં સાચું કેટલું હોય ? થોડુંઘણું હોય. એના કરતાં તું ડિટેક્ટિવ માઈન્ડ (ગુપ્તચર જેવું મન) રાખું ને, તોય બહુ સરસ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** ડિટેક્ટિવ માઈન્ડ રાખ પણ શંકા નહીં કર.

**દાદાશ્રી :** હા, શંકા તો રાતે આવી હોય ને, તે પછી શંકિત થયા કરે, થયા કરે, તે રાતના ત્રણ વાગી જાય ! ડિટેક્ટિવ માઈન્ડ શું કરે ? એ ડિટેક્ટિવ માઈન્ડ ઊંઘમાં ના હોય કે આવી રીતે બેઠેલા હોય તેવા ટાઈમે ના હોય. ડિટેક્ટિવ માઈન્ડ તો એ અમુક રીતે કામ કરતું હોય, ઈન વર્કિંગ ઑર્ડરમાં હોય.

**પ્રશ્નકર્તા :** એ વર્કિંગ ઑર્ડરમાં એટલે કેવી રીતે ?

**દાદાશ્રી :** આ ડિટેક્ટિવને...

**પ્રશ્નકર્તા :** હા, એ તો બરોબર.

**દાદાશ્રી :** એના ચેનચાળા ઉપરથી એ ડિટેક્ટિવ...

**પ્રશ્નકર્તા :** એ શંકા ના કરે, એ બરોબર છે. એ એના પ્રૉસ ઍન્ડ કૉન્સ (ફાયદા અને નુકસાન) બધા જુએ કે આ પ્રમાણે છે.

**દાદાશ્રી :** એ ડિટેક્ટિવપણું એ શંકા નથી. શંકાથી તો એ છોકરી ઉપર ગુસ્સે થયેલો હોય ને પછી છોકરી ભેગી થાય, એને પછી કૈડ્યા કરે છોકરી. પણ મૂઆ, આવું શું કરવા કરે છે તે બિચારીને ? કશું વળે નહીં. બીજે દહાડે છોકરી ત્યાં જ ફરતી હોય. કારણ કે એના ઉદયકર્મનું ફળ. પણ તે આપણે તો એવું ઉદયકર્મ ઉપર છોડી નહીં દેવાનું, તમારે ડિટેક્ટિવપણું રાખવાનું. પછી જે ઉદયકર્મ હોય, તેમાં તો ભગવાનનુંય ના ચાલે. કૃષ્ણ ભગવાન સૂઈ ગયા'તા ને, તે તીર વાગીને ખલાસ થઈ ગયા હતા. તીર વાગ્યું, તે એનું ઝેર ચડ્યું અને ઝેર એટલે ગરમ થઈ

જાય શરીર, એટલે પાણીની તરસ લાગી. તે પાણી મળ્યું નહીં તે વખતે, વિધાઉટ વૉટર (પાણી વગર) મરી ગયા, લ્યો !

**પ્રશ્નકર્તા :** પાણી પાણી કરતા મરી ગયા.

**દાદાશ્રી :** ત્યારે એવું છે આ તો. જે બનવાનું છે તે બનશે, પણ તમારે એમ ના કહેવાય કે આમ છોડી દો, એવું ના હોય. આ સંસાર એકાંતિક નથી. તમે એની પર ડિટેક્ટિવ માઈન્ડ રાખો.

**પ્રશ્નકર્તા :** શંકાશીલ માઈન્ડ નહીં પણ ડિટેક્ટિવ માઈન્ડ.

**દાદાશ્રી :** ડિટેક્ટિવ માઈન્ડ.

**પ્રશ્નકર્તા :** પણ એ દર્શન આધારિત માઈન્ડ જ થયું ને, દાદા ?

**દાદાશ્રી :** એ તમે ડિટેક્ટિવ માઈન્ડ બોલો ને, એટલે તમારું માઈન્ડ પોતે એવું કેળવાયેલું છે કે ડિટેક્ટિવ થઈ જ જાય. શંકા કહો એટલે શંકિત થઈ જાય. મહીં અનંત શક્તિઓ છે. આત્માની એટલી બધી શક્તિઓ છે કે તે બોલતાની સાથે જ પરિણામ પામે.

## શંકાની દૃષ્ટિએ જુઓ ને શંકા રાખો નહીં

**પ્રશ્નકર્તા :** દાદા, આપ જે સી.આઈ.ડી.પણું, ડિટેક્ટિવ માઈન્ડ રાખવાની વાત કરો છો એ રાખવાની પણ શી જરૂર છે ?

**દાદાશ્રી :** અત્યારે ઘરમાં ગાડીઓ બે-ત્રણ હોય ને, તે છોડીઓ આમ ફરવા ગઈ હોય, એક આમ ફરવા ગઈ, બઈ આ બાજુ જાય, અને ભઈ દુકાને. બધું ભેલાઈ ગયેલું હોય. શું હોય ?

**પ્રશ્નકર્તા :** ભેલાઈ ગયેલું.

**દાદાશ્રી :** એકાદ ગાડી હોય તો છોડીઓ પૂછવા રહે કે મારે જવું છે એક જગ્યાએ. ત્યારે કહે, ક્યાં જવું છે ? પણ આ તો બધાની ગાડીઓ હઉ જુદી જુદી હોય તો એને લઈને હેંડે એ તો. ડ્રાઈવિંગ તો જાતે આવડતું હોય. અને પેટ્રોલ તો ત્યાં આગળ પાવતી જ આપી દેવાની હોય

છે ને ! છે બાપાને કશું પૂછવાનું ? અને ફરવા ઊપડ્યા વિહાર (મુંબઈની એક જગ્યા). અને બાપને કોઈ દહાડો શંકા ના આવે. આ દુષમકાળના બાપ એવા હોય કે એને શંકા જ ના આવે પોતાની છોડી ઉપર. અને પારકાની છોડીને શંકાથી જુએ. મારી છોડીઓ બહુ ડાહી, કહેશે.

આ લોકો એમની છોડીઓનો વિચાર કરતા હશે ? અને જો વિચાર કરતા હોય તો આવું ચાલે ખરું ? આખું પોલું જ ચાલે છે. તેમ છતાંય બધાય કહે છે કે મારી છોડીઓ બહુ સારી છે. હવે કેટલી જગ્યાએ ધાડ પાડી હશે (લફરાં કર્યા હશે), કોણ જુએ છે ? પણ બધાય એમ સમજે કે મારી છોડીઓ બહુ સારી છે.

તે એક મારા મિત્ર એવું માનતા'તા કે 'ભઈ, મારી ચારેય છોડીઓ એટલી બધી ડાહી છે, કોઈ જાતની મને મુશ્કેલી નહીં, અને આ બધા લોકોને તો બગડી ગયેલું ખાતું', કહે છે. પછી મેં એ ભઈને કહ્યું, કે 'જો મગજ પાંસરું રાખતા હોય તો તમને આ ચેતવું.' 'ચેતવવા જેવું છે નહીં કશું', કહે છે. 'કંઈ સુધી ગાંડા રહેશો, આ ભેલાઈ જશે હડહડાટ' કહ્યું. એ પુરાવા દેખાડ્યા કે હડહડાટ બધું એનું પ્રોટેક્શન (રક્ષણ) ઊડી ગયેલું. માટે કળિયુગમાં નિઃશંક બનો નહીં. શંકાની દૃષ્ટિએ જુઓ અને શંકા રાખો નહીં.

❖❖❖❖❖

# [૪]
# શંકાની નજર, ચોરી કરનાર પર

## ગઈકાલે ચોર હોય ને આજે ન પણ હોય

આંખે દીઠું હોય તોયે શંકા ના કરવી. ત્યારે કહે, ''મેં જાતે જોયો હોય કે આ માણસ કાલે ગજવામાંથી લઈ ગયો'તો રૂપિયા. તે આજે આવ્યો, તો એની ઉપર શંકા ના થાય ?'' આપણે શંકા ના કરાય. કારણ કે ગઈકાલે ચોરી કરી'તી. હવે આજે ચોર છે કે નહીં એ જાણ્યા સિવાય આપણે અભિપ્રાય આપીએ, આજે શંકા કરીએ તો એ પ્રિજ્યુડિસ કહેવાય.

ધંધામાંય કોઈ ચોરી કરતો હોય તોય શંકા ન હોવી જોઈએ. એને પકડવો ખરો, પણ પકડ્યા પછી પાછી એની માટે શંકા ન ઉત્પન્ન થવી જોઈએ કે આમ કરશે તો ?

ભગવાન કહે છે, ગઈકાલે એ ચોર હતો ને આજે ના પણ હોય. ગઈકાલે એના કર્મના ઉદયથી ચોર હોયેય ખરો અને આજે ના પણ હોય. એ ઉદય પ્રમાણે છે બધું. 'જગત જીવ હૈ કરમાધીના' કહે છે. શું કહે છે ? એવું બને કે ના બને ?

**પ્રશ્નકર્તા :** બને.

**દાદાશ્રી :** આફ્ટર ઑલ (છેવટે) દરેક જીવ કર્મને આધીન થઈને જ ફર્યા કરે છે. પોતાને સ્વાધીન છે જ નહીં.

## અભિપ્રાય આપ્યા સિવાય ચેતીને ચાલવું

**પ્રશ્નકર્તા :** પણ તો અમારે કેવી રીતે વર્તવું ? અમે જો એ અભિપ્રાય નથી રાખતા તો એ પેધી પડે.

**દાદાશ્રી :** એને માટે અભિપ્રાય આપ્યા સિવાય આપણે ચેતીને ચાલવું. આપણે ઘરમાં ગજવામાં પૈસા રાખતા હોય, તો આપણે જાણીએ કે આ માણસ અહીંથી ઉઠાવી ગયો છે. તો કોઈની પર અભિપ્રાય ના બંધાય એટલા માટે આપણે પૈસા બીજી જગ્યાએ મૂકી દેવાના. આપણો કોટ બીજી જગ્યાએ મૂકવાનો તે દહાડે !

**પ્રશ્નકર્તા :** હા, બરાબર.

**દાદાશ્રી :** એની પર શંકા કરવા કરતાં આપણે આપણી સેફસાઈડ કરી લેવી !

## તો ચેતીનેય ચાલવાની જરૂર નહીં

તમારે જો બહુ જ ભય લાગતો હોય તો કોટને જુદો મૂકી દેવો, અંદર મૂકી દેવો. અને ભય ના લાગતો હોય તો કોટને રહેવા દો ને ! કોઈ લેતો નથી. અને જે લેવાવાનું છે એ કોઈ છોડવાનુંય નથી.

**પ્રશ્નકર્તા :** એટલે આમાં કોઈ સામેની વ્યક્તિએ આવું કર્યું હોય તો દોષિત નહીં જોવાના. એનું ઉદયકર્મ છે એવું જોવાનું પણ આપણે ચેતતા રહેવાનું.

**દાદાશ્રી :** આપણને ભય લાગતો હોય તો કોટ મહીં મૂકી દેવો પણ પેલો આવ્યો એની પર શંકા નહીં કરવાની કે પ્રિજ્યુડિસ નહીં રાખવાનું.

**પ્રશ્નકર્તા :** આવી વ્યક્તિ હોય તો એની પર શંકા નહીં કરવાની પણ ચેતીને ચાલવાનું ?

**દાદાશ્રી :** ભય લાગતો હોય તો. પૂર્ણ જ્ઞાન હોય તો ચેતીનેય ચાલવાની જરૂર નથી. અને જ્યાં સુધી ભય લાગતો હોય તો ચેતીને ચાલવાનું.

## પ્રિજ્યુડિસ રાખે તેય ગુનો ને કેરફુલ ના રહે તેય ગુનો

આપણે મનમાં એને માટે શંકા નહીં કરવાની. ચેતીને, આપણે બધી વસ્તુ બેફામ નહીં રાખવાની. એટલે એનાથી ચેતવું એવું નહીં, પણ વ્યવહારથી ચોક્કસ જ રહેવું જોઈએ માણસે. પછી કોઈના ઉપર પૂર્વગ્રહ ના રાખવો પડે, કોઈની ઉપર બ્લેમ (આરોપ) ના કરવો પડે. એવું ના કરવું જોઈએ ?

આપણે પ્રિજ્યુડિસ રાખીએ તો આપણો ગુનો છે અને કેરફુલ (સાવચેત) ના રહીએ તોય ગુનો છે. શું ગુનો છે ?

**પ્રશ્નકર્તા :** કેરફુલ ના રહીએ તો ગુનો કહેવાય.

**દાદાશ્રી :** અને પ્રિજ્યુડિસ રાખીએ તોય ગુનો છે. એટલે આપણે કેરફુલ રહેવું જોઈએ, આપણો કોટ મહીં મૂકી આવવો જોઈએ. પણ પ્રિજ્યુડિસ તો રખાય જ નહીં.

## કોઈને ચોર ઠરાવવો એ ભારે જોખમદારી

હવે બીજે દહાડે એ આવતો હોય આમ અને આપણે દેખીએ, કે આ મૂઓ પાછો આવ્યો. ગઈકાલે લઈ ગયો ને વળી પાછો આજે આવ્યો. હવે આમ આપણે શંકા કરીએ ત્યાર પછી એ આપણને આવીને શું કહે ? 'તમારે મારે ત્યાં જમવાનું છે. હેંડો ત્યાં, હું બોલાવવા આવ્યો છું.' અલ્યા મૂઆ, મેં ધાર્યું હતું શું ને તું નીકળ્યો શું ! એવું બને કે ના બને ? એટલે આ બધા પૂર્વગ્રહના નડે છે કાયદા. આખું જગતેય પૂર્વગ્રહમાં જ પડ્યું છે. મોટા મોટા જસ્ટિસોય (ન્યાયાધીશોય) પૂર્વગ્રહ રાખે.

એક ફેરો છે તે એક માણસ મને અવિનયથી બોલી ગયો હતો અમારે જ્ઞાન થતા પહેલા, તે ફરી પાછો આવ્યો. ત્યારે મને થયું કે આ શું કરવા આવ્યો હશે ? મને તો અવિનય પોસાય નહીં. પૈસા ખોટી રીતે લઈ જાય તો વાંધો નહીં, અવિનય ના પોસાય. અને આ (અમારી) દુકાન

માનની. માનની દુકાનમાં અવિનય શી રીતે પોસાય ? પૈસા લઈ જાય તેનો વાંધો નહીં. એ તો દબાયેલો રહે ને, મૂઓ. આપણે છે તે દબાયેલો રાખવો છે ને !

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** પૈસા લઈ જાય એ દબાયેલો રહે કે ના રહે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પછી પેલો આવ્યો ફરી. એટલે મને એને માટે અવળો વિચાર આવ્યો. પછી એ મને કહે છે, 'કાકા, હમણે ને હમણે હેંડો. મારે ત્યાં જમવાનું છે.' અલ્યા, આ જમવા બોલાવવા આવ્યો ને એની પર મેં આવો વિચાર કર્યો ? કેવડી મોટી ભયંકર ભૂલ કરી ! એ જમવા બોલાવવા આવતો હતો તેની મને ખબર ના પડી. મેં માની લીધું કે આ મૂઓ ઊલટો આવ્યો. બને ખરું એવું ?

**પ્રશ્નકર્તા :** હા, બને જ છે.

**દાદાશ્રી :** તમારે કોઈ દહાડો બનેલું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પ્રિજ્યુડિસ થાય છે ?

**પ્રશ્નકર્તા :** જે પ્રસંગ બન્યા પહેલાનું મનનું ચિતરામણ હોય છે, તેના પ્રમાણે પ્રસંગ હોતો જ નથી.

**દાદાશ્રી :** હા, એ મુજબ પ્રસંગ હોતો જ નથી. આજે જે કોઈ પણ કાર્ય કરે છે, તે કાલે છે તે શું કરશે એ કહેવાય નહીં, માટે તમે એના માટે કહી શકો નહીં. અને કહેશો તો જોખમદાર બનશો.

આ તો જોયો હોય તો પ્રિજ્યુડિસ ઊભો થાય પણ જોયો ના હોય તોય પ્રિજ્યુડિસ હોય છે. કોઈએ કહ્યું હોય ને, તોય પ્રિજ્યુડિસ હોય. કોઈએ કહ્યું હોય કે 'અમુક માણસ જ લઈ ગયો હશે', 'હશે' એવું બોલ્યો

તોય પણ એને પ્રિજ્યુડિસ ઊભો થઈ જાય. કેમ આવા ભયંકર ન્યાયનું તોલન કરી શકાય ? કોઈને ચોર ઠરાવવો એ કેટલી જોખમદારી !

## અભિપ્રાયને લીધે શંકા આવે

અભિપ્રાય કાઢી નાખો ને અભિનય રહેવા દો. કહેવું, કે તમારે આમ ના કરવું જોઈએ, અગર તો આમ કરવું જોઈએ, પણ અભિપ્રાય એના માટે ના રહેવા દો. આ તો પહેલો અભિપ્રાય બાંધે ને પછી આવું બોલે. કેવું બોલે ?

**પ્રશ્નકર્તા :** જેવો અભિપ્રાય બાંધેલો હોય, તે તેવું જ બોલે.

**દાદાશ્રી :** 'તને તો કાયમ ગજવું ખાલી કરી દેવાની ટેવ જ છે.' એટલે એવું જાણીને જ એનો અભિપ્રાય બાંધે. એવું ના બંધાય, ના કરાય એવું. તમને શું ખબર ? તમને કંઈ જ્ઞાન છે કે એ જ ગજવું ખાલી કરી જાય છે ? અને એ કરી ગયો હોય, તમે ચાર વખત જોયો હોય. તેથી કાયમ એ જ કરી જાય છે, એની ખાતરી છે ?

**પ્રશ્નકર્તા :** પણ શંકા આપણને કેવી રીતના મટે ? કારણ કે એ મહીં ચાર વખત લઈ ગયો'તો, પછી એ શંકા મહીંથી મટે કેવી રીતે ?

**દાદાશ્રી :** એ શંકા નહીં રાખવાને માટે જ કહે છે આ. એ એવું કહે છે કે અભિપ્રાય છોડી દો ને ! એ અભિપ્રાયને લીધે શંકા આવે છે. તમારે કોઈને માટે અભિપ્રાય આપવાની જરૂર નથી. બધા ભગવાન છે આ તો !

## અભિપ્રાય ને પ્રિજ્યુડિસ વચ્ચેનો ભેદ

**પ્રશ્નકર્તા :** દાદા, અભિપ્રાય અને પ્રિજ્યુડિસની વચ્ચે શું તાત્ત્વિક તફાવત છે ?

**દાદાશ્રી :** બહુ લાંબો ફેર નથી એમાં, એ જે અભિપ્રાય બાંધે ને, તેનું તે જ પ્રિજ્યુડિસ થશે. અભિપ્રાય તો આપણે બાંધીએ છીએ ને, કે કઢી ખારી છે. તે 'આજ કઢી ખારી છે' એ અભિપ્રાય આપ્યો કહેવાય. પણ કાલે ખાતા પહેલા એવો અભિપ્રાય ના આપીએ. અને પ્રિજ્યુડિસ

એટલે પછી બીજે દહાડે છે તે એવું જ માને. બીજે દહાડે એવું માનવાનો હોય તો એ પ્રિજ્યુડિસ કહેવાય.

અમે એવું ના રાખીએ. ગઈકાલે ચોરી કરી ગયો હોય એટલે આજે પણ કરશે એવું માનીએ નહીં અમે.

**પ્રશ્નકર્તા :** એવું વારંવાર થાય તોય એવું નહીં ?

**દાદાશ્રી :** ના, તોય નહીં.

**પ્રશ્નકર્તા :** નહીં ?

**દાદાશ્રી :** એનો (અભિપ્રાયનો) અંત છે અને પ્રિજ્યુડિસનો અંત નથી.

## જ્ઞાનીના કાયદા જગત કરતાં જુદા જ

અમારા કાયદા જુદા છે. તમારા કાયદા કરતાં અમારા કાયદા જુદા છે. અમે એક અભિપ્રાયવાળા, એક જ જાતનો અભિપ્રાય, અભિપ્રાય બદલવાનો નહીં. એટલે અમારે શું કરવું પડે ? ઘરમાં કોટ કાઢ્યો છે અને રૂપિયા મહીં પડ્યા છે... અત્યાર સુધી તો પૈસા રાખતો'તો ને, જ્ઞાન થયા પછીય પૈસા રાખતો'તો. તે ઘરમાં કોટ કાઢ્યો છે અને બસ્સો રૂપિયા મહીં પડ્યા છે. અને એક માણસને માટે એવો મને અભિપ્રાય બેઠેલો કે આ માણસ ક્યારેય પૈસા લે નહીં, ચોરી કરે નહીં. હવે એ માણસ છે તે આવ્યો'તો અને ગજવામાં હાથ ઘાલેલો એવું ઘરનું કોઈ માણસ જોઈ ગયું હોય. મેં નથી જોયું. પછી પાછા મારે તો બહાર જવાનું થયું. બહાર કંઈ પૈસાની જરૂર પડી ત્યારે મહીં ના નીકળ્યા, તો બહાર જઈને હું આવ્યો ત્યારે મેં ઘેર કહ્યું, ''ભઈ, આમાં પૈસા-બૈસા કોઈએ લીધા'તા ?'' તો કહે, 'ના, અમે કોઈએ લીધા નથી.' ત્યારે કહે, 'શું છે ? શું છે ?' મેં કહ્યું, 'ના, કશુંય નથી, કશું નથી.' તે પછી કહે છે, ''પેલા ભાઈ તમારા ગજવામાં હાથ ઘાલતા'તા. થોડુંઘણું કંઈ ઓછું થયું છે ?'' મેં કહ્યું, 'ના, મારી ઓટીમાં ઘાલ્યા હતા તે મને જડી ગયા.' એટલે પેલું મને મળી ગયું, કોણે હાથ ઘાલ્યો તે ! હવે એ ભાઈને તો હું માનું કે આ ચોરી કરે

નહીં. એ અમારો અભિપ્રાય એની માટે. આ એક ફેરો અભિપ્રાય બાંધ્યો તમારો એટલે બસ, એ બીજું તેમાં ફેરવવાનું નહીં. પછી એ બીજે દહાડે આવે તો કોટ ફક્ત એ જાણે નહીં એવી રીતે આઘો મૂકી દેવાનો એટલું જ, અગર કોટમાં કશું રાખવાનું નહીં. કોટ આઘો મૂકી દેવાનો. એ જાણે નહીં એવી રીતે પાછો, એને અપમાન ના લાગે એવી રીતે. પણ એ એના પર અમે એવું મન ના રાખીએ કે પ્રિજ્યુડિસ ના હોય કે આ લઈ ગયા'તા. એવું ના રખાય. પ્રિજ્યુડિસ ના રાખીએ.

**પ્રશ્નકર્તા :** પણ એને બીજી વાર પૈસા લેવાનો ચાન્સ ન આપો.

**દાદાશ્રી :** ચાન્સ આપીએ નહીં અને છતાંયે અપાઈ જાય તો લઈ ગયો તો અમે પ્રિજ્યુડિસ ના રાખીએ.

## સંજોગવશાત્ ચોરને ચોર ન કહેવાય

એને પણ અમે ચોર કહેતાય નથી. ખુદ અમારા જોવામાં આવ્યો હોય, અમે છેટે રહીને જોઈ ગયા હોય, તોય અમે એને ચોર કહેતા નથી. કારણ કે જો હું એમને ચોર કહું, તો મેં જ કહ્યું'તું કે આ ચોર હોય નહીં. તો પછી સર્ટિફિકેટ મારે જ બદલવાનો વખત આવ્યો ! તો શું આ એક કૉલેજના સર્ટિફિકેટ કરતાંય હું ગયો ? તમને સમજાય છે ને ?

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** એટલે ત્યાં આનો પુરાવો શો ? ત્યારે કહે, અમારો કાયદો એ કે આ ખરેખર ચોર નથી, સંજોગોના આધીન ચોર છે. ખરેખર ચોર એટલે કાયમનો ચોર. અને એ સંજોગાધીન તો મોટા રાજાનેય ચોરી કરવી પડે. સાચું બોલજો, ન્યાય બોલજો. તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે. કરવી પડે.

**દાદાશ્રી :** કારણ કે કેટલાક કાયમના ચોર નથી હોતા. કેટલાક સંજોગવશાત્ ચોર હોય છે. કેવા હોય છે ?

**પ્રશ્નકર્તા :** સંજોગવશાત્.

**દાદાશ્રી :** બહુ જ અડચણ પડી હોય, તો વખતે ગજવામાંથી પૈસા કાઢી લે. ફરી છ વર્ષ સુધી ના દેખાય ! ગજવામાં મૂકીને તમે જાવ તોય ના અડે. સંજોગવશાત્ ચોર. કેવા ? સંજોગ આધીન ચોર, અને એક્ઝેક્ટ ચોર...

**પ્રશ્નકર્તા :** એ બેમાં ફરક છે.

**દાદાશ્રી :** બેમાં સંજોગ આધીનને અમે ચોર કહેતા નથી.

## જ્ઞાનીની ભાષામાં ખરો ચોર કોણ ?

ચોર કોને કહેવાય ? કાયમના ચોરને ચોર કહેવાય. અને જે સંજોગોને આધીન કામ કરે છે, તેને ચોર ના કહેવાય. આ અમારી ભાષા જુદી હોય લોક કરતાં. લોક આને જ ચોર કહે. પકડાયો એટલે તું ચોર અને પેલા નથી પકડાતા એ ચોર નહીં.

જગત તો જે પકડાય એને ચોર કહે છે. કોને ચોર કહે છે ?

**પ્રશ્નકર્તા :** પકડાય તેને.

**દાદાશ્રી :** અમે પકડાય એને નિર્દોષ કહીએ છીએ. નથી પકડાતા એને ચોર કહીએ છીએ. કારણ કે બહુ કેરફુલ રહે છે એ લોકો, નથી પકડાતા એ. એ કેરફુલ ચોર છે અને પેલા કેરલેસ (બેદરકાર) ચોર છે.

આપણા લોકો પેલો ના પકડાય ત્યાં સુધી છે તે 'શાહુકાર, શાહુકાર' કર્યા કરે. અંદરખાને જાણતા હોય કે મૂઓ શાહુકાર નથી, આ નાલાયક છે. પણ 'શાહુકાર, શાહુકાર' કર્યા કરે. અને એક સારો માણસ પકડાઈ ગયો બિચારો એટલે 'આ જ ચોર છે' કહે છે. અમે એવું ના કહીએ. અમે સંજોગવશાત્ કહીએ.

## દાદાની કોર્ટમાં સહજ ક્ષમા

મને તો આ વાક્ય બહુ સુંદર આવડેલું કે સંજોગવશાત્ ચોરને ચોર હું કહું નહીં. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** આપ એને ચોર ના કહો.

**દાદાશ્રી :** એમ કહેવા જઉં તો મારો એકુંય મિત્ર રહે જ નહીં. કારણ કે હું એટલો બધો જાગ્રત હતો, કોઈ ચોર બને, કોઈ લુચ્ચો બને, તે મિત્રમંડળ ખલાસ થઈ જાય બધું. કારણ કે એટલો બધો જાગ્રત હોઉં, મને તરત જ ખબર પડી જાય, જાણે ગંધ આવતી હોય એમ. કોણ ખોવે ? મિત્રો કોણ ખોવે ?

**પ્રશ્નકર્તા :** આપણે જ ખોવા પડે.

**દાદાશ્રી :** આપણે જ ખોવા પડે.

**પ્રશ્નકર્તા :** જગત જ ચોર છે.

**દાદાશ્રી :** હંઅ. આમાં નવું શું છે તે ? કાયમના ચોર તેય બિચારા સંજોગવશાત્ છે. એ સંજોગવશાત્ કઈ જાતના, કે પૂર્વભવના કર્મના આધીન ફસાયો છે. અને આ સંજોગવશાત્ કો'ક ફેરો અપવાદરૂપે હોય. કેવું ?

**પ્રશ્નકર્તા :** અપવાદરૂપે.

**દાદાશ્રી :** હવે બન્નેય છે તે કરુણા રાખવા જેવા છે. એટલે અમને તો આમાં સહજ ક્ષમા હોય. કોઈ ગુનેગાર અમારી કૉર્ટમાં ના હોય. સહજ ક્ષમા હોય.

## મનમાંયે રાખવું નહીં ને મોઢેય કહેવું નહીં

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એક માણસ ઘરમાં કામ કરતો હોય અને પછી હું એને ન કહું તો એ પછી રોજ એનું ચાલુ જ રહે, તો મારે પૂછવું પડે ને, કે આ વસ્તુ ક્યાં ગઈ, ભઈ ?

**દાદાશ્રી :** હા, પૂછવામાં વાંધો શું છે ?

**પ્રશ્નકર્તા :** કારણ કે તેને ખ્યાલ આવે કે આ વસ્તુ નથી મળતી, બેનને ખ્યાલ આવી ગયો છે કે નથી મળતી એમ.

**દાદાશ્રી :** એ એમ કહેવાય ખરું કે 'ભઈ, આ વસ્તુ કંઈ જડતી નથી, ખોળી કાઢ.' પછી એ કહે કે નથી જડતી...

**પ્રશ્નકર્તા :** તો માની લેવાનું.

**દાદાશ્રી :** માની લેવાનું, પછી શંકા નહીં કરવાની. પછી આગળ શંકાની દૃષ્ટિથી જોવાનો આપણો અધિકાર ઊડી જાય છે.

આપણું લઈ ગયો હોય તોયે જોયા કરવું, પણ શંકા તો કરાય જ નહીં. અને એ કાયમનું લાઈસન્સ લઈને આવેલો હોય તો શંકા કરવી.

**પ્રશ્નકર્તા :** ઘણા રીઢા ચોર હોય, ધંધો જ લઈને બેઠેલા હોય.

**દાદાશ્રી :** એ ચોર જુદી વસ્તુ છે. ચોર હોય ને, ત્યાં તો આપણે કોટ-બોટ બધું છેટા મૂકી દેવું. છતાંય એને ચોર ના કહેવો ! કારણ કે એ તો આપણે કંઈ મોઢે એને ઓછા કહીએ છીએ ચોર ? મનમાં કહીએ છીએ ને ? મોઢે કહે તો ખબર પડી જાય ને ? મનમાં કહીએ તેનું જોખમ આપણું ! મોઢે કહીએ તેનું જોખમ આપણું નહીં, માર ખાય તેનું ! મોઢે કહીએ તો માર ખાય તેનું જોખમ અને પેલું મનમાં કહીએ એ આપણું જોખમ ! એટલે શું કરવું જોઈએ આપણે ?

**પ્રશ્નકર્તા :** મોઢે કહી નાખવું, મનમાં નહીં રાખવું.

**દાદાશ્રી :** મોઢે કહી દે તો સારું, પેલો બે ગાળ ભાંડીને જતો રહે. પણ આ મનમાં કર્યું એનું આપણે જોખમ આવે, જોખમદારી આવે છે. અને ઉત્તમ કયું ? ત્યારે કહે, મનમાંય નહીં રાખવાનું ને બહારેય નહીં, મોઢેય ના કહેવું એ ઉત્તમ !

## આપણું જવાનું હોય તો જ જાય

અમે કોઈનેય ચોર માનીએ નહીં. કોઈનેય માન્યો નથી મેં.

**પ્રશ્નકર્તા :** ન માનવું એ બહુ મહાનતા છે ને, એ તો બહુ મહત્ત્વની વસ્તુ બની ગઈ.

**દાદાશ્રી :** એ તો જ્ઞાનના પ્રતાપે છે ને ! જ્ઞાન હોય તો જ એ રહે ને ! પણ અમારા કહ્યા પ્રમાણે તમેય ચોર ના માનો તો તમારુંય કલ્યાણ થઈ જાય.

એ તો કર્મના આધીન છે. બધું કર્મના આધીન છે. એમાં એનો ગુનો નથી. અને તે આપણું જવાનું હોય તો જ જાય છે. છો ને અહીં ત્રણ ચોર બેસી રહ્યા, પણ આપણું જવાનું હોય તો જ જાય ને, નહીં તો જાય નહીં ને ! તમારે ગભરાવાનું કોઈ કારણ નથી.

## એનું એ લઈ ગયો

**પ્રશ્નકર્તા :** કોઈક વસ્તુ લઈ ગયો હોય તો કર્મના લીધે ગયા જનમનું કંઈ લેવુંદેવું હશે એ લેવડ-દેવડ થઈ. તે હિસાબ ચૂકતે થાય.

**દાદાશ્રી :** હા... એ બધું લઈ જાય ને, તે એ લેવાદેવાના હિસાબે જ લઈ જાય. અને ફરી નાયે લે.

**પ્રશ્નકર્તા :** એનું છે ને એ લઈ ગયો એમ સમજવાનું.

**દાદાશ્રી :** બસ, એક જ વાત છે કે તમારી વસ્તુ કોઈ લેનાર નથી અને જો લઈ ગયો તો તમારી વસ્તુ નહોય. અને હજુ લઈ જશે તે એનું છે, એટલું જ લઈ જશે. માટે ધીરજ પકડો, કહે છે. પણ એને ચોર ના કહો. એ ચોર નથી. તમે એનો માલ દબાવી લાવ્યા છો, અગર તો કો'કનું ખોટું લાવ્યા છો, તેથી એ લઈ ગયો.

**પ્રશ્નકર્તા :** એનું છે એ લઈ જાય છે.

**દાદાશ્રી :** ખરું સમજ્યા તમે. અને આપણે અહીં શું કહીએ છીએ ? 'વ્યવસ્થિત' કહીએ છીએ ને ? અમે જ્ઞાન આપ્યું છે, તો એ શું કહે ? વ્યવસ્થિત છે. ગજવું કાપી જાય ને એટલે વ્યવસ્થિત. પેલાને ખરાબ નહીં કહેવાનું, વ્યવસ્થિત. અને પાછું મનનેય બગાડવાનું નહીં, વ્યવસ્થિત.

વ્યવસ્થિતે વ્યવસ્થિત જ કર્યું છે. બરોબર છે ને ? એમાં તો તમને ગમે છે ને, બેમત નહીં ને ?

**પ્રશ્નકર્તા :** જરાય નહીં.

**દાદાશ્રી :** બસ. તમે તમારી ભાષાની વાત બોલ્યા કે ભઈ, એનું છે ને એ લઈ ગયો. એ આપણા આગળના જ્ઞાનીઓએ શિખવાડ શિખવાડ કર્યું છે કે તારું કોઈ લઈ જનાર નથી. જો આટલું કામ લાગે ને ? આમ આશરો લે તો ઊંઘ આવે કે ના આવે ? નહીં તો ઊંઘ ના આવે ને ? પછી મનમાં છેવટે વાત આવે કે ભાઈ, એનું હશે ને એ લઈ ગયો છે, તરત ઊંઘી જાય પાછો. નહીં તો આખી રાત ઊંઘ ના આવે. કંઈ સમાધાન તો જોઈએ કે ના જોઈએ ?

## મેરી ભી ચૂપ ને તેરી ભી ચૂપ

આપણે મૂક્યું હોય અને રાત્રે જતું રહ્યું, તો મેરી ભી ચૂપ ને તેરી ભી ચૂપ. શું કહ્યું ? એ કંઈ જોડે લઈ જવાનો છે ડબ્બો ?

**પ્રશ્નકર્તા :** ના, ના.

**દાદાશ્રી :** શંકા કોણે કરવાની ? સંસારમાં ભટકવું હોય તેણે શંકાઓ કરવાની. એને ફોજદારી ને એ બધું કરવાનું છે. શંકા-કુશંકા, તર્ક-વિતર્ક બધું સંસારમાં ભટકવું હોય તેને કરવાનું છે. જેને ભટકવું નથી તેને શું કરવાનું છે ? મેરી ભી ચૂપ ને તેરી ભી ચૂપ.

❖❖❖❖❖

# [૫]
# ધંધામાં, લક્ષ્મીની લેણદેણમાં શંકા

## દુકાન નાદારીમાં !

તમારે વાણિયા લોકોને શંકા થાય કે ?

**પ્રશ્નકર્તા :** થાય પણ ખરી, થાય.

**દાદાશ્રી :** એમ ! તમને શામાં શંકા થાય ?

**પ્રશ્નકર્તા :** ધંધામાં, પછી લેણદેણમાં કોઈ વખત કોઈ વસ્તુ આપી હોય એમાં.

**દાદાશ્રી :** બધામાં શંકા થાય ને ?

**પ્રશ્નકર્તા :** શંકાને આધારે જ જીવીએ અમે બધા એવું બને. અમારું સંસારીઓનું જીવન શંકાને આધારે જ એમ !

**દાદાશ્રી :** આ બધા શેઠિયાઓની દુકાનો ચાલે ને, મોટા મોટા ધંધા, તે આ સાલ બે લાખ ગયા, ખોટ ગઈ. આવતી સાલ બે-ત્રણ લાખ બીજા જાય. એટલે શેઠના મનમાં ઘૂસી જ જાય એ કીડો ! મહીં સળવળ્યા જ કરે. હવે દુકાન નાદારીમાં ચાલી છે, કહેશે. શું થાય ?

**પ્રશ્નકર્તા :** એવું થયા કરે એને.

**દાદાશ્રી :** એ કીડો મહીં સળવળ્યા જ કરે, 'દુકાન નાદારીમાં ચાલી છે.' તે શેઠાણી કહેય ખરી, 'આ શું તમારું આવું મોઢું ? શાની ચિંતા કરો છો આખો દહાડો તે ?' એવું હઉ કહે. તોય અક્કલનો બહારવટિયો (અક્કલનો કોથળો), એની અક્કલ ના છોડે, મૂઓ !

**પ્રશ્નકર્તા :** એ તો એમ જ કહે ને કે એ શું સમજે વેપારમાં ?

**દાદાશ્રી :** ના, પણ શી ઈઝ ધ પાર્ટનર (એ ભાગીદાર છે). આવું પાર્ટનર કહે કે 'ચિંતા ના કરશો', તો પછી આપણે શું કરવા કરીએ ?

**પ્રશ્નકર્તા :** બહુ સુંદર જવાબ તમે આપ્યો કે એ પાર્ટનર છે, એ બિચારી કહે છે એ સાચું કહે છે.

**દાદાશ્રી :** પણ હેંડતા-ચાલતા એ વિચાર, અને એ શેઠને પાછા શું વિચાર આવે, કે આ દુકાન નાદારી તરફ જઈ રહી છે. એટલે જેવો ચિંતવે ને, તેવો થતો જાય પાછો.

**પ્રશ્નકર્તા :** ન હોય તોય એવું થાય પાછું.

**દાદાશ્રી :** ના હોય તોય થાય. તેથી અમે 'ના' કહીએ છીએ ને ! મૂઆ, આ શું કરવા તું તારી શંકાઓમાં પડે છે ? તું તારા વિચારોમાં શું કામ પડું છું ?

એવું છે ને, ખોટના પ્રશ્નો આપણે વિચારવાને માટે વાંધો નથી, પણ વિચારવાનું, ખોટ પૂરી ના થાય ત્યાં સુધી વિચારાતું હોય તો કામનું. નહીં તો ભમરડાની પેઠ ખોટ પૂરી થયા વગર એમ ને એમ બંધ થઈ જતું હોય, તો એનો અર્થ જ નહીં ને ! તો તો બંધ જ રાખવું સારું.

અમે એક વાત સમજેલા અમુક જ્ઞાન થયા પછી, એક જગ્યાએ અમને શંકા આવી'તી, કે આ માણસ આવું કરશે, દગો-ફટકો કરશે. એટલે પછી અમે નક્કી કર્યું ત્યારથી, કે શંકા કરવી તો આખી જિંદગી સુધી કરવી, નહીં તો શંકા કરવી નહીં. ખોટની ચિંતા કરવી તો આખી જિંદગી સુધી કરવી, નહીં તો કરવી નહીં. નફો એડજસ્ટ થાય ત્યાં સુધી

કરવી. કેટલી ? પણ જો ભમરડાની પેઠ આપણે છે તે કો'કના આધીન રહીએ એવું નહીં રહેવું.

દાદરમાં (મુંબઈમાં) એક જણે પૂછ્યું, 'ફ્લૅટ મારે વેચવો કે રહેવા દેવો ?' મેં કહ્યું, 'કેમ ભઈ ?' ત્યારે કહે, 'કાલે સવારે ભાવ બેસી જાય તો મારું શું થાય ?' ત્યારે મેં કહ્યું, 'તો તો વેચી દે આ, પહેલેથી જ વેચી દે. તને જો શંકા છે તો વેચી દે. તારે એની જરૂર નથી.' જરૂર હોય તેને ગમે એટલા ભાવ બેસી જવાના હોય કે વધવાના હોય તોય શું લેવાદેવા ? એને પોતાને શું લેવાદેવા કંઈ, ભાવ વધો કે ઘટો !

## પૈસા પાછા આવશે કે નહીં ?

એ તો આખું જગત જ શંકાથી પીડાય છે. બધા ઘણાંખરાં મોટા માણસો હોય ને, એ શંકાથી પીડાયા કરે. પેલાને લાખ આપ્યા છે, પાછા આવશે કે નહીં ? જવાબ ના આપ્યો બરોબર, કહેશે.

**પ્રશ્નકર્તા :** હા, એ તો એક દહાડો મોડો આવે કાગળ તોય એ તો કૂદંકૂદા કરે.

**દાદાશ્રી :** હા... ખરું કહે છે. દહાડાનો ફેર પડી જાય તોય. એટલે આ આપણા શેઠ આવડા મોટા, એનેય શંકા. તે હું સમજી ગયેલો અંદરખાને કે આમને શી શી ઉપાધિ છે ? ત્યારે કહે, 'આ લોકોને આપ્યા છે ને, તે પાછા નથી આપતા એની ચિંતા છે.' ત્યારે મેં કહ્યું, 'કેટલા પાછા આવે એવા છે ને કેટલા નથી આવે એવા ?' તો કહે, 'એક-બે જણના તો ખાસ આવે એવા જ છે પણ બે જણના આવે એવા નથી લાગતા. જરા વહેમ પડે છે, મને શંકા પડે છે.' ત્યારે મેં કહ્યું, 'શંકા પડે છે એના કેટલા બાકી છે ?' તો કહે, 'દોઢ લાખ રોકડા આપેલા છે. એની ખરે ટાઈમે આબરૂ રાખી છે', કહે છે. 'અને બીજા ?' ત્યારે કહે છે, ''લાખ આપ્યા'તા, તેમાં સાંઈઠ હજાર આવ્યા છે, ચાલીસ હજાર હવે મળે એવું લાગતું નથી.'' ત્યારે મેં કહ્યું, 'એક લાખ ને નેવું હજાર થયા. તમારી કિંમત કેટલી ? આ તમે જતા રહેશો આમ કરતા કરતા અને ઉઘરાણી રહી જશે !' ઉઘરાણી રહી જાય કે ના રહી જાય ?

**પ્રશ્નકર્તા :** રહી જાય.

**દાદાશ્રી :** ત્યારે કહે, 'ના, દાદા, મને દાખલો આપવાની કાંઈ જરૂર નથી. તમે કહો એમ કરું.' મેં કહ્યું, 'ભૂલી જાવ !' બિલકુલ કાઢી નાખ્યું, તરત. અમારી આજ્ઞા ને ! પછી નિરાંતે ઊંઘ્યા !

## આપણા જ પ્રારબ્ધની ઉપર શંકા ?

હવે એ શંકા રાખીએ તો શું થાય ? જિંદગી ખલાસ કરી નાખે ! એના કરતાં બીજો ઉપાય કર હવે. અમે વિધિ કરી આપીએ ને એ (સમજણ ફીટ) કરી આપીએ.

તે એક માણસ કહે છે, 'મારે ત્યાં આવડી મોટી રકમ જતી રહી. હવે શું કરવું ? બે વર્ષમાં ધંધો રાગે પડ્યો ને હવે ત્યાં આવડી મોટી રકમ જતી રહી.' ત્યારે કહ્યું, 'લાવ, અમે વિધિ કરી આપીએ.' તે વિધિ કરી. પછી મેં કહ્યું, 'આટલું આ (શુદ્ધ વ્યવહાર ચરણવિધિ) કરજે, આ ભગવાનની દયાએ આવશે. આ વ્યવહારની ચોપડીમાં આટલુંક જ ધમધોકાર ચલાવજે.' તે પછી બાર મહિને ફસામણમાંથી પૈસા નીકળ્યા, તે કહે છે 'મારે મંદિરમાં નાખવું છે.' મેં કહ્યું, 'શાથી ?' 'મારા ગયેલા નીકળ્યા ને', કહે છે. ત્યારે મેં કહ્યું, કે આપણું છે એ કોઈ બાપોય લઈ જવાનો નથી. પણ જો કંઈક મનમાં શંકા પડી તો નહીં આવે રકમ. માટે રકમ ના આવવાની હોય તોય શંકા ના કરશો. પછી આ રકમ આવવાની ઉડાડી દો છો તમે, શંકાથી.

આપણા જ પ્રારબ્ધની ઉપર શંકા કેમ કરીને રખાય ? કર્મના ઉદય આપણા ને ! પેલી શંકાથી શું થાય કે આવતી રકમ જતી રહે છે પાછી. આ હઉ એની જતી રહે છે. આ આગળની જતી રહે છે. શંકામાં ને શંકામાં, આખો દહાડો એના મનમાં ખરાબ વિચાર આવે. એ આખો દહાડો વિચાર ખરાબ આવે, એ પરમાણુનું શું થાય ? અને પછી એનું મોં જોતી વખતે, એને જોતી વખતે પેલો સમજી જાય સામો માણસ કે આ મારી જોડે જુદો થઈ ગયો છે ને વહેમાઈ ગયો છે !

## બે ટકાની લાલચ હારુ પડે ખાડામાં

એવું છે ને, આ ટાઈમ હજુ એવો આવવાનો છે, અને અત્યારે આવી ગયો છે. એટલે આ શંકા જો પેસી જશે તો આપણા જ્ઞાનીનેય (મહાત્માઓનેય) ઉડાડી દેશે પછી આ તો ! એટલે મારે આ બધાને ચેતવવા પડે છે. કારણ કે કોરવા માંડે એટલે ડ્રિલિંગ ચાલુ થઈ જાય એટલે શું થાય ? એટલે બનતા સુધી અમારા જ્ઞાન આપેલા કોઈને શંકા થતી નથી. જેને થાય છે તેને હું આ ઉપાય લાવી આપું છું. અમારી પાસે સાધન છે બધા.

અમેરિકામાં એક ભાઈ આવ્યા'તા, 'સાંઈઠ હજાર ડૉલર ગયા', કહે છે. સાત-આઠ લાખ રૂપિયા વ્યાજે આપ્યા છે. મેં કહ્યું, ''શા હારુ આપ્યા'તા તમે એ ?'' ત્યારે કહે, 'બૅંકમાં દસ ટકા જ વ્યાજ આપે છે ને !' તે હવે એ બે-ત્રણ ટકા હારુ તો માણસ કેટલા બધા ભયના સકંજામાં... સંજોગોમાં પડે છે, નહીં ? લાલચને લઈને, અને બે-ત્રણ ટકાની લાલચને લઈને ! મેલ ને પૂળો, અહીં બૅંકમાં મૂકીને, સૂઈ જા ને નિરાંતે ! કંઈ ઉપાધિ નહીં ને ! અને હવે તો કહે છે, તમે સારા માર્ગે વપરાય એવો રસ્તો દેખાડ્યો, એટલે હવે અમારા પૈસા નહીં જાય આવા. પેલું ભેગું કરવાની જ ગાંઠ મનમાં ફર્યા કરે. તે 'કંઈ મૂકવા ?' કહેશે. એટલે પૈસા ભેગા કરો. ભેગા કરવાનું થાય એટલે કેમ કરીને વ્યાજ વધારે આવે એવા વિચારો આવે.

## ઘણુંખરું આવી રીતે બગડેલું

**પ્રશ્નકર્તા :** દાદા, આ તો આપે વ્યવહારકળાની, બોધકળાની વાત કરી.

**દાદાશ્રી :** બરોબર.

**પ્રશ્નકર્તા :** પણ જે નિશ્ચયની વાત છે, એ આપે સાથે કરી હોય ને, કે જો એનું હશે તો એનું જવાનું નથી.

**દાદાશ્રી :** નથી જવાનું.

**પ્રશ્નકર્તા :** અને પેલાની તો તાકાત નથી કે કંઈ ફેરવી શકે.

**દાદાશ્રી :** ના, કશું ફેરવી શકે એ તાકાત છે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** આ નિશ્ચયની વાત.

**દાદાશ્રી :** હા, આ નિશ્ચયની વાત.

**પ્રશ્નકર્તા :** અને આપે આ કહ્યું, એ બોધકળા, વ્યવહારકળાની વાત કરી.

**દાદાશ્રી :** હા. એવું છે ને, કોઈ જગ્યાએ આપણો કેસ બફાય નહીં, સામાની જોડે કર્મ બંધાય નહીં એવી રીતે આપણે ઉકેલ લાવવો પડે. સામાની જોડે ગૂંચવાડો નથી ઊભો કરવો ને આપણે ? એક જરાક જ તમારી ઉપર શંકા હું કરું એટલે મને શું કર્મ બંધાય છે એ તમને ના સમજાય અત્યારે. તમે એવા ન પણ હો. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** હા, એવા ન પણ હો.

**દાદાશ્રી :** કેમ કરીને માની લેવું ? અને એવા નથી તે લોકો બગડ્યા છે આ શંકા કરવાથી. અને પેલો મુશ્કેલીમાં મુકાઈ ગયો હોય આમ, મુશ્કેલીમાં ના મુકાય માણસ ? તોય પેલા પર શંકા કરવી ? એટલે આવી રીતે બગડેલું છે, ઘણુંખરું. બાકી મેશના ચાંદલા તો બહુ વહાલા ના હોય લોકોને (કોઈને અપકીર્તિ વહાલી ના હોય). આ તો એવી કંઈ ગાંડી પ્રજા નહોય કે મેશના ચાંદલા વહાલા કરે !

## સાવચેતી અને સાવધાની, બેઉ રાખવાની

વેપારી તો ધીરધાર કરે એટલે આવશે જ, એવો અભિપ્રાય બાંધેલો હોય. કેવું ? આ તો ધીર્યા ને પછી પાછા આવશે કે નહીં, નહીં આવે તો શું થશે ? લોકો ધીરે છે તો તે ઘડીએ શંકા આવતી હશે એમને ? બધાય આવશે જ, કહે. શું કહે ?

**પ્રશ્નકર્તા :** બધાય આવશે જ.

**દાદાશ્રી :** સાવધાની બધી રાખવાની. બે લાખ આપણે જાય એવી પાર્ટી લાગે, તો એની સાવધાની રાખવી આપણે. પણ શંકા તો ઉત્પન્ન ન જ થવા દેવી. 'શું થશે હવે' એનું નામ શંકા. 'શું થશે' એવું ઉત્પન્ન થયું કે શંકા પડી પાછી. શું થવાનું છે ? આ દેહેય જતો રહેવાનો છે ને રૂપિયાય જતા રહેવાના છે. જતું જ રહેવાનું છે ને બધુંય ? મહીં પોક જ મૂકવાની ને છેવટે ? પૂળો નહીં મૂકવાનો ? છેવટે શું આનું ? પૂળો જ મૂકવાનો ને ? તો વળી આ પહેલેથી મરીને શું કામ છે ?

આપણે સાવચેતી રાખવાની છે, સાવધાની રાખવાની છે, નહીં કે શંકા કરવાની. શું કરવાનું ?

**પ્રશ્નકર્તા :** એ બરોબર, હવે સમજાયું કે સાવધાની રાખવાની છે, શંકા નથી કરવાની.

**દાદાશ્રી :** સાવચેતી અને સાવધાની બેઉ.

**પ્રશ્નકર્તા :** હા, સાવચેતી અને સાવધાની.

**દાદાશ્રી :** બન્ને રાખવાની પણ શંકા નહીં કરવાની.

## કેટલાય અવતારોનું પૃથક્કરણ છે આ

રાત્રે સૂવા ગયો ભઈ, ને અગિયાર વાગ્યા, અને ઓઢીને સૂઈ ગયો ને તરત વિચાર આવ્યો, કે 'આ પેલા પચાસ હજાર રૂપિયાનું ખાતું પાડવાનું રહી ગયું, એ નહીં પાડી આપે તો શું થશે ?' તો થઈ રહ્યું ! કામ થઈ ગયું ભઈનું ! પછી મડદું જ જીવે છે એમ જીવ્યા કરે. મડદું જીવતું હોય ને, એના જેવું છે પછી.

શંકા પડે એટલે માણસનું વજન વધે કે ? માણસ મડદાની જેમ જીવતો હોય તેના જેવો હોય. આ બધી મેં પૃથક્કરણ કરેલી વસ્તુઓ છે. એ એક અવતારની નથી. એક અવતારમાં તો આટલા બધા પૃથક્કરણ ના થાય. એંસી વર્ષમાં તો કેટલાક પૃથક્કરણ થાય તે ? આ તો કેટલાય અવતારોનું પૃથક્કરણ છે તે બધું આજે હાજર થાય છે.

તમને રાત્રે શંકા આવે કોઈ પણ બાબતની, કે ફલાણાના રૂપિયા દસ હજાર બાકી છે, નહીં આવે તો શું ? એ તે હવે શું ? આખો દહાડો તમને શંકા ના આવી ને રાત્રે જ્યારે આવી ત્યારે દુઃખ થાય છે, અને આખો દિવસ તે ના આવી, તો ના આવી તો શું તે ઘડીએ દુઃખ નહોતું ? શંકા ઉત્પન્ન થાય તો દુઃખ થાય ને તમને ? તો શંકા આ ઘડીએ કેમ થઈ ને પહેલા કેમ ના થઈ ?

**પ્રશ્નકર્તા :** એનું શું કારણ ?

**દાદાશ્રી :** તે આ મૂર્ખાઈ આપણી. જો શંકા કરવી હોય તો કાયમ શંકા કરો. એટલી બધી જાગૃતિપૂર્વક શંકા કરો. એ આપીએ ત્યારથી જ શંકા.

## આખી રાત કરાવે તરફડાટ

તમારે કોઈ દહાડો શંકામાં રાત બગડેલી પહેલા ?

**પ્રશ્નકર્તા :** પહેલા બગડતી. જ્ઞાન પહેલા ખરી એવી પરિસ્થિતિ.

**દાદાશ્રી :** શામાં બગાડતા'તા ?

**પ્રશ્નકર્તા :** આ વેપારની અંદર.

**દાદાશ્રી :** એટલે કોઈ દસ હજાર ના આપે ને, તે શંકા આવી કે તરત આખી રાત કાઢી નાખે, નહીં ?

**પ્રશ્નકર્તા :** ઊંઘ જ ના આવે. એટલે બને જ એવું.

**દાદાશ્રી :** પછી પાંચ હજાર પેલો ભરી જાય, રાતે આવીને ? તો આપણે શું કરવું ? કંઈક બહાર ચોગરદમની ઉપાધિ આવી ચંદુભાઈને, એટલે આપણે ચંદુભાઈને કહેવું, 'જોઈ આવો જોઈએ, સાડા બાર થયા છે. જુઓ બહાર, લોકો જાગે છે કે ઊંઘી ગયા છે ?' 'બધા ઊંઘી જ ગયા છે, કોઈ જાગતું નથી.' 'તો વળી આપણે દોઢડાહ્યા શું કરવા જાગીએ ? ઓઢીને પથારીમાં સૂઈ જાવ નિરાંતે !' બધા ઊંઘી જાય એટલે આપણે

ઊંઘી જવું. એ ભાંજગડ શી વળી ? જાણે આપણે લીધે દુનિયા ચાલતી હોય એવું મૂઆ મનમાં માની બેઠો છું ! આ બધું વ્યવહારના દાખલા નહીં સમજવાથી આખું જગત ફસામણમાં છે ! ક્ષણે ક્ષણે એમાં એ તરફડાટ તરફડાટ અનુભવી રહ્યું છે. વધારે બુદ્ધિ એમ વધારે તરફડાટ. ઓછી બુદ્ધિવાળાને ઓછો તરફડાટ. અને તરવારની (તલવારની) ધાર જેવી બુદ્ધિ હોય, એ તરફડાટની બહાર નીકળી જાય ધીમે ધીમે.

**પ્રશ્નકર્તા :** એ કેવી રીતે, દાદા ?

**દાદાશ્રી :** આ બુદ્ધિ તો મૂઢમાર મારે. પાછા ફરી વળી ભૂલી જઈએ. અને તરવારની ધાર જેવી બુદ્ધિ તો અડતાની સાથે લોહી કાઢે, ઝરેડા (ઉઝરડા) પાડે. એટલે (પોતે) ખસી જાય. 'હવે ફરી નહીં અડવાનું.' એટલે તરવારની ધાર જેવી બુદ્ધિ હોય તો નીકળે બહાર. નહીં તો આ ના નીકળે. એને કૉમનસેન્સ કહેવામાં આવે છે.

## પહેલેથી જ શંકા તોડી નાખવી

એ કંપની હાલી કે તરત ચિંતા, શંકા ઊભી થાય. તે ઠેઠ સુધી, કંપની તૂટી જાય ત્યાં સુધી શંકા રહ્યા કરે. પછી કંપનીયે તૂટી જાય ને શંકાય તૂટી જાય, બેઉ સાથે તૂટી જાય. તો એના કરતાં પહેલા શંકા તોડી નાખીએ એ શું ખોટી ? કંપની જોડે શંકા તૂટે, શંકા તૂટવાની જ છે છેવટે. શંકા જો આખી રહેવાની હોય તો ઠીક છે, પણ આ તો એય તૂટવાની છે. તો પછી આપણે શંકા પહેલેથી જ તોડી નાખીએ એ શું ખોટી ? એટલે એટલા દહાડા ઊંઘ તો આવે !

## ખોટ ખાવી એના કરતાં ચોપડે જમે કરી દેવી

કો'કને લાખ રૂપિયા ધીર્યા હોય ને વ્યાજ આપ્યા કરતો હોય મહિને હજાર રૂપિયા. હવે છે તે એને બે-ત્રણ લાખ રૂપિયાની ખોટ ગઈ, પણ એણે વ્યાજ તો મોકલ્યું. એટલે આપણે જાણ્યું કે 'વ્યાજ મોકલ્યું છે', પણ જ્યારથી શંકા પેસે કે 'એને આ ખોટ ગઈ છે તો વખતે મૂડી નહીં આપે ત્યારે શું કરીશ ?' એ આવી બન્યું !

**પ્રશ્નકર્તા :** ઊંઘ ના આવે પછી.

**દાદાશ્રી :** એટલે હું તે દહાડે શું કહું ? 'અંબાલાલભાઈ, જમે કરી દો, રૂપિયા આવી ગયા.' આ ખોટ ખાવી તેના કરતાં જમે કરીએ, તે આપણે ચોપડે જમે કરી દેવી સારી. ખાનગી, પેલો જાણે નહીં એવી રીતે.

**પ્રશ્નકર્તા :** ખરું છે. શંકા થઈ તોય પેલા જે આવવાના હશે તે આવશે, નહીં આવવાના હોય તો નહીં આવે. પણ આ પેલા જમા કરે, તો શંકામાંથી, દુઃખમાંથી છૂટી ગયા.

**દાદાશ્રી :** હા.

## સમજી જવું કે આ જ ન્યાય, છતાંય ધક્કા ખાવાના

હિસાબ વગર કશું બનતું નથી. કોઈને વીસ હજાર રૂપિયા આપ્યા અને પછી આપણને એમ લાગે કે આવશે, આવશે, આવશે, પણ બાર મહિના પછી મનમાં એમ શંકા પેઠી કે ના, હવે રૂપિયા આવે એવું લાગતું નથી. તો આપણે સમજી જવાનું કે આ જ ન્યાય. છતાંય એને ત્યાં ધક્કા ખાવાના. પણ રાગ-દ્વેષ નહીં કરવાના. એને જઈને કહેવાનું, આપણે કશુંય દેવું ના હોય તોય આપણે શું કહેવું, 'મારે બે-ત્રણ લાખનું દેવું થઈ ગયું છે અને હું જ જાણું છું મારી સ્થિતિ.' અને પછી જે કંઈ બે હજાર-પાંચ હજાર નીકળ્યા એ સાચા.

આ ઉઘરાણીઓ કરે છે તેણે ઉઘરાણી કરવાની પણ એને માટે અવળો વિચાર નહીં કરવાનો કે શંકા નહીં કરવાની કે આ માણસ નથી આપે એવો કે નાલાયક છે, એવું નહીં વિચારવાનું. આપણે ઉઘરાણી કરવાની, પણ એને દુઃખ ના થાય એવી વાણી બોલવાની, વર્તન રાખવાનું. વિનય રાખવાનો વ્યવહારમાં. વ્યવહાર એટલે વ્યવહાર !

❖❖❖❖❖

# [૬]
# શંકા કામકાજમાં અંતરાયરૂપ

## વિચારોનો એન્ડ આવે, શંકા એન્ડલેસ

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે કોઈ પણ કામ કરવા જતા એમાં રહેલા બધા જોખમોનો વિચાર કરવો પડે. એમાં ઈન્વૉલ્વ (સામેલ) થયેલા માણસોની શક્તિ, એની દાનત વિશે વિચાર કરવો જોઈએ. શંકા તો ના કરીએ કે આ માણસ આવું ખોટું કરશે અથવા ખોટું કરે છે, પણ ખોટું કરવાની પૉસિબિલિટી (શક્યતા) હોય એનો વિચાર તો કરવો પડે ને, કોઈ પણ કામ કરે એનો ?

**દાદાશ્રી :** હા, વિચાર કરવાની બધી છૂટ જ છે ને ! શંકા કરવાની છૂટ નથી. વિચાર જેટલા કરવા હોય એટલા કર. આખી રાત વિચાર કરવા હોય તો કર પણ શંકા ના કરીશ. કારણ કે એન્ડ જ નહીં આવે. શંકા એ એન્ડલેસ (અંતહીન) વસ્તુ છે. વિચારોનો એન્ડ આવશે. મન થાકી જાય ને ! વિચારો કર, તારે ફાવે એટલા કર ને, આખી રાત. કારણ કે મન હંમેશાં થાકી જાય છે બહુ વિચારવાથી. એટલે એ બંધ થઈ જાય, એની મેળે જ બંધ થઈ જાય. પણ શંકા ના થાકે.

**પ્રશ્નકર્તા :** શંકા થાકે નહીં !

**દાદાશ્રી :** આમની આવે, તેમની આવે, તેમની આવે.

## સોંપ્યું તો પૂરો વિશ્વાસ રાખો, નહીં તો સોંપશો નહીં

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે કોઈને કામ સોંપ્યું હોય તો એ સરખી રીતે કામ કરશે કે નહીં એવી શંકા રહે.

**દાદાશ્રી :** સારા માણસ પર શંકા કરીએ તો કામ બગડે. બગડે કે સુધરે ?

**પ્રશ્નકર્તા :** બગડે, દાદા.

**દાદાશ્રી :** શી રીતે ?

**પ્રશ્નકર્તા :** કારણ કે અવિશ્વાસ રહે ને ! આપણને બિલકુલ અવિશ્વાસ જ રહે બધી વાતમાં.

**દાદાશ્રી :** મેલો ને ! ડહાપણ કરવાનું છોડો ને આપણે અહીંથી. તે કામ થતું હોય તોય ના થાય.

ઊલટો આપણા લોકોએ ફુલ ફેઈથ (પૂર્ણ વિશ્વાસ) રાખવો જોઈએ. જેના હાથમાં કામ સોંપીએ, સોંપ્યું તો ફુલ ફેઈથ રાખવો. નહીં તો સોંપવું નહીં. ત્યારે કહે, એના માટે દાખલો આપો કોઈ, એ ફુલ ફેઈથ રાખવાથી શું ફાયદો થાય ? અને શંકા કરવાથી શું થાય ? આપણા લોકો આપ્યા પછી શંકા કર્યા કરે. કો'ક કહે, 'હમણે તો ઘરમાં બહુ રોફથી જીવે છે આ તમારા મેનેજર.' એટલે આ અક્કરમી વિચારે કે પાંચસેક રૂપિયા કાઢી લીધા હશે. એવું નહીં કરવું. હવે એ શેના જેવો દાખલો, કે આપણને ડ્રાઈવિંગ આવડતું નથી. એટલે કોઈને ડ્રાઈવિંગ સોંપ્યું. હવે એની પર શંકા કરવી કે શું કરવું ?

**પ્રશ્નકર્તા :** એના પર પૂરો વિશ્વાસ.

**દાદાશ્રી :** શંકા કરો તો અથડાશે. એટલે શંકા આવે તોય બંધ કરી દો. 'આ આમ કેમ થયું ?' એ ના હોવું જોઈએ. એવી રીતે પેલામાંય પણ... કારણ કે આપણે એને સોંપ્યું છે. અને તમારી શંકા નહીં હોય, તો એ તમને સલામત રીતે લઈ જશે ! અને શંકા થઈ ત્યાં

ઊંધું થયું. માટે કોઈ જગ્યાએ સોંપો ત્યાં આગળ આ ભાંજગડ નહીં કરવાની.

આ તો અમારું આવું વલણ હોય ને બધું, અમારે સિમિલિઓ (ઉપમાઓ) હોય અમારી પાસે તરત જ, કે મોટર ડ્રાઈવરને સોંપીને જઈએ છીએ. અને પ્લેનમાં આને (પાયલટને) સોંપીએ જ છીએ, પેલો ગાંડો હોય તોય સોંપીએ છીએ. ગાડીમાંય દારૂડિયા હોય તોય સોંપીએ છીએ. અને અહીં આગળ છે તે તને ખૂંચ્યો ? એવી અમને સિમિલિઓ તરત એ (યાદ) આવે. એટલે અમને ક્ષણ પણ અજંપો ના થાય. આ વ્યવહાર અમારો બહુ ઊંચો હોય ! અને તરત જ અમારી પાસે સિમિલિઓ હોય. અને આ તમને સિમિલિ કહીએ તો પછી તમનેય અજંપો ના થાય. પણ તમને એ સિમિલિ યાદ આવે નહીં. બાકી આ ડ્રાઈવરોની સિમિલિ તો કાંઈ જેવી તેવી સિમિલિ છે ? સોંપી નથી દેવું પડતું ?

**પ્રશ્નકર્તા :** સોંપી દઈએ છીએ ને ! ગાડીમાં બેસીએ છીએ ત્યારે એન્જિનને ઓળખતાય નથી, ચલાવનારને જોયોય નથી હોતો અને છતાંય શાંતિથી સૂઈ રહીએ છીએ.

**દાદાશ્રી :** જોયોય ના હોય. હા... માટે આ જગતમાં શાંતિથી રહો. શું કામ હાય હાય કરો છો વગર કામના ? હાય હાયથી બગડ્યું.

**પ્રશ્નકર્તા :** હા, હાય હાયથી બગડ્યું છે.

**દાદાશ્રી :** તેથી બગડ્યું. એક પ્રોફેસર તો રસોડામાં જઈ અને જોઈ આવ્યા કરે, ''આ મરચાં ગયા મહિને લઈ આવ્યો'તો ને આ કંઈ ગયા ?'' હવે આવા પ્રોફેસર ! એ તો એને સારું થયું કે એમના વહુ મને કહેતા'તા, આ તમારા પ્રોફેસરને કહેજો કંઈક, મરચાં જોવા હઉ અંદર આવે છે ! હવે આ અક્કલવાળાને શું કહેવું ? અરે, સોંપ્યું એટલે સોંપ્યું ! રસોડું એમનું ને આ આપણું. પછી ઘી એમણે કો'કને આપી દીધું હોય, ગમે તે કર્યું હોય ! ડ્રાઈવર આપણને ઊંધે રસ્તે લઈ જતો હોય અને ત્યાં છસ્સે માઈલ વધારે થવાનું હોય તોય પણ એ સોંપ્યું એટલે સોંપ્યું ! સમજવા જેવું છે ને ?

**પ્રશ્નકર્તા :** મોટી વાત છે.

**દાદાશ્રી :** અને કેટલાક તો આગળ ઍક્સિડન્ટ થાય એવું હોય ને, તો ડ્રાઈવરનો હાથ પકડે. અલ્યા, ના પકડીશ મૂઆ. નહીં ઍક્સિડન્ટ થતો હોય તોય થઈ જશે ! કારણ કે એ સાચવવાના પ્રયત્નમાં જ હોય, એક્ઝેક્ટ હોય છે ! લોકો બાઘા થઈ જાય, બાઘા ! એ તો સારું થયું, આ ધીમે ધીમે બાઘાપણું ઓછું થઈ ગયું લોકોનું, નહીં તો બહુ બાઘા હતા આપણા લોકો ! ડ્રાઈવર જોડેય ગાડીમાં કચકચ કરે, 'અલ્યા મૂઆ, ઍક્સિડન્ટ કરીશ. સીધું હાંક ને !' તે મૂઆ, આમ શું કરે છે એને બિચારાને ? એના મનનું ઠેકાણું ના રહે !

**પ્રશ્નકર્તા :** એના મનમાં કૉન્ફિડન્સ ઊલટો ઓછો થઈ જાય થોડો.

**દાદાશ્રી :** તે ડાહ્યા થઈ ગયા ધીમે ધીમે ! અનુભવ થતો ગયો ને ! ડાહ્યા થતા ગયા. નથી ડાહ્યા થઈ ગયા હવે ? કચકચ ના કરે, નહીં કોઈ ?

## એવું કોઈ બોલે તો એ નિમિત્તને વધાવી લેવું

**પ્રશ્નકર્તા :** દાદા, પરંતુ દારૂ પીધેલો જો ડ્રાઈવર હોય તો પછી એની બસમાં તો ના જ બેસાય ને ?

**દાદાશ્રી :** નહીં બેસો તો ક્યાં જશો ? આ બધું દારૂડિયું જ છે ને જગત આખું ! જગત જ આખું દારૂડિયું છે ! હા, કો'ક આપણને એમ કહે નૈમિત્તિક રીતે, કે 'જોજો, આ દારૂડિયો છે હોં, એની ગાડીમાં જશો નહીં.' તો બંધ કરી દેવું. એવું નિમિત્ત મળી જાય તો બંધ કરી દેવું. નહીં તો આવું શંકાઓ કરવા જાય, કે આ દારૂડિયો છે ને આ સારો છે ને, તો પાર નહીં આવે ! નિમિત્તથી કોઈ કહે, કે 'આ દારૂડિયો છે, એની ગાડીમાં બેસશો નહીં', તો ના બેસવું. કારણ કે નિમિત્તને ઓળંગવું નહીં. એ નિમિત્ત એની મેળે જ આવ્યું ને, એટલે આપણે નહીં બેસવું. એક્સેપ્ટેડ (સ્વીકાર્ય) ! પછી ભલે ને દસ રૂપિયા વધારે થતા હોય.

## કામ થવાનું જ નથી, એમ નક્કી કરી કરવું શરૂ

**પ્રશ્નકર્તા :** દાદા, આપણને અમથી અમથી શંકા થાય, વારેઘડીએ શંકા થાય, આ કામ થશે કે નહીં ? કોઈ પણ કામ માંડ્યું હોય તો શંકા થયા કરે કે આ કામ થશે કે નહીં ?

**દાદાશ્રી :** ના, એવી શંકા ના કરવી. આ કામ થવાનું નથી, એમ કહી દેવું. પછી થયું તો લાભ, ના થયું તો આપણે પહેલેથી નક્કી કરેલું.

**પ્રશ્નકર્તા :** થવાનું જ નથી.

**દાદાશ્રી :** આ કામ થવાનું જ નથી, એમ નક્કી કરી દેવું. પછી થયું તો લાભ, ના થયું તો ગયું. શંકા કરવાની શું કામ તે ? તમે અરજી કરી કે મારું આ આટલું વધારે પ્રમોશન થાય ને એ બધું... તે વખતે દાદા મારે શું કરવું ? ત્યારે હું કહું કે, 'ભઈ, કામ થાય યા ના થાય એ મને લેવાદેવા નથી. થાય તો એક્સેપ્ટેડ છે. થાય તો અમે પસંદ કરીએ છીએ અને ના થાય તો અમને કોઈ લેવાદેવા નથી. આવી રીતે આપણે તો વહેતું મૂકવું.'

જે ના મરી જવાનો હોય એને શંકા કરવાની જરૂર. અહીં થોડા દહાડામાં મરીને જવાનું લાકડાંમાં ! હા, એ ના મરવાનો હોય તેને કહી દેજો કે શંકા કરજે. તમેય કહેજો, ના મરવાનો હોય તો એને કહીએ કે શંકા કરજે, દાદાએ કહ્યું છે. વગર કામનો આમાં શંકા કરે ! જીવતાય ના આવડ્યું.

## શંકા એ જ અપશુકન

જે કાર્ય કરતા મહીં સહેજ પણ શંકા ના પડે તો તે કામ અવશ્ય થાય જ. શંકા પડી કે ગયું. અને શંકા એ જ અપશુકન. શંકા તો અપશુકન કહેવાય. ના કરાય એ. શંકાવાળાનું કોઈ કામ સારું થાય નહીં. મારાથી આ કામ થશે કે નહીં થાય, એવી શંકા પડે એનાથી એ કામ થાય જ નહીં.

'થશે કે નહીં થાય' એમ કરીને ચાલે એ માણસને શુકન થાય ? ડહાપણ અને દોઢડહાપણ કરે તો કામ થાય ? 'કામ થશે' એવું કંઈ કહે તો શુકન થાય. પહેલેથી જ 'ડાઉટ' ને 'નો ડાઉટ' કર્યા કરે, એમાં શું ભલીવાર આવે ?

કોઈ પણ જાતનો ડાઉટ ઊભો થાય, એટલે તરત વહેલી તકે કાપી નાખવું એ ડાઉટને તો. અને એને ડોલમાં નાખી, ઓગાળી અને પછી ડોલ ઢોળી દેવી, ગટરમાં. ડાઉટ તરત ઊભા થતા પહેલા કાઢી નાખવો.

## એવા હોય તો હાંકી મેલવા પડે

**પ્રશ્નકર્તા :** દાદા, આપણો દૃઢ નિશ્ચય હોય, પણ કોઈ બીજી વ્યક્તિને શંકા આવે તો ?

**દાદાશ્રી :** શી શંકા આવે ?

**પ્રશ્નકર્તા :** કે આ કામ થશે કે નહીં થાય એમ ?

**દાદાશ્રી :** તોય નુકસાન તો કરે જ. જેમાં શંકા પડી, ત્યાર પછી નુકસાન જ હોય. કોઈનેય શંકા ના પડવી જોઈએ. શંકા થઈ તો અપશુકન થયા.

**પ્રશ્નકર્તા :** બીજાને શંકા પડે તોય નુકસાનકારક ?

**દાદાશ્રી :** થોડું હરકત થાય મહીં, બાકી જો આપણને શંકા ના પડતી હોય તો કશોય વાંધો ના આવે. બીજા તો, આખી દુનિયા શંકા કર્યા કરે, એનો ક્યાં પાર આવે ?

અહીંથી અમદાવાદ જવા સંઘ નીકળ્યો, હેંડવા માંડ્યો. મહીં કેટલાક કહેશે, 'હારું, વખતે વરસાદ પડશે તો પાછું પહોંચાશે નહીં, એના કરતાં પાછા હેંડો ને !' શંકાવાળા હોય તો શું કરવું પડે ?

**પ્રશ્નકર્તા :** કાઢી મૂકીએ.

**દાદાશ્રી :** કાઢી મેલવા પડે. બે-ત્રણ જણ એવા હોય તો હાંકી

મેલવા પડે પાછા એને. નહીં તો આખું ટોળું બગડે. તે આના જેવો એકાદ હોય તો હાંકી મેલવો પડે, ત્યાંથી પાછો કાઢી મેલવો પડે.

## કરવું એમાં શંકા નહીં, શંકા આવે તે કરવું નહીં

જે કામ કરવું એમાં શંકા નહીં અને નહીં તો જો શંકા આવે તો એ કામ કરવું નહીં. આઈધર ધીસ ઑર ધેટ (આ અથવા તે). આવું હોતું હશે ? આવી વાતો કરતા હોય તેનેય ઉઠાડીને કહેવું, કે 'ઘેર જા, અહીં નહીં.' શૂરાતનની જોઈએ વાત.

આપણે અહીંથી ઘેર જવું છે ને એક માણસ એમતેમ બોલ્યા કરે, 'ઘેર જતા અથડામણ થાય તો શું થશે, અગર ઍક્સિડન્ટ થશે તો શું થશે ?' તો મન બધાના કેવા થઈ જાય ?

**પ્રશ્નકર્તા :** બધાને એવું થઈ જાય.

**દાદાશ્રી :** પેસવા જ નહીં દેવાનું, કાઢી મેલવાનું. હોય જ કેવી ? શંકા હોતી હશે ? દરિયા કિનારે ફરતા હોય ને કહેશે, 'મહીં મોજું આવે ને ખેંચી જાય તો શું થાય ?' પહેલા વાત કરી હોય કે મોજું આવીને કો'કને ખેંચી ગયું, તો આપણને શંકા પડે તો શું થાય ? એ બધી ફૂલિશનેસની વાતો ! ફૂલ્સ પૅરેડાઈઝ (મૂર્ખતા ભરેલી) ! અમે તો સાંભળેલી નહીં આવી શંકા-બંકા. જે કામ કરવું એમાં શંકા નહીં અને શંકા આવે તે કામ કરવું નહીં.

## શંકાવાળો કશું કામ સારું કરી શકે નહીં

'ગાડી અથડાઈ પડશે તો ?' એવું ડ્રાઈવર કહે, તો આપણે એને કહીએ, 'ઊતરી પડ, બા, હવે. બહુ થઈ ગયું.' શંકાવાળાની જોડે તો ઊભું જ ના રહેવું. આપણું મન બગડી જાય ઊલટું. શંકા કેમ આવવી જોઈએ ?

એવું કશું બનતું નથી. જેને શંકા પડે છે ને, તેને બધી ભાંજગડ ઊભી થાય છે. કર્મ રાજાનો નિયમ એવો છે, કે જેને શંકા પડે તેને ત્યાં પધારે.

**પ્રશ્નકર્તા :** શંકા પડે એને ત્યાં પધારે !

**દાદાશ્રી :** હા. અને જે ગાંઠે નહીં તેને ત્યાં તો ઊભા જ ના રહે.

શંકાવાળો કશું કામ સારું કરી શકે નહીં. કાર્ય કરવાવાળો કામ કરે. શંકાવાળો તો શંકાનો માર્યો ખવાઈ જાય છે એ માણસ, અને બીજાને શંકિત બનાવી દે છે. 'મને વહેમ છે, મને શંકા છે.' મૂઆ, મેલ પૂળો !

## ત્યાં શ્રદ્ધા રાખવી જ

હિતકારી શું છે આ જગતમાં ? જે કાર્ય કરવું જ પડે એવું છે, તો એની પર શ્રદ્ધા રાખવી જ. આપણે સ્ટીમરમાં ગયા વગર ચાલે એવું નથી, અને લોક કહે, 'કાલે સ્ટીમર ડૂબી છે.' તો આપણે કહીએ, 'નથી ડૂબવાની. આપણે જવાનું જ છે.' એટલે ત્યાં આગળથી આપણે શંકા છોડીને જ બેસી જવું. આપણે કરવું જ છે અને જરૂરિયાત છે, માટે શંકા છોડી દેવી.

**પ્રશ્નકર્તા :** એટલે શ્રદ્ધા રાખવી.

**દાદાશ્રી :** શ્રદ્ધા રાખવી. ટ્રેનમાં છે તે ગઈકાલે ઍક્સિડન્ટ થયો હોય અને આપણે બૉમ્બે આવવું હોય, આપણે બૉમ્બે આવવાની જરૂર જ છે અને ગઈકાલે ઍક્સિડન્ટ થયેલો તે વાત પણ સાચી છે, પણ શંકા રાખશો કે ભઈ, આમ થયું'તું ને કાલે આમ થશે, એવું રાખ્યા કરતાં શ્રદ્ધા જ રાખવી કે કશું કાંઈ થવાનું નથી, બસ !

❖❖❖❖❖

# [૭]
# શંકા અને ભય

## શંકાથી ભય ને ભયથી શંકા

**પ્રશ્નકર્તા :** દાદા, આ ભય અને શંકાને અરસપરસ સંબંધ ખરો ?

**દાદાશ્રી :** એ શંકાથી જ ભય ઉત્પન્ન થાય ને ! અને ભયથી શંકા થાય, એ બેઉ કારણ-કાર્ય જેવા. અને શંકા ગઈ એટલે ભય ગયો. શંકા ગઈ બધી જાતની, તો ભય ગયો.

**પ્રશ્નકર્તા :** દાદા, અહીં ફૉરેનમાં તો લોકોને જૉબ જતી રહેશે એવો ભય ને શંકા બહુ હોય છે.

**દાદાશ્રી :** શંકા પડે છે કે જૉબ જતી રહેશે તો શું થશે ? અલ્યા મૂઆ, હજુ જૉબ જતી રહે તે દહાડે કહેજે ને, આજે શું કરવા કહું છું તે ? ત્યાર પછી સાત વર્ષ સુધી તો નોકરી કરતો હોય ત્યાં ને ત્યાં ! ત્યારે મૂઆ, આ વિચાર આવે છે ત્યારે તને એમ કેમ વિચાર નથી આવતો, કે મારી કાર અથડાઈ જશે તો હું શું કરીશ ? નહીં ? અથડાય એવું નથી ? એ કેમ નથી વિચાર આવતો ? ત્યારે એની અક્કલ બડી (વધારે) છે ને ? બડી અક્કલ ! તે ખોળી કાઢ્યું, આવું શોધખોળ કર્યું. તે આપણે એ જે કહે ને મહીંથી, જે અક્કલ બોલે ને, એને કહીએ, 'આ કાર અથડાશે, તેનું કેમ નથી બોલતા ? બધું જ બોલી નાખો ને સામટું ! કયો સંજોગ સુખદાયી છે ? કહે. ભયંકર, નિરંતર ભયવાળું આ જગત ! તે આ

એકલું જ તમને ભય લાગે છે ?' માટે નિરંતર ભયવાળું છે એટલે કોઈ ભય માથે રાખવા નહીં, એવું આપણે કહીએ છીએ. નિરંતર ભયવાળું જગત છે, એટલે કોઈ ભય રાખશો નહીં. અને રાખો તો બધા ભય રાખો. મરણનો ભય કોઈ રાખે છે ? ત્યારે શું મરતા નથી ? આવું જગત ! હવે વગર કામનો જૉબને શું કરવા મૂઆ આગળ લાવ લાવ કરે છે ?

## મરવાની શંકા થાય છે ?

શંકા કરવી તો બધી જાતની કરવી જોઈએ કે ભઈ, કાલે મરી જવાય તો શું થશે ? ના મરી જવાય ?

**પ્રશ્નકર્તા :** મરી જાય ને !

**દાદાશ્રી :** ત્યાર પછી એમાં શંકા કરવી હોય તો બધી જાતની કરવી, આ એક જ જાતની કેમ કરવી ?

**પ્રશ્નકર્તા :** કરવી તો બધી જાતની કરવી, નહીં તો એકેય ના કરવી.

**દાદાશ્રી :** નહીં તો શંકા નહીં.

આ લોકોને, આખા મુંબઈ શહેરના દરેક માણસને પૂછી આવ, કે 'ભઈ, તમને મરવાની શંકા થાય છે ?' ત્યારે કહે, 'ના થાય.' કારણ કે એ જાણે કે આ શંકા કરીએ તો મરી જઈએ હમણે. મરી જવાની શંકા પડે ને, તો તરત કાઢી નાખે, ભય લાગે ખૂબ. એટલે ખોદીને મૂળિયાં સાથે કાઢી નાખે. અને બીજી શંકાઓ સંઘર સંઘર કરે ! અલ્યા મૂઆ, મહીંથી કાઢ ને !

## લૂંટાઈ જવાની શંકા

**પ્રશ્નકર્તા :** દાદા, હું કોઈ અજાણ્યા વિસ્તારમાં જઉં તો કોઈ છેતરી જશે, લૂંટી લેશે એવો ભય, શંકાઓ રહ્યા કરે છે.

**દાદાશ્રી :** સત્તા કોઈના હાથમાં છે ?

**પ્રશ્નકર્તા :** કોઈના હાથમાં નથી.

**દાદાશ્રી :** તો શંકા શેને માટે ? અહીંથી આપણે બહારગામ જતા હોય, અને કોઈ કહે કે અહીં આગળ અત્યારે તો મહીં લૂંટવા માંડ્યા છે, તો આપણે ત્યારથી શંકા કરીએ તો શું થાય ? આ જ્ઞાન સાંભળ્યું, ત્યારથી શંકા થાય તો શું થાય, શેઠ ? આપણી પાસે દસ-પંદર હજાર રૂપિયાનું ઝવેરાત ને એ બધું હોય, પછી મનમાં શંકા થાય તો શું થાય ? હજુ લૂંટારો જોયો નથી, હજી લૂંટ્યા નથી, તે પહેલા તો એ લૂંટાઈ જાય મૂઓ ! વસ્તુ બન્યા પહેલા લૂંટાઈ જાય.

અમે જાત્રાએ જતા'તા આડત્રીસ માણસ. નીરુબેન ને અમે બધા. તે એક શહેરમાં ગયા. કયા શહેરમાં ગયા'તા ?

**નીરુમા :** બરેલી. બરેલી આવ્યું'તું.

**દાદાશ્રી :** હવે એ શહેરમાં ફોજદારોએ બસ રોકી, પોલીસવાળા બધાએ, સાડા આઠ થઈ ગયેલા. મેં કહ્યું, 'કેમ ભઈ, શું છે ?' ત્યારે કહે, 'હવે અહીંથી આગળ નહીં જવાનું.' મેં કહ્યું, 'કારણ શું પણ ? અમે તો જાત્રાએ નીકળેલા છીએ.' ત્યારે કહે, 'આગળ નહીં જવાનું, આગળ તો આ રસ્તે લૂંટાય છે લોકો. આ ચાલીસ માઈલનો રસ્તો છે, તે અહીં વારેઘડીએ લૂંટ થયા કરે છે. એટલે રાત્રે નહીં જવા દેવાના.' મેં કહ્યું, 'દહાડે નથી થતી ?' ત્યારે કહે, 'દહાડેય થાય છે.' તો મેં કહ્યું, 'ક્યારે જવું ? રાત્રેય થાય છે, દહાડેય થાય છે.' પછી મેં ફોજદારને કહ્યું, 'અમને વાંધો નથી, અમારી જવાબદારી પર જવા દો ને !' ત્યારે કહે, 'તો તમે જાવ, પણ બે પોલીસવાળા સાથે લઈ જવા પડશે.' ત્યારે મેં કહ્યું, 'ભઈ, મૂકો.' ભરી બંદૂકો સાથે, તે બેસાડ્યા પછી.

કોઈ બાપોય નથી અડે એવો, જગતમાં ભડકવાની જરૂર જ નથી. એ ત્યાં આગળ રાતના એક વાગ્યા સુધી બેસી રહ્યા હોય અને પછી કહેશે, 'આજે કોઈ શિકાર મળતો નથી', અને એ જાય, પાંચ મિનિટ છેટે ગયા હોય ને આપણી બસ ત્યાંથી પસાર થાય. ત્યાં એ કહેય ખરા કે 'અલ્યા, પાંચ મિનિટ હારુ શિકાર ખોયો !'

એવી કોઈને સત્તા નથી. શું કરવા ગભરાવાની જરૂર ? આ દુનિયામાં ગભરાવાની કોઈ જરૂર નથી. તમે માલિક જ છો. તમારી જાતના તમે માલિક જ છો, કશું ગભરામણ રાખવાની, કોઈ ફિકર કરવાની જરૂર નથી. અને આ જે તમને અડચણો પડે છે, એ બધો તમારો હિસાબ છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** હિસાબ છે.

**દાદાશ્રી :** અને તમે જે ગૂંચવ્યું છે, એ ગૂંચવ્યાનું ફળ છે. આપણે ગૂંચવેલું હોય તેનું ફળ આવે કે ના આવે ? પછી એમાં બીજા કોઈનો ગુનો શો ? એટલે આપણે એ ફળ ભોગવી લેવાનું, શાંતિપૂર્વક. ફરી એવું ગૂંચવાય નહીં, એટલું જોવું જોઈએ. બાકી કોઈની ડખલ નથી. ભગવાનનીય ડખલ નથી કે કોઈનીય ડખલ નથી. ગજવું કાપે છે તેનીય ડખલ નથી. ગજવું કાપે છે એ તો આપણો હિસાબ ચુકાવડાવે છે.

વખતે બસમાં મળ્યા, તો હિસાબ હશે તો મળશે, નહીં તો કેવી રીતે મળશે તે ? છતાં ઉદ્ધતેય ના થઈ જવું જોઈએ. કેટલાક વખતે એ ફોજદાર કહે અને બધા મહાત્માઓય કહે, ત્યારે હું એકલો એમ ના કહું કે 'અત્યારે ચાલો.' હું જોઈ લઉં કે એવિડન્સ (પુરાવા) શું છે ? તે બધા કહે, કે 'ના, નથી જવું', ત્યારે હું કહું કે 'બરોબર છે.' પકડ ના પકડવી કોઈ જગ્યાએ.

## જેને શંકા પડે તે લૂંટાય

એક ફેરો ઘરેણાં, હજાર-બે હજારના દાગીના, ઘડિયાળ ને એ બધું લૂંટી લીધું હોય કોઈએ રસ્તામાં મારીને, તો પછી છે તે ફરી પહેરવાનું હોય ઘડિયાળ અને જવાનું હોય બહાર, તે ઘડીએ શંકા ઊભી થાય કે 'મારું હારું આજ ભેગો થશે તો ?' શું થાય ? હવે ન્યાય શું કહે છે ? ભેગો થવાનો એમાં છૂટકો થવાનો નથી. અને તું શું કરવા શંકા કરે છે વગર કામનો ?

હિસાબ વગર કશું થાય નહીં. એ યોગ જામવો ને, એ તો મહા

મહા મુશ્કેલી છે. અને જામવાનો હશે, તો હજારો પ્રયત્ન હશે તમારા, તોય ધૂળધાણી થઈ જશે. એટલે ડરવું નહીં, શંકા નહીં કરવી.

એ તો જેને શંકા પડે તે લૂંટાઈએય જાય. કો'ક કહેશે, ''ભઈ, આ રસ્તામાં કો'ક વખત લૂંટાઈ જઈએ તો ?'' તો જેને શંકા પડે તે લૂંટાઈએય જાય, બને એવું. જેને શંકા પડે તેના હારુ એવો સંજોગ હોય તો શંકા ઊભી થાય ને ! શંકા કેમ ઊભી થઈ ? માટે એવા સંજોગ હોય તો શંકા ઊભી થાય.

## કોઈએ મારી નાખવાનું કહ્યું હોય તોય...

કોઈએ મારી નાખવાનું કહ્યું હોય તોયે ત્યાં આગળ શંકા રાખવાની જરૂર નથી. કંઈક મોઢે બોલેલું જો એ પ્રમાણે થતું હોય, તો આ લોકો છે તે એ બધા ધારેલું કરવાવાળા થઈ જ ના ગયા હોય ! પણ વચનબળ ક્યાંથી લાવે એવું ? વ્યવહારમાંય મોટા માણસોને હોય, પણ એવા વચનબળ કંઈથી લાવે બધા ? મારી નાખનારા માણસને વચનબળ એટલું બધું ક્યાંથી હોય ? અને આપણેય (પોતાને) કહેવું કે તમે એવી શંકા ના કરતા હોય તો આવું કારણ ઊભું ના થાય ને ! એવું આપણેય કહેવું. પ્રકૃતિ તો છોડશે નહીં. જે પ્રસંગો બનવાના છે, વાતચીત કરવાના કે બીજા, એ તો ફિલ્મી છે ને બધા ?

**પ્રશ્નકર્તા :** ફિલ્મી છે.

**દાદાશ્રી :** ચીતરેલું છે ને ? પછી અહીં થઈ ગયું વિચિત્ર. પણ ચીતરેલું તો ખરું જ ને ? માટે શંકા તો નામેય કાઢી નાખવી.

## જગત ન્યાય સ્વરૂપ, કોઈ નામ દેનાર નથી

**પ્રશ્નકર્તા :** એટલે એ ભય રાખવો નહીં.

**દાદાશ્રી :** નહીં, ભય રાખવો નહીં... ભય ના રાખ્યો, ના રહે. એ તો રહે. એ પેસી જ જાય. શંકા કર્યા જ કરે. પણ કશું કોઈથી બને એવું નથી. કોઈથી કશું વળે એવું છે જ નહીં. આ જગતમાં કોઈ એવો જન્મ્યો

જ નથી, જે તમારું નામ દે. અને નામ દેનારો હશે, તેને તમે લાખો ઉપાય કરશો તોય તમારું કશું વળવાનું નથી.

**પ્રશ્નકર્તા :** તોય નહીં અટકાવી શકાય.

**દાદાશ્રી :** કશું વળવાનું નથી, માટે કઈ બાજુ જવું હવે ? શું લાખો ઉપાય કરવામાં પડી રહેવું ? ત્યારે કહે, ના, આમાં કશું વળવાનું નથી. માટે આત્મા ભણી જાવ. શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** આત્મા ભણી જાવ.

**દાદાશ્રી :** હા, આ બધા કામ પડતા મેલીને આત્મા ભણી જાવ, કહે છે.

કિંચિત્માત્ર તમને કશું કોઈ કરી શકે એમ છે નહીં, એની ગૅરેન્ટી હું લખી આપું. જો તમે કોઈનામાં સળી ના કરો, તો તમને સળી કરનારો દુનિયામાં કોઈ નથી. નર્યા સાપ અહીં ભર્યા હોય તોય તમને અડે નહીં.

**પ્રશ્નકર્તા :** હકીકત છે, બરાબર છે.

**દાદાશ્રી :** એવું ગૅરેન્ટીવાળું આ જગત છે. જો ગૅરેન્ટી ના હોય તો પછી જગતમાં કામનું જ નહીં. જગતનો અર્થ જ નહીં ને !

જ્ઞાનીઓ શી રીતે સહીસલામત રહેતા હશે અને શાથી આનંદમાં રહેતા હશે ? જગત જાણીને બેઠા છે, કશું જ થવાનું નથી. કોઈ નામ દેનાર નથી. હું જ છું બધામાં, હું જ છું, હું જ છું, બીજું કોઈ છે જ નહીં.

## બધા વાંધા પોતાની જ શંકાથી

હિન્દુ-મુસલમાનોનું હુલ્લડ થયેલું હોય અને છતાં મુસલમાનના ગામમાં રહીને જવાનું હોય તો મનમાં પરિણામ બદલાવા ના જોઈએ, કે આ મુસલમાનનું ગામ છે ને શું થશે ? એવું ના હોવું જોઈએ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** વિશ્વાસ રહેવો જોઈએ.

**દાદાશ્રી :** ના, એવા વિચાર તો આવ્યા વગર રહે નહીં, કારણ કે

જગતનું જ્ઞાન એણે પચાવેલું છે. સંસારી લૌકિક જ્ઞાન પચાવ્યું છે એટલે વિચાર એવા આવે, કે 'મુસલમાનનું ગામ છે તો શું થશે ?' પછી આપણે બધાય મુસલમાનોની ક્ષમા માગી લેવી કે ભઈ, તમારા માટે આવું મેં કલ્પ્યું, તે ખોટું કલ્પ્યું છે. તમે પણ અમારા જેવા જ દેહધારી છો અને મનુષ્યરૂપે છો, આપણે એક જ રૂપે છીએ. એવું તરત પાછું ફેરવી નાખી અને પછી જઈએ તો કશો વાંધો ના આવે. આ બધા વાંધા પોતાની જ શંકાના આવે છે. શેના વાંધા આવે છે ?

**પ્રશ્નકર્તા :** પોતાની શંકાના.

**દાદાશ્રી :** જંગલમાં પેસતા સાથે જ એને લૌકિક જ્ઞાનના આધારે બે વિચાર આવે. 'સાલા બહારવટિયા કંઈ મળશે તો ?' પછી પાછું લૌકિક જ્ઞાનના આધારે ફરી વિચાર આવે કે 'કંઈ જંગલી જનાવર ભેગું થઈ જાય તો ?' તે બેઉનુંય પ્રતિક્રમણ કરી અને આપણે ચાલ્યા જઈએ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** શંકા વગર જવાનું.

**દાદાશ્રી :** હા. જેમ આ બધા હિન્દુઓ છે, પણ અહીં મુસલમાન આવે છે તો કેવા ભાવથી ને કેવા માનથી રાખે છે, એવું મુસલમાનોય એવા જ ભાવથી હિન્દુઓને રાખે છે, તે મેં જોયેલું છે. મેં તો અનુભવેલું, જાતે જોયું છે. કારણ કે મારી ઉપર તો આખી મુસલમાનની કોમ ફિદા છે.

એટલે આ ખોટી શંકાઓ છે બધી. અને એ બધી શંકા જ મારે છે. એટલે શંકાઓ આવે તો આવવા ના દેવી, પ્રતિક્રમણ કરવા.

## એ કહેવાય નિરાશ્રિત

**પ્રશ્નકર્તા :** દાદા, આમ 'શું થશે' એવો વિચાર કેમ આવી જતો હશે ?

**દાદાશ્રી :** એક શેઠ, એક મહારાજ અને તેમનું પાળેલું એક કૂતરું એમ ત્રણ જણા પ્રવાસે નીકળ્યા. તે રસ્તામાં ઘનઘોર જંગલ આવ્યું અને

સામા ચાર બહારવટિયા ધારિયાં, બંદૂક સાથે મળ્યા. આ પ્રસંગની ત્રણેયને શી ઈફેક્ટ (અસર) થાય ? શેઠને થાય કે આ મારી પાસે દસ હજારની પોટલી છે તે મૂઆ લઈ લેશે તો મારું શું થશે ? ને મારી નાખશે તો મારું શું થશે ? મહારાજને શું થાય ? આપણી પાસેથી તો કંઈ લેવાનું છે જ નહીં. આ લોટું-બોટું છે તે મૂઆ લઈ લેશે તો દેખા જાયેગા. પણ મૂઆ, મારો ટાંટિયો-બાંટિયો ભાંગી નાખે તો મારું શું થશે ? મારી ચાકરી કોણ કરશે ? અને કાયમનો લંગડો થયો તો મારું શું થશે ? જ્યારે પેલું કૂતરું તો એક વારકું બહારવટિયાઓની સામું ભસશે ને બહારવટિયા જો એને લાકડી મારશે તો એ ક્યાંઉં... ક્યાંઉં... કરતું ટગર ટગર શેઠને પડતો માર જોયા કરશે. તેને એમ ના થાય કે મારું શું થશે ? કારણ કે તે આશ્રિત છે ને આ અક્કરમીઓ નિરાશ્રિત છે. 'મારું શું થશે' એવું એક વાર પણ વિચારમાં આવ્યું તો તે નિરાશ્રિત છે.

## 'મારું શું થશે' એ તો આવવા જ ના દેવું

માંદો થયો કે 'શું થશે, દેહ છૂટી જાય તો ?' અરે મૂઆ, શું થઈ જવાનું છે ? દુનિયા ચાલ્યા જ કરે છે. તું તારે અહીંની ચિંતા ના કરીશ.

શ્રીમદ્ રાજચંદ્રના શિષ્ય હતા, લઘુરાજ સ્વામી. જેમને પ્રભુશ્રી કહેતા'તા. તેમનું નામ લલ્લુભાઈ. અને આમ સ્થાનકવાસી સાધુ, પણ કૃપાળુદેવના શિષ્ય થઈ ગયેલા. તે સુરતમાં મુકામ હતો એમનો. તે સુરતથી કાગળ લખ્યો અહીં આગળ મુંબઈમાં, કે 'અમારે બધાને મુંબઈ આવવું છે, દર્શન કરવા તમારા.' ત્યારે કૃપાળુદેવે કહ્યું કે 'આ મોહમયી નગરી છે, અહીં સાધુઓને આવવાની જરૂર નથી. અહીં આગળ મોહ ચોંટી જ પડશે તમને. માટે તમારે સાધુઓએ આ મોહમયી નગરીમાં આવવાની જરૂર નથી.' ત્યારહોરુ એમના ઓળખાણવાળા એક હતા લલ્લુજી, રોજ દર્શન કરવા આવતા'તા. તે એમને કંઈક વ્યાધિ થઈ ને ઓચિંતા મરી ગયા. પછી પોતાને તાવ આવ્યો ને તબિયત નરમ થવા માંડી, ત્યારે એમના મનમાં વિચાર આવ્યો કે મારી ને પેલા લલ્લુજીની એક જ રાશિ, પેલા લલ્લુજી મરી ગયા, તો મારું શું થશે ? એ શંકા પડી

એમને. પેલા મરી ગયા એટલે કહે છે કે મારી રાશિ ને એની રાશિ એક, ને એ મરી ગયા ને હવે મને વહેમ પેસી ગયો. હવે વહેમ બહુ સુખ આપે, નહીં એ ?

**પ્રશ્નકર્તા :** અંદર કીડા જેવું કામ કરે. કોતર્યા કરે અંદર.

**દાદાશ્રી :** જાગ્રત કાળ બધો જ એને કૈડી ખાય. જાગ્રત કાળમાં કૈડ્યા જ કરે એ. ટી.બી.નો રોગ. ટી.બી. તો સારો, અમુક કાળ સુધી જ અસર કરે, પછી ના કરે.

તે કૃપાળુદેવને કાગળ લખ્યો કે આ લલ્લુજી એક મરી ગયા ને હવે મને શંકા પડી છે. એની ને મારી રાશિ એક, એટલે મારા મનમાં એમ થયું કે આ દેહ છૂટી જશે, તો હું દર્શન કર્યા વગર રહી જઈશ. એટલે કૃપાળુદેવે લખ્યું કે દેહ છૂટવાનો ભય રાખશો નહીં અત્યારે. એ શંકા કાઢી નાખજો, કશું થવાનું નથી તમને. અમારા દર્શન થશે તમને, કહે છે. પણ શંકા પડી એટલે વેશ થયો. 'મારું શું થશે ?' એ તો આવવા જ ના દેવું. આપણે જ છીએ માલિક. માલિક કોઈ બાપોય નથી, બીજો કોઈ.

## કો'કનું કહેલું માને, પણ પોતાની સ્ટેબિલિટી નહીં

કૃપાળુદેવે આવું કહ્યું એટલે શાંતિ થઈ પછી. એ આવું કો'કનું કહેલું માને પણ પોતાની ત્યાં સ્ટેબિલિટી (સ્થિરતા) નહીં કોઈ જાતની. જ્યોતિષ કહે ને, તોય માને. જ્યોતિષ કહે, શું સરસ જોષ છે બધા ! તમને કશું જ થવાનું નથી, એટલે પાછું એવું જ. એટલે પોતાનુંયે સ્ટેબિલાઈઝ નથી.

ડૉક્ટર તમને કહે ને કે કશો વાંધો નહીં, ત્યારે ડૉક્ટર મૂઓ સાચી વસ્તુ છે ? એય આશરે જ બોલે છે. શું બોલે છે ?

**પ્રશ્નકર્તા :** એય આશરે બોલે.

**દાદાશ્રી :** આશરે... ત્યારે બુદ્ધિ, ડૉક્ટર કહે તો સાચું માને, તો તમારી જાત ઉપર સાચું માનવાનું નથી ફાવતું ? મને દાક્તરે (ડૉક્ટરે)

કહ્યું છે, હવે કશો વાંધો નહીં. અરે મૂઆ, પહેલેથી ડૉક્ટરના કહ્યા વગર જ તું નક્કી કર કે મને કશો વાંધો થવાનો નથી. શું કહેવાનું ?

**પ્રશ્નકર્તા :** મને કશો વાંધો આવવાનો નથી.

**દાદાશ્રી :** અને વાંધો આવશે ત્યારે છોડવાનું નથી કોઈ. માટે વાંધો રાખવાની જરૂર જ ક્યાં છે ? ભય રાખવાનું કારણ જ ક્યાં રહ્યું ? વાંધો આવે ત્યારે છોડે કોઈ ? અને નહીં તો વાંધો રાખવાની જરૂર નથી ને ! મને પ્રેશર થઈ ગયું ને આમ થઈ ગયું ! અરે મૂઆ, એ વાત જ કરીશ નહીં. વગર કામના... વધારે શંકાથી જ માણસ મરી જાય છે.

## દવા લેવી, પણ સાઇકોલોજિકલ ઇફેક્ટ ન થવા દેવી

**પ્રશ્નકર્તા :** તો દાદા, માણસ માંદો પડ્યો હોય, તો એને દવા તો કરવી જ પડે ને કે ના કરવી પડે ?

**દાદાશ્રી :** એ 'કરવું ના પડે' કે 'કરવું પડે', એવું 'ના' કે 'હા' નથી આપણે ત્યાં. અંતઃકરણમાં જે મહીં વિચાર આવે ને, એ પ્રમાણે કરવાનું. પણ આ શંકાઓ નહીં રાખવાનું કહું છું. કોઈ જાતની શંકા રાખવાની નહીં. દવા તો કરવી, મહીં આ વિચાર આવે કે તરત. કહે કે હેંડો ડૉક્ટરને ત્યાં, તો જવું આપણે ડૉક્ટરને ત્યાં. ડૉક્ટરની દવાયે લેવી. પણ ડૉક્ટર કહે કે તમને પ્રેશર (બ્લડપ્રેશર) બહુ વધી ગયું છે, એ આપણે મહીં જમે નહીં કરવું, ચોપડીમાં નહીં લખવું. જાણવું કે ડૉક્ટરે કહ્યું. નહીં તો ડૉક્ટરને પૂછવું કે 'આપને ઘેર કોઈ માણસ મરી ગયેલું નહીં ને ? તો હું માનું તમારો શબ્દ.' ત્યારે કહે, 'ના, મારે ત્યાંય મરી ગયેલા છે.' ત્યારે બળ્યું એમાં શું માનીને કાઢવાનું છે ! એને ત્યાં જ મરી જાય છે ! આપણે સાધારણ રીતે એ લાભ લેવો, શંકા ઘાલવી નહીં. કેવું ?

**પ્રશ્નકર્તા :** શંકા નહીં રાખવી.

**દાદાશ્રી :** તે એણે ચેતવણી આપી કે પ્રેશર છે, તે તમે આવી રીતે વર્તજો, તો આપણે વર્તવું, પણ શંકા નહીં ઘાલવી કે મને પ્રેશર છે, શું

થઈ જશે હવે ? પ્રેશર છે, શું થઈ જશે ? લોકો શંકાથી જ મરી જાય છે, ડૉક્ટર કહે છે ને તે ભેળા (સાથે). પ્રેશર છે એવું કહ્યું ના હોય તો ચાલ્યા કરે પંદર વર્ષ સુધી. અને પ્રેશર કહ્યું, કે બગડ્યું પાછું. ડિપ્રેશન આવે, મનની સાઈકૉલૉજિકલ ઈફેક્ટ રહ્યા કરે. હવે અમને ડૉક્ટર સાત ગણું કહે, તોય હું કશું જાણે થયું નથી એવું રાખું. એ બિચારો શું કહેવાનો હતો મને ! એને મહીંથી જે પ્રેરણા થાય એ બોલે છે. ખોટું નથી બોલતો. એનું માનવાનુંય ખરું અમારે. એની દવાય લઈએ, પણ શંકા નહીં કોઈ જાતની.

કોઈ ડૉક્ટર કહે, બી.પી. વધી ગયું. હવે પેલાને કો'કે કહ્યું હોય કે બી.પી. વધી જાય એટલે થોડા દહાડાનો મહેમાન ! એટલે અસર પડે ને અસરથી જ મરી જાય છે. શેનાથી મરી જાય છે ? અસરથી જ મરી જાય છે.

પક્ષાઘાત થયો હોય, તો શંકા આવે, કે 'હવે દેહ છૂટી જાય તો શું થશે ?' મૂઆ, છૂટે તો થઈ થઈને શું થવાનું છે ? નવું કપડું (શરીર) આવશે ! આ જૂના બદલી જશે. કપડાં નવા નહીં આવવાના ?

**પ્રશ્નકર્તા :** આવવાના.

**દાદાશ્રી :** તે કાંઈ સિવડાવવા જવા પડે છે ? તૈયાર, સીવેલા કપડાં-બપડાં બધું તૈયાર !

## જેને શંકા પડે તેને વીમો લેવાની જરૂર

પછી એક જણ કહે છે, 'ઈન્સ્યોરન્સ લો ને ફલાણું લો.' મેં કહ્યું, 'પણ શું કામમાં આવે એ ?' ત્યારે કહે, 'જો ઓચિંતું તમને કશું થાય તો ઘેર પૈસા મળે.' મેં કહ્યું, 'ના ભઈ, મને કશું થાય એવો હું વિચાર ના કરું. મારે એવો વીમો જોઈતોય નથી. મને મારી જાત ઉપર શંકા પાડી અને એવો વીમો જોઈતો નથી.' જેને શંકા આવે તેને લેવો જોઈએ. જેને શંકા આવે કે વખતે ઓચિંતું શું થઈ જાય આપણને, એણે લેવો જોઈએ. શંકા ના આવતી હોય તો લેવાની જરૂર નથી. અમારે અમારી જાત પર શંકા

જ નથી આવી એટલે મેં ના પાડેલી. છતાંય અમારા આજુબાજુવાળા બહુ મંડ્યા'તા, તે વીમો ઉતાર્યો પછી.

## બૉમ્બ પડે તો કોની ઉપર પડે ?

અમને શંકા પેસે જ નહીં ને ! અમારું પ્રૂફ બધું હોય, એટલે શંકા પેસે જ નહીં ને ! તમે ગમે એટલી શંકાઓ ઘાલવા ફરો પણ મહીં પેસે જ નહીં, તો પછી શું થાય તે ? કારણ કે નિઃશંકતા ઉત્પન્ન થયેલી.

શંકા પડવી એય મોટામાં મોટું કર્મ છે. અમને બિલકુલ શંકા ના પડે કોઈના પર. કોઈ જાતની શંકા ન પડે. આમથી બૉમ્બ પડશે કે આમથી આમ પડશે, શંકા અમને પડે નહીં. કારણ કે કોની ઉપર બૉમ્બ પડવાનો ? બૉમ્બ પડે છે તે કોની ઉપર પડે ? આપણી ઉપર તો પડે જ નહીં ને ! આપણને તો બૉમ્બ અડતો જ નથી ને !

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** કોની ઉપર પડે ?

**પ્રશ્નકર્તા :** પુદ્ગલ ઉપર.

**દાદાશ્રી :** હા, પુદ્ગલ ઉપર પડે.

## ભરોસો નહીં કશા પર તે જીવે તરફડાટમાં

આ કાળમાં શંકાનો બહુ ભારે રોગ !

**પ્રશ્નકર્તા :** દાદાજી, શંકા જ જિંદગીનું ઝેર છે.

**દાદાશ્રી :** જેમાં ને તેમાં શંકા.

**પ્રશ્નકર્તા :** હા, બધી વસ્તુમાં શંકા.

**દાદાશ્રી :** આ નર્યા શંકાના જ વાતાવરણમાં જીવી રહ્યું છે આખું જગત. આમ થઈ જશે કે તેમ થઈ જશે ! કશુંય થવાનું નથી. અમથો ભડકાટ શું કરવા કરે છે ? સૂઈ રહે ને પાંસરો, આમ ફરાફર કરે છે

વગર કામનો ! તેં તારી જાત ઉપર શ્રદ્ધા રાખી છે એ ખોટી છે બધી, હંડ્રેડ પરસન્ટ ! કશુંય થવાનું નથી. પણ જો ફફડાટ, ફફડાટ, તરફડાટ, તરફડાટ, તરફડાટ ! જાણે જોડે લઈ જવાનો હોય ને થોડુંક !

આ આપણા હિન્દુસ્તાનમાં લોક તો એટલા બધા ચિંતાવાળા છે કે એક જ દહાડો સૂર્યનારાયણ રજા લે, ને કહે કે ફરી કોઈ દહાડો રજા નહીં લઉં, તો એક જ દહાડો રજા લે તો બીજે દહાડે શંકા કરે કે 'કાલે આવશે કે નહીં આવે ?' હિન્દુસ્તાનના લોક તો 'સવાર પડશે કે નહીં', તે એમને નેચરની (કુદરતની) ઉપરેય ભરોસો નથી. પોતાની જાત ઉપર ભરોસો નથી, નેચર ઉપર ભરોસો નથી, ભગવાન ઉપર ભરોસો નથી, કોઈ ચીજ ઉપર ભરોસો જ નથી. પોતાની વાઈફ ઉપરેય ભરોસો નથી.

કેટલાકને તો એમેય વિશ્વાસ નથી રહેતો કે આ વાઈફ રહે છે ખરી, આ પાંચ વર્ષથી તો આપણું લગન નભ્યું છે, પણ આગળ કંઈ નભે કે ના નભે, શું કહેવાય ? પાંચ વર્ષ નભ્યું તો ખરું, ભગવાનના કંઈક પ્રતાપે ! અગર તો આપણા ગુરુ છે એમના કંઈક આશીર્વાદથી. પણ આ નભે કે નાય નભે. મૂઆ, આય વિશ્વાસ નહીં ? એ વિશ્વાસ નથી ને, એટલે જ આ લગ્નજીવન ફેક્ચર થઈ રહ્યું છે. વિશ્વાસ તૂટ્યો કે ખલાસ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** વિશ્વાસ તૂટ્યો એટલે ખલાસ.

**દાદાશ્રી :** વિશ્વાસમાં તો અનંત શક્તિ છે. ભલે ને અજ્ઞાનતામાં વિશ્વાસ ! પણ અજ્ઞાનતાનો વિશ્વાસ, શક્તિ છે એ.

## કળિકાળે સડેલાં બી, ઉઠાવે જ્યાં ને ત્યાં શંકા

**પ્રશ્નકર્તા :** દાદા, કવિરાજે એક પદમાં લખ્યું છે,

'કળિકાળે સડેલાં બી, ઉઠાવે જ્યાં ને ત્યાં શંકા;
નથી વિશ્વાસ પોતા પર, ચડેલાં કાટ મન-સંચા.'

**દાદાશ્રી :** એ શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** અત્યારે કળિયુગમાં લોકો છે તે જ્યાં ને ત્યાં શંકાઓ ઉઠાવે છે.

**દાદાશ્રી :** 'સડેલાં બી' લખે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, એટલે કળિયુગના લોકો સડેલાં બી જેવા છે એમ !

**દાદાશ્રી :** 'સડેલાં બી' એટલે શું થાય એને ? લાભ શું થાય ?

**પ્રશ્નકર્તા :** ઊગે નહીં.

**દાદાશ્રી :** અરે, ઊગે. ઊગે પણ બી સડેલું હોય ને, તો પાંદડાં હઉ કાણાંવાળા થાય ! જોઈ લે એની મજા !

કળિકાળે સડેલાં બી, જ્યાં ને ત્યાં શંકા ઉઠાવે, કહે છે. અમથો રસ્તામાં જતા પાનવાળાની દુકાનેય શંકા ઉઠાવે. કહેશે, પાનમાં કશું નાખે તો શું થાય ?

'નથી વિશ્વાસ', શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** નથી વિશ્વાસ પોતા પર.

**દાદાશ્રી :** પોતા પરનો વિશ્વાસ નથી તો બીજા પર શી રીતે વિશ્વાસ આવે ? પછી શું કહ્યું ? ચડેલાં...

**પ્રશ્નકર્તા :** કાટ મન-સંચા.

**દાદાશ્રી :** હા. ચંચળ મન ઉપર કાટ ચડેલો છે નિરંતર. પોતા પરેય વિશ્વાસ નથી.

**પ્રશ્નકર્તા :** એ પોતા પરનો વિશ્વાસ એટલે ?

**દાદાશ્રી :** પોતા પર વિશ્વાસ કોઈને હોય નહીં અત્યારે તો. પોતાની જાત ઉપરેય વિશ્વાસ ના હોય.

**પ્રશ્નકર્તા :** એટલે મનના કહ્યા પ્રમાણે ?

**દાદાશ્રી :** હા, એ ક્યારેક કંઈ ડખો થઈ જાય તો એ મૂઓ પછી

ગૂંચમાં પડી જાય ! પોતાની જાત ઉપરનો વિશ્વાસ ના આવે. એમ નહીં કે લાવ, 'ગમે તે થાય તોયે મને શું થવાનું છે ?' એવું નહીં. અજ્ઞાની માણસ આખો દહાડો કકળાટ કર્યા જ કરે. પોતાની જાત ઉપર જ વિશ્વાસ ના હોય. ભાન જ ના હોય ને !

## ઘસી ઘસી ઝીણી કરે બુદ્ધિની ધાર, થઈ જાય બુદ્ધુ

માણસને વિચાર આવે એટલી બધી વસ્તુઓ જો આજે બનતી હોય તો કોઈને ઊંઘ જ ના આવે. અને કોઈને છોકરો ના હોય અને ગર્ભ રહ્યો હોય, તે રોજ રોજ ડૉક્ટર પાસે જઈને, 'સાહેબ, જીવતું છે કે નહીં, મને સાચું કહેજો.' જો રોજ એને શંકા ઉત્પન્ન થાય નવ મહિના સુધી, તો શું થાય ? તમને સમજણ પડે છે ?

**પ્રશ્નકર્તા :** બરોબર. હા, હા.

**દાદાશ્રી :** મને હઉ કહે ને, 'મહીં આ હાડકું સંધાયું કે નહીં, તેનો ફોટો લેવડાવતા રહેજો.' અરે મૂઆ, એ એનો ફોટો લેવાની જરૂર જ શું તે ? તે તો વખતે આપણે જરૂર હોય તો પૂરું થયા પછી લઈએ તો વાત જુદી છે, મહીં હાડકું સંધાઈ ગયા પછી. એને હવે શંકા-શંકા શું આ ? શેને માટે શંકા રહે ? પણ આખો દહાડો બુદ્ધિને ખેડ, ખેડ, ખેડ, ખેડ, ઘસ ઘસ કરે છે બુદ્ધિને. અને ધાર ઝીણી કરી નાખે છે. પછી બુદ્ધુ જેવા થઈ જાય છે.

બુદ્ધિ એટલી બધી ચંચળ, બહુ ચંચળ ! હજુ લગ્ન કરતાં પહેલા કહે છે કે 'એ મારી જોડે વઢવાડ કરે ત્યારે મારે શું કરવું, તે વખતે ?'

**પ્રશ્નકર્તા :** એવું થાય મનમાં, એવું મનમાં આવે.

**દાદાશ્રી :** ના, એવું કરાય નહીં. લગ્ન કરવું એટલે કરવું, બીજી કશી ભાંજગડ નહીં. એવું માનીએ શા હારુ ? એવી શંકા જ નહીં કરવાની. નહીં તો લગ્ન કરવું નહીં.

**પ્રશ્નકર્તા :** પરિણામનો વિચાર પહેલા કરે.

**દાદાશ્રી :** ના, એ વિચાર તો આવે, સ્વાભાવિક રીતે આવે, પણ તે કાઢી નાખવાના આપણે. સ્વાભાવિક રીતે આવે, માણસનો સ્વભાવ છે. જેને જાગૃતિ વધારે હોય એને આવે. મને બધા બહુ પરિણામના વિચાર આવે, પણ અમે બધા કાઢી નાખીએ. બિનજરૂરિયાત, વગર કામનું બિવડાવે. શું કરે ?

**પ્રશ્નકર્તા :** બિવડાવે, બરાબર છે.

## બુદ્ધિ એક્સેસ વાપરીએ તેની આ બધી ભાંજગડ

**દાદાશ્રી :** આપણે ખઈએ છીએ, પીઈએ છીએ, અંધારામાં ચાલીએ છીએ, ઊંઘી જઈએ છીએ, એમાં બુદ્ધિ વાપરીએ તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** તે આ બધું બગડી જાય.

**દાદાશ્રી :** કેમ બગડી જાય ? બુદ્ધિ પ્રકાશ છે ને ?

**પ્રશ્નકર્તા :** દાદા, એમાં બુદ્ધિ ના ચાલે.

**દાદાશ્રી :** એટલે બુદ્ધિ એની મેળે જે કુદરતી રીતે વપરાય છે ને, એટલી જ બુદ્ધિ કામની છે. બીજી વધારે પડતી બુદ્ધિ, તે હેરાન હેરાન કરી નાખે. જો બુદ્ધિ વાપરવી હોય તો બધેય વાપરો. આ પાણી પીવે છે તે બધા બુદ્ધિપૂર્વક પીતા હશે ?

**પ્રશ્નકર્તા :** ના, દાદા.

**દાદાશ્રી :** ત્યારે ખાવાનું ખાય છે એ બુદ્ધિપૂર્વક ખાતા હશે ? દાળમાં બનાવતી વખતે શું પડ્યું હશે, એવો તેવો કંઈ વિચાર નથી કરતા ?

**પ્રશ્નકર્તા :** એવો વિચાર કોઈ કરતું જ નથી.

**દાદાશ્રી :** શેઠ શું કહે છે ? દાળમાં કંઈક પડે તેનો વિચાર કરે ?

**પ્રશ્નકર્તા :** કરે વિચાર.

**દાદાશ્રી :** તો પછી ખવાય શી રીતે ?

**પ્રશ્નકર્તા :** પૂછી જુએ ખાતા પહેલા કે 'ભઈ, ગોળ નાખ્યો છે ? આમલી નાખી છે ?'

**દાદાશ્રી :** ના, પણ અંદર ઉપરથી ગિલોડીનો ગલ (ગરોળીની ઝેરી લાળ) પડ્યો હોય કે ના પડ્યો...

**પ્રશ્નકર્તા :** ના, એ ખબર ના પડે.

**દાદાશ્રી :** આ પાણીમાં શું પડ્યું હોય, એ બધું એમ ને એમ, બુદ્ધિપૂર્વક આ પાણી પી પી કરે છે લોકો ? ખાય-પીવે છે, બધું બુદ્ધિપૂર્વક કરે છે ? બુદ્ધિ વાપરે જો બધામાં, તો ખવાયેય નહીં ને પિવાયેય નહીં. અત્યારે તો હૉટલવાળાને ત્યાં હઉ જઈને ખાય પાછા, જુએ નહીં કંઈ. આપણે ઘેર તો ખાય છે, પણ હૉટલવાળાને ત્યાં જઈનેય ખાય. જો બુદ્ધિ વાપરે તો ?

**પ્રશ્નકર્તા :** ના ખાય.

**દાદાશ્રી :** માટે બુદ્ધિ કેટલામાં વાપરવી જોઈએ એનું ડિસિઝન (નિર્ણય) લાવવું જોઈએ આપણે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, સામાન્ય માણસને એ કેવી રીતે ખબર પડે, ક્યાં વાપરવી ને ક્યાં નહીં તે ?

**દાદાશ્રી :** ના, પણ આટલા ભાગમાં નથી વાપરતા તેથી કંઈ ખોટ ગઈ લોકોને ?

**પ્રશ્નકર્તા :** ના, કશી નથી ગઈ.

**દાદાશ્રી :** અને વાપરી હોત તો વધારે ખોટ જાત. એટલે જેમાં જેટલી બુદ્ધિ વપરાય છે ને, જ્યાં જ્યાં, તે નરી ખોટનો જ વેપાર છે. એની હદમાં બુદ્ધિ વપરાઈ જ જાય છે. બુદ્ધિ એની મેળે કુદરતી રીતે જૉઈન્ટ થયેલી (વણાયેલી) છે અંતઃકરણમાં. તે સુમેળ રીતે જૉઈન્ટ થઈ છે. એમાં આપણે એક્સેસ (વધારે) વાપરીએ તેની આ બધી ભાંજગડ થઈ છે.

## આ તો મારા અનુભવ જ મૂક્યા છે બધા

આ ભાઈનું તો જાડું ખાતું ને, એટલે ચાલે નહીં મહીં. શંકા કોને ઊભી થાય ? બહુ ઝીણું ખાતું હોય ને, એને શંકા વધારે ઊભી થાય. મને તો હેંડતા-ચાલતા શંકા ઊભી થતી'તી, જ્ઞાન નહોતું થયું ત્યાં સુધી.

શંકા વગર તો માણસ હોય જ નહીં ને ! મને તો પહેલા છે તે, બા જીવતા હતા ને, તે મને ગાડીમાંથી ઊતરતા જ વડોદરા સ્ટેશને શંકા આવે કે, આજે બા ઓચિંતા મરી ગયા હશે, તો મારે પોળમાં શી રીતે પેસવું ? એવી તેવી શંકાઓ ઉત્પન્ન થાય. અરે, જાતજાતની માણસમાં શંકા ઉત્પન્ન થાય. આ બધું શોધખોળ કરીને પછી મેં મીંડું મેલેલું ને પછી ચોકડી મેલી કે શંકા ઉત્પન્ન કરવા જેવું જ નથી જગત.

**પ્રશ્નકર્તા :** એ તો મને અત્યારે પણ ટેલિફોન વડોદરાથી આવે તો હજુયે શંકા થાય, કે બાને કંઈ થયું હશે ?

**દાદાશ્રી :** એ શંકા હેલ્પ નથી કરતી, પણ દુઃખ આપે છે. હવે ઘૈડું માણસ, ક્યારે પડી જાય, શું ખબર પડે ? અને એ શંકા હેલ્પ કશી કરતી નથી. કારણ કે ઓછા આપણે બચાવવાના છીએ એમને !

એટલે શંકા પડવાના સંજોગ થાય, એટલે આપણે જાણીએ કે શંકા પડવાની થાય છે, ત્યારથી આપણે ભગવાનને, એમના આત્માને, એના ઉપર છે તે વિધિ મૂક્યા કરવી. 'હે મણિબા, મન-વચન-કાયાનો યોગ, દ્રવ્યકર્મ-ભાવકર્મથી ભિન્ન એવા હે પ્રગટ શુદ્ધાત્મા ભગવાન, એમના આત્માને શાંતિ આપો.' એવું થવાનું થાય, તે પહેલા તો આ મૂકી દેવું. આપણે આમ ફેરવવું, શંકા થાય ત્યારે.

**પ્રશ્નકર્તા :** હા, દાદા, એ પહેલા હું એમ માન્યા કરતો'તો કે તમે આ ફેરવો છો ને એટલે આ પટાવો છો. હવે જ્યારે પ્રયોગ કર્યા પછી થયું કે ના, બરાબર છે. અને જેણે જ્ઞાન નથી લીધું, દાદાની કૃપા નથી મળી, એને પણ આ ફરે છે બધું.

**દાદાશ્રી :** હા, આ અનુભવપૂર્વકનું જ્ઞાન છે ને ! આ તો મારા અનુભવ જ મૂક્યા છે બધા.

**પ્રશ્નકર્તા :** અનુભવ જ મૂક્યા છે એટલે દાદા, એને વાપરતા બહુ અસર થાય છે.

**દાદાશ્રી :** અને એપ્રોપ્રિએટ (યોગ્ય). મેં ક્ષણે ક્ષણે જાગૃતિના અનુભવો મૂક્યા છે બધા. આ મારી અનંત અવતારોની લાઈફના અનુભવો છે, આ એકલા અત્યારની લાઈફના નથી.

**પ્રશ્નકર્તા :** હા, એટલે તો મજા આવે છે ને ! તમે જેમાંથી નીકળ્યા છો ને, એ બતાવો છો, એટલે અમને ખબર પડે છે.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** એટલે એની મજા પડે છે, એનું કારણ જ એ છે, દાદા.

**દાદાશ્રી :** અને તે પાછું મૌલિક ! શાસ્ત્રમાં નહીં જડે તોય વાંધો નથી, મૌલિક છે આ !

**પ્રશ્નકર્તા :** હા, મૌલિક છે એટલે બધાને અસર થવાની જ.

**દાદાશ્રી :** હં...

**પ્રશ્નકર્તા :** એ તમે કહ્યું એટલે પેલાને અસર તો થાય જ. પેલાનો શુદ્ધાત્મા જુદો ના થયો હોય તોય અસર તો થાય જ.

**દાદાશ્રી :** જેટલા ભેગા થયા મને, એ બધા સુખી થઈ ગયા.

મને શંકાઓ ઉત્પન્નેય થયેલી કેટલાય વર્ષો અને પછી મેં બધી જ રીતે એને ડાઈલ્યૂટ (મંદ) કરી નાખેલી. અને પછી ધીમે ધીમે એનો હિસાબ કાઢ્યો તો કશું જ નથી, આ તો ખાલી ઈગોઈઝમ (અહંકાર) જ છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** શંકા એ ઈગોઈઝમ જ છે.

**દાદાશ્રી :** એકલો ઈગોઈઝમ જ.

## જ્ઞાન બનાવે નિર્ભય-વીતરાગ

આ દુનિયામાં ભય અને શંકા ને એ બધા કર્મ વધારવાના સાધનો છે. શંકા પડી એટલે આખી રાત છે તે પેલાને ખરાબ રીતે જુએ, પેલાને ખરાબ જુએ, બધાને ખરાબ જ જો જો કર્યા કરે. હવે શંકામાં કંઈ વસ્તુ સાચી હોતી નથી. ગોળી આવશે કે નહીં એની શંકા રાખવાની જરૂર નથી. જેમ ઈનામ લાગે છે એની શંકા રાખીએ છીએ આપણે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** પાંચ લાખનું ઈનામ લાગે છે તો એની શંકા રાખીએ છીએ ? એનો ટાઈમ થાય એટલે આવીને ઊભું રહે છે, એવું આયે એક જાતનું ઈનામ, એની મેળે ટાઈમ થાય એટલે આવીને ઊભું રહે.

આખું જગત શંકામાં જ સપડાયેલું છે ને ! આમ થઈ જશે કે તેમ થશે, પણ કશું જ થવાનું નથી. આય નથી પડવાનું ને તેય પડવાનું નથી. ખોટા ભો અને ભડકાટથી જગત જીવી રહ્યું છે, ભો અને ભડકાટ ! કશું બને નહીં. આખા મહિનામાં એક ભય આવે છે અને રોજ છે તે સો-સો ભય દેખાય છે એને. અલ્યા મૂઆ, સાચો ભય તો એક જ આવે છે આખા મહિનામાં, તો મૂઆ સો કંઈથી આવ્યા તે પણ ? ખોટો ભડકાટ છે બધો. એટલે હું જ્ઞાન આપું છું ને, બધા ભડકાટ-બડકાટ જતા રહે છે. નિર્ભય, વીતરાગ દશા ઉત્પન્ન થાય છે. કૃષ્ણ ભગવાને કહ્યું છે ને, જ્ઞાનથી પાપો ભસ્મીભૂત થઈ જાય ને નિર્ભયતા, વીતરાગતા પ્રાપ્ત થાય !

❖❖❖❖❖

# [૮]
# મહાત્માઓ માટે...

## [૮.૧]
## શંકા સામે જ્ઞાનજાગૃતિ

### 'બની ગયું એ કરેક્ટ' એમ કહી ઊંચું મૂકી દેવું

**પ્રશ્નકર્તા :** દાદા, સામાની પર શંકા આવે તો શી રીતે દૂર કરવી ?

**દાદાશ્રી :** એના શુદ્ધાત્માને સંભારીને ક્ષમા માગવી.

**પ્રશ્નકર્તા :** પણ મનમાં શંકા-કુશંકા ઊભી થાય એનું નિવારણ શી રીતે થાય ?

**દાદાશ્રી :** નિવારણ કરવાની જરૂર જ શું ? જે આપણને નુકસાન કરતું હોય એની વાત સાંભળવી નહીં. મન જો નુકસાન કરતું હોય તો એની વાત સાંભળવી નહીં અને શંકા-કુશંકા કરાવતું હોય એ મનને ડિસમિસ કરી નાખવું.

શંકા એ નિવારણ નથી. શંકાનું નિવારણ એ જ નિવારણ છે. માટે એનો તો એન્ડ મૂકી જ દેવાનો. એ તો જેને માટે શંકા થાય છે, તેને માટે 'જે બની ગયું છે તે કરેક્ટ છે' એમ કહીને ઊંચું મૂકી દેવાનું, એને

સાઈડમાં (બાજુમાં) જ મૂકી દેવાનું. કોઈ પણ જાતની શંકા થાય એટલે એનો એન્ડ જ મૂકી દેવાનો.

## વ્યવસ્થિતની બહાર કશું થાય નહીં

શંકા આવે ને, એ વાત જ ઉડાડી દેવી. કારણ કે વ્યવસ્થિતની બહાર કશું થવાનું નથી. કોઈના બાપથી કશુંય થવાનું નથી. સંડાસ જવાની શક્તિ નથી ! પછી શેની શંકા કરવાની છે ? મેં વ્યવસ્થિતનું જ્ઞાન નથી આપ્યું લોકોને ?

**પ્રશ્નકર્તા :** આપ્યું છે.

**દાદાશ્રી :** તે એક માણસ બહુ અક્કલવાળો, આપણો જ્ઞાની (મહાત્મા) હતો. તે મને કહે છે, 'દાદા, મારે તો આ ત્રણ છોડીઓ કૉલેજમાં જાય છે ને, તે મને આખો દહાડો મહીં ચેન નથી રહેતું.' મેં કહ્યું, 'શાથી ?' તો કહે, 'આ જમાનો ખરાબ, તે મહીં શંકા ને શંકા રહ્યા કરે છે.' શું થતું હશે એને ?

**પ્રશ્નકર્તા :** જાતજાતના વિચારો આવે, અનેક જાતના વિચારો ઊભા થાય.

**દાદાશ્રી :** મેં કહ્યું, 'અલ્યા, જ્ઞાનેય ખોઈ નાખ્યું, મૂઆ ?' ત્યારે કહે, 'શું કરું પણ આવું થાય તો ?' મેં કહ્યું, 'આ બીજી છોડીઓના બાપાને પૂછી આવ ને, કે શું કરો છો તમે બપોર પછી ?' ત્યારે કહે, 'અમે બપોર પછી સૂઈ જઈએ ખાઈને.' ત્યારે આપણે કહેવું, 'તમારી છોડીઓ કૉલેજમાં નથી જતી ?' ત્યારે કહે, 'જાય છે.' વ્યવસ્થિતની બહાર કશું થવાનું નથી. ચેતતા રહેવું આપણે. શું કરવું ? ચેતતા રહેવું ફક્ત. બાકી વ્યવસ્થિતની બહાર કશું થાય નહીં.

અને નહીં તોય આપણે શંકા કરવાનું કંઈ કારણ નથી. જે થવાનું હશે એ થશે. એ કંઈ આપણે લેવાદેવા નથી. ઑલ ધીઝ રિલેટિવ્સ આર ટેમ્પરરી ઍડજસ્ટમેન્ટ્સ છે. શું છે ? કોઈ છોકરીએય નથી ને કોઈ

બાપોય નથી. આપણે કંઈ શંકા કરીએ આ ? મોક્ષ જતો રહે. મારો આપેલો મોક્ષ જતો રહે ને !

## સેફસાઇડ માટે રસ્તા કરવા, પણ શંકા નહીં

હવે આ આપણા જ્ઞાનવાળાને તો કશું અડે જ નહીં. પાંચ છોડીઓ એના ફ્રેન્ડ્સ જોડે ફરતી હોય ને, તોય ના અડે, આપણું જ્ઞાન એવું છે.

આપણને જ્ઞાન હોય ને, તો શા માટે આ બૉધરેશન (ઉપાધિ) કરવાનું ! આ તો આપણી છોકરી જેવું લાગે છે આપણને, પણ રિયલમાં કંઈ આપણી છોકરી હોતી નથી. આ તો તરબૂચાનું બીજ રોપ્યું એટલે તરબૂચા થયા જ કરે એ તો બધા. કેટલાય તરબૂચા બેસે ! માલિકીપણાનું દુઃખ છે આ.

**પ્રશ્નકર્તા :** પણ દાદાજી, બાળકો માટે એવું ના થાય કે આ લોકો દુઃખી થઈ જશે, સાવ ખોટા રસ્તે ચઢશે તો ?

**દાદાશ્રી :** એ થાય પણ તે એનો અર્થ એવો નહીં કે આપણે એને માટે શંકાઓ કરવી. દુઃખી ના થાય એવો રસ્તો લો. કૉલેજ બદલી નાખીએ, જગ્યા બદલી નાખીએ, સંજોગો બદલી નાખીએ. તેમ છતાંય ફેરફાર ના થાય તો ઉપાય નથી. જેનો ઉપાય જ નથી, નિરુપાય છે, ત્યાં શુદ્ધાત્મામાં રહેવું.

**પ્રશ્નકર્તા :** દાદા, આપે કહ્યું ને, કે આપણે એની કૉલેજ બદલી નાખીએ, એનું સર્કલ બદલી નાખીએ બધું, પણ આપણને એની શંકા પડે ત્યારે પછી આવું બધું કરીએ ને આપણે ?

**દાદાશ્રી :** શંકા નહીં.

**પ્રશ્નકર્તા :** તો ?

**દાદાશ્રી :** સેફસાઈડ માટે.

**પ્રશ્નકર્તા :** એમાં શું ફેર છે, દાદા ?

**દાદાશ્રી :** તમનેય ઘણા પુરુષોની પાસે જવા નથી દેતો હું.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** સેફસાઈડ માટે અટકાવું. શું ?

**પ્રશ્નકર્તા :** શંકા નહીં.

**દાદાશ્રી :** હં, શંકા નહીં. મારી છોડીઓ હોત તોય ના કરત. હીરાબાની જોડેય ના કરું. કોઈની ઉપર હું શું કરવા શંકા કરું ? આમચા ક્યા લેનાદેના ? તુમચાય નહીં ને આમચાય નહીં. જગત માઝા, માઝા કર્યા કરે છે. (અમારે શું લેવાદેવા ? તમારુંય નથી ને અમારુંય નથી. જગત મારું મારું કર્યા કરે છે.)

## આ બધું ફૉરેન ડિપાર્ટમેન્ટનું, આપણે હોમમાં રહેવું

**પ્રશ્નકર્તા :** દાદા, વાઈફના ચારિત્ર માટે મનની શંકાથી જોવાની ગ્રંથિ પડી ગઈ હોય તો ત્યાં કયું ઍડજસ્ટમેન્ટ લેવું ?

**દાદાશ્રી :** આ તમને દેખાય છે કે આનું ચારિત્ર ખરાબ છે, તે શું તેવું પૂર્વે નહોતું ? આ તો આમ જ હોય.

આ કાળમાં ચારિત્ર સંબંધી કોઈનું જોવું જ નહીં. આ કાળમાં તો બધે એવું જ હોય. ઉઘાડું ના હોય પણ મન તો બગડે જ. એમાં સ્ત્રીચારિત્ર તો નર્યું કપટ અને મોહનું સંગ્રહસ્થાન ! તેથી તો સ્ત્રીનો અવતાર આવે. આમાં સૌથી સારામાં સારું કે જે વિષયથી છૂટ્યા હોય ! તેથી તો આપણા બ્રહ્મચારીઓને અપાર સુખ વર્તે.

**પ્રશ્નકર્તા :** આ ચારિત્રમાં તો આવું જ હોય એ જાણીએ છતાંય મન શંકા દેખાડે ત્યારે તન્મયાકાર થઈ જવાય ત્યાં કયું ઍડજસ્ટમેન્ટ લેવું ?

**દાદાશ્રી :** આત્મા થયા પછી બીજામાં પડવું જ નહીં. આ બધું

ફૉરેન ડિપાર્ટમેન્ટનું છે, આપણે હોમમાં રહેવું. આત્મામાં રહો ને ! આવું જ્ઞાન ફરી મળે એમ નથી, માટે કામ કાઢી લો.

## હિસાબ ત્યાં સુધી ભેગા, બાકી આપણે શું લેવાદેવા ?

બધી વાઈફો દુનિયામાં ચોખ્ખી હશે ? તો કેવી હશે ? આ તો ધણી ના જાણે ત્યાં સુધી ! આ તો કળિયુગની વાઈફો ! તને શું ખબર પડે ? ધણી ના જાણે ત્યાં સુધી ડાહી. એટલે આ ફાઈલોને ઊંચી મૂકી દો ને, અહીંથી. આ તો ફાઈલો જ છે બધે.

**પ્રશ્નકર્તા :** દાદા, આસક્તિ એવી થઈ ગઈ હોય છે કે છૂટતી નથી એકદમ.

**દાદાશ્રી :** ના, એ છૂટી જશે પણ તમે શુદ્ધાત્મા થઈને હવે તમારે કંઈ લેવાદેવા નહીં ને ! તમારે ઊલટું એમને ચંદુભાઈને કહેવાનું કે 'આવું શા હારુ કરો છો ?' તમારે ચંદુભાઈને ટૈડકાવાના. 'તમે વહેમ શું કરવા રાખો છો ? તમારે શું લેવાદેવા ? એ ફાઈલ છે, તમેય ફાઈલ છો. બેના હિસાબ હશે એ પ્રમાણે છૂટું થઈ જશે', કહીએ. એમ ઊલટું ચંદુભાઈને ઠપકો આપવાનો, કે શાના હારુ વહેમ રાખો છો તમે ? તમારે શું લેવાદેવા ? કહીએ. તમારું જેટલું ઋણાનુબંધ હશે એટલો હિસાબ ચૂકતે થઈને છૂટું થઈ જશે. જેવું જેવું હશે ઋણાનુબંધ ! એટલે તમારે ટૈડકાવાનું ઊલટું. ટૈડકાવશો ને હવે, આજથી ?

**પ્રશ્નકર્તા :** મારી જાતને જ ટૈડકાવાની ?

**દાદાશ્રી :** તમારે ચંદુભાઈને ટૈડકાવાના. 'કઈ જાતના માણસ છો ?' કહીએ.

## આ તો ફાઈલો છે, સમભાવે નિકાલ કરો

તારી વાઈફના ઉપર શંકા તને થાય જ નહીં ને બિલકુલેય ? કોઈની ઉપર નહીં ? ઘરમાં કોઈની ઉપરેય નહીં ને ? કારણ કે આ

બધી ફાઈલો છે, એમાં શું શંકા કરવા જેવું છે ? ફાઈલો જે હિસાબ હશે, ઋણાનુબંધ હશે, એ પ્રમાણે ભટકશે. હવે આપણે મોક્ષે જવું છે.

છોકરો દારૂ પીતો હશે કે નહીં પીતો હોય, એની શંકા પડી, કો'કે કહ્યું આપણને, પછી રાત-દહાડો ઉપાધિ રહ્યા કરે આપણને. એને અક્કરમીને ના રહે. તે ભોગવે એની ભૂલ છે ને ? ભૂલ કોની ? 'તારે જેટલો પીવો હોય એટલો પી ને !' આપણા મનમાં કહેવું. અહીંયા શું સાઢુ-સહિયારું ? કર્મના હિસાબે બધા ભેગા થયા છે. બીજું કશું સાઢુ-સહિયારું છે નહીં. છોકરો, મધર ને ફાધર ને વાઈફ ને એ બધું ખરેખર હોત, તો તો આપણે બરોબર સાચવત. પણ ખરેખર નથી. કર્મની થીયરીના આધારે ભેગા થયા છે. ક્યારે વિખરાઈ જશે કહેવાય નહીં.

**પ્રશ્નકર્તા :** ખરેખર છોકરો ને વાઈફ તો જગતમાં ક્યાંય હોય જ નહીં ને !

**દાદાશ્રી :** હોય જ નહીં ને !

એટલે આપણે શું કહ્યું કે ફાઈલોનો સમભાવે નિકાલ કરો. આ બધી ફાઈલો છે. આ કંઈ તમારી છોડીઓ નથી કે આ તમારી વાઈફ નથી, ફાઈલો છે. વહુ-બહુ બધુંય ફાઈલો છે. ફાઈલોનો સમભાવે નિકાલ કરો. કોઈ તમારું સગું થાય નહીં. જ્યારે પક્ષાઘાત થયો હોય ને, ત્યારે કોઈ છે તે સગું થાય નહીં. ઊલટું છે તે બહુ દહાડા થાય ને, તો ચિઢાયા કરે લોક બધા. પેલો પક્ષાઘાતવાળો મહીં મનમાં સમજી જાય કે બધા ચિઢાયા કરે છે, પણ શું કરે ? કોઈ સંઘરે નહીં. માટે મોક્ષ તરફ ચાલો. આ દાદાએ દેખાડેલો મોક્ષ સીધો છે, એક અવતારી છે. માટે સંયમમાં રહો અને ફાઈલોનો સમભાવે નિકાલ કરો. છોકરી હોય કે બૈરી હોય કે બીજું હોય કે ત્રીજું હોય. કોઈ કોઈની છોકરી દુનિયામાં હોતી નથી. કોઈ કોઈનું છોકરું હોતું નથી. બધું કર્મના ઉદયને આધીન છે. અને જ્ઞાન ના મળ્યું હોય તેને આપણાથી આવું કહેવાય નહીં. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** ના, આવું બોલાય જ નહીં ને !

**દાદાશ્રી :** આવું બોલો તો વઢવા તૈયાર થઈ જાય.

## જ્યાં હૉટલ દેખે ત્યાં જમે, એવો આ કાળ

કળિયુગમાં તો જ્યાં હૉટલ દેખે ત્યાં જમે. પુરુષેય એવું કરે છે ને સ્ત્રીયે એવું કરે છે. પાછા સામા પુરુષને એવું નથી કે મારી સ્ત્રી શું કરતી હશે ? એ એમ જાણે કે મારી સ્ત્રી તો સારી છે. એની સ્ત્રી એને ભણાવતી હોય. આ બધા પાઠો ભણાવે છે. પુરુષોય સ્ત્રીને ભણાવે છે, સ્ત્રીઓ પુરુષને ભણાવે છે. છેવટે સ્ત્રીઓ જીતે છે. કારણ કે આમને કપટ નહીં ને, પુરુષને. તે છેવટે છેતરાઈ જાય.

એટલે શંકા કરવી નહીં આપણે. આપણે જો છૂટવું હોય, મોક્ષે જવું હોય તો. બીજો માણસ તારી વાઈફના ગળામાં હાથ નાખીને ફરતો હોય વખતે, અને તું અમદાવાદમાં ગયો ને તારા જોવામાં આવ્યું, તો શું થઈ જાય મહીં ?

**પ્રશ્નકર્તા :** બહુ ઈફેક્ટ ના આવે, દાદા. હવે ઈફેક્ટ ના થાય.

**દાદાશ્રી :** બહુ ઈફેક્ટ ના થાય, નહીં ? ત્યારે ખરું. પોતાની વાઈફ પર કો'ક હાથ નાખીને ફરતું હોય ને આપણે અમદાવાદમાં ગયા ને જોવામાં આવ્યું તો ? તો પછી ઝેર ખાવું ?

**પ્રશ્નકર્તા :** નહીં, દાદા, શું કરવા ?

**દાદાશ્રી :** હા, તો પછી ?

**પ્રશ્નકર્તા :** બસ, એ તો થોડું નાટક કરવું પડે, એને સમજાવું, પછી તો એને જે કરવું હોય તે. કારણ કે સમજી ગયા હવે, વ્યવસ્થિત છે, ઋણાનુબંધ છે.

**દાદાશ્રી :** હા, સંડાસમાં હઉ લોક જાય, સંડાસમાં એક જ માણસ જાય ?

**પ્રશ્નકર્તા :** બધા જાય.

**દાદાશ્રી :** એ સંડાસ કહેવાય છે. જ્યાં આગળ બહુ લોક એ થાય ને (લોક જાય ને), એનું નામ સંડાસ.

અને એક પત્નીવ્રત ને એક પતિવ્રત હોય ત્યાં સુધી એ ઊંચામાં ઊંચી વસ્તુ કહેવાય. ત્યાં ચારિત્ર કહેવાય, અને નહીં તો પછી સંડાસ કહેવાય. તમારે ત્યાં સંડાસમાં કેટલા માણસ જતા હશે ?

**પ્રશ્નકર્તા :** બધા જ જાય ને !

**દાદાશ્રી :** આ તો જ્યાં હૉટલ આવી ત્યાં જમે, કેટલીક સ્ત્રીઓ તો. એવું નહીં કે ભૂખ લાગી હોવી જોઈએ. એટલે શંકા-બંકા કાઢી નાખજે. દાદાએ શિખવાડ્યું શું ? શંકા કાઢી નાખો. શંકા રાખવામાં શું ફાયદો થાય ?

**પ્રશ્નકર્તા :** પાર વગરની ઉપાધિ ! મોક્ષેય જતો રહે. દાદા, સમાધિય જતી રહે આપણી.

**દાદાશ્રી :** મોક્ષેય જતો રહે ને આયે જતું રહે ને, આ તો ગયેલું જ છે ! એટલે આપણે એમ જ સમજી લેવાનું કે એને હું પૈણેલો છું ને એ મારી ભાડૂતી છે. શું કહેવાનું ?

**પ્રશ્નકર્તા :** પરણેલો છું ને એ ભાડૂતી છે.

**દાદાશ્રી :** હા, બસ. મનમાં સમજી રાખવું. ત્યારે શું કરે ? બીજાને હાથ નાખીને ફરતી હોય ત્યારે શું કરે ?

**પ્રશ્નકર્તા :** બીજું કંઈ થાય જ નહીં.

**દાદાશ્રી :** હા. એટલે ગમે તે કોઈની જોડે ફરતી હોય તોય આપણે શંકા ના કરવી. આપણે કામ સાથે કામ છે ને ?

**પ્રશ્નકર્તા :** કામ સાથે કામ છે.

**દાદાશ્રી :** આપણે સંડાસની જરૂર હોય તો સંડાસ જઈ આવવું. બસ ! ભાંજગડ નહીં. એને સંડાસ કહેવાય છે બધું. જયા વગર ચાલે નહીં એનું નામ સંડાસ.

## છે જ પોલંપોલ

બધાને કહી દીધેલું કે શંકા ના રાખશો. નહીં તોય મારું શું કહેવાનું, કે જોયું ના હોય ત્યાં સુધી તેને સત્ય માનો છો જ શા માટે આ કળિયુગમાં ? છે જ પોલંપોલ ! એટલું બધું પોલંપોલ છે, મેં જોયું છે, એ તો આ તમને વર્ણન કરું તો બધા માણસ જીવતા જ ના રહે. એવા કાળમાં એકલા પડી રહેવું મસ્તીમાં એના જેવું એકુંય નહીં.

તમારી વાઈફ કે કોઈની વાઈફ, આ દુષમકાળમાં કોઈ કોઈની થાય નહીં. એવી ખોટી આશા રાખવી એ ફોગટ છે. આ દુષમકાળ છે. એટલે જેટલા દહાડા રોટલા ખવડાવે એટલા દહાડા આપણી, અને નહીં તો બીજાને ખવડાવે તો એની.

**પ્રશ્નકર્તા :** આ તો દાદાએ બહુ ઢીલું મૂકી દીધું.

**દાદાશ્રી :** શું થાય ! પણ મારું કહેવાનું કે દુષમકાળમાં આ તે ખોટી આશા રાખીએ, સરકારે જ ડાયવોર્સનો (છૂટાછેડાનો) કાયદો કાઢી આપ્યો. સરકાર પહેલેથી જાણે છે કે આવું થવાનું છે, માટે એ કાયદો પહેલો નીકળે, ત્યાર પછી છે તે એવું બને. હંમેશાં દવાનો છોડવો પહેલો પાકે, ત્યાર પછી રોગ ઉત્પન્ન થાય. એવી રીતે આ કાયદો પહેલો નીકળે, ત્યાર પછી અહીં એવા બનાવ બને.

## કળિયુગ એટલે કપટ ને દગાનો કાળ

આ કળિયુગમાં બધા ઘરમાં દગો હોય, નર્યો દગો જ હોય. કળિયુગ એટલે દગાનો કાળ ! કપટ ને દગો, કપટ ને દગો ! એમાં શું સુખને માટે કરે છે તેય ભાન વગર, બેભાનપણે ! એ બધું જ્યાં ને ત્યાં દગો ને કપટ. (ખરા) બુદ્ધિશાળી માણસને દગો ને ફટકો, કપટ ના હોય. એ તો મૂરખ માણસ, ફૂલિશ માણસોને હોય. અત્યારે આ કાળમાં નર્યા ફૂલિશ જ ભેગા થયા છે ને !

**પ્રશ્નકર્તા :** તો આ દગો ને કપટ કરવામાં બુદ્ધિનો ફાળો ખરો ને ?

**દાદાશ્રી :** ના.

**પ્રશ્નકર્તા :** નહીં ?

**દાદાશ્રી :** સારી બુદ્ધિ હોય તો દગો ને કપટ કાઢી નાખે. એ સેફસાઈડ નથી, અનસેફ છે તે. અને બુદ્ધિ સેફસાઈડ રાખે.

એક તો શંકા મારી નાખે, પછી આ દગો તો હોય જ. પોતાના સુખમાં જ દરેક માણસ...

**પ્રશ્નકર્તા :** પણ પોતાના સુખમાં રહેવા માટે બુદ્ધિના ઉપયોગથી દગો ને કપટ રમી શકે ને ?

**દાદાશ્રી :** બુદ્ધિ રહે જ નહીં ને ! જ્યાં પોતાનું સુખ, જાતનું સુખ ખોળ્યું ત્યાં બુદ્ધિ હોય નહીં ને ! બુદ્ધિ તો સામુદાયિક સુખ ખોળે, પોતાનું આખું ઘર સુખી થાય એવું ખોળે. હવે આ તો છોકરો છોકરાનું સુખ ખોળતો હોય, બઈ બઈનું સુખ ખોળતી હોય, છોડી છોડીનું સુખ ખોળતી હોય, બાપ બાપનું સુખ ખોળે, એવું પોતપોતાનું સુખ ખોળે છે !

આ ઉઘાડું કરે ને, તો ઘરના માણસો ભેગા રહે નહીં. ઉઘાડું નથી તેથી ભેગા રહે છે ને ખાય છે ને પીવે છે, મજા કરે છે. એ ઢાંકેલું છે તે જ સારું છે.

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે.

**દાદાશ્રી :** વાતચીત કરજો હું, પૂરી વાતચીત કરવામાં વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** પણ આ દગો ને કપટ જે થાય, એમાં પણ રાગ અને દ્વેષ કામ કરે ને ?

**દાદાશ્રી :** એ રાગ-દ્વેષ હોય તો જ આ બધું થાય ને, નહીં તો રાગ-દ્વેષ નથી તેને તો કશું છે જ નહીં ને ! રાગ-દ્વેષ નહીં વાળો તો જે કરે એ, કપટ કરે તોય વાંધો નથી ને સારું કરે તોય એને કશો વાંધો નથી. કારણ કે એ ધૂળમાં રમે છે ખરો, પણ તેલ ચોપડેલું નથી અને પેલો તેલ ચોપડીને ધૂળમાં રમે છે.

**પ્રશ્નકર્તા :** દાદાજી, જેના પર દ્વેષ હોય એના પર શંકા વહેલી આવે એવું ખરું ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** દ્વેષને લીધે આવે ?

**દાદાશ્રી :** દ્વેષ બધું દેખાડે.

## મોહને લઈને દગો નથી લાગતો

**પ્રશ્નકર્તા :** પેલું તમે બરાબર કહ્યું, દાદા. આવું (દગો) જ છે.

**દાદાશ્રી :** હા, એમાં બીજું છે જ નહીં. આ તો ઢાંક્યું છે એટલે લાગે છે એવું. તેથી તો ચોખ્ખું કહે છે જ્ઞાનીઓ, સંસાર એ દગો છે.

**પ્રશ્નકર્તા :** દગો નથી લાગતો એ શા કારણે ?

**દાદાશ્રી :** મોહને લઈને.

શંકા કોની પર કરવાની ? કો'ક દહાડો ભૂલ પડી હોય તેની પર. આ કાયમનો ભૂલો પડેલો હોય એની શંકા શું કરવાની ?

**પ્રશ્નકર્તા :** હા, શું શંકા કરવાની !

**દાદાશ્રી :** તે શંકા કરવાનું તો અમે ઘણા માણસોને ભુલાડી દીધું. નર્યો દગો જ છે, પછી શંકા વળી કરવાની રહી ક્યાં ? દગો ! સંસાર એટલે દગો !

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** વ્યવહાર છે, વ્યવહાર સાચવવો. બધો સુપરફ્લુઅસ (ઉપલક). તમે સારા હશો, અમે સારા છીએ, આમ છે, તેમ છે... તમારા માટે શું લાવીએ, એમતેમ...

**પ્રશ્નકર્તા :** હા, એ બરોબર છે.

**દાદાશ્રી :** સાડી કહેતા હો તો સાડી લઈને આવીએ.

## એમાં ઊંડા ઊતરવું જ નહીં

આ કળિયુગમાં ગટર ઉઘાડીને જુએ... મૂઆ, ના જોઈશ, ઢાંકી દે ને ! ઊંડા ઊતરીએ ત્યારે મહીં ઉપાધિ ને ! પૉર્ટફોલિયો (પેટી) ઉઘાડવાની જરૂર જ નહીં. શરીરમાં સંડાસ હોય જ.

**પ્રશ્નકર્તા :** બરાબર, દાદાજી.

**દાદાશ્રી :** કોઈ આંતરડામાં વધારે ભરાઈ રહ્યું હોય ને કોઈ આંતરડામાં ઓછું ભરેલું હોય. પણ સંડાસ જ ભરેલું હોય. એમાં ઊંડા ઊતરવું જ નહીં. ડૉક્ટરોય ના ઊતરે ને ! એ સમજે કે આ બાજુ કાપશો નહીં. એવી ગટરો કોણ ખોલે ?

## જો આત્માની કિંમત હોય તો આત્માને જ સંભારે

આત્મા સિવાય બીજું જોવાનું નહીં. બીજું તો ગટરના ઢાંકણા બધા, એમાં શું જોવાનું ? કિંમત જ હજુ ગટરના ઢાંકણાની હોય તો જ ગટરના ઢાંકણા ઉઘાડે. આત્માની કિંમત હોય તો આત્માને જ સંભારે. અમે આવું તેવું ના જોઈએ. આત્મા જોવા જેવો છે, આમાં શું જોવાનું ? ભેંસને બાબો કઈ રીતે થયો ? તો એ પૈણી ક્યારે ને થયો ક્યારે ? મૂઆ, એ તપાસ ક્યાં કરવા જઈએ આપણે ? આપણે તો એને બાબો થયો એટલે (દૂધ) દોહી લેવાનું. આ શી પીડા તે વળી ?

## એનું કારણ મોહ-માલિકીપણું

**પ્રશ્નકર્તા :** પણ દાદા, પતિ પર શંકા ન કરવી હોય ને થઈ જાય, એનું શું કારણ હોય ?

**દાદાશ્રી :** એ તો શંકા ના કરવી હોય તોય થઈ જાય, નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, પણ ના કરવા ધારો તોય થઈ જાય એનું કારણ શું ?

**દાદાશ્રી :** એનું કારણ મોહ, પતિ પરનો મોહ. મારો જ એમ ! પોતાપણું ! માલિકીપણું ! મારો ધણી છે. ધણી ભલે રહ્યો, ધણીનો વાંધો

નથી. મારો કહેવામાં વાંધો નહીં, મમતા નહીં. મારો કહેવાનો, મારો ધણી એમ બોલવાનું, પણ મમતા નહીં રાખવાની.

**પ્રશ્નકર્તા :** ધણી પરથી મમતા કેવી રીતે ઉઠાવી લેવાય ? 'મારો ન્હોય, મારો ન્હોય', એવું કહે કહે કરવાનું દરરોજ ?

**દાદાશ્રી :** ના, એવું કહેવાય નહીં ને ! મારો તો છે જ. ધણી તો મારો જ છે, મારો નહીં કહેવાની જરૂર જ ક્યાં છે ? મમતા ના હોવી જોઈએ.

## આત્મા પર મમતા બેસે, તો ન રહે દુન્યવી ચીજો પર

**પ્રશ્નકર્તા :** તો મમતા ઓછી કેવી રીતે કરાય ?

**દાદાશ્રી :** આત્મા ઉપર મમતા બેસે એટલે બીજે ઓછી થઈ જાય. મારી કરવા જેવી ચીજો છે બધી, મમતા રાખવા જેવી નથી. મારી જરા ખસી ગઈ તો તમારી, પણ તે મમતા નહીં. મારી બાઉન્ડ્રીથી (હદથી) ખસી ગઈ એટલે તમારી.

આ દુનિયામાં કોઈ વસ્તુ આપણી થાય નહીં. તે હિસાબ છે એટલો વખત આપણી. હિસાબ છૂટી ગયો એટલે ગઈ. આ પતંગ કેટલા દહાડા આપણી ? તે આવડી મોટી બનાવીએ પણ કેટલા દહાડા આપણી ? કપાઈ નથી ત્યાં સુધી. એટલે અહીં તો એવી મમતા નહીં રાખવી, સુપરફ્લુઅસ મમતા રાખવી.

## મારાપણામાંથી શંકા જન્મે

કોઈ વ્યક્તિને પોતાની ના માને તો પછી શંકા છે નહીં. પોતાની કેમ માની ? માટે શંકા ઉત્પન્ન થાય. આ તો મારું માન્યું તેથી શંકા થાય છે. મારું છે નહીં ને મારું માનીએ, એટલે શંકા થાય.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આપણને જીવનમાં બધી વ્યક્તિ માટે શંકા ના હોય. એકાદ-બે વ્યક્તિ માટે શંકા હોય તો એનું શું કારણ ? એ જ

વ્યક્તિ માટે આપણને કેમ શંકા આવી ? કંઈક એનું ઋણાનુબંધ હશે ?

**દાદાશ્રી :** આ બધું મારાપણું છે એટલે શંકા આવે, મારાપણું ના હોય તો ના આવે. હીરા તમારા છે, એટલે આ રૂમમાં જે માણસો સૂઈ ગયા હોય એ માણસો ઉપર શંકા તમને આવે છે.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** તમારા હીરા ના હોય તો તમને ના આવે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, મારું કહેવું એમ છે કે હીરા મારા છે, મને શંકા આવે, પણ એ રૂમમાં ધારો કે પાંચ માણસ સૂતા હોય તો એ પાંચ ઉપર જ શંકા આવે, બીજા બહારના ઉપર તો ના આવે ને ?

**દાદાશ્રી :** બધેય આવે. જો એ હીરા તમારા છે, એટલે આવે છે. હીરા પહેરવાનો વાંધો નથી. તમને માલિકીપણું છે, તેથી એ આવે છે. હીરા પહેરો, વેચી દો, આપી દો, ખાવ-પીવો, મજા કરો, પણ માલિકીપણું નહીં રાખવાનું. છોકરાં ભલે ને દસ રહ્યા, દસ છોકરાંને મિલકત આપો-કરો, પણ માલિકીપણું નહીં.

**પ્રશ્નકર્તા :** છોકરો ખોટે રસ્તે જતો હોય, તો આપણે એના પર શંકા કરીએ એ કેવું, દાદા ? એ પણ ખોટું જ કહેવાય ?

**દાદાશ્રી :** ખોટું જ કહેવાય ને ! ખોટે રસ્તે તો આખી દુનિયા જાય છે, કેમ એ લોકો પર નથી કરતા ?

**પ્રશ્નકર્તા :** તો દાદા, આપણે એના પર શંકા નહીં કરવાની ?

**દાદાશ્રી :** શંકા કરાતી હશે ?

**પ્રશ્નકર્તા :** તો એને જવા દેવાનો, જે રસ્તે જાય એ રસ્તે ?

**દાદાશ્રી :** શંકા કરે તો વધારે નુકસાન થાય.

**પ્રશ્નકર્તા :** તો એને સમજાવવાનો ?

**દાદાશ્રી :** હા, સમજાવવાનો ખરો.

**પ્રશ્નકર્તા :** સારા-ખોટાનો એને વિવેક તો બતાવાય ને, કે આ રસ્તો ખોટો છે ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** અને દાદા, ધારો કે એવું બને કે આપણે જે ધાર્યું હોય ને એ ખોટું પડે, તો આપણે પ્રતિક્રમણ કરીએ તો ધોવાઈ જાય ને ?

**દાદાશ્રી :** પ્રતિક્રમણથી બધું ધોવાઈ જાય.

## મમતા સિવાયની માલિકી રાખવા જેવી

**પ્રશ્નકર્તા :** દાદા, એ વાત તો સાચી કે શંકા તદ્દન પોતાના હોય તેને જ માટે આવે, બીજાને માટે આવે જ નહીં. બીજે પડી જ નથી હોતી આપણને.

**દાદાશ્રી :** એવું નહીં. છોકરાં ભલે ને રહ્યા, પણ પોતાપણું ના હોવું જોઈએ કે મારા છોકરાં છે.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર.

**દાદાશ્રી :** મકાનો ભલે ને દસ રહ્યા, પણ પોતાપણું હોય તો બળી જાય એની ચિંતા થાય, શંકા પડે. પોતાપણું જ ના હોય તો ના થાય ને !

શંકા આવવાનું કારણ માલિકીભાવ છે. અહંકાર તો સારો, આ તો માણસ ઉપર માલિકીભાવ. 'મારી વાઈફ' એટલે મમતા. માલિકી તો આ ટેબલ સાથે રાખવી એય ગુનો છે. માલિકી રાખવી પણ ટાઈટલ (હક્ક) વગરની રાખવી. મમતા સિવાયની માલિકી રાખવા જેવી છે.

વરસાદ પડશે કે નહીં પડે, એવી શંકા થાય છે ખરી ? મૂઆ, એની શંકા આપણે શું કરવાની જરૂર છે ? ત્યારે કહે, મારું ખેતર સુકાઈ જાય. આ મારું ખેતર છે કે તારું ખેતર, બધું માની બેઠેલો, ઊંધું માની બેઠેલો છું તું, એ ભાંજગડ છે આ બધી. બધું માની બેઠેલો, રોંગ બિલીફો છે.

## શું પૂછીને એનો ખુલાસો મગાય ?

**પ્રશ્નકર્તા :** દાદા, હવે દાખલા તરીકે મારા પતિ ઉપર મને શંકા આવે તો મારે એને મોઢે પૂછી લેવાય કે મને આવો તમારા માટે વિચાર આવ્યો છે, આ સાચું છે કે ખોટું છે ? એમ કરીને શંકાનું સમાધાન કરાય ?

**દાદાશ્રી :** ના, એવું પૂછવાની જરૂર નહીં.

**પ્રશ્નકર્તા :** તો નિવારણ શું પછી શંકાનું ?

**દાદાશ્રી :** દાદાનો ઑર્ડર (આદેશ) જ છે, શંકા કરવી જ નહીં. ગો (ગેટ) આઉટ, કહીએ. એવું પુછાય નહીં. એમની મેળે કહે તે વાત જુદી છે, પણ આપણાથી ના પુછાય.

**પ્રશ્નકર્તા :** આપણા છોકરાંઓને પુછાય ?

**દાદાશ્રી :** પૂછવું એ ગુનો છે. એની મેળે કહે એવી આપણે વાત ઊભી કરવી, કે જેથી એ કહી દે. મને લોકો કહી દે છે ને, હું વાત એવી ઊભી કરું છું. 'મેં આવું કરેલું, મેં આમ કરેલું', બધું કહી દે. અલ્યા મૂઆ, મારે પૂછવું હતું પણ મેં સીધી રીતે ના પૂછ્યું.

પણ એ તમારી પાસે કહે નહીં. મારી પાસે તો ચોખ્ખું ખરું ને, મારું ચોખ્ખું ને, એટલે બધા બોલી જાય. તે ઘડીએ આબરૂ-બાબરૂનું ભાન ના હોય. બધા બહુ જણ વાત કરી દે.

**પ્રશ્નકર્તા :** આપણે પૂછીએ તો એના અહમ્ને દુઃખ થાય ?

**દાદાશ્રી :** થાય ને, બહુ મોટું, અહમ્ દુભાય. માણસની કેટલીક પર્સનલ (અંગત) વાત હોય છે, દરેકને ! આ કળિયુગ ખરો ને, તે એમાં બહુ હાથ ઘાલવો નહીં. એ પર્સનલ મેટર છે.

**પ્રશ્નકર્તા :** પણ દાદાજી, હસબન્ડ અને વાઈફની વચ્ચે એવું પર્સનલ ના હોવું જોઈએ ને ?

**દાદાશ્રી :** ના, એ ના હોવું જોઈએ એ ન્યાય છે. અને કાળ છે તે કળિયુગ છે.

**પ્રશ્નકર્તા :** ના હોવું જોઈએ એ ન્યાય છે.

**દાદાશ્રી :** ન્યાય છે, પણ ન્યાય એ આપણા આધીન છે. જો આપણે ન્યાયમાં હોઈએ તો એ ન્યાય પ્રમાણે હોય. આપણે ન્યાયમાં ભૂલ થઈ છે એટલે આ ન્યાયમાં ભૂલ થયેલી જોવી પડે છે આપણે.

**પ્રશ્નકર્તા :** હા, આપણે ન્યાયમાં ભૂલ કરી છે.

**દાદાશ્રી :** હા, એથી જોવું પડે.

**પ્રશ્નકર્તા :** હા, એનો વાંક છે નહીં.

**દાદાશ્રી :** ના, એ ન્યાય છે પેલી વસ્તુનો. ન્યાયમાં હોય કે ના હોય, જે બન્યું એ ન્યાય, ન્યાય એ ન્યાય નહીં. ન્યાય તો એક થર્મોમિટર છે.

**પ્રશ્નકર્તા :** આવું બને એને આપણે અટકાવી શકવાના નથી ને ?

**દાદાશ્રી :** કશું અટકે જ નહીં. માર ખા ખા કરે છે. તેથી અમે આ કહીએ છીએ ને, કશું અટકશે નહીં ને શું કામ માથાફોડી કરો છો ? ઊલટી ભાંજગડો થશે અને નવી જાતનું રડારોડ થશે. આ કરેક્ટ કરીને ચાલવા દેવું. ઍડજસ્ટ, ઍડજસ્ટ... તે શંકા નહીં. શંકા ઍડજસ્ટમેન્ટ તોડી દે.

## અહમ્ ના દુભાય એવી રીતે પુછાય

**પ્રશ્નકર્તા :** પણ દાદાજી, જ્યાં બે માણસો હોય એમાં એક આડે રસ્તે જતો હોય તો એને અટકાવવાનું નહીં ? એને કશું કહેવાનું નહીં ?

**દાદાશ્રી :** હા, કહેવાનું આપણે. એક ફેરો કહી જોવું પણ તે એવી રીતે કે અહમ્ ના ભગ્ન થાય, કે ભઈ, આવું આપણી ખાનદાનીને શોભે નહીં. એવું વાતચીત કરાય, પણ એનો અહંકાર ભગ્ન ના કરાય

આપણાથી. અગર તો પહેલેથી એવી વાડ બાંધી દેવી જોઈએ, કે હું વાત કરું તે જુદાઈ માનશો નહીં, ફક્ત તમારી જાત જ છે એવી રીતે હું તમને પૂછું તો વાંધો રાખશો નહીં. તો એ કહે કે, 'મને કોઈ જાતનો વાંધો નથી.' તો કહેવું કે તમે આને ક્લિયરન્સ (ખુલાસો) કરો. તો એ કરે પછી. પછી ફૉલ્સ (ખોટો) ક્લિયરન્સ આપે તોય આપણે સાચું માની લેવાનું. એ જ ન્યાય છે. ન્યાય તો હોય નહીં. ન્યાય હોતો હશે આ કળિયુગમાં ? આટલો ન્યાય છે, દેખાય છે એટલો ન્યાય ! એટલુંય આપણે કેવું મોટું સરસ ન્યાય કરીને આવ્યા છીએ તેનું આ ફળ છે. કળિયુગમાં આટલો ન્યાય રહ્યો છે, તે દાદા મળ્યા, ઝઘડા ગયા, બધું ગયું. નહીં તો એક વહેમ પડે ને... તેથી તો આ બધાને ભાગી (સંબંધ ભાંગી) જાય, છૂટા થઈ જાય, ડાયવોર્સ થઈ જાય ને, એનું કારણ આ ! શું કારણ ?

**પ્રશ્નકર્તા :** એક વહેમ પડે.

**દાદાશ્રી :** હા, એ શંકા પડી, ભાગાભાગ, ભાગાભાગ... એ નાતરા કહેવાય પછી, નાતરા !

**પ્રશ્નકર્તા :** અને બન્નેવ દુઃખી થાય છે.

**દાદાશ્રી :** બન્નેવ દુઃખી થાય અને છોકરાં બિચારા ઠેકાણા વગરના થઈ જાય. તેથી અમે કહ્યું કે ગમે તેવું હોય, ઍડજસ્ટ, ઍડજસ્ટ, ઍડજસ્ટ એવરીવ્હેર ! તો છોકરાં તો સુધરી જાય ને ! અને નહીં તોય તમે શું કરવાના છો ? આનો ઉપાય નથી આ. આ તો વધુ દુઃખી થવાનો ઉપાય છે. દુઃખ ઓછું કરવાનો ઉપાય નહોય આ. તમે સમજી ગયા કે ? એમ !

**પ્રશ્નકર્તા :** સમજું જ છું હું આ.

**દાદાશ્રી :** એટલે વાત જ ટૂંકી છે ને સમજવાની છે. આ દાદાનું વિજ્ઞાન કેવું સુંદર છે ! કોઈ જાતની હરકત ના થાય. બાકી શાસ્ત્રોય ખોટા પડ્યા અત્યારે તો. શાસ્ત્ર શું કહે છે, સત્ય બોલો, ચોરી ના કરો. અરે મૂઆ, એવું થાય કેવી રીતે ? આ તમે કઈ જાતનું બોલો છો વગર કામનું ? ઈઝ ઈટ પૉસિબલ (આવું શક્ય છે) ? એટલે પછી ચોપડી

ઊંચે મૂકી દીધી હોય. નૉટ ઍડજસ્ટેબલ (અનુકૂળ ન આવે). આ દાદાનું વિજ્ઞાન ઍડજસ્ટેબલ ઈન એવરી ટાઈમ (દરેક સમયે અનુકૂળ આવે) ! જુઓ ને, એક દહાડો બે કલાકના પરિચયથી, સવારમાં કેવા દોડધામ કરીને (અહીં સત્સંગમાં) આવ્યા'તા બધા !

## આ તો પોતાના જ હિસાબ

એક બાઈનો સંસાર મુંબઈમાં ફ્રેક્ચર થઈ જતો હતો. એના પતિએ ખાનગી બીજો સંબંધ રાખ્યો હશે. અને આ બઈ, એ તો જાણી ગઈ એટલે ઝઘડા જબરજસ્ત થવા માંડ્યા. પછી મને બઈએ કહી દીધું, 'આ આવા છે, મારે શું કરવું ? મારે નાસી છૂટવું છે.' મેં કહ્યું, 'એક પત્નીવ્રતનો કાયદો પાળતો હોય એવો મળે તો નાસી છૂટજે, નહીં તો બીજો કયો સારો મળશે ? આમ તો એક જ રાખી છે ને ?' ત્યારે કહે, 'હા, એક જ.' ત્યારે મેં કહ્યું, 'બહુ સારું. લેટ ગો કર (ચલાવી લે). મોટું મન કરી નાખ. તને બીજો આથી સારો ના મળે.'

એક બેન કહેતી હતી કે મને ધણી સારો મળ્યો નથી એટલે મારી જિંદગી બગડી. મેં કહ્યું, 'સારો મળ્યો હોત તો જિંદગી સુધરી જાત ?' પછી મેં કહ્યું, આ તું જાણતી નહોતી કે આ કળિયુગ છે ? કળિયુગમાં તો ધણીએ સારો ના મળે અને વહુએ સારી ના મળે. આ બધો માલ જ કચરો હોય ને ! પછી એમાંથી સોમાં એકાદ ટકો સારુંય હોય, એવું ના હોય એવું નહીં. બાકી એ તો બધો કચરો જ, રબિશ માલ. માર્કેટ મટિરિયલ ! પ્રાઈવેટ મટિરિયલ નહોય આ. માલ પસંદ કરવા જેવો હોય જ નહીં. માટે આ પસંદ કરવાનો નથી, આ તો ઉકેલ લાવવાનો છે. આ કર્મોનો હિસાબ ચૂકતે કરવાનો છે તે ઉકેલ લાવવાનો છે. ત્યારે લોક લહેરથી જાણે ધણી-ધણિયાણી થવા ફરે છે. અલ્યા મૂઆ, ઉકેલ લાવ ને અહીંથી. જે તે રસ્તે ક્લેશ ઓછો થાય એવી રીતે ઉકેલ લાવવાનો.

**પ્રશ્નકર્તા :** દાદા, એને એવો પતિ ભેગો થયો હશે, તે હિસાબનો જ થયો હશે ને ?

**દાદાશ્રી :** હિસાબ વગર તો આ ભેગું જ ના થાય ને ! એ પતિ જે મળ્યો એ આપણા હિસાબનો છે. પતિ મળવો એ ગપ્પું નથી.

## આંખે જોયેલું પણ ખોટું નીકળે

**પ્રશ્નકર્તા :** દાદા, હવે ધારો કે આપણને કંઈ લાગતું-વળગતું ના હોય, બહુ નજીકનું ના હોય અને શંકા તો શું પણ આમ નજરે પણ જોયું હોય, પણ એને કહેવાથી દુઃખ થતું હોય અને આમ સમજે એવું ના હોય, તો પછી આપણે શું કરવું, મૌન રહેવું ?

**દાદાશ્રી :** જે જોયું હોય ને, એની ઉપર કવર લગાવી, લાખ ચોપડી સીલ મારી દેવું.

ગમે તે બાબત હોય ને ! નજરે જોયેલી વાત હોય તોય શંકા નહીં, જાણી રાખવી. જાણવું ખરું, જાણવામાં પાપ નથી. અને આંખે જોયેલુંયે ખોટું પડે છે. શું ?

**પ્રશ્નકર્તા :** આંખે જોયેલું ખોટું પડે.

**દાદાશ્રી :** કેટલાય દાખલા એવા મારે બનેલા. સાવ આંખે જોઉં ને છતાંય ખોટું નીકળે એવું મારે દાખલા એક્ઝેક્ટ અનુભવમાં આવેલા. તો બીજી વસ્તુ તો કઈ સાચી માનવી આપણે ?

જાતે જોયું હોય કશુંક તોય શંકા ના રાખીએ. જોયેલી વાતેય ખરી હોય તોય ખોટું છે ને ! જગતની ચીજ ખરી હશે ને, તેય ખોટી છે. આત્મા એકલો સત્ય છે. આ રિલેટિવ સત્ય છે એટલે વિનાશી સત્ય છે.

## જ્ઞાની વ્યવહારની બહાર હોય માટે શંકા કાઢી આપે

શંકા કરતાં ડાકણ વળગેલી સારી ! તે ડાકણને તો ભૂવોય કાઢી આપે બળ્યો ! આ કોણ કાઢે ?

**મહાત્માઓ :** આ દાદો !

**દાદાશ્રી :** અમે કાઢી આપીએ તમારી શંકાઓ હોય એ, બાકી કોઈ શંકા-બંકા કાઢી આપે નહીં.

આ મોક્ષે જવાનું જ્ઞાન મળ્યું છે, માટે મોક્ષમાં જ જવાની તૈયારી રાખજો બધી. શંકા-કુશંકા થાય તો મને કહી દેવું કે મને આમ આવી શંકાઓ થાય છે. હું એ શંકાનું સમાધાન કરી આપીશ.

**પ્રશ્નકર્તા :** આ શંકાની વાત તો કાલે ગજબ નીકળી'તી.

**દાદાશ્રી :** અહીંથી જેટલું બોલું છું ને, એટલું પેપરવાળાને આપે અને પેપરવાળો લખે એટલું કે દાદા આ પ્રમાણે બોલ્યા, તો લોકોને કામ લાગે.

જ્ઞાની પુરુષ જ વ્યવહાર સેટલ કરી આપે. ત્યાં સુધી વ્યવહાર સેટલ થાય નહીં. જે વ્યવહારની બહાર છે તે સેટલ કરી આપે. વ્યવહારમાં જ છે, એને તો વ્યવહારનું ભાન જ ના હોય ને ! વ્યવહારનો આગ્રહ હોય એને. એટલે વ્યવહારની એને ખબર ના હોય. જ્ઞાની પુરુષ વ્યવહારની બહાર હોય. એટલે એમની વાણી જ એવી નીકળે કે બધું એક્ઝેક્ટ થઈ જાય આપણને. શંકા કાઢી જાય નહીં, જ્ઞાની પુરુષના કહેવાથી શંકા જતી રહે.

**પ્રશ્નકર્તા :** કાઢી ના જાય.

**દાદાશ્રી :** શંકા કાઢી ના જાય, ઊલટી વધે.

## શંકાના બીજને જ ઉખાડીને ફેંકી દેવું

**પ્રશ્નકર્તા :** દાદા, શંકાની ઈફેક્ટ તરત તો થાય જ છે, પણ આની ઈફેક્ટ આવતા ભવમાં પણ થવાની કે ?

**દાદાશ્રી :** જેનું બીજ પડે ને, તેના ફળ આવે. શું થાય ?

**પ્રશ્નકર્તા :** બીજ પડે તો ફળ આવે.

**દાદાશ્રી :** બીજ જ કાઢી નાખો. બીજમાંથી જ કાઢી નાખવાનું.

એનું બીજ ઊગ્યું ને, એટલે આપણે જાણીએ કે આ કપાસનો છોડવો નહીં, બીજો છોડવો છે. એટલે કાઢીને, ઉખાડીને ફેંકી દેવો. શંકાનું બીજ ઊગ્યું હોય, તે ખબર પડી જાય કે આ છોડવો બીજો ! એને ઉખાડીને ફેંકી દીધો, પછી ફરી એનું બીજ જ ના આવે ને ! ડૂંડું આવે ત્યારે ફરી બીજ પડે ને પાછું ?

**પ્રશ્નકર્તા :** એટલે બીજા ભવમાં નહીં નડે પછી.

**દાદાશ્રી :** હા, બીજા ભવમાં કશુંય અસર ના થાય. આ ગયા અવતારે બીજ પડેલું તે આ શંકા ઉત્પન્ન થઈ. હવે બીજ જ ઉત્પન્ન ના થવા દેવું.

## એ ભરેલો માલ નીકળે છે, એને બાજુએ મૂકી દેવાનો

શંકા કોઈને જંપીને બેસવા ના દે. શંકાએ તો મારી નાખેલા લોકોને. મોટા મોટા રાજાઓને, ચક્રવર્તીઓને પણ શંકાએ મારી નાખેલા.

**પ્રશ્નકર્તા :** માટે શંકાને ઊભી નહીં રાખવી.

**દાદાશ્રી :** શંકા આવે એ ભરેલો માલ નીકળે છે. તેને આપણે કહીએ કે 'આ આપણો નહોય.' એમ બાજુએ મૂકી દેવાનો. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** શંકા આવતી હોય તો એના પ્રત્યે લક્ષ નહીં કરવું, એનો અર્થ એ.

**દાદાશ્રી :** નહીં, ઊલટો એને તરત બાજુએ મૂકી દેવાનો.

**પ્રશ્નકર્તા :** બાજુ પર મૂકી દેવાનો.

**દાદાશ્રી :** ગ્રાસ્પિંગ મટિરિયલ્સ (પકડી રાખવા યોગ્ય) નહોય આ.

## શંકાને કહીએ, 'તું જતી રહે'

કોઈને પાંચ લાખ આપ્યા હોય ને એની શંકા પડે ને, તે ઘડીએ શંકાને કહીએ, 'તું ચાલી જા, હવે. મેં આપ્યા એ આપ્યા. એ જવાના હોય

તો જાય ને રહેવાના હોય તો રહે.' વગર કામની શંકા ! દોષ બંધાવડાવે પેલા ઉપર. અને મારા જેવાને આપ્યા હોય ને એના ઉપર શંકા રાખે, શી દશા થાય ?

શંકા તો પરણ્યા પછી મનમાં એમ થાય, કે આ ત્રણ છોકરાંઓ થયા ને હવે પત્ની મરી જાય તો શું થાય ? તો પછી શું સુખ આપે એ શંકા ? આવડા આવડા ત્રણ છોકરાંઓ મેલીને આમ મરી જાય એવી શંકા આવી, એ સુખ આપે ?

**પ્રશ્નકર્તા :** ના આપે.

**દાદાશ્રી :** 'જતી રહે' કહીએ શંકાને, અહીં ક્યાં આવી ? નાલાયકોને ત્યાં જા. અહીં ક્યાં આવી ? 'હું તો લાયક છું', કહીએ. ના કહી દેવાય ?

**પ્રશ્નકર્તા :** કહી દેવાય.

**દાદાશ્રી :** થોડી લાયકાત તો સાચવવી પડે કે ના સાચવવી પડે ? આવું પોલંપોલ ચલાવાતું હશે ? 'હું તો લાયક છું, લાયક છું' બોલે તો ચાલ્યું ગાડું. બધા દુઃખ નાલાયકોને માટે છે, લાયકને માટે નથી.

**પ્રશ્નકર્તા :** હવે તો બરોબર બેસી ગયું.

**દાદાશ્રી :** બેસી ગયું છે ને ?

## કહીએ, 'અમે તો ફક્ત દાદાની જ સલાહ લઈએ'

શંકા આવે તોય શંકાને આપણે ખસેડી મેલવાની, કે 'તમે શું કરવા આવો છો ? અમે છીએ ને, તમારું કામ શું છે ? તમને સલાહ આપવાની કોણે કહી છે ? અમે હવે કોઈ વકીલની સલાહ નથી લેતા અને કોઈની અમે સલાહ લેતા નથી', કહીએ. 'અમે તો દાદાની સલાહ લઈએ, બસ. જ્યારે જે રોગ થાય ત્યારે દાદાને દેખાડી દઈએ અમે. નોટિસો-બોટિસો અમારે કોઈને આપવી નથી, લોકો અમને ભલે આપે.'

## 'દાદાના ફૉલોઅર્સ થઈને શરમ નથી આવતી ?' એવું વઢવું

**પ્રશ્નકર્તા :** દાદા, ઘણોય નિશ્ચય કર્યો છે છતાંય આ નાની નાની બાબતમાં બધે શંકા પડે એને કરવાનું શું ?

**દાદાશ્રી :** પાછી શંકા પડે છે તને હઉ ? કહું છું શંકા એ ભૂત છે. ડાકણ વળગાડવી હોય તો વળગાડવી, આપણને ડાકણ ફાવતી હોય તો.

**પ્રશ્નકર્તા :** દાદા, ફાવતી તો બિલકુલેય નથી.

**દાદાશ્રી :** શંકા પડે તો તારે શું કહેવું ? 'દાદાનો ફૉલોઅર્સ (અનુયાયી) થયો ને તને શરમ નથી આવતી ? દાદા શંકા કોઈની જોડે રાખતા નથી ને તું શું કરવા શંકા રાખું છું ? એ બંધ કરી દે.' શું કહેવાનું ?

**પ્રશ્નકર્તા :** દાદાનો ફૉલોઅર્સ થઈને શંકા રાખે છે ? દાદા નથી રાખતા ને તું શું કામ રાખે છે ?

**દાદાશ્રી :** હંઅ, 'દાદા રાખતા નથી આટલી ઉંમરે, બોતેર વર્ષે નથી રાખતા ને તું તો નાનો જવાન છું', કહીએ. એટલે બંધ થઈ જાય.

શંકા આવે ને, ત્યારે કહીએ, કે 'દાદાના ફૉલોઅર્સ થયા ને હવે શંકા શાની રાખો છો ?' એવું વઢવું. કોને વઢીશ ?

**પ્રશ્નકર્તા :** ફાઈલ વનને.

**દાદાશ્રી :** હા. વળી ફાધર વઢે એના કરતાં આપણે વઢીએ એ શું ખોટું ? કોણ વઢે તો સારું ?

**પ્રશ્નકર્તા :** હું લઢું તો જ સારું ને !

**દાદાશ્રી :** આપણી મેળે જ વઢીએ તે સારું. ઊલટું લોકોના ગોદા ખાવા તેના કરતાં ! શંકા ડાકણ કરતાંય ભૂંડી વસ્તુ છે !

**પ્રશ્નકર્તા :** દાદા, માર ખાય તોયે જાય નહીં પાછી.

**દાદાશ્રી :** માર ખાય તોયે જાય નહીં. તેથી આજ આ વાત નીકળી. શંકાની વાત નીકળે ત્યારે ને ? નહીં તો તો એ ના નીકળે. જવાની થાય તો નીકળે. આમની શંકા કંઈ જવાની થઈ તે વાત નીકળી છે. આમની શંકા જવાની થઈ, એમ આ બધાની શંકા જવાની થાય ત્યારે નીકળે, નહીં તો નીકળે નહીં ને વાત ! કોઈ દહાડો નીકળી જ નથી, નહીં ?

તમારી જતી રહેશે કે આજ ? ગઈ હઉ ? તારી હઉ જતી રહી ?

**પ્રશ્નકર્તા :** જશે, દાદા.

**દાદાશ્રી :** 'જશે' કહું છું ને હજુ તો. 'જતી રહી' એમ બોલ ને ! આ રેલવે આગળ સહેજ ભૂલ કરીએ, ચેડાં કરીએ તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** કપાઈ જાય.

**દાદાશ્રી :** ત્યાં કેટલો ડાહ્યો રહે છે ? શાથી ડાહ્યા રહે છે લોક ? તરત ફળ આપે છે એટલે. પેલું ફળ મોડું મળે છે. કેવું ? દેખાતું નથી આજ. એનું ફળ શું આવશે એ દેખાતું નથી, એટલે એવા ચેડાં કરે છે. શંકાનું ચેડું કરવું એટલે કંઈ જેવી તેવી વાત છે ?

**પ્રશ્નકર્તા :** તો આગળનું પાછું બીજ પડે ને, દાદા ?

**દાદાશ્રી :** અરે, બળ્યું બીજની કંઈ વાત કરે છે ! એ આજની શંકાનું ચેડું તો આખી જંગલની વસ્તી ઊભી કરી નાખે. કેવી ? શંકા તો આગળ ઠેઠ જ્ઞાની પુરુષ સુધી હઉ પહોંચાડી દે એને. ક્યાં ? એ ડાકણ પેઠી એટલે પછી શું ના દેખાડે ?

**પ્રશ્નકર્તા :** બધું જ દેખાડે.

**દાદાશ્રી :** મહીં દાદા હઉ દેખાય ?

**પ્રશ્નકર્તા :** બધું જ દેખાય.

**દાદાશ્રી :** અને તારે શંકામાં ? દેખાય હઉ ? આમનું ગજું જ નહીં ને ! આને શી રીતે શંકા નીકળે ? શંકા કાઢવી પડે, એ જ્ઞાની પુરુષ

બધી કાઢી આપે. આમનું ગજું નહીં. એટલે તારે એમ કહેવું કે દાદાના ફૉલોઅર્સ થઈને, શરમ નથી આવતી ? નહીં તો કહીએ, બે-ત્રણ તમાચા મારી દઈશ. શંકા રાખવાની, મારું હારું બિચારા છોકરાઓનું ગજું શું ? હજુ તો મૂછ તો ઊગી નથી, તે પહેલા શંકાઓ ઊભી થઈ.

## એના દર્શન કરીએ તો આપણા પર ચડી બેસે

ક્યારેય પણ શંકા ઉત્પન્ન થાય એટલે તરત જ દાદાએ એની ના પાડી છે એટલું યાદ કરીને બંધ કરી દેવી. 'શંકાઓ ચાલી જાવ, હું નિઃશંક આત્મા છું' કહીએ. આત્માને શંકા શું વળી ?

તમે હવે નિઃશંક થયા એટલે શું, કે 'હું શુદ્ધાત્મા છું' અને 'કેવળજ્ઞાન સ્વરૂપ છું' એટલું જો થઈ ગયા એટલે પછી નિઃશંક થયા, અને નિઃશંક થયા એટલે શંકા પછી જગતમાં કોઈ જગ્યાએ હોવી ના જોઈએ. એને જોવી ના જોઈએ. દર્શન કરવા નહીં જોઈએ. અંબાજીમાતાના દર્શન કરીએ એમ શંકાના દર્શન કરીએ તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** એનુંયે ફળ આવે.

**દાદાશ્રી :** ના, એટલે એ શંકા ચડી બેસે આપણી ઉપર. એની ભક્તિ કરીએ એટલે તે રૂપ થઈ જાય ને ! માટે એને ફેંકી દેવી.

## માટે બુદ્ધિથી બેસો છેટા

**પ્રશ્નકર્તા :** પણ દાદા, સમાધાન લેતા બહુ આકરું પડે છે.

**દાદાશ્રી :** સમાધાન શી રીતે થાય, બળ્યું ? શંકાનું સમાધાન દુનિયામાં ના હોય, સાચી વાતનું સમાધાન હોય. શંકાનું સમાધાન ક્યારેય પણ થાય નહીં.

અને શંકા તો, ઘણા ફેરો ખોટી શંકા મારી નાખે છે. એની અક્કલથી મૂઓ શંકા કરે, ના કરવા જેવી હોય તેય શંકા કરે. અક્કલ વગર જો શંકા થયેલી હોય તો અવળું થયા વગર રહે નહીં અને પેલી અક્કલથી કરે છે એ શંકા એને હેરાન કરે, અવળું નાય થાય.

અરે, ઉઘાડી આંખે જોયું હોય તો ખોટું પડે છે, તો આ તો બુદ્ધિજન્ય જ્ઞાનથી મહીં વિચારણા કરીને બધી શંકા કરે છે. મૂઆ, એ માર ખવડાવી ખવડાવીને તેલ કાઢી નાખશે. એનાથી કંઈક મરી ગયા.

તેથી અમે કહીએ છીએ ને, બુદ્ધિથી છેટા બેસો. બુદ્ધિને કહીએ, 'બેસ બા, બહુ દહાડા તે તો અથાડી અથાડીને તેલ કાઢી નાખ્યું. હવે જંપીને બેસવા દે ઘડી વાર !'

## વિશ્વાસેય નહીં કરવાનો ને શંકાય નહીં કરવાની

અને તે શંકા સો ટકા ખોટી હોય છે. અને જ્યાં શંકા નથી રાખતો ને, ત્યાં જ શંકા હોય છે. જ્યાં વિશ્વાસ રાખે છે ને, ત્યાં જ શંકા હોય છે.

**પ્રશ્નકર્તા :** દાદા, ફરીથી કહો.

**દાદાશ્રી :** હા, બધી રીતે માર ખાવ છો તમે તો. જ્યાં આગળ વિશ્વાસ રાખો છો ત્યાં શંકા છે અને જ્યાં શંકા રાખો છો ત્યાં કશું છે જ નહીં. અમે તો જ્ઞાનથી જોયેલું હોય. આ તો માર ખા ખા કરે. આમથીયે માર ખાય ને આમથીયે માર ખાય.

**પ્રશ્નકર્તા :** દાદા, તો પછી અમારે કોઈ જગ્યાએ વિશ્વાસ રાખવાનો કે નહીં ?

**દાદાશ્રી :** નહીં, વિશ્વાસેય નહીં કરવાનો ને શંકાય નહીં કરવાની. વિશ્વાસ કરવાથી શંકા થાય છે.

**પ્રશ્નકર્તા :** હા, એ બરાબર છે. હવે એ ખ્યાલ આવ્યો કે અમે વધારે પડતો વિશ્વાસ કરીએ છીએ એટલે એના રિઍક્શનમાં (પ્રતિક્રિયામાં) શંકા થાય છે.

**દાદાશ્રી :** હા, શંકા થાય છે.

**પ્રશ્નકર્તા :** અને શંકાના રિઍક્શનમાં આ હાલી જવાય છે.

**દાદાશ્રી :** બસ.

## એક બીજમાંથી આખું જંગલ થઈ જાય

તમને તો હજુ આટલી ઉંમરેય શંકા આવે, નહીં ? હજુ આવે ? જ્ઞાન આટલું બધું થયું છે તોય આવે ?

**પ્રશ્નકર્તા :** કો'ક વખતે આવે.

**દાદાશ્રી :** બળ્યું, આવે પણ કેટલા બધા ઝાડ ઊગી નીકળે પછી ! બીજ એક અને સત્તરસે જાતની વનસ્પતિ ઊગી નીકળે !

**પ્રશ્નકર્તા :** આખું વન થઈ જાય !

**દાદાશ્રી :** આખું વન થઈ જાય ! બગીચાનું જંગલ થઈ જાય ! શું થાય ? આ દાદાએ મહાપરાણે બગીચા બનાવ્યા હોય, તેમાં વળી પાછું જંગલ થઈ જાય. એક શંકા પેસી ને, એટલે કેટલા બીજ ઊગે ?

**પ્રશ્નકર્તા :** ઘણા.

**દાદાશ્રી :** બાવળિયું, લીમડો, આંબો-બાંબો, મહીં... તોફાન !

એક વડનું બીજ હોય તેમાં વડ એકલો જ ઊગે અને શંકા નામનું બીજ એવું છે કે એક જ બીજમાંથી સત્તરસો જાતની વનસ્પતિ ઊગે. એ બીજ તો રખાય જ કેમ કરીને ? આ તો અમારી શોધખોળ બહુ ઊંડી છે.

**પ્રશ્નકર્તા :** ખરું, દાદા.

**દાદાશ્રી :** શંકાથી જ જગત ઊભું રહ્યું છે. એનાથી વધારે ઊભું થાય છે.

**પ્રશ્નકર્તા :** હા, વધારે થાય છે.

**દાદાશ્રી :** શંકા પાણી છાંટે છે. જે ઝાડને સૂકવવાનું છે, તેને પાણી છાંટે છે. અને તેનાથી નવી જાતના સંસાર ઊભા થાય એવું છે. આ શંકા નામનું બીજ અમે એકલાએ કાઢી નાખેલું છે આપણા બધાય મહાત્માઓમાં. તમે બધાએ કાઢી નાખેલું પણ તમને સહેજ, સહેજય કંઈક કંઈક કો'ક ફેરો આવી જાય.

## ત્યારે શું કરવું ?

**પ્રશ્નકર્તા :** કોઈ પણ કાર્ય કરવામાં શંકા-કુશંકા બહુ થયા કરે તો શું કરવું ?

**દાદાશ્રી :** એ જરા મુશ્કેલીમાં મૂકે.

**પ્રશ્નકર્તા :** તો દાદા, કરવું શું પણ ?

**દાદાશ્રી :** શું કરવાનું ? આપણે તો કહેવું ચંદુભાઈને, 'શંકા-કુશંકા કરશો નહીં. હેંડો, જે આવે તે કરવાનું છે.' બસ એટલું જ. એ શંકા-કુશંકા કરે તો આપણે કહેનાર છીએ ને જોડે જોડે ! પહેલા કોઈ કહેનાર નહોતું એટલે ગૂંચાતા'તા. હવે તો કહેનાર છે ને !

આ જ્ઞાન પ્રાપ્ત થયું તે હવે નિઃશંક મને કામ કર્યે જાવ ને ! પોતાનું ડહાપણ કરવા ગયા ત્યાં પેલી વસ્તુ બગડશે અને સહજ મૂકશો તો કામ થઈ જશે. ડહાપણ કરશો તેના કરતાં સહજ મૂકશો તો સારું કામ થશે.

**પ્રશ્નકર્તા :** જો દાદાનું નામ લઈને કામ શરૂ કરીએ તો કામ સફળ થાય ને ?

**દાદાશ્રી :** દાદાના નામથી તો ગાડીઓ ચાલે છે. દાદાનું નામ ક્યાં ના ચાલે ? શંકા હોય ત્યાં. મનમાં શંકા પડી તો નામ ના ચાલે. જે કામ કરવું હોય તે થાય, કોઈનું કામ અટકે નહીં એવું આ દાદાનું નામ છે. અને આ દેખાય છે તે 'દાદા' નહોય. મહીં પ્રગટ થયેલા છે તે 'દાદા' (દાદા ભગવાન). આ તો પટેલ ભાદરણના, આમાં શું કાઢવાનું ?

## 'વ્યવસ્થિત છે' કહી દેવું

સ્ટીમરમાં જવું જ છે, પછી વિચાર આવે કે ગયે ફેર સ્ટીમર ડૂબી હતી અને આ ફેરે ડૂબે તો શું થાય ? તે ઘડીએ 'વ્યવસ્થિત' કહેવું. શું કહેવાનું ?

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત.

**દાદાશ્રી :** હા, શંકા ઊડી જાય ને તમારી. નહીં તો શંકા કૈડ્યા કરે. જમવાય ના દે, ઊંઘવાય ના દે. તમે 'વ્યવસ્થિત' કહી દો એટલે પછી તમને અંદર શાંત પરિણામ થઈ જશે.

પ્લેનમાં બેઠા હોય ને મહીં શંકા આવી કે 'પ્લેન હાલ્યું છે ને હારું પડે તો ?' ત્યારે કહીએ, 'વ્યવસ્થિત છે, ચૂપ. આગળ બોલીશ નહીં.' પ્લેન ના હાલે ?

**પ્રશ્નકર્તા :** હાલે કોઈ વખત.

**દાદાશ્રી :** શંકાશીલ માણસ કોઈ દહાડો પ્લેનમાં બેસે ખરો ? એ તો ત્યાં આગળ નિઃશંક થવું પડે કે ભઈ, પ્લેન નહીં તૂટે. નહીં તો દાદાનું નામ દઈશું, નહીં તૂટે. એમ કરીને બેસવું પડે.

આપણે ગાડીનું વિચારીએ નહીં કે 'ઍક્સિડન્ટ થશે', એવું ના વિચારીએ તોય થવાનું હોય તો છોડે છે કંઈ ? અને વિચારે તેને ? તેનેય થવાનું. પણ વિચાર્યા વગર બેસે છે એ શૂરવીર કહેવાય. એને વાગેય ઓછું. બિલકુલ ઓછું વાગે, બચી જાય.

## એ નોંધીને આગળ વધવું

**પ્રશ્નકર્તા :** દાદા, પછી બુદ્ધિ બધા ઑલ્ટર્નેટિવ (વિકલ્પ) બતાવે ને, કે આમ થશે તો આમ થશે, આમ થશે તો આમ થશે. બુદ્ધિ તો પચ્ચીસ ઑલ્ટર્નેટિવ બતાવી દે અને એના પરિણામ સાથે બતાવે કે આનું આમ થઈ જશે, તો પછી હવે એ વખતે શંકા-કુશંકા તો થાય જ ને ? કે આનું પરિણામ આવું આવી જશે, તો તે વખતે શંકા-કુશંકા ઊભી ના થાય એના માટે શું કરવું ?

**દાદાશ્રી :** બુદ્ધિ અમને હઉ દેખાડે. અમે મુંબઈમાં સાંતાક્રૂઝથી દાદર જઈએ ને, તો બુદ્ધિ દેખાડે, ઍક્સિડન્ટ થઈ જશે તો ? તો અમે કહીએ કે બરોબર છે, ઍક્સિડન્ટ થશે તે એ નોંધ્યું અમે, તારી વાત નોંધ

કરીએ છીએ, હવે બીજી વાત કર. તો બીજી આગળની વાત, સત્સંગની વાત કરે પાછી.

**પ્રશ્નકર્તા :** એ બરોબર છે, એ થાય છે.

**દાદાશ્રી :** એટલે એ રડારના જેવું છે વસ્તુ. રડાર, એટલે અમે તમને એ આપીએ છીએ.

**પ્રશ્નકર્તા :** હા, વૉર્નિંગ (ચેતવણી) આપે છે.

**દાદાશ્રી :** વૉર્નિંગ આપે.

## વ્યવસ્થિત એટલે વ્યવસ્થિત, સહજ હોય

**પ્રશ્નકર્તા :** અને દાદા, કેટલીક વખત એ વૉર્નિંગ કરેક્ટ આવે છે. હવે એ આ શંકામાંથી વૉર્નિંગ આવી કે વ્યવસ્થિતમાંથી વૉર્નિંગ આવી કે આપણું સારું કરવા માટે વૉર્નિંગ આવી એ કેવી રીતે ખબર પડે ?

**દાદાશ્રી :** વ્યવસ્થિતમાંથી વૉર્નિંગ ના આવે. વ્યવસ્થિત વૉર્નિંગ સિવાયનું છે.

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત વૉર્નિંગ સિવાયનું ?

**દાદાશ્રી :** બિલકુલ સહજભાવ. વ્યવસ્થિતમાં તો કોઈ વસ્તુ... ફણગો જ ના ફૂટે. મનમાંથી, બુદ્ધિમાંથી, ચિત્તમાંથી, એમાંથી આવે એ બધું શંકા.

**પ્રશ્નકર્તા :** પણ આ તો કેટલાય માણસોને ઍક્સિડન્ટ કે કશું થવાનું હોય છે, તો પહેલા એને ખ્યાલ આવે છે કે આવું થશે. તો સાહજિક રીતે લોકોને ખબર પડે છે કે હવે ઊભા રહો ભઈ, સાવધ થઈ જાવ. તો એ ઍક્સિડન્ટ થવાનો સંભવ છે, તે એ વસ્તુ સાહજિક રીતે વ્યવસ્થિતમાંથી ઊઠતી નથી ?

**દાદાશ્રી :** ના, એ દર્શન છે.

**પ્રશ્નકર્તા :** એ દર્શન વ્યવસ્થિતના ભાગનું છે કે...

**દાદાશ્રી :** ના, ના, એ વ્યવસ્થિત હોય જ નહીં, આ તો દર્શન છે બધું. વ્યવસ્થિત તો વ્યવસ્થિત, વ્યવસ્થિતમાં કશું હેલ્પિંગ પ્રૉબ્લેમ નથી હોતો. વ્યવસ્થિત એટલે વ્યવસ્થિત. એ સહજ હોય છે. અને જો પોતે સહજ થાય તો તમને આ કશું શંકા-કુશંકા હોતી નથી. પોતે સહજ થાય, આ બધાની વાતો ન સાંભળે, તો... આ બધા જડ ભાવો છે. એ જે તમને ચેતવે છે, એ ચેતન ભાવ એમાં એકુંય નથી. જડ ભાવ છે.

**પ્રશ્નકર્તા :** તો વ્યવસ્થિતમાં શું હોય છે ?

**દાદાશ્રી :** વ્યવસ્થિત જડ જ છે, પણ તે આ જડ ભાવ હોય ને, તે એની જરૂર નથી વ્યવસ્થિતને. સહજ હોય તેને જ તે જ પ્રમાણે સરસ થઈ જાય છે. અને આ બધા આપણને આમ ચેતવે છે, એ જડ ભાવ છે, ચેતન ભાવ નથી એમાં એકુંય.

**પ્રશ્નકર્તા :** દાદા, વ્યવસ્થિતેય જડ છે અને આ ભાવો પણ જડ મશિનરીમાંથી આવે છે, તો એ જડ ભાવો પેલું વ્યવસ્થિત જડ છે, એને હેલ્પિંગમાં નથી આવતા ત્યાં ?

**દાદાશ્રી :** વ્યવસ્થિત છે તે પરિણામ આપનારી શક્તિ છે. વ્યવસ્થિત શક્તિ પરિણામ આપે છે, એ રિઝલ્ટ આપે છે. એટલે એમાં બીજા ભાવોની જરૂર જ નહીં ને ! આજના બીજા ભાવની જરૂર એમાં નહીં, આ તો પાછલું રિઝલ્ટ આપે છે. હવે રિઝલ્ટમાં તો કંઈ જરૂર નહીં. એ પરીક્ષા આપતી વખતે જરૂર, પણ રિઝલ્ટ આપતી વખતે જરૂર નહીં. એટલે આ વ્યવસ્થિત જે શક્તિ છે એ રિઝલ્ટ છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** રિઝલ્ટ છે.

**દાદાશ્રી :** એ પરીક્ષાનું આ તો તમારું રિઝલ્ટ બહાર પડ્યું. ત્યાં કશું ચાલે જ નહીં ને ! શંકા કરીએ કે ના કરીએ, એને કશું હેલ્પ કરતું નથી.

## પ્રિકૉશન સાહજિક કે ડખો ?

**પ્રશ્નકર્તા :** એટલે શંકા ઊભી થઈ તે વખતે અમારે કરવાનું શું રહે છે ? જે થવાનું છે એ થવાનું છે, પણ એનું કોઈ પ્રિકૉશન લેવા-કરવાની કંઈ જરૂર રહેતી નથી ?

**દાદાશ્રી :** પ્રિકૉશન લેવાથી જ બગડે છે ને ! અજ્ઞાનીને માટે બરોબર છે. જો આ કિનારે જવું હોય તો આ કિનારાનું બધું એક્ઝેક્ટ કરો. પેલે કિનારે રહેવું હોય તો પેલા કિનારાનું એક્ઝેક્ટ રાખો. જો શંકા કરવી હોય તો પેલે કિનારે રહો. આ તો અધવચ રહીએ એનો અર્થ જ નહીં.

**પ્રશ્નકર્તા :** હા, એ બરોબર છે. કોઈ ડેન્જરનું (ભયનું) સિગ્નલ આવે એટલે એમાં અમે શંકા ન સેવીએ. પણ એનું નૉર્મલ, સાહજિક ભાવે તો પ્રિકૉશન લેવું જોઈએ ને ?

**દાદાશ્રી :** શંકા જ રહે છે.

**પ્રશ્નકર્તા :** નહીં, પણ અમે એનું સાહજિક ભાવે પ્રિકૉશન લઈને પછી વ્યવસ્થિત ઉપર છોડી દઈએ તો બરાબર છે કે નહીં ?

**દાદાશ્રી :** પ્રિકૉશન તમારાથી લેવાય જ નહીં. પ્રિકૉશન લેવાની શક્તિ જ નથી. એ શક્તિ વગર કામની છે નહીં, એને એડૉપ્ટ (ગ્રહણ) કરવી એનો અર્થ શો છે ?

**પ્રશ્નકર્તા :** એ અમારી પ્રિકૉશન લેવાની શક્તિ જ નથી ?

**દાદાશ્રી :** બિલકુલેય શક્તિ નથી.

**પ્રશ્નકર્તા :** તમે તો પાયા જ કાઢી નાખો છો બધા.

**દાદાશ્રી :** જે શક્તિ ના હોય તેને અમથા એ કર્યા કરીએ, માનીએ, બિલીફ કરીએ, રોંગ (ખોટી) બિલીફ ! કરવાની શક્તિ નથી ને પ્રિકૉશન કરવાનીયે શક્તિ નથી.

**પ્રશ્નકર્તા :** પણ એ અમારામાં પેલી શંકાનો આમ કીડો ઊભો થયો. અમે ટુરિંગમાં (પ્રવાસમાં) ભોપાલથી આગળ જતા'તા, ત્યાં એક એરિયા (વિસ્તાર) આવે ત્યાં બધા કહે કે આ ટાઈમે જશો તો ત્યાં આગળ બધા લૂંટારા છે જ. એટલે બધા ઘરેણાં હોય, દાગીના હોય, એને કાઢીને ગાડીની કારપેટની અંદર નાખી દઈએ ત્યાં. પછી અમને શાંતિ રહે. પછી લૂંટારો આવે તો કે ભઈ, થોડી વસ્તુ આપી દેજો. પણ એવું કોઈ પણ રસ્તે જતા હોય અને કોઈ માણસ કહે, તે વખતે અમે આવું પ્રિકૉશન લઈએ તો શું થાય એમ કે ?

**દાદાશ્રી :** પ્રિકૉશન તો ચંદુભાઈ લઈ જ લે છે. તમે વગર કામના એને ડખો કરો છો ! કરે છે કો'ક ને તમે માથે લઈ લો છો એનું, તેથી બગડે છે.

**પ્રશ્નકર્તા :** એટલે ચંદુ પ્રિકૉશન લે એનો વાંધો નથી ?

**દાદાશ્રી :** એ તો લે જ, હંમેશાંય લે.

**પ્રશ્નકર્તા :** એટલે આ ચંદુ જોડે તન્મય થઈ જાય છે એનો જ પ્રૉબ્લેમ છે.

**દાદાશ્રી :** વાતો કરતો કરતોય મહીં કોઈ માણસ ચાલતો હોય ને, એટલે બેધ્યાનપણે ચાલતો હોય, પણ જો એકદમ સાપ જોવામાં આવે આમ જતો, તો એકદમ કૂદી જાય છે એ. એ કઈ શક્તિથી કૂદે છે ? કોણ કુદાડતું હશે ? એવું બને કે ના બને ?

**પ્રશ્નકર્તા :** હા, હા, બરોબર છે. પણ એને તો એક્ઝેક્ટ ભાન છે કે સાપ છે એટલે એ ડેન્જરસ (ભયજનક) છે એનું એને સો ટકા ભાન છે.

**દાદાશ્રી :** નહીં, એ ભાન નહીં, એ એક્ઝેક્ટ, પણ કુદાડે છે કોણ તે વખતે ?

**પ્રશ્નકર્તા :** પેલું ભાન કે જાગૃતિ જ કુદાડતી હશે ને, કે સાપ એ

ઝેરી છે ને કરડી જશે ને મારી નાખશે, ઈન્સ્ટન્ટેનિઅસ સિગ્નલ (તરત જ સંકેત) આવે છે.

**દાદાશ્રી :** નહીં, આટલી બધી સાહજિકતા છે દેહમાં. ચંદુમાં એટલી બધી સાહજિકતા છે કે આમ દેખતાની સાથે કૂદે.

**પ્રશ્નકર્તા :** હા, પણ અમને અમારા કામધંધામાં કે વ્યવહારમાં એ સાહજિકતા કેમ નથી આવતી ?

**દાદાશ્રી :** ડખો કરો છો તેથી.

## જ્ઞાન લીધા પછી પણ...

**પ્રશ્નકર્તા :** દાદા, આપનું જ્ઞાન મેળવ્યા પછી, આપની પાસે જ્ઞાનદીક્ષા પ્રાપ્ત થયા પછી અને શુદ્ધાત્મા પદ પ્રાપ્ત થયા પછી શંકા તો જતી જ રહે છે.

**દાદાશ્રી :** શંકા જતી રહે.

**પ્રશ્નકર્તા :** કોઈ બાબતમાં કંઈ એવી શંકા રહેતી જ નથી, ઊભી જ નથી રહેતી.

**દાદાશ્રી :** ના, એટલે મૂળ આત્માની જ શંકા હતી તે જતી રહી, એટલે બીજી શંકાઓ જતી રહે. પણ છતાંય મહીં બુદ્ધિશાળી માણસ હોય તો પાછી શંકા ઊભી થાય. મૂળ સ્વભાવ એ (શંકાશીલ) હોય ને, તો પાછી ઊભી થઈ જાય.

બુદ્ધિને લડાવી જોતા જોતા જો બુદ્ધિ ના લડે, બુદ્ધિને આગળ જવાનો રસ્તો ના જડે તો શંકાશીલ થાય.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિને આગળ જવાનો રસ્તો ન મળે તો શંકા ઊભી થાય.

**દાદાશ્રી :** હં... આ વ્યવસ્થિત સમજાઈ જાય તો શંકા-બંકા કશું જ ઉત્પન્ન ના થાય. વ્યવસ્થિતમાં બધું આવી જાય.

## છે એ છે, નથી એ નથી

છોકરો બહાર ગયો હોય, એકનો એક છોકરો હોય, રોજ સાડા આઠ-નવ વાગ્યે આવી જાય, અને આજે સાડા દસ-અગિયાર વાગ્યા એટલે મહીં શું થાય ?

**પ્રશ્નકર્તા :** મોડું કેમ થયું ? શંકા ઊભી થાય. જાતજાતના વિચારો ઊભા થાય.

**દાદાશ્રી :** એ મટે ક્યારે ?

**પ્રશ્નકર્તા :** એ પાછો આવે ત્યારે.

**દાદાશ્રી :** સવારમાં આવે તો સવાર સુધી ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** સૂઈ જાવ, આપણે એને કહેવું, ચંદુભાઈને. ચંદુભાઈ સૂઈ જાવ, આવી ગયો છે, કહીએ. શું કહીએ ?

**પ્રશ્નકર્તા :** સૂઈ જાવ, આવી ગયો છે.

**દાદાશ્રી :** જગત આખું વ્યવસ્થિત જ છે. એટલે નિર્ભય થઈને સૂઈ જવું. અને જે જવાનું હોય એ છોડવાનું નથી. માટે એને જોયા કરવું, શું બને છે તે. આપણે જ્ઞાન લીધું હોય તેને, બીજા લોકો તો કર્યા વગર રહે નહીં. અને શંકા એને માર્યા વગરેય રહે નહીં. પણ આપણે આ માર ના ખાવો.

આપણે તો ચંદુભાઈને અરીસા સામું દેખાડીને કહીએ, નિઃશંક થાવ ને ! છે એ છે અને નથી એ નથી. શું કહેવાનું ?

**પ્રશ્નકર્તા :** છે એ છે, નથી એ નથી.

**દાદાશ્રી :** હા, શંકા એટલે શું ? છે કે નથી ? છે કે નથી ? છે કે નથી ? ત્યારે કહીએ, છે એ છે અને નથી એ નથી. છે એ છે, એ ભગવાનથીય ફરે એવું નથી. નથી એ નથી, એ ભગવાનથીય ફરે એવું

નથી. એટલે ત્યાં આગળ અરીસા સામે બેસાડીને આપણે કહી દેવું. કંઈ પણ, એક વાળ પૂરતું ફેરફાર નથી થાય એવો. જો આ વ્યવસ્થિત સમજે ને જો ઉકેલ લાવે ને, તો વાળ પૂરતુંય ફેરફાર નથી થાય એવો.

## શંકા રાખવી એ ઉદયકર્મ ના કહેવાય

જે વ્યવસ્થિતમાં થવાનું હશે તે થશે, પણ શંકા નહીં રાખવી.

**પ્રશ્નકર્તા :** એ વ્યવસ્થિત બધું સમજાય છે, પણ એ શંકા ઉદયકર્મને લીધે જ થતી હશે ને, દાદા ?

**દાદાશ્રી :** હા, શંકા થવી એ ઉદયકર્મને લીધે, પણ શંકા રાખવી એ ઉદયકર્મ ના કહેવાય. શંકા રાખવી એ તારો ભાવ બગડ્યો છે. વ્યવસ્થિતની બહાર કશું થવાનું નથી, એક ભવમાં તો. તમે જાગૃત હશો તોય નથી થવાનું અને અજાગૃત હશો તોય નથી થવાનું. અને જ્ઞાની હશે તોય ફેરફાર નથી થવાનું અને અજ્ઞાની હશે તોય ફેરફાર નથી થવાનું. એટલે શંકા રાખવાનું કોઈ કારણ નથી.

**પ્રશ્નકર્તા :** કારણ કે કંઈ ફરક પડવાનો જ નથી.

**દાદાશ્રી :** ફરક પડવાનો નથી. અને શંકાથી બહુ નુકસાન થાય.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, હવે ચાર્જિંગ (કર્મબંધ) તો થાય જ નહીં ને ?

**દાદાશ્રી :** ચાર્જિંગ ના થાય. પણ આવું શંકા રાખે તો ચાર્જિંગ થાય. સગી બેનને કોઈ ઉઠાવી જતો હોય ને, તો આપણે એને વિનંતી કરવી કે જવા દે ને ભાઈ, મારી બેન થાય, આમતેમ. પણ તે બીજું કશું આપણાથી થાય નહીં. એ જે બને છે એ વ્યવસ્થિત બને છે, જો મોક્ષ જોઈતો હોય તો. નહીં તોય ભોગવવું જ પડશે પેલું. અજ્ઞાનતામાંય એવું જ થશે. આ તો જ્ઞાનનો લાભ મળે છે, મુક્તિનો લાભ મળે છે અને થવાનું હોય એ થાય છે. અને અજ્ઞાની કંઈ ફેરવી શકવાનો નથી. આપણેય ફેરવી શકવાના નથી. તો આપણે શા માટે ખોટ ખાવી ? બે ખોટ ના ખાવી.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, પ્રતિક્રમણથી કંઈ થાય ખરું ? પ્રતિક્રમણ આપણે કર્યા કરીએ તો આપણા કર્મના ઉદયને લીધે જે ભોગવવું પડે છે એ ઓછું થાય ને ?

**દાદાશ્રી :** ઓછું થાય. આપણે ભોગવવું નથી પડતું. તારે ભોગવવું પડે ને ?

**પ્રશ્નકર્તા :** ચંદુ ભોગવે. એ રહે જ, દાદા. એ ચોખ્ખું રહે છે. ચંદુને ભોગવવું પડે છે.

**દાદાશ્રી :** હા. અને તે ઓછું થાય છે, પેલું કરવાથી. ચંદુને કહીએ, પ્રતિક્રમણ કર, તો ઓછું થાય.

## ઉદયકર્મ ને આપણે, બે જુદા જ છીએ

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે જે ભરી લાવેલા છીએ શંકા, તેનો ઉદય થાય ત્યારે આપણે શું કરવું ? આપણને ખબર છે આ શંકા થાય છે, તે આપણે ભરી લાવેલો માલ છે. હવે એ જ્યારે ફૂટે ત્યારે શું કરવું ?

**દાદાશ્રી :** આપણે શંકાથી જુદા રહો ને ! ઉદય આવે તો પણ એ ઉદય ને આપણે બે જુદા જ છીએ.

આપણે જોયા કરવું કે ઓહોહોહો... ચંદુભાઈ, ભારે શંકાવાળા માણસ તમે તો ! તમે તો ઊંધું-છતું જ કરી નાખત. આ તો સારું થયું કે અમે ચેતી ગયા, કહીએ. તમારા જોડે જુદાઈ કરી નાખી, નહિતર તમે મારી નાખત ને અમને !

**પ્રશ્નકર્તા :** દાદા, ખાલી જોવાનું કે એને બંધ કરવાનું ?

**દાદાશ્રી :** શુદ્ધાત્મા થયા પછી મન બદલાય નહીં, ડિસ્ચાર્જ રૂપે છે. એટલે એમાં ગભરાવાનું કોઈ કારણ નથી. તારે જોયા કરવું. શંકાશીલ થયું હોય તો શંકાશીલ, તે અવળું કહે તો અવળું. એ કશું એમ કહેશે, આપણે મરી જઈશું તો શું થશે ? ત્યારે આપણે કહીએ કે ભાઈ બારમું થશે, બીજું શું થવાનું છે ?

## ફાઇલ એકને સંતાપ, આપણે જોયા કરવાનું

**પ્રશ્નકર્તા :** હવે શંકાની સામે અમારે કોઈ પ્રતિભાવ ફેંકવાનો નથી.

**દાદાશ્રી :** કશું નહીં. એ એની મેળે જ એનું ઍડજસ્ટમેન્ટ લેશે.

**પ્રશ્નકર્તા :** અચ્છા, એટલે શંકા આવે તે વખતે અમારે વધારે જાગૃતિ રાખીને વધારે જ્ઞાતા-દ્રષ્ટા પદમાં રહેવાનું ?

**દાદાશ્રી :** જોયા કરવાનું કે ઓહોહો... ચંદુભાઈને શંકા આવી છે ! એટલે સંતાપમાં હોય. શંકા આવે એટલે સંતાપમાં હોય જ મૂઓ.

**પ્રશ્નકર્તા :** બરોબર છે. પણ ચંદુને શંકા આવી અને તરત ચંદુને પરિતાપ શરૂ થઈ ગયો. શંકાની જોડે જ પરિતાપ થયો. એટલે હવે તે વખતે મારે શુદ્ધાત્મા પદમાં રહીને જોવા-જાણવાનું રહે છે. પણ એની સામે કોઈ પ્રતિભાવ કરવાનો રહેતો નથી.

**દાદાશ્રી :** ના, પ્રતિભાવ કરવાથી તો વધે છે, શંકા વધે ને દુઃખ વધે છે.

## આપણે છૂટા પડીએ એટલે શંકા વિખરાઈ જાય

**પ્રશ્નકર્તા :** અચ્છા, એટલે તે વખતે અમારે જાગૃતિ રાખીને છૂટા રહેવાનું છે.

**દાદાશ્રી :** ના, છૂટા જ રહેવાનું, પહેલેથી. એ વખતે નહીં, કાયમને માટે. અઠવાડિયામાં એક દહાડો રાખી જુઓ ને ! તમને સમજ પડશે કે બીજે દહાડે રાખીએ તો વાંધો નહીં આવે, પડી નહીં જવાય.

**પ્રશ્નકર્તા :** ના, અમને પડી જવાનો બહુ વાંધો નથી, મારામારી થાય છે અને ગૂંચવાડા થાય છે એનો વાંધો છે.

**દાદાશ્રી :** આ ગૂંચવાડો છે ને, તે આ પહેલાની પ્રૅક્ટિસ છે તે જતી નથી, છૂટતી નથી આ. પહેલા શંકાની જરૂર હતી અને હવે શંકાની જરૂર નથી.

**પ્રશ્નકર્તા :** પહેલા શંકાની જરૂર હતી, હવે શંકાની જરૂર નથી.

**દાદાશ્રી :** નથી. તે હવે ગૂંચવાડો પેલો (જતા) વાર લાગે છે.

**પ્રશ્નકર્તા :** એટલે તે વખતે જાગૃતિ જ વધારે રાખવાની રહે છે ? એ શંકા અને પરિતાપ પેદા થયો એની સામે તો એક જ કામ થાય એવું છે કે જાગૃતિ રખાય એવી છે.

**દાદાશ્રી :** જોનાર હંમેશાં જાગૃત જ હોય. તે જોનાર છે તો જાગૃત હોય, જ્ઞાતા-દ્રષ્ટા ! એ જાગૃત હોય તો જ જ્ઞાતા-દ્રષ્ટા. અજાગૃતિ એટલો માર પડે.

**પ્રશ્નકર્તા :** એટલે અજાગૃતિ છે, તો પછી એનો અર્થ એ કે અમે એની જોડે તન્મયાકાર છીએ તેટલો વખત શંકા ટકે છે.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** અમે છૂટા પડીએ એટલે એ શંકા તૂટી પડે છે.

**દાદાશ્રી :** શંકા એની મેળે વિખરાઈ જાય.

**પ્રશ્નકર્તા :** હા, એટલે અમે તન્મયાકારમાંથી નીકળી જઈએ તો અમારી શંકા એની મેતે પડી જાય છે.

**દાદાશ્રી :** એટલે શંકા ઉત્પન્ન થાય ત્યાંથી જ નિઃશંક થઈ જવું. આ દાદા શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** નિઃશંક થઈ જા.

**દાદાશ્રી :** હા, જે થવું હોય તે થાવ, કહીએ. આપણે જુદા છીએ.

## સોંપી દો દાદાને, 'ગો ટૂ દાદા'

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એ વખતે જેને જુદાપણું ના રહી શકે એના માટે ઉપાય શો ?

**દાદાશ્રી :** શંકા અમારા માથે નાખી દેજો. શંકા ઉત્પન્ન થાય, કે 'દાદા જાણે બા, આપણે ના જાણીએ.' એ સારું થશે, દાદાને માથે નાખશો તો સારું થશે. તમારે માથે લઈ લેશો, તો વગર કામની ઉપાધિ થઈ પડશે. એટલે કોઈ પણ જાતની શંકા ઉત્પન્ન થાય તો કહીએ, કે 'જા, દાદા માથે, ભઈ મારે શું ? મારે શું જાણવું ? એ તો એ જ જાણે, દાદા જાણે.'

**પ્રશ્નકર્તા :** આ દાદાને સોંપી દીધું.

**દાદાશ્રી :** હા, દાદા જાણે, બીજું શું ? મારે શું લેવાદેવા છે ?

**પ્રશ્નકર્તા :** હા, ગો ટૂ દાદા (જા, દાદા પાસે).

**દાદાશ્રી :** ગો ટૂ દાદા.

## રોટી ખૂટે તો મારી પાસે આવજે

શંકા તો મેં આપણા સાંઈઠેય હજાર માણસોને (મહાત્માઓને) કહ્યું છે કે ભઈ, મારા નિમિત્તે શંકા બંધ કરી દેજો. શંકા મને સોંપી દો બધી. મારો ભાગીદાર ખાઈ જશે તો શું થશે ? હવે દુકાન નાદારીમાં જવા માંડી છે ને નાદારી થશે તો ? અલ્યા મૂઆ, નહીં નાદારી થાય એ. અને થઈ જશે તો નાદારી દુકાનની થશે, તું શું કરવા શંકા કરે છે ? મને સોંપી દેજે અને મજામાં રહે તારી મેળે. મસ્ત દાદામય રહે. રોટી ખૂટે તો મારી પાસે આવજે.

**પ્રશ્નકર્તા :** એ વાત સાચી, દાદા.

**દાદાશ્રી :** રોટી ખૂટે તો દાદાનું ત્યાં આગળ બહુ મોટું સરસ ચલાવાનું છે ને, ત્યાં હેય ખાઈ-પીને મોજ કરો ને ફ્રી ઑફ કૉસ્ટ ! આ તો લોકોને કંઈકેય જો શંકા હોય કે મારે તો પછી ખૂટી પડશે ત્યારે શું થશે ? તો બધુંય તૈયાર છે. અને તેં વખતે (દાનમાં) આપી દીધા હશે મને પચ્ચીસ હજાર ડૉલર, તો તારે અડચણ આવશે તો દસ હજાર તને વળી પાછાય અપાવડાવીશું.

## અજ્ઞાની માટે શંકા વેદનીય કર્મ

શંકા ઉત્પન્ન થાય એટલે મારે માથે નાખી દેવું. 'દાદા, તમે કરો એ ખરું', કહીએ. જજમેન્ટ (ફેંસલો) મારી ઉપર નાખી દેવું. નહીં તો આપણું આ જ્ઞાનેય જતું રહેશે. માણસ ગાંડો થઈ જાય.

**પ્રશ્નકર્તા :** બરોબર છે. પણ આપે કહ્યું કે કોઈ પણ શંકા એ ખોટી વાત જ છે, એ નક્કી ને ? કોઈ પણ શંકા આવી મનની અંદર, એ વસ્તુ જ ખોટી. શંકા એટલે ખોટું જ, એમ જ સમજવાનું ને ?

**દાદાશ્રી :** તદ્દન ખોટી વસ્તુ છે, પણ સંસારીઓને એવું ના કહેવાય આપણાથી.

**પ્રશ્નકર્તા :** આપણી વાત કરું છું, આ સંસારીઓ માટે નથી.

**દાદાશ્રી :** આપણા માટે જ છે આ.

**પ્રશ્નકર્તા :** આપણા માટે, મહાત્માઓ માટે કોઈ પણ શંકા આવી કે શંકાનો વિચાર આવ્યો એ ખોટો જ સમજવાનો.

**દાદાશ્રી :** હા, સંસારીઓને તો શંકા એ વેદનીય કર્મ છે, અશાતા વેદનીય. એટલે એમને માટે ખોટું નથી, તમારે શંકા નહીં લાવવાની. આપણો મોક્ષ જતો રહે. એટલે એના કરતાં શંકા ઉત્પન્ન થાય, એટલે કહી દેવું, કે 'દાદા, તમે જાણો, આ વિચારો મને આવ્યા તે. આ વિચારો મારા ન્હોય કંઈ.' અને દાદાને માથે નાખી દેવું. 'જે કરે એ ખરું', કહીએ.

## માટે 'ડોન્ટ વરી'

અજ્ઞાની માટે શંકા વેદનીય કર્મ છે, એટલે બરોબર છે. તમારા માટે એ કામની નથી. તમને શંકા પડી, કે હવે આ નાદારીમાં જશે. એટલે તમારે નાદારીમાં જતી હોય ને, તોય આપણે જોયા કરવાની છે અને સાદારીમાં રહેતી હોય તોય જોયા કરવાની છે. કંઈ નાદાર-સાદાર ત્યાં જોડે આવતું નથી. જોડે આવે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** આ ચક્રવર્તી રાજા મોક્ષે ગયા, ત્યાં જોડે લઈ ગયેલા છે કે રાજપાટ કશું ? બધું અહીં પડી રહેવાનું છે. સાદારી હશે તોય પડી રહેવાની, નાદારી હશે તેય પડી રહેવાની. એટલે 'ડોન્ટ વરી' (ચિંતા કરશો નહીં). શંકા નહીં, વરિઝ નહીં, કશું નહીં.

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાનનું પરિણામ જ 'વરી' (ચિંતા) ન થાય એવું છે ને ?

**દાદાશ્રી :** આ જ્ઞાન એવું છે, પણ જ્ઞાનમાં જ્યારે કંઈક 'વરી'ની જગ્યા આવે છે ને, ત્યારે જ્ઞાનને ખસેડીને કરવા માંડે છે એ. 'આ ચાલે નહીં, આ ફાકી તો ફાકવી જ પડે ને આટલા તાવમાં ! આટલા તાવમાં ફાકી ના ફાકીએ તો ક્યારે ફાકીએ ?', કહેશે. તે દાદાને સોંપી દેવું બધું. એ તો 'અપ ઍન્ડ ડાઉન' (ચઢતી અને પડતી) આવ્યા જ કરે. હંમેશાં 'અપ્સ ઍન્ડ ડાઉન્સ, અપ્સ ઍન્ડ ડાઉન્સ.' જો 'ડાઉન' ન હોય તો 'અપ' હોય નહીં. માટે અપ છે એ ડાઉનને લાવશે જ. માટે 'ડોન્ટ વરી.'

## આપણે એ પરિણામમાં રસ ન લેવો

**પ્રશ્નકર્તા :** હવે કોઈ આપણો મહાત્મા એમ કહે કે મને તો શંકા થતી જ નથી, તો એ બની શકે ખરું ?

**દાદાશ્રી :** હા, એ બની શકે. આપણું જ્ઞાન એવું છે, શંકા ન રહે એવું.

**પ્રશ્નકર્તા :** એવો જ્ઞાનનો ઉજાસ હોય તો ન થાય શંકા. પણ દાદા, આ શંકા જે આવે એ આગલું હોય એનું પરિણામ નહીં ? ઉદયકર્મ ન કહેવાય શંકા એ ?

**દાદાશ્રી :** હા, ઉદયકર્મ, પણ તે આપણે હવે શું કરવું, તે આ તમને બતાવ્યું.

**પ્રશ્નકર્તા :** ના, એ ઉદયકર્મ તો ખરો ને ?

**દાદાશ્રી :** ઉદયકર્મ, આવે ખરી શંકા. એટલે શું નહીં કરવાનું કહું

છું ? કે હવે આ પરિણામમાં રસ ના લેશો. બળ્યું, આખી રાત જશે અને જ્ઞાન ધૂળધાણી થશે.

## તો ન રહ્યો જ્ઞાનમાં કે ન રહ્યો અજ્ઞાનમાં

શંકા એ અજ્ઞાનીને માટે છે કામની. અજ્ઞાનીનું વિટામિન છે એ. જેને આ જ્ઞાન હોય તેને શંકાની જરૂર નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કહ્યું કે અજ્ઞાનીને જરૂર, અજ્ઞાનીને માટે વિટામિન છે એ કઈ રીતે ?

**દાદાશ્રી :** એમને જો શંકા ના હોય તો આ જગત બધું બગડી જાય. કારણ કે જ્ઞાતા-દ્રષ્ટા નથી ને પોતે. 'હું કરું છું' એ ભાન છે ને ! એ સતત સાતત્ય રહે છે એવું. એટલે એમને શંકા ના હોય તો જગત બગડી જાય. આ તમને અત્યારે શંકા આવે છે તે પહેલાની ટેવ છે તેથી આવે છે. આગળનો અભ્યાસ છે ને, તેથી આવે છે.

**પ્રશ્નકર્તા :** દાદા, આ શંકા એ જાગૃતિનું મૂળ નથી ? શંકા હોય તો માણસ જાગતો રહે અને તપાસ કરે.

**દાદાશ્રી :** હા, એ તો ફૉરેનમાં, એ છે તે જેને અજ્ઞાન હોય તેના માટે કામનું છે.

**પ્રશ્નકર્તા :** અજ્ઞાનને માટે, શંકા એ જાગૃતિ આપે છે, અજ્ઞાનીને.

**દાદાશ્રી :** જાગૃતિ આપે ને દુઃખેય બહુ આપે ને ! ભયંકર દુઃખ આપે.

**પ્રશ્નકર્તા :** અજ્ઞાનીને શંકા આવે તો ફાયદો થાય !

**દાદાશ્રી :** અજ્ઞાનીને શંકા રહે જ સ્વભાવિક, ને એ બરોબર છે.

**પ્રશ્નકર્તા :** હા, અને જ્ઞાનીને શંકા આવે તો માર ખાય.

**દાદાશ્રી :** જ્ઞાની શંકા રાખે તો ના જ્ઞાનમાંય રહ્યો ને ના અજ્ઞાનમાંય રહ્યો. કાં તો આ કિનારે રહેવું જોઈએ, કાં તો આ કિનારે.

## સામો આપણા ઉપર સંશય રાખે તો ?

**પ્રશ્નકર્તા :** દાદા, હવે સામો કોઈ આપણા ઉપર સંશય રાખે તો એનો કેવી રીતે ઉકેલ લાવવો ?

**દાદાશ્રી :** એ સંશય રાખે છે એવું આપણે જ્ઞાન જ ભૂલી જવાનું. એ જે જ્ઞાન આપણને છે એ જ્ઞાન જ ભૂલી જવાનું. એ સામો સંશય રાખે છે કે નથી રાખતો એ શું તમને ખબર પડે ?

**પ્રશ્નકર્તા :** મને આવી આવી શંકા છે એવું મોઢે કહે તો ?

**દાદાશ્રી :** મોઢે કહે તો કહીએ, 'શંકા તમને છે તો તમે દુઃખી થશો.' આપણે એમ કહીએ એમને. 'શંકા રાખશો તો દુઃખી થશો' એવું કહી છૂટીએ. પછી થાય તેને આપણે શું કરીએ ? અને તમારા એવા આચરણ નહીં હોય તો તમારા પર કોઈ શંકા કરશેય નહીં. જગતનો નિયમ જ નથી એવો. કો'ક દહાડો એવા આચરણ કરેલા છે તેથી આ શંકા ઊભી રહી છે. કારણ કે ગુનો થયો'તો પચ્ચીસ વર્ષનો હતો ત્યારે, અને સાંઈઠ વર્ષનો થાય ત્યારે કૉર્ટમાં કેસ ચાલ્યો ! આ આવું બધું હોય છે. માટે શંકા કરે છે તે આપણો જ ગુનો છે.

**પ્રશ્નકર્તા :** સંશય આવ્યો હોય તો આપણે પૂછવું પડે ને કે આને કેમ સંશય આવ્યો ?

**દાદાશ્રી :** એ મજા જ નહીં. એમાં પૂછવું નહીં. આપણે તરત જ સમજી જવું કે આપણો દોષ છે કંઈક. નહીં તો શંકા કેમ આવી ? કેટલાક માણસ ચોર નથી હોતા, એના પર ચોરની શંકા હોય છે. પણ તો એ ચોર પહેલા હોવો જોઈએ, નહીં તો એમ ને એમ શંકા ના પડે.

**પ્રશ્નકર્તા :** સામા માણસની દૃષ્ટિ એવી હોય તો આપણે શું કરીએ ?

**દાદાશ્રી :** ના, સામાની દૃષ્ટિ એવી નથી હોતી, એ આપણી જ ભૂલનું પરિણામ છે. એટલું જગત ગેરકાયદેસર નથી કે સામાને દૃષ્ટિ

આવી ઉત્પન્ન થાય, તમારામાં ભૂલ ના હોય તો. જગત બિલકુલ કાયદેસર છે, સેકન્ડે સેકન્ડ કાયદેસર છે.

આ વાક્ય ઘરમાં દિવાલ ઉપર લગાડી દેવું, 'ભોગવે એની ભૂલ.' આ વાક્ય લગાડી દીધું કે ઉકેલ આવી ગયો. શંકા કરનાર છે તે ભૂલ ભોગવે છે કે શંકા જેની પર થાય છે તે ભોગવે છે એ જોઈ લેવું.

## એ છે પાછલા પડઘા

એક માણસને ગજવામાંથી પૈસા કાઢી લેવાની ટેવ હતી. તે એણે શરૂઆત કરી હોય, ટેવ પડેલી, તે દહાડે એને ચોર ગણે ખરા લોક ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** કેમ ના ગણે ?

**પ્રશ્નકર્તા :** ખબર ના હોય ને, દાદા.

**દાદાશ્રી :** એટલે એ છ મહિના, બાર મહિના ચોરીઓ કરે, ત્યારે એ ખબર પડે. ત્યાં સુધી તો બધાને વિશ્વાસ હોય ને ? હવે આપણે એને ચોરી બંધ કરાવડાવી, તો એણે આજ ચોરી બંધ કરી. પેલા લોકો માને ખરા ? શાથી ?

**પ્રશ્નકર્તા :** પેલી અસર રહી, પાછળનો ખ્યાલ રહ્યો હોય ને ! તરત એમના મગજમાંથી જાય નહીં ને !

**દાદાશ્રી :** તો ક્યારે જાય ?

**પ્રશ્નકર્તા :** બહુ ટાઈમ લાગે, દાદા.

**દાદાશ્રી :** અને પેલો બૂમો પાડે, હું ચોરી નથી કરતો, તોય આ લોકો શંકા રાખે છે. શું કહે એ પેલો ?

**પ્રશ્નકર્તા :** ચોરી નથી કરતો તોય શંકા રાખે છે.

**દાદાશ્રી :** એમાં શંકા રાખનારનો દોષ છે કંઈ ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** કારણ કે તું ચોરી કરતો'તો તે દહાડે એ જાણતા નહોતા. તે દહાડે તારી ઉપર વિશ્વાસ રાખતા'તા. તે જેટલો ટાઈમ વિશ્વાસ રાખ્યો ને, એટલો જ ટાઈમ શંકા કરશે, ને શંકા પૂરી થઈ જાય એટલે પાછા વિશ્વાસ રાખશે. સમજ પડે એવી વાત છે ?

**પ્રશ્નકર્તા :** પડી ને !

**દાદાશ્રી :** શું સમજ પડી ?

**પ્રશ્નકર્તા :** પેલો ચોરી કરતા બંધ થયો પછી પણ એટલો જ ટાઈમ લાગે, જેટલો વખત ત્યાં વિશ્વાસ રખાયો હતો.

**દાદાશ્રી :** પછી એમના તરફ સારા ભાવ કર્યા છે તોય પેલા પાછલા પડઘા પડ્યા કરે હજુ. તે પેલો હિસાબ પૂરો થઈ જશે એટલે કહેશે, બહુ સારા ! બદલાશે ભાવ એમના.

## ત્યારે બિલકુલ વીતરાગ ભાવ રાખવો

**પ્રશ્નકર્તા :** આપણે મહાત્મા છીએ, આપણા ઉપર કોઈ શંકા લાવતું હોય, તો આપણે કેવી રીતે વર્તન કરવું ? આપણે શું કરવું ?

**દાદાશ્રી :** આપણે તો એની જોડે બિલકુલ વીતરાગ ભાવ રાખવો. એના માટે ખરાબ વિચાર આવતો હોય એ બંધ કરી દેવો. એની માટે કંઈ પણ પર્યાય બદલાય નહીં.

**પ્રશ્નકર્તા :** એના માટે પર્યાય બદલાવો નહીં જોઈએ, ભલે એ શંકા આપણા માટે કરતો હોય તો પણ.

**દાદાશ્રી :** હા...

**પ્રશ્નકર્તા :** અને થાય તો પ્રતિક્રમણ કરવું પડે.

**દાદાશ્રી :** પ્રતિક્રમણ તો કરવું જ પડે. શંકા એને ઉત્પન્ન થઈ ત્યાંથી આપણે પ્રતિક્રમણ કરવા પડે. કંઈક આપણું ઈન્વૉલ્વમેન્ટ (સંડોવણી) છે આ. ક્યારેય પણ ઈન્વૉલ્વ થયા છીએ, નહીં તો આ બને નહીં.

## દૂધપાકમાં શેર મીઠું નાખી દેવું એનું નામ શંકા

શંકાનો અર્થ શું ? ત્યારે કહે, લોકોને દૂધપાક જમાડવો છે, એ દૂધપાકમાં એક શેર મીઠું નાખી દેવું, એનું નામ શંકા. લોકોને દૂધપાક જમાડવો છે ને પોતે શેર મીઠું નાખે છે એની મહીં, દૂધપાકમાં. શું થાય ?

**પ્રશ્નકર્તા :** બગડી જાય બધું.

**દાદાશ્રી :** ફાટી જાય. એટલી બધી જવાબદારી છે પણ લોકોને ખ્યાલ નથી. અમે શંકાથી બહુ છેટા રહીએ. મહાન જોખમદારી એમાં !

**પ્રશ્નકર્તા :** જબરજસ્ત જોખમદારી !

**દાદાશ્રી :** હા, વિચાર આવે અમને બધી જાતના. મન છે તે વિચાર તો આવે, પણ શંકા નહીં. હું શંકાની દૃષ્ટિથી જોઉં તો બીજે દહાડે એનું મન મારાથી જુદું જ પડી જાય.

## તો હાર્ટ ઊડી જાય

આ શંકાઓ ખોટી આપણી (બુદ્ધિની) જાગૃતિનું ફળ છે. એવી શંકાઓ ના કરાય. નહીં તો હાર્ટ ઊડી જાય. હાર્ટિલી (હૃદયપૂર્વક) કામ જ ના થાય પછી કોઈ. હાર્ટની જરૂર છે જોડે જોડે. આ આટલા બધા માણસ, પચાસ હજાર માણસ બધું મારી પાછળ પડ્યું છે. અમે શંકા કરતા હઈશું ? ના. હોય મહીં, આડાઅવળાય માણસ હોય, બધી જાતના હોય. પણ શંકા-બંકા ના કરીએ. અમે કોઈ વાતની શંકા ના કરીએ.

તમારે તો આટલું જ ઘર છે, મારે તો કેટલાય માણસનું ઘર છે ! કોઈની પર શંકા જ નહીં. શંકા કેવી વળી ? આંખે દેખેલું ખોટું પડે છે, તો શંકાનું કેવી રીતે સાચું પડે ?

## જાણે બધુંય પણ શંકા ના કરે

અમે તો ઝીણવટથી તપાસ કરીએ અને શંકાય ના રાખીએ. શંકા રાખે એ માર ખાય. શંકા આવે એટલે પોતે જ માર ખાય. કુદરત જ માર આપે એને. બીજા કોઈએ આપવો નહીં પડે, કુદરત જ માર આપે.

અમે જાણીએ ખરા પણ શંકા ના રાખીએ. એક જરાય કોઈની પર શંકા આવી નથી અમને. જાણીએ બધુંય. જાણ્યાની બહાર અમારે અક્ષરેય ના હોય, કે આ આટલા પાણીમાં છે, કોઈ આટલા પાણીમાં છે, કોઈ આટલા પાણીમાં છે, એ બધું જાણીએ. કોઈએ નીચેથી પગ ઊંચા કર્યા છે અને આટલું મોઢું દેખાડે છે. મહીં પગ હઉ ઊંચા કરેલા, તે હઉ દેખાય અમને. પણ શંકા ના કરીએ અમે.

અમે જિંદગીમાં શંકા નામેય કાઢી નાખેલી. શંકા જ અમને કોઈની પર નથી આવતી. એ સેફસાઈડ ખરી કે નહીં ?

**પ્રશ્નકર્તા :** બહુ મોટી સેફસાઈડ.

**દાદાશ્રી :** ગજવામાંથી પૈસા કાઢી લીધેલા દીઠા હોય તોય એની પર શંકા નહીં. અને બીજો ભયંકર ગુનો કર્યો હોય તોય શંકા-બંકા રામ તારી માયા ! જાણીએ ખરા, જાણ્યામાં હોય, અમારા જ્ઞાનમાં વર્ત્યા કરે કે ધીસ ઈઝ ધેટ, ધીસ ઈઝ ધેટ (આ આમ છે, આ આમ છે).

## જ્ઞાની બતાવે દિશા નિઃશંક થવાની

જો શંકા રાખવા જેવું જગત હોત ને, તો હું તમને કહેત નહીં કે એય, મારી ગેરહાજરીમાં તમે આવું તેવું ના કરશો, આમ ના કરશો, એવું ના કહેત ? ખાજો-પીજો બધુંય, કહ્યું. કારણ કે નિઃશંક જગત મેં જોયું હશે ત્યારે જ હું તમને કહું ને ! એક બાજુ નિઃશંકતા... જગત મેં જોયું છે નિઃશંક, તે હવે આ દિશામાં નિઃશંક છે ને આ દિશામાં શંકાવાળું છે. તો આ દિશા બતાડી દઉં એટલે પછી ભાંજગડ નહીં ને !

## નિઃશંકપણે જગત જણાશે તો ઉકેલ આવશે

જ્ઞાની એટલે શું કે જેણે નિઃશંકપણે જગત જાણ્યું છે આખુંય. એવું એમની પૂંઠે પૂંઠે વહીને તમે પણ એવું જાણો, તો તમારો ઉકેલ આવશે. નહીં તો આ પઝલ સૉલ્વ થાય (કોયડો ઉકેલાય) એવું નથી. આ તો ભારે પઝલ છે. ધી વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ, ગૉડ હેઝ નૉટ પઝલ્ડ ધીસ વર્લ્ડ ઍટ ઑલ ! આ પઝલ કંઈ ભગવાને ઊભું કર્યું નથી.

કોઈ બાપોય તારો ઉપરી નથી. તું તારાથી દબાઈ ગયેલો છું. કોઈ ઉપરી છે નહીં. તમે માલિક છો જગતના. છતાં જુઓ, કેટલું મોઢું વીલું લઈને ફર્યા કરે છે ! કોણ મારું લઈ લેશે, કોણ લઈ લેશે ? અલ્યા મૂઆ, તું પોતે માલિક છું ને ! શું લઈ લેવાના છે તારું ? એવું જ્ઞાની પુરુષ પાસે જાણે, કે સાહેબ એવું તે તમે શું જાણ્યું કે તમારા સર્વસ્વ દુઃખ ગયા ! ત્યારે કહે, નિઃશંક જાણ્યું બધુંય. શંકા કોઈ જગ્યાએ ઉત્પન્ન જ ના થાય. એવું શંકા જાય ત્યારે કામ થશે.

## [૮.૨]
## દાદા પર શંકા

### પોતે જેવો તેવી શંકા બીજા પર ઠાલવે

**પ્રશ્નકર્તા :** દાદા, તમારા વિશે કોઈ વાર અમને કંઈ શંકા આવે કે દાદા આમ કેમ કહે છે, આમ...

**દાદાશ્રી :** તો વાંધો નહીં. મનુષ્યજાતિને એવો વિચાર આવે સ્વાભાવિક રીતે, બુદ્ધિ છે ને ! બુદ્ધિ છે તે એમાં જાતજાતના વિચાર આવે.

**પ્રશ્નકર્તા :** હા, દાદાજી આવે, આવે, ભલભલાને આવે.

**દાદાશ્રી :** અને પોતાના જે દોષ હોય તેવા જ દોષો દેખાડે, બીજા ના દેખાય એને.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** પોતાના જે દોષો હોય, તેવા જ દોષો દેખાય. પણ અમારામાં એકુંય દોષ ના હોય આમાંનો.

**પ્રશ્નકર્તા :** હા, તો આપને દોષ દેખાય જ નહીં. અને જો નિઃશંક દૃષ્ટિ થાય તો જ જગત નિર્દોષ દેખાય.

**દાદાશ્રી :** હા, મને તેથી તો નિર્દોષ દેખાય છે.

**પ્રશ્નકર્તા :** નહીં તો નિર્દોષ દેખાય નહીં.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** જો શંકા પડી તો દોષિત દેખાય દુનિયા આખી.

**દાદાશ્રી :** હા, બસ, બસ.

શંકામાં તો એવું છે ને, કે જે માણસ જેવો હોય એવી એ બીજા ઉપર શંકા ઠાલવે. કેવું ?

**પ્રશ્નકર્તા :** પોતાનું જ હોય છે એ. એ ભૂલ બીજાની નથી હોતી, પોતાની જ ભૂલ હોય.

**દાદાશ્રી :** હં. એટલે અમે તો લેટ-ગો (જતું) કરીએ કે આ છોકરો આવો જ છે, તેથી આ એને દોષિત દેખાય છે એવું અમે સમજી જઈએ. પોતાનો દોષ હોય તે જ બીજાનામાં દેખાય, નહીં તો દેખાય જ નહીં ને ! બધાને ના દેખાય. એટલે અમે જોઈ લઈએ કે ભઈ, આનામાં શું દોષો ભર્યા છે ?

**પ્રશ્નકર્તા :** પણ એ જરાક જોર કરી જાય, પાછો એ ખ્યાલ આવી જાય કે ના આ તો ભૂલ છે આપણી, તો તરત પ્રતિક્રમણ થઈ જાય.

**દાદાશ્રી :** પ્રતિક્રમણ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** એ વખતે એ બરોબર છે, પણ એ થવું જ ના જોઈએ.

**દાદાશ્રી :** હા. એટલે એમને હું પૂછું કે 'તને કંઈ વિચાર આવે છે મારા સંબંધમાં, તો કહે.' અને એ મને કશું કહે તો વાંધો નહીં.

## ખુલ્લું કરે તો દાદા કરે પ્રોટેક્શન

**પ્રશ્નકર્તા :** સાચું છે એ ખુલ્લું કરી દે છે. ખુલ્લું કરી દેવાથી રસ્તો નીકળે.

**દાદાશ્રી :** હા, ખુલ્લું કરવાવાળો હોય, તે તો બહુ મને આનંદ થાય કે છોકરાં ડાહ્યા છે.

**પ્રશ્નકર્તા :** હા, રસ્તો નીકળે.

**દાદાશ્રી :** હા, મારાથી બીતા નથી.

**પ્રશ્નકર્તા :** બીતા નથી, હા, બરોબર છે. નિર્ભય છે.

**દાદાશ્રી :** હા, નિર્ભય છે. અને તે આવું બધું મને કહે, તો પછી એને માટે બધો રસ્તો, પ્રોટેક્શન કરી આપું. પણ ગુપ્ત રાખે તેને શી રીતે પ્રોટેક્શન કરી આપું ?

**પ્રશ્નકર્તા :** ના, એની કંઈથી ખબર પડે ?

## અહીં તો ઓપન ટૂ સ્કાય

**દાદાશ્રી :** એક છોકરો તો એવું કહેતો'તો, 'મને તમારી ઉપર વહેમ આવે છે.' મેં કહ્યું, 'શું વહેમ આવે છે, મને કહી દે ને !' ત્યારે કહે, 'મને આવા આવા વિચારો આવે છે.' મેં કહ્યું, 'કશો વાંધો નહીં. તને વિચાર આવે છે પણ વાત વ્યાજબી નથી આ.' ત્યારે કહે, 'એ તો હુંય માનું છું, પણ હજુ મારું મન કબૂલ કરતું નથી.' એટલે આ બધી જાતના લોક આવે. કારણ કે મન છે ને બિચારાનું ! મન ને બુદ્ધિ બે ભેગી થાય, પછી શું ના કરે ? મન ને બુદ્ધિ બે ભેગા થઈ ગયા, તો તળિયાઝાટક ઉડાડી મેલે ને ?

**પ્રશ્નકર્તા :** હા... ઉડાડી મેલે.

**દાદાશ્રી :** શંકા કરે. માટે અમે તમને કહીએ છીએ ને, કે અમારે સિક્રેટ (ગુપ્ત) છે નહીં, ઓપન ટૂ સ્કાય છે. તે આ છોકરાઓ મૂઆ, કંઈ એને મહીં વિચાર આવતો હોય એમાં બુદ્ધિ નાખે પાછો.

**પ્રશ્નકર્તા :** આપ આમ કહો ને કે 'અમને સ્ત્રી સંબંધી વિચારેય ના આવે, બધું ઓપન ટૂ સ્કાય હોય' એવું બધું કહો ને, એટલે હેલ્પ બહુ થાય.

**દાદાશ્રી :** એ હેલ્પ બહુ થાય એટલા હારુ જ કહીએ, કે આ

બિચારા ગૂંચાયા છે, તે આ ગૂંચો કેમ નીકળશે ? કારણ કે જ્ઞાની પુરુષ થવાનું ને, તે જો વિષયનો એક વિચારેય આવે તો એ જ્ઞાની પુરુષ થઈ જ નહીં શકે. શું ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાની પુરુષ કહેવાય જ નહીં.

**દાદાશ્રી :** વિષય નહીં, વિષયનો એક વિચાર આવે તોય. વિચાર આવે તો આ જ્ઞાન બધું ફટાકાબંધ (ઝપાટાબંધ) ઊડી જાય. હવે જ્ઞાની પુરુષની જોડે તમે આ છે તે ગાંડા કાઢો તો માર જ ખાવ ને ! અમને વિચાર જ નથી આવ્યો કોઈ દહાડો.

**પ્રશ્નકર્તા :** દાદા, એના પ્રતિક્રમણ તો બહુ કરવા પડે ને ? આ આવી બાબતમાં તો બહુ કરવા પડે.

**દાદાશ્રી :** એ તો કરવા જ પડે ને ! હા, એ કૈડે તો ખરું ને બિચારાને ?

**પ્રશ્નકર્તા :** આ તો પ્રતિક્રમણ કરી ધોઈ નાખવું પડે, નહીં તો બહુ ભારે પડી જાય.

**દાદાશ્રી :** પણ પોતાનામાં જો એ રોગ હોય ને, તો જ વિચાર આવે. નહીં તો બીજા બધાને કંઈ વિચાર આવે નહીં.

**પ્રશ્નકર્તા :** ના, બધાને ના આવે.

**દાદાશ્રી :** મેં ઘણાને પૂછ્યું, તો કહે, 'આ શું બોલ્યા ? એવો અમને વિચાર તો નહીં પણ એવું સપનેય વિચાર ના આવે.'

## જેવો માલ ભર્યો તેવો જ નીકળે

વિષયી હોય તો એને વિષયની શંકા પડે. કોઈ બીજું હોય તો એવી. જેને જેવી જેવી શંકા પડે તે એવો હોય.

**પ્રશ્નકર્તા :** હા, તે તે માલ ભરેલો હોય.

**દાદાશ્રી :** તે એને જુદી જાતની શંકા પડી.

**પ્રશ્નકર્તા :** એને સેવાની શંકા પડી.

**દાદાશ્રી :** સેવાની, પણ એય શંકા જ કહેવાય ને ? શંકા દુઃખ જ આપે હંમેશાં.

**પ્રશ્નકર્તા :** એ પણ અનુભવ્યું, દાદા.

**દાદાશ્રી :** એમ ! અનુભવ્યું ને ?

**પ્રશ્નકર્તા :** હા, એ અનુભવ તો થાય જ ને !

**દાદાશ્રી :** હા, જ્યાં સર્વસ્વ અર્પણ કરવાનું છે ત્યાંય પણ જુઓ ને, એ કેવા કેવા તડાકા (લોચા) મારે છે. એના કરતાં છેટેવાળા બહુ લાભ ઉઠાવે. કારણ કે એને આવા વિચાર જ ના આવે ને !

**પ્રશ્નકર્તા :** હા, છેટેવાળાને આ સેવાની પડી જ ન હોય.

**દાદાશ્રી :** છેટેવાળાને સેવા હોય નહીં ત્યારે એને આવો વિચારેય ના આવે. એટલે ભાંજગડ નહીં ને ! આ તો જ્યારે દેખે, અને નજીકમાં બેસવાનું મળ્યું એટલે વિચાર આવે.

**પ્રશ્નકર્તા :** હા, અહીંયાથી વળગ્યું. સેવાનો લોભ લાગ્યો.

**દાદાશ્રી :** ના, માલ ભરેલો છે એટલે. માલ ભર્યા વગર તો નીકળે જ નહીં ને !

## એનો માલ એને જ દુઃખદાયી

તે અમે શંકામાં એક જ વસ્તુ ગણીએ કે શંકા એને દુઃખદાયી, જે કરે તેને. અમને દુઃખદાયી નહીં ને ! અને જે બાબતની શંકા આવે તે માણસ એવો હોય તો જ શંકા આવે. તે બાબતમાં પોતે એવો હોય જ.

**પ્રશ્નકર્તા :** પોતાની દૃષ્ટિ એવી હોય તો સામું એવું દેખાય.

**દાદાશ્રી :** હા, પોતાની દૃષ્ટિથી જ એવું દેખાય. એટલે અમે તો એવું ગણકારીએ નહીં. અમે જાણીએ કે આનો માલ જ આવો છે, એને

શું કરવાનું આપણે ? અને તે એને દુઃખદાયી છે. જેની પાસે છે, એને દુઃખદાયી છે. પછી એમને હેલ્પ કરીએ. અમે સમજી જઈએ, કે ભઈ, આ માલ આવો અવળો ભર્યો છે !

એટલે શંકા કોઈક વખત કોઈ માણસને દાદા માટે આવતી હોય. જો કે આવે નહીં કોઈ માણસને, પણ અમુક માણસોને આવે, બહુ રેચેડ (હલકો) માણસ હોય ને, તો જ આવે. તો આવે તેને શું કરવું જોઈએ ? શંકા દાદાને માટે આવે તો કાઢી નાખવી અને બીજા માટે શંકા આવે તો મને કહેવી. દાદા માટે કાઢી નાખવી. અને ના નીકળતી હોય તો મારી પાસે આવવું, કે આવી શંકા મને આવે છે, તો હું કાઢી આપીશ. મને વાંધો નથી. તમારા મોઢે મને કહો ને, કે 'દાદા તમે ગોટાળિયા છો.' તોય મને વાંધો નથી. હું પૂછીશ કે 'કઈ રીતે ગોટાળિયો છું, એ મને કહે.'

## વિપરીત બુદ્ધિ કરાવે જ્ઞાની પર શંકા

શંકા થાય તે પોતાની જ મૂર્ખાઈ છે, બધી પોતાની નબળાઈઓ. તેથી કવિએ લખ્યું છે ને, પેલું પદ. શું લખ્યું છે ?

''વિપરીત બુદ્ધિની શંકા, તે સુણતાં ગૈબી જાદુથી;
છતાં અમને નથી દંડ્યા, ન કરિયા ભેદ 'હું'-'તું'થી.''

શું કહે છે કવિરાજ ? દાદા ઉપર શંકા આવી એ શંકા આવે ક્યારે ? ત્યારે કહે, વિપરીત બુદ્ધિ હોય તો આવે. તે શંકા આવે છતાંય...

**પ્રશ્નકર્તા :** દંડે નહીં.

**દાદાશ્રી :** દાદા જાણે કે આ મારી પર શંકા આવી છે, છતાંય એને દંડે તો નહીં જ પણ એના ઉપર કરુણા રાખે.

## તે સુણતાં ગૈબી જાદુથી

તે કવિએ દાખલો મોટો જોયો'તો. અમે હાથ આમ મૂકીએ છીએ ને બધાની ઉપર, તે એક સ્ત્રીના ઉપર મૂક્યો'તો, તે એના ધણીના મનમાં

વહેમ પડ્યો. ફરી કોઈ ફેરો ખભે હાથ મુકાઈ ગયો હશે તે એને ફરી વહેમ પડ્યો. એટલે પછી હું તો સમજું કે આ ભલા આદમીને વહેમ પડ્યો છે ! હવે એના વહેમનો ઉપાય શું થાય તે ? એટલે દુઃખી થતો હશે એમ માનું. પછી એણે તો મને કાગળ લખ્યો, કે 'દાદાજી, આવું ના કરો તો સારું, મને છે તે બહુ દુઃખ થાય છે. તમારાથી, જ્ઞાની પુરુષથી આવું ના થાય.' પછી બે-ત્રણ દહાડે પાછો ભેગો થયો, ત્યારે અમારે તો જાણે કશું બન્યું નહીં એવી રીતે અમે તો 'સચ્ચિદાનંદ' કર્યા એને. તે મહીં એને ગભરામણ થઈ, કે આ શું ? મેં એ કાગળ લખ્યા પછી એમને પહોંચ્યો. પછી એ વાંચીને આવે છે, તોય પણ કશું અસર તો દેખાતી નથી. અલ્યા મૂઆ, ગુનેગારને અસર દેખાય. ગુનેગાર છે નહીં, એને અસર શી રીતે થાય ? ગુનેગારને ઈફેક્ટ હોય. અમને ઈફેક્ટ જ શાની ? તે અમે ગુનેગાર જ નથી ત્યાં આગળ !

મને ભેગો થાય ત્યારે મારા સામું જુએ ત્યારે એના મનમાં એમ થાય કે દાદાજી પર તો કોઈ અસર દેખાતી જ નથી. તે એવું પાંચ-સાત વખત બન્યું ને, તે કંઈ અસર ના દેખાય, એટલે મનમાં થાકી ગયો એ માણસ. તું ગમે એટલા કાગળ લખું, તું ગમે તે કરું, તો મને વાંધો નથી. કાગળનો જવાબ જ નથી મારી પાસે. મારામાં વીતરાગતા છે ! તું તારા મનમાં સમજી બેસું... તેથી કવિએ લખ્યું, કેવી શંકાઓ લખી છે ?

**પ્રશ્નકર્તા :** વિપરીત બુદ્ધિની શંકા.

**દાદાશ્રી :** હા, વિપરીત બુદ્ધિની શંકા.

**પ્રશ્નકર્તા :** શંકા, તે સુણતાં ગૈબી જાદુથી.

**દાદાશ્રી :** હા, તે પાછી સુણતાં ગૈબી જાદુથી. એ શંકા પાછો હું સુણું, સાંભળું, તે ગૈબી જાદુથી એ કહે છે. એટલે વીતરાગતાથી જોઉં.

## જેણે નિઃશંક બનાવ્યા તેની પરેય શંકા !

હવે ત્યાં આગળ લોકોને અસર થઈ જાય ખરી ? પેલો કાગળ લખે તે ?

**પ્રશ્નકર્તા :** હા, હાલી જાય, દાદા. હાલી જ જાય. મહીં એનું જ્ઞાન ન પરિણમ્યું હોય ત્યારે જ હાલી જાય ને !

**દાદાશ્રી :** પછી એ શિષ્યનું શું થઈ જાય ?

**પ્રશ્નકર્તા :** હું-તું થાય પછી. તું આવો, તું આવો, હું-તું પછી ત્યાંથી શરૂ થાય ને !

**દાદાશ્રી :** આ તો ગોબો જ નથી પડ્યો એને. એનેય ગોબો નથી પડ્યો, એની વાઈફનેય ગોબો નથી પડ્યો. કશો ગોબો કોઈને પડ્યો નહીં અને વખત જતો રહ્યો. વખત જતો રહે છે પાછો. એને શંકાનો વખત તો જતો રહેશે ને એક દહાડો ! શંકા કંઈ કાયમ રહેતી હશે ?

પણ કવિએ બહુ ભારે લખ્યું છે, આ તો. 'વિપરીત બુદ્ધિની શંકા' કહે છે. સાચી શંકા નહીં આ, વિપરીત બુદ્ધિની શંકા. અમારી પરેય શંકા કરી ? જ્યાં નિઃશંક જ થવાનું, તે જેમણે આપણને નિઃશંક કર્યા તેની ઉપરેય શંકા ? આ જગત છે, શું ના કહે ?

## છતાંય ના આવે દાદાના ભાવમાં ઓછપ

મારી પર શંકા કરે તો હું જાણું છું કે એ બિચારો વધારે કરીને શું શું કરી શકે ? એનું ગજું કેટલું ?

**પ્રશ્નકર્તા :** એને સમજવાનું ગજું કેટલું ?

**દાદાશ્રી :** હું એટલું જાણું કે એને શંકા આવે છે છતાંય એ પછી મને ભેગો થાય છે, એ જ ગજું સારું કહેવાય ને ! એને શંકા કેટલી કૈડી ખાતી હશે ?

**પ્રશ્નકર્તા :** હા, કૈડી ખાય, બહુ કૈડે.

**દાદાશ્રી :** હવે એમાં એનો દોષ કે મારો દોષ ? પણ આ મેં મોઢે કહેલું એને, કે તને જે શંકા આવે છે, તે તો અમારું માફ જ હોય છે. તું તારી મેળે ગભરાઈશ નહીં. એને બિચારાને પસ્તાવો થાય. પણ ફરી

પાછું એ કહે છે, 'મારી ઈચ્છા ન હોય તોય મહીંથી આવે છે !' મેં કહ્યું, આવે તો આવવા દે ને ! છો ને આવે ! તમારી દાનત ચોર નથી, દાનત ચોખ્ખી છે પણ શંકા ગૂંચવે છે. 'દાદા ખરાબ છે' એવું બોલે તો ભયંકર પાપ બંધાય. પણ તમારે શાથી નથી બંધાતા ? કારણ કે મહીં દાનત ચોર નથી. આવું બોલો તોયે દૂર ના જશો, અમારી પાસે આવજો. અમારે તો તમારું કેમ ચોખ્ખું થાય એ જ ઈચ્છા.

એની વાઈફ પર આમ કરીને માથે હાથ મૂકું ને કોઈ ફેરો, તે પેલી બઈ છે તે એના ધણીથી ભડક્યા કરે કે આ માણસ શંકાશીલ છે. તે વગર કામની શંકા કરે છે ! પણ જ્ઞાન નવેનવું હતું ત્યાં સુધી.

**પ્રશ્નકર્તા :** હા, તે શરૂઆતનું હતું ને, ત્યારે જરાક લાગે. પછી તો એક વખત બેસી ગયું પછી થઈ ગયું.

**દાદાશ્રી :** ના, એમ તું ભલે ને શંકા રાખ, તું રાખ ને શંકા. ગમે એટલી તારે શંકા રાખવી હોય તો રાખ. કારણ કે હું જાણું છું કે તું નથી રાખતો, તારામાં ભરેલો માલ તે રાખે છે.

**પ્રશ્નકર્તા :** ભરેલો માલ બહાર નીકળે છે.

**દાદાશ્રી :** કોણ એને સતાવે છે ? એમાં એનો શો દોષ ? એના સંજોગો એને સતાવે છે અને મારી પર શંકા લાવે છે. હવે મારો એની પર ભાવ જો ઓછો થાય તો મારી ભૂલ.

**પ્રશ્નકર્તા :** હા, ખરી વાત છે.

## તોય નથી પાડ્યા 'હું'-'તું'ના ભેદ

**પ્રશ્નકર્તા :** દાદા, એટલે કવિએ લખ્યું, કે ''છતાં અમને નથી દંડ્યા, ન કરિયા ભેદ 'હું'-'તું'થી.''

**દાદાશ્રી :** હા, એ જરાય દંડ આપ્યો નહીં, ને 'હું-તું' કર્યું નથી કે તું આમ કેમ કરું છું, મારી પર કેમ આવું કરું છું ? એવું કશું નહીં. આપણે જાણીએ કે આમ જ હોય એ તો બિચારાને, એને સમજફેર થઈ

તે આમ જ હોય ને ! પણ આપણા આ સત્સંગમાં હું-તું થયેલું નહીં અમારે. હું-તુંનો ભેદ પાડ્યો નથી.

**પ્રશ્નકર્તા :** તો જ સત્સંગ કહેવાય ને !

**દાદાશ્રી :** હા, 'હું'-'તું'નો ભેદ આ કેટલાય વર્ષથી પડ્યો નથી કોઈ જગ્યાએ. દોષ તો ઘણા કરીને આવે જ સ્વભાવિક રીતે. એની પાસે દોષનો (માલ) ભરેલો હોય તો ક્યાં જાય બિચારો ?

**પ્રશ્નકર્તા :** હા, પણ દાદાએ ભેદ નથી પાડ્યા કોઈ.

**દાદાશ્રી :** આખું જગત વઢી વઢીને તેલ કાઢી નાખે, કે તું નાલાયક છું, તું આમ છું, તેમ છું. પણ અમે 'તું આવો ને અમે આવા' એવું-તેવું કશું કોઈ દહાડો બોલ્યા નથી. એ તો ભેદ જ પડી ગયો કહેવાય ને ? એવો ભેદ કોઈ દહાડો પડ્યો નથી. તેથી કવિએ લખ્યું છે ને, 'હું'-'તું'નો ભેદ પાડ્યો નથી કોઈ દહાડોય.

## એનો સ્વભાવ જ એવો, એમાં શું વઢવાનું ?

**પ્રશ્નકર્તા :** અમે શંકા કરીએ તો આપને ખબર પડી જાય, છતાં આપ ભેદ નથી પાડતા.

**દાદાશ્રી :** કારણ કે અમે જાણીએ કે આ મૂળો છે તે આવો સોડે, ડુંગળી આવી સોડે, બટાકો આવો સોડે, એ બધું ના સમજીએ ? બધું સમજીએ. એમાં એને વઢીએ તે ખોટું દેખાય ને ! બટાકો આવો સોડે, એવું આપણે બટાકાને વઢીએ તો ખોટું ના દેખાય ? એ તો છે જ બટાકો. એમાં શું વઢવા જેવું એ ? ના સમજણ પડી તમને ? મૂળો, મૂળાના સ્વભાવથી સુગંધી આપે. ડુંગળી પેણે આગળ ફોલતા હોય તોય અહીં આગળ બૂમાબૂમ થાય. એ એનો સ્વભાવ છે. એનો અમારે દોષ જ ના હોય ને ! એ અમે જાણીએ કે આ સ્વભાવનો છે. છતાંય મોક્ષનું કામ કાઢી જશે. કારણ કે અમે 'હું'-'તું' કરવા જઈએ તો એની પરથી કૃપા જતી રહે. અને કૃપા જતી રહે એટલે એનું અહિત થઈ જાય. ત્યારે જેનું

હિત કરવા બેઠા તેનું જ અહિત કર્યું ? એટલે જિંદગીનો અમારો પરિશ્રમ જ આવો છે, કે અમે જે ઝાડ રોપ્યું, પ્લાનિંગ (આયોજન) કરતા પહેલા ઝાડ રોપી દીધું હોય, પછી પ્લાનિંગ કરે ત્યારે રોડમાં વચ્ચે આવતું હોય તોય પણ એ ઝાડને અમે ના કાપીએ પછી. પછી રોડ ફેરવવો જ રહ્યો. અમારું રોપેલું, અમારું પાણી છાંટેલું ને અમારું ઉછેરેલું એ ઝાડને અમે કાઢીએ નહીં. પછી રોડ ફેરવવો રહ્યો.

**પ્રશ્નકર્તા :** એ જાતની અસીમ કૃપા રહી ને, દાદાજી !

**દાદાશ્રી :** પહેલેથી અમારી પદ્ધતિ જ એ છે, કે અમારા હાથે રોપાયેલું, અમારા હાથે ઊખડવું ના જોઈએ. બાકી આ જીવો તો બધા બહુ જાતના ઠેકાણા વગરના ને ? ફાવે એવું બોલે. એમને કંઈ ડિક્શનરી (શબ્દકોશ) જોવા જવી પડે ? એમ ને એમ આવડી જાય એને તરત. ડિક્શનરીમાં જોઈને બોલવાનું હોય તો ભાંજગડ છે.

## શંકા એની મેળે નિર્મૂળ થવા દે, સમાધાન કરવા બેસે નહીં

**પ્રશ્નકર્તા :** દાદા, પણ આપના પર કોઈને આવી શંકા આવે તો આપ એને સમજાવીને એની શંકા દૂર ન કરો ?

**દાદાશ્રી :** મારા પર કોઈને શંકા આવે ને પછી મારા પર કાગળો લખે તે હું વાંચું ખરો, પણ એ ખોટું છે એવું હું શું કરવા એને કહેવા જાઉં ? તારી શંકા તારે કાઢવાની, હું શું કરવા કાઢું ? અમારું ચોખ્ખું છે પછી શું ? જ્યારે એના મનનું સમાધાન થવું હશે ત્યારે થશે, હું સમાધાન કરવા બેસું નહીં. જેટલા કાગળ લખવા હોય એટલા લખ ને ! તારી શંકા તને કૈડી ખાય. એની મેળે જ, પોતાની મેળે જ નિર્મૂળ થવી જોઈએ. શું થવું જોઈએ ? આ તો આપણે કાઢીએ તોય ફરી પેસી જાય. પેસી જાય કે ના પેસી જાય ? એની મેળે નિર્મૂળ થાય ને, એટલે ઠેકાણે આવી જાય.

ફરી પાછો કાગળ લખે, ફરી એવો જ દેખાઉં એટલે પછી એના મનમાં શંકા ઊડી જાય, કે વાત ખોટી છે આ બધી. અમે નિઃશંક ! અમારું કોઈ નામ ના દઈ શકે.

**પ્રશ્નકર્તા :** ના, પણ અમારી બુદ્ધિથી એવું થાય ને અમને થોડું થોડું.

**દાદાશ્રી :** બુદ્ધિ પજવે ને ! બુદ્ધિ બધું પજવે. શું ના પજવે માણસને ?

મારી પર શંકા કોઈને આવે તો પછી છોડે કે એને ?

**પ્રશ્નકર્તા :** ન છોડે.

**દાદાશ્રી :** ઊંઘમાંય પજવ પજવ કરે, નહીં ? અને અમારું શુદ્ધ ખાતું ને, એટલે અમારું શુદ્ધ ખાતું બધાને શુદ્ધિ કરી આપે.

**પ્રશ્નકર્તા :** એ પેલું પારસમણિ જેવું થયું ને, દાદા ?

**દાદાશ્રી :** હા, પારસમણિ જેવું. એવું જ તરત ફળ મળે એવું.

## નિઃશંક પુરુષ પરની શંકા લઈ જાય અધોગતિમાં

જરાય શંકા-કુશંકા કરવા જેવો આ 'દાદો' નથી. આ 'દાદો' વર્લ્ડનું આખું કામ કરવા નીકળેલો છે !

દાદાની પર એક શંકા કરી હોય ને, તો અધોગતિમાં જાય ! એક શંકા કરવા જેવો આ 'દાદો' ના મળે. વર્લ્ડમાં આવો નિઃશંક પુરુષ હોય નહીં.

**પ્રશ્નકર્તા :** તમે તો કહો છો દાદા, કે શંકા થઈ જાય, કોઈ કરતું નથી.

**દાદાશ્રી :** એ વસ્તુ જુદી છે. શાથી થાય છે એ વાત જુદી છે. પણ આ દાદા ઉપર શંકા થાય જ નહીં, પણ થઈ જતી હોય તો એનો ઉપાય કરવો જોઈએ. ઉપાય આપેલો છે મેં એનો. થઈ જાય એ, એ અમે કહીએ છીએ ને કે થઈ જાય. તે ઉપાય કરવો જોઈએ, કે ભાઈ, માફી માગું છું, દાદાની. મારે ન થવી જોઈએ, પણ થઈ ગઈ. ઉપાય તો હોવો જ જોઈએ ને ?

## 'આ' દાદા પરની શંકા સોંપો 'મૂળ' દાદાને

તમને મારી પર શંકા નથી આવતી ?

**પ્રશ્નકર્તા :** હા, આવે. જોયા કરીએ આપણે. આવે તો ખરી જ ને !

**દાદાશ્રી :** હા, આવે પણ કાઢી નાખવી. મને સોંપવી. 'દાદાને સોંપી', કહીએ. 'દાદા, તમારા માટે મને શંકા આવે છે, એટલે તમને સોંપી દઉં છું', કહીએ.

**પ્રશ્નકર્તા :** પણ દાદા માટે શંકા આવે તો દાદાને સોંપી દેવાની ?

**દાદાશ્રી :** હા, ત્યારે બીજું શું કરો ? આ મૂળ દાદાની શંકા નથી, તે હવે મૂળ દાદાને આપણે સોંપીએ છીએ.



## દાદા ભગવાન પ્રરૂપિત આધ્યાત્મિક પ્રકાશનો

૧. આત્મસાક્ષાત્કાર (પરિચય પુસ્તિકા)
૨. ભોગવે તેની ભૂલ
૩. બન્યું તે જ ન્યાય
૪. એડજસ્ટ એવરીવ્હેર
૫. અથડામણ ટાળો
૬. ચિંતા
૭. ક્રોધ
૮. માનવધર્મ
૯. સેવા-પરોપકાર
૧૦. હું કોણ છું ?
૧૧. દાદા ભગવાન ?
૧૨. ત્રિમંત્ર
૧૩. દાન
૧૪. મૃત્યુ સમયે, પહેલાં અને પછી
૧૫. ભાવના સુધારે ભવોભવ
૧૬. વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર...
૧૭. કર્મનું વિજ્ઞાન
૧૮. પાપ-પુણ્ય
૧૯. સત્ય-અસત્યના રહસ્યો
૨૦. અહિંસા
૨૧. પ્રેમ
૨૨. ચમત્કાર
૨૩. વાણી, વ્યવહારમાં...
૨૪. નિજદોષ દર્શનથી, નિર્દોષ
૨૫. ગુરુ-શિષ્ય
૨૬. ક્લેશ વિનાનું જીવન
૨૭. સહજતા
૨૮-૨૯. પ્રતિક્રમણ (સં., ગ્રં.)
૩૦-૩૧. પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર (સં., ગ્રં.)
૩૨-૩૩. મા-બાપ છોકરાંનો વ્યવહાર (સં., ગ્રં.)
૩૪-૩૫. પૈસાનો વ્યવહાર (સં., ગ્રં.)
૩૬-૩૮. સમજથી પ્રાપ્ત બ્રહ્મચર્ય (સં., ગ્રં.-પૂ.,ઉ.)
૩૯. વાણીનો સિદ્ધાંત
૪૦. આપ્તસૂત્ર (ભાગ ૧ થી ૧૦)
૪૧. આપ્તવાણી-૧
૪૨. આપ્તવાણી-૨
૪૩. આપ્તવાણી-૩
૪૪. આપ્તવાણી-૪
૪૫. આપ્તવાણી-૫-૬
૪૬. આપ્તવાણી-૭
૪૭. આપ્તવાણી-૮
૪૮. આપ્તવાણી-૯
૪૯-૫૦. આપ્તવાણી-૧૦ (પૂ., ઉ.)
૫૧-૫૨. આપ્તવાણી-૧૧ (પૂ., ઉ.)
૫૩-૫૪. આપ્તવાણી-૧૨ (પૂ., ઉ.)
૫૫-૫૬. આપ્તવાણી-૧૩ (પૂ., ઉ.)
૫૭-૬૧. આપ્તવાણી-૧૪ (ભાગ ૧-૫)
૬૨-૬૭. જ્ઞાની પુરુષ (ભાગ ૧-૬)
૬૮-૬૯. વ્યસન મુક્તિ... (સં., ગ્રં.)
૭૦. ઓળખીએ અંતઃકરણને
૭૧. શંકા સળગાવે સંસાર

**(ગ્રં.-ગ્રંથ, સં.-સંક્ષિપ્ત, પૂ.-પૂર્વાર્ધ, ઉ.-ઉતરાર્ધ)**

પરમ પૂજ્ય દાદા ભગવાનના હિન્દી, મરાઠી, પંજાબી, ઉડીયા, બંગાળી, આસામી, મણીપુરી, તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમ જેવી પ્રાદેશિક ભાષાઓમાં તથા અંગ્રેજી, જર્મન, પોર્ટુગીઝ, સ્પેનિશ, રશિયન જેવી વિદેશી ભાષાઓમાં ભાષાંતરિત થયેલા પુસ્તકો પણ ઉપલબ્ધ છે.

**'દાદાવાણી' મેગેઝિન દર મહિને ગુજરાતી - હિન્દી - અંગ્રેજી ભાષાઓમાં પ્રકાશિત થાય છે.**

# સંપર્ક સૂત્ર - દાદા ભગવાન ફાઉન્ડેશન

**અડાલજ** (મુખ્ય કેન્દ્ર) : **ત્રિમંદિર,** સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ-૩૮૨૪૨૧, જિ. ગાંધીનગર. **ફોન :** ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

**અમદાવાદ** : **દાદા દર્શન,** ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪. **ફોન :** ૯૫૭૪૦૦૧૪૪૫

**વડોદરા** : (૧) **ત્રિમંદિર,** બાબરીયા કોલેજ (BITS)ની પાસે, વડોદરા-સુરત હાઈવે, વરણામા ગામ, વડોદરા. **ફોન :** ૯૫૭૪૦૦૧૫૫૭
(૨) **દાદામંદિર,** ૧૭, મામાની પોળ, રાવપુરા પોલીસ સ્ટેશનની સામે, સલાટવાડા, વડોદરા. **ફોન :** ૯૯૨૪૩૪૩૩૩૫

**ભાદરણ** : **ત્રિમંદિર,** સ્ટેશન રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૩૭૨૯

**રાજકોટ** : **ત્રિમંદિર,** અમદાવાદ-રાજકોટ હાઈવે, તરઘડીયા ચોકડી પાસે, માલિયાસણ, રાજકોટ. **ફોન :** ૯૯૨૪૩૪૩૪૭૮

**સુરત** : **દાદા દર્શન,** મમતાપાર્ક સોસાયટી, વરાછા રોડ. **ફોન :** ૯૫૭૪૦૦૮૦૦૭

**ગોધરા** : **ત્રિમંદિર,** ભામૈયા ગામ, ગોધરા. **ફોન :** ૯૭૨૩૭૦૭૭૩૮

**સુરેન્દ્રનગર** : **ત્રિમંદિર,** સુરેન્દ્રનગર-રાજકોટ હાઈવે, લોક વિદ્યાલય પાસે, મુળી રોડ, સુરેન્દ્રનગર. **ફોન :** ૯૭૩૭૦૪૮૩૨૨

**મોરબી** : **ત્રિમંદિર,** પો. જેપુર, નવલખી રોડ, જિ. મોરબી. **ફોન :** ૯૯૨૪૩૪૧૧૮૮

**ભુજ** : **ત્રિમંદિર,** હિલ ગાર્ડનની પાછળ, ભુજ (કચ્છ). **ફોન :** ૯૯૨૪૩૪૫૫૮૮

**અંજાર** : **ત્રિમંદિર,** અંજાર-મુન્દ્રા રોડ, સીનોગ્રા ગામ. **ફોન :** ૯૯૨૪૩૪૬૬૨૨

**જામનગર** : **ત્રિમંદિર,** વ્રજભૂમિ-૧ સામે, TGES સ્કૂલ પાસે, માણેકનગર, ચેમ્બર ઓફ કોમર્સની બાજુનો રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૩૬૮૭

**અમરેલી** : **ત્રિમંદિર,** લીલીયા રોડ બાયપાસ ચોકડી, ખારાવાડી. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૬૦

**મુંબઈ** : **ત્રિમંદિર,** ઋષિવન, અભિનવનગર રોડ, લા વિસ્ટા બિલ્ડીંગ પાસે, કાજુપાડા, બોરીવલી (ઈસ્ટ). **ફોન :** ૯૩૨૩૫૨૮૯૦૧

**જૂનાગઢ** : **ત્રિમંદિર,** ખામધ્રોલ ચોકડી, જૂનાગઢ બાયપાસ રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૮૯

**ધ્રાંગધ્રા** : **ત્રિમંદિર,** હળવદ રોડ, ધ્રાંગધ્રા. **ફોન :** ૯૧૦૬૬૨૬૫૯૪

**ભાવનગર** : **ત્રિમંદિર,** ભાવનગર-રાજકોટ હાઈવે, વરતેજ. **ફોન :** ૯૩૧૩૮૮૨૨૮૮

**વેરાવળ** : **ત્રિમંદિર,** વેરાવળ-જૂનાગઢ હાઈવે. **ફોન :** ૬૩૫૪૬૦૦૦૫૦

---

**પુણે** : **ત્રિમંદિર,** પુણે-બેંગ્લોર હાઈવે, વરવે બીકે, પુણે. **ફોન :** ૭૨૦૩૦૯૮૪૦૯

**થાણે** : **ત્રિમંદિર,** ગ્લોબલ હોસ્પિટલ પાસે, માજીવાડા. **ફોન :** ૯૨૧૩૦૨૦૫૦૦

**દિલ્હી** : ૯૮૧૦૦ ૯૮૫૬૪ **બેંગ્લોર** : ૯૫૯૦૯ ૭૯૦૯૯

**ચેન્નઈ** : ૯૪૪૧૭ ૭૦૯૧૬ **કોલકતા** : ૯૮૩૦૦ ૮૦૮૨૦

---

**U.S.A.** : +1 877 505 DADA (3232) **Singapore** : +65 8302 3506

**U.K.** : +44 330 111 DADA (3232) **Australia** : +61 402 179706

**Kenya** : +254 733 34 DADA (3232) **New Zealand** : +64 222323269

**UAE** : +971 557 316937

**વેબસાઈટ : www.dadabhagwan.org**



## શંકા દાદાને સોંપી દેવી

શંકા હંમેશાંય બહુ નુકસાન કરે. આત્મઘાતી છે. એટલે અમે શંકા કરવાની ના જ પાડી છે, શંકા કોઈ કરશો નહીં. શંકા શબ્દ તો આખી દુનિયામાંથી હું કાઢવા માગું છું. બહુ જણની શંકા અમે છોડાવડાવી.

શંકાથી જ બધા દુઃખ ઊભા થયેલા છે. એ ડાકણ જેવી છે. જગતમાં કંઈક લોકોને ખઈ ગયેલી, ભરખી ગયેલી. શંકા ઊભી જ ના થવા દેવી.

સ્ત્રી સંબંધી, છોકરીઓ સંબંધી, બીજા સંબંધી, પાડોશી સંબંધી, ગમે તેવી શંકા પડે તે અમને સોંપી દેવી, કે દાદા તમને સોંપી આ. અને આપણે સૂઈ જવું નિરાંતે. નહીં તોય તમે કશું કરવાના નથી, શંકામાં ઊલટા તમે માર્યા જશો. એના કરતાં અમને સોંપશો તો રાગે પડી જશે.

- દાદાશ્રી

DBF • Adalaj

9 788168 719750

Printed in India

Price ₹80